ISSN 2454-7697

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 6 • ISSUE : 5 • AUGUST 2018 • PAGES 124 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ – ૬ (કુલ વર્ષ ૬૬) અંક- ૫ • ઓગસ્ટ ૨૦૧૮ • પાનાં -૧૨૪ • કિંમત રૂા. ૩૦/-



# સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | તંત્રી લેખ | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૨. | સંપાદકીય - વાચકોને સંબોધન | રમેશ બાપાલાલ શાહ | ૭ |
| ૩. | ભગવાન શ્રી ઋષભદેવજીના જીવનનાં છ પ્રસંગચિત્રોનો પરિચય | મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ | ૧૦ |
| ૪. | શ્રી બાહુબલીજીનાં બે ચિત્રો - રસદર્શન | મુનિ શ્રી પ્રશમરતિ વિજયજી મહારાજ | ૧૫ |
| ૫. | શાંતિનાથ ચરિત્રને મળેલ વૈશ્વિક સન્માન | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૧૭ |
| ૬. | શાંતિનાથ ભગવાન પૂર્વભવ | આચાર્ય શ્રી શીલચંદ્ર સૂરિજી મહારાજ | ૧૯ |
| ૭. | ચિત્ર બને છે નિમિત્ત, વૈરાગ્યનું ! | મુનિશ્રી કુલશીલવિજયજી - મુનિશ્રી હર્ષશીલવિજયજી મહારાજ | ૨૩ |
| ૮. | ચિત્રકલાનું ઉત્કૃષ્ટ શિખર, ચિત્રકારની ધૈર્યપૂર્ણ અગ્નિપરીક્ષા સમવસરણ | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૪ |
| ૯. | ગણધરવાદ એટલે સમર્પણવાદ | આચાર્ય યશોવિજયજી મહારાજ | ૨૯ |
| ૧૦. | ઉત્તરાધ્યયનસૂત્રની એક સરસ પ્રત | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વર મહારાજ | ૩૧ |
| ૧૧. | કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય | આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજ | ૩૨ |
| ૧૨. | અમારિ-ઘોષણાનો દસ્તાવેજ | શીલચંદ્રસૂરિ મહારાજ | ૩૫ |
| ૧૩. | વાણી વાચક જસતણી કોઈ નયે ન અધૂરી | આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજ | ૩૮ |
| ૧૪. | જૈન ચિત્રકળાના પશ્ચાદ્ભૂમાં રહેલું દર્શન | ડૉ. અભય દોશી | ૪૧ |
| ૧૫. | જૈન સચિત્ર હસ્તપ્રતોમાં યંત્રવિજ્ઞાન | આચાર્ય શ્રી વિજયનંદિઘોષસૂરિજી મહારાજ સાહેબ | ૪૫ |
| ૧૬. | બિકાનેરની 'ઉસ્તા' ચિત્ર શૈલી | મુનિ શ્રી સંયમચંદ્ર મહારાજ | ૫૨ |
| ૧૭. | જૈન કળા શૈલિમાં વૈવિધ્ય | આચાર્ય શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજ | ૫૫ |
| ૧૮. | જૈન ચિત્રકલા | ભારતી બી. શાહ | ૫૮ |
| ૧૯. | જૈનાશ્રિત લઘુચિત્રકલા અને સુલેખનકલા | નિસર્ગ આહીર | ૬૬ |
| ૨૦. | જૈન હસ્તપ્રતોમાં રહેલી ચિત્રકળા | ભારતી દિપક મહેતા | ૭૩ |
| ૨૧. | શ્રી શત્રુંજય તીર્થપટ | સી. નરેન | ૭૮ |
| ૨૨. | ભૈયા રામપ્રસાદનું અદ્ભુત કલા-કૌશલ્ય | - | ૮૦ |
| ૨૩. | જૈન ચિત્રકલામાં પુષ્પોનું આલેખન | ડૉ. થોમસ પરમાર | ૮૧ |
| ૨૪. | તીર્થંકર ભગવંતોની માતાને આવેલા ચૌદ સ્વપ્ન | માલતીબેન કિશોરકુમાર શાહ | ૮૩ |
| ૨૫. | શ્રી શત્રુંજય શાશ્વત ગિરિરાજ : ચિત્રકલા શિબિર | આચાર્ય શ્રી રાજહંસસૂરિજી મહારાજ | ૮૫ |
| ૨૬. | The Spiritual Extravaganzas ... Jain Paintings(pattas)! | Prachi Dhanvant Shah | ૮૭ |
| ૨૭. | ક્ષમાપના પહેલા પોતાના આત્માની, પછી સમષ્ટિની ! | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૯૧ |
| ૨૮. | સર્વ જીવો મને ખમાવો (સવ્વે જીવા ખમંતુ મે) | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૯૩ |
| ૨૯. | ઉપનિષદમાં બ્રહ્મચક્ર વિદ્યા | ડૉ. નરેશ વેદ | ૯૭ |
| ૩૦. | પ્રકૃતિના પરમમૂર્તિ : સાધક નલિનમામા | ગીતા જૈન | ૯૯ |
| ૩૧. | ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૧૧ | કિશોરસિંહ સોલંકી | ૧૦૨ |
| ૩૨. | ધ્યાનના પ્રકાર | સુબોધીબેન સતીશ મસાલીઆ | ૧૦૩ |
| ૩૩. | પ્રેમના સ્પર્શ પાસે સંકટ પાણી ભરે... | ડૉ. ભદ્રાયુ વછરાજાની | ૧૦૬ |
| ૩૪. | મહાન પુરાતત્વાચાર્ય શ્રી જિનવિજયજી | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૧૦૭ |
| ૩૫. | જનતામાં જાગેલા આત્મસન્માનની પ્રેરક કહાણી : ચંપારણ સત્યાગ્રહ | સોનલ પરીખ | ૧૦૮ |
| ૩૬. | દક્ષિણાપથની સાધના-યાત્રા | પ્રા. પ્રતાપકુમાર ટોલિયા | ૧૧૧ |
| ૩૭. | જ્ઞાન-સંવાદ | ડૉ. અભય દોશી | ૧૧૪ |
| ૩૮. | સર્જન-સ્વાગત | સંધ્યા શાહ | ૧૧૭ |
| ૩૯. | જુલાઈ અંક વિશેષ : કેલિડોસ્કોપીક નજરે.. | ડૉ. ગુલાબ દેઢિયા | ૧૧૯ |
| ૪૦. | Jainism Through Ages | Dr. Kamini Gogri | ૧૨૧ |
| ૪૧. | જો હોય મારો અંતિમ પત્ર તો.. | ડૉ. રમણ સોની | ૧૨૪ |



● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
● જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
● Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
(પ્રારંભ સન ૧૯૨૯ થી)

# પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

વિક્રમ સંવત ૨૦૭૪ • વીર સંવત ૨૫૪૪ • શ્રાવણ વદ -૫

## ઓગસ્ટ ૨૦૧૮ વિશેષાંક : જૈન ધર્મમાં ચિત્રકળા વૈવિધ્ય

આ વિશેષ અંકના કલારસિક સંપાદક : શ્રી રમેશ બાપાલાલ શાહ

માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ

## તંત્રી સ્થાનેથી...

કળા સૌન્દર્યનો નાદ આતમને વધુને વધુ પરમની નિકટ લઇ જાય છે. શિલ્પ કંડારતો શિલ્પી, રંગની સૃષ્ટિની સજીવતા, આ બધું જ ધર્મના ઊંડાણને વધુને વધુ સૌન્દર્યમય બનાવી ઉઘાડે છે.

પર્યુષણપર્વના સમયે આ રંગોનો રસથાળ વાચક સમક્ષ મૂકતાં ખુબ જ આનંદ થાય છે. ધર્મના યથાર્થ રૂપને સમજવામાં કળાબોધ ઉપયોગી બને છે. ધર્મના ભાવનાત્મક, ભક્તિપરક અને લોકપ્રિય રૂપોને ખીલવવામાં કળાના વિવિધ માધ્યમોનું કાર્ય મહત્વનું રહ્યું છે. આ સૌંદર્ય-બોધમાંથી શાંતિ અને સમત્વની ભાવના જાગૃત થાય છે. અહીં આત્માનુભૂતિ અને આધ્યાત્મિક ચિંતનનો સૌંદર્યમય સુમેળ સધાયો હોય છે. ધર્મ કળાથી વિમુખ નથી હોતો પણ કળા માધ્યમ બને છે, ધર્મને પ્રતિબિંબત કરવાનું.

જૈન ચિત્રકળાનો ઈતિહાસ ઘણો જૂનો છે. હસ્તપત્રોમાં દોરાતાં ચિત્રો તરત જ યાદ આવે છે. મુખ્યત્વે ધર્મમૂલ્યોને વ્યક્ત કરવામાં, જૈન ચરિત્રોને ઉપસાવી આપવામાં, દેવી-દેવતાનાં કે તીર્થંકરના ચિત્રો ધ્યાનાકર્ષ અને ઘેરા રંગોમાં આલેખાતાં હતા.

મીનીએચર પેઈન્ટીંગ એક વિશેષ કળા હતી. અને જે ભરપૂર માત્રામાં જોવાં મળે છે. એક ચિત્ર પટ્ટી પર અનેક ચિત્રો હોય છે તો ક્યારેક એક પર, એક જ દૃશ્ય અપાયું હોય છે. જ્ઞાનપૂજાનું આગવું મહત્વ ધર્મમાં આલેખાયું છે. પર્યુષણમાં કલ્પસૂત્રનાં પાનાંની પૂજા અને દર્શન કરતી વખતે સમયે આ કળાનું ધાર્મિક મૂલ્ય પણ ઉભરાઈ આવે છે.

વિશેષ અંકના રંગીન પૃષ્ઠો માટેનાં સૌજન્યદાતા
શ્રી જયસુખભાઈ હિંમતલાલ મહેતા
(મહેતા ડેકોરેટર્સ-મુંબઈ)
પૂજ્ય આચાર્ય શ્રી વિજય પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મહારાજના
દિવ્ય આશીર્વાદથી

આ અંકના સૌજન્યદાતા
શ્રી સી. કે. મહેતા પરિવાર
પુણ્ય સ્મૃતિ
પ.પૂ. પંન્યાસ ભદ્રંકરવિજયજી મ.સા.

જૈન સાહિત્યમાં કથાનું પણ આગવું મૂલ્ય રહ્યું છે અને એ આધારે પણ અનેક ચિત્રો રચાતાં હતા.

ચૌલુક્ય રાજાના સમયમાં જૈન કલ્પસૂત્રની અનેક નકલો કુમારપાળ રાજાએ વહેંચી હતી. જે જૈન દર્શનને પ્રજા સુધી પહોંચાડવાના ભાગ રૂપે હતી.

જૈન ચિત્રકળામાં મીનીએચર ચિત્રોનો મહિમા વધુ જોવા મળે છે. કલ્પસૂત્રમાં અનો કાલકાચાર્યકથામાં આ ચિત્રો જોવા મળે છે. આ ઉપરાંત ઉત્તરાધ્યયન સૂત્ર, વિપાકસૂત્ર, વગેરેમાં પણ મીનીએચર પેઈન્ટીંગના નમૂના જોવા મળે છે. આ પ્રકારનાં ચિત્રો નેપાળ, ઉત્તર બંગાળમાં જોવા મળતાં અન્યથા ગુજરાત, કાઠીયાવાડ અને રાજપુતાનામાં પણ જોવા મળે છે. ૧૨મી સદીના પૂર્વાધમાં રંગીન હસ્તપત્ર મળે છે, જેમાં શ્રી જીનદત્તસુરિનો ઉલ્લેખ જોવા મળે છે.

૧૫મી સદીમાં જૈન પેઈન્ટીંગમાં સોનાનો ઉપયોગ જોવા મળે છે, જેના પર પર્શિયન પેઈન્ટીંગનો પ્રભાવ હોઈ શકે. ગુજરાત અને રાજસ્થાન ઉપરાંત જૈન પેઈન્ટીંગ ઉત્તર અને કેન્દ્ર તરફ વિકાસ પામે છે. જેના પર માળવા અને અન્યની અસર જોવા મળે છે.

એ સમયે રાજપૂત અને મોગલ શૈલીના ચિત્રોનો ખૂબ પ્રભાવ હતો. પશ્ચિમ ભારતીય હસ્તપત્રનો સમય ૧૪મી સદીમાં પૂર્ણ થવા આવે છે, પછી કાગળ બનવાનો આરંભ થાય છે.

પ્રસ્તુત ચિત્રમાં ભગવાનની માતા ૧૪ સ્વપ્નો જુએ છે. આ ચિત્રમાં જોઈ શકાય છે કે સૂત્ર અને ચિત્ર ઉપરાંત સજાવટ પણ સુંદર

રીતે કરાઈ છે. એ સમયે હસ્તપત્રનું સુશોભન માત્ર શબ્દો નહી પણ વિવિધ પ્રતીકો દ્વારા પણ થતું હતું.

**Devananda's Fourteen Auspicious Dreams Foretelling the Birth of Mahavira: Folio from a Kalpasutra Manuscript**



**One of a Pair of Jain Manuscript Covers (Patli)**

| | |
|---|---|
| Date | : early 12th century |
| Culture | : India (Gujarat) |
| Medium | : Opaque water-color on wood |
| Dimensions | : 2 3/16 x 12 3/4 in. (5.5 x 32.4 cm) |
| Classification | : Paintings |
| Credit Lin | : Gift of Marie Hélène and Guy Weill, 1984 |
| Accession No. | : 1984.496.33b |

જો આ ચિત્રને ધ્યાનપૂર્વક જોઈએ તો હસ્તપ્રતનો ૬૦ ભાગ શ્લોકમાં, ૩૦ તીર્થંકરની માતા અને ચૌદ સ્વપ્નો અને ૧૦ સુશોભન કળામાં વહેંચાયેલો છે. આ ઉપરની સુશોભન કળા એટલી મહત્વની છે કે વસ્તુવિગતની વચ્ચે પણ પદ્મીનું ચિતરામણ છે. આ વચ્ચેના ચિતરામણને કારણે શ્લોક તૂટે છે. ઉપરાંત ચારેકોર પણ ફૂલોપત્તી અને અન્ય આકારો વડે સુશોભીત કરાયું છે. તીર્થંકરની માતા, તેમના આભૂષણો, એક બોર્ડર દ્વારા એ વિસ્તારને જુદા પાડવાનો પ્રયત્ન, તેમાં ટપકાં દ્વારા તારાનું આલેખન જે રાત્રિના સમયનો નિર્દેશ કરે છે. ઉપરાંત શયનનો પલંગ અને એનાં ચિત્ર દ્વારા જ એની સમૃદ્ધિ અને સુંદરતાનું ઉપસી આવવું, એ કલાકારની સૂઝનો પરિચય આપે છે. ચૌદ સ્વપ્નના ચિત્રો ખૂબ જાણીતાં છે, જે તીર્થંકરની માતાને જોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું, એ દશ્યાવલિ પણ કળામય રીતે રજૂ કરાઈ છે.

જૈન ચિત્રોમાં ઉપયોગમાં લેવાતાં રંગો અને એની ઉપયુક્તતા, એમાં થતું બારીક નકશીકામ, વસ્ત્ર-સમાજ વગેરેનું આલેખન અને જે જાણીતી કથા છે, તેને ચિત્રો દ્વારા મૂકવાની પરંપરા- જેવી અનેક બાબતો ધ્યાન ખેંચે છે. બહુ ધ્યાનપૂર્વક જોતાં ખ્યાલ આવે છે કે એમાં ચોક્કસ રંગોનો ઉપયોગ વધુ થયો છે. ચિત્રોમાં નાનામાં નાની જગ્યાને ભરી દેવાની શૈલી જોવા મળે છે. લોકોના ચિત્રો પણ આપણને પરંપરાને અનુરૂપ અને પરિચિત લાગે છે. મોટે ભાગે જે લોકપ્રિય છે, એવી જ ઘટના આધારિત ચિત્રો વધુ બને છે. ઉપરાંત યંત્રોમાં પ્રતીકો, આંકડા, સૂત્રોનો ઉપયોગ પણ કરાય છે. આ બારીકી , એ જ આ ચિત્રનું બહુ જ મહત્વનું વિશિષ્ટ પાસું છે.

કળા પ્રાચીનકાળથી માનવસંસ્કૃતિનું અભિન્ન અંગ રહી છે. મનુષ્ય છેક આરણ્યક હતો ત્યારથી વિવિધ રૂપે કળાનો આવિષ્કાર કરતો રહ્યો છે. ગુફાઓમાં વસતા આદિમાનવમાં કળાસર્જનની, એવી કોઈ સભાનતા કે આયોજન ન હતાં, છતાં, તેમના દ્વારા કળાસર્જન થયું જ છે. જેમ જેમ સંસ્કૃતિનો અને સાથે સાથે કળાનો, કળાસર્જન અંગેની સભાનતાનો વિકાસ થતો ગયો તેમ તેમ મનુષ્ય કળાઓ અંગે, તેના હેતુ-પ્રયોજન અને સ્વરૂપ અંગે ચિંતન કરતો થયો. એક તરફ ''साहित्यसंगीतकलाविहीनः साक्षात्पशुः पुच्छविषाणहीनः'' કહી ભારતીય પરંપરા કલાવિહીન મનુષ્યને પશુ સમાન ગણાવે છે, તો બીજી તરફ પ્લેટો તેના આદર્શનગરની કલ્પનામાંથી કલાકારને જાકારો આપે છે. આ બન્ને બાબતો આત્યંતિક હોવા છતાં બન્ને પરિસ્થિતિમાં એટલું તો ચોક્કસ સિદ્ધ થાય છે કે સદીઓથી કળા પૂર્વ અને પશ્ચિમના વિદ્વત્‌જનોને માટે પણ ચિંતન અને ચિંતાનો વિષય રહી છે. સમગ્ર મનુષ્યજાતિના સમાજજીવનમાં કળાનું સ્થાન મહત્ત્વનું છે. તેને અંગે એટલું તો ચિંતન થયું છે કે ટોલ્સ્ટોય જેવો ચિંતક તેના કળાવિષયક ખ્યાત પુસ્તક 'વ્હોટ ઈઝ આર્ટ'માં કહે છે, ''પ્લેટોથી માંડીને આજના આપણા જમાનામાં સ્વીકારાયેલા કલાવિદો સુધી નજર કરો તો લોકોએ કલામાં પરમસૂક્ષ્મ કલ્પનાઓ અને ઇન્દ્રિયોની ગૂઢતાઓનું વિચિત્ર મિશ્રણ કરી મૂક્યું છે.''

મહાકવિ ભાસના સમયમાં શિલ્પોમાં પણ આવો સાદશ્યનો મહિમા થતો હશે એવું તેમનાં નાટકોના કેટલાક પ્રસંગો-સંવાદો પરથી જણાઈ આવે છે. તે જ રીતે તેમણે કરેલા મહેલોના વર્ણન પરથી તે સમયના સ્થાપત્યની ભવ્યતાનો ખ્યાલ આવે છે.

મહાકવિ ભાસની જેમ જ અશ્વઘોષ, શુદ્રક, ભારવિ, માઘ, હર્ષવર્ધન, બાણભટ્ટ, દંડી, ભવભૂતિ, રાજશેખર આદિ અનેક કવિઓની કૃતિઓમાં ચિત્ર, શિલ્પ, સંગીત, નૃત્ય, સ્થાપત્ય જેવી કળાઓના ઉલ્લેખો થયેલા જોઈ શકાય છે અને તે દ્વારા જે - તે કવિના સમયમાં કળાની શી પરિસ્થિતિ હતી - કળા અંગેની કેવી

સમજ પ્રવર્તતી હતી - કળાનું શું મહત્ત્વ હતું તે બધી બાબતોનો ખ્યાલ આવે છે.

કાલિદાસનો સમય ઇ.સ. ના ચોથા શતક આસપાસનો હોવાનું મનાય છે. 'મેઘદૂત', 'શાકુંતલ', 'રઘુવંશ', 'માલવિકાગ્નિમિત્ર', 'કુમારસંભવ', 'ઋતુસંહાર' વગેરે તેમની પ્રખ્યાત કૃતિઓ છે. કાલિદાસ બહુમુખી પ્રતિભાસંપન્ન મહાકવિ હતા. સાહિત્ય ઉપરાંત નાટ્ય, સંગીત, શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર આદિ કળાઓના મર્મજ્ઞ હતા. કાલિદાસના સમયમાં કળાઓ ખૂબ વિકાસ પામેલી હતી, એટલું જ નહીં, તેમના શાસ્ત્રીય સિદ્ધાંતો પણ પ્રસ્થાપિત થઈ ચૂક્યા હતા. આપણે બે સિદ્ધાંતોનો અભ્યાસ કરીએ તે પૂર્વે કાલિદાસનાં સર્જનોના આધારે તે સમયની કળાને પ્રમાણીએ.

રેનેસાં અર્થાત્ પુનરુત્થાન કે નવજાગૃતિ કાળનો આરંભ ઈ.સ. ચૌદસો આસપાસ થાય છે. સાહિત્ય ક્ષેત્રે દાન્તે જેવો મહાકવિ 'ડિવાઈન કોમેડી'નું સર્જન કરી આ પુનરુત્થાનનો પ્રહરી બને છે. કલાકાર માત્ર નો અનુગામી છે, એવી માન્યતા તો હજી પ્રચલિત છે જ. એટલું જ નહીં, ધર્મ અને તત્ત્વજ્ઞાનની સરખામણીએ કલા નિમ્ન ગણાય છે, છતાં આ સમયમાં કલાને કારીગરીથી તો ઊંચો દરજ્જો જરૂર મળ્યો હતો. કલાકાર કેવળ કારીગર નહી પરંતુ તત્ત્વજ્ઞાની અને જ્ઞાનમાર્ગી છે, તેવી સમજ આ સમયમાં કેળવાતી ગઈ. પુનરુત્થાનકાળના બે મહાન ચિત્રકારોનાં કળા-કળાકાર વિશેનાં વિધાનો આ સંદર્ભે નોંધપાત્ર બને છે.

લિઓનાર્દો-દ-વિન્ચી કહે છે કે, 'કલાકાર પણ એક પ્રકારનો ધર્મગુરુ હોવો જોઈએ, કારણ કે, કલાનો મુખ્ય હેતુ ઈશ્વર પ્રત્યે પ્રેમભાવના ઉત્પન્ન કરવાનો છે.' તેમના સમકાલીન મહાન શિલ્પી-ચિત્રકાર માઈકલ એન્જેલો કહે છે, ''ચિત્રકલા તો સંગીત છે. એ એક પ્રકારનો મધુર રાગ છે. તેને કોઈ બુદ્ધિશાળી જ અનુભવી શકે. જેમ કવિને વ્યાકરણ, અલંકાર, કલાપ્રણાલીઓ, ભાષા, ભૂગોળ, ઈતિહાસ, ગણિત વગેરેનો અભ્યાસ હોવો જોઈએ, તે જ પ્રમાણે ચિત્રકારે પણ ભૂમિતિ, કાવ્ય અને વક્તૃત્વ કલાનો અભ્યાસ કરવો જોઈએ.'

જર્મનીના ઉત્તમ વિચારક અને ચિંતક કાન્ટના દર્શનનો મોટો પ્રભાવ અઢારથી અને ઓગણીસમી સદીની કળાવિચારણા પર પડ્યો છે. તેઓ સૌંદર્યના આનંદને નૈતિક નહી તેમ જ અનૈતિક નહીં, તર્કશુદ્ધ નહીં કે તર્કઅશુદ્ધ પણ નહીં અને વાસ્તવિક કે અવાસ્તવિક નહીં - એવી વિશિષ્ટ લાક્ષણિકતાઓવાળો ગણાવે છે. સૌંદર્ય કે કળાકૃતિના આવા વિલક્ષણ હેતુ તત્વને તેઓ "purposiveness without purpose" તરીકે ઓળખાવે છે. સૌંદર્યાનંદ કરાવતી કળાકૃતિ આપણી કોઈ જરૂરિયાતને સંતોષવા રચાઈ હોય તેમ લાગે જરૂર છે પરંતુ તેનું સર્જન એવા કોઈ હેતુથી થયું હોય તેમ માનવાને કોઈ કારણ નથી. તેની એ હેતુ-તા દુન્યવી હેતુની સરખામણીએ વધારે શુદ્ધ છે.

કલા મનુષ્યના ભાવસંવેદનને પ્રતિબિંબિત કરે છે. વધુ સઘન, તીક્ષ્ણ રૂપે વ્યક્ત કરવા માટે રંગોના વિવિધ શેડ ખૂબજ મદદરૂપ બને છે.

કળાને માત્ર સૌન્દર્ય ગણીને નહીં પણ મનુષ્યના ચૈતસિક પ્રવાહ સાથે જોડીને માણીએ છે, ત્યારે અનેક વણખુલ્યાં રહસ્યો હાથ લાગે છે.

સાહિત્યમાં ચિત્રાત્મકતા મોટો ગુણ મનાય છે. ભાવકની નજર સામે ભાષાના માધ્યમથી સર્જકે ચિત્રો ઊભાં કરવાનાં છે. સર્જક શબ્દોથી ચિત્રો ચીતરતો જાય છે અને ભાવકચિત પર દશ્યાવલી અંકાતી જાય છે, એ અર્થમાં સાહિત્ય શબ્દચિત્રોનું બનેલું ચલચિત્ર ગણાય. પરંતુ સર્જકે જે કલ્પના કરી, શબ્દચિત્રો આલેખ્યો છે, તે ભાવકની કલ્પનાશક્તિ, તેના પૂર્વગ્રહો, પૂર્વઅનુભવો, આગ્રહો વગેરેથી રસાઈને જુદાં જ રંગરૂપ ધારણ કરી લે છે. આમ, સાહિત્યકળા ભાવકની સજ્જતા પર નિર્ભર છે અને બીજી રીતે જોતાં ભાવકની સજ્જતાને તેમાં અવકાશ પણ મળે છે.

ચિત્રનું માધ્યમ પણ નાશવંત તો ખરું જ. વર્ષો જતાં ચિત્ર એના રંગોની ચમક ગુમાવતાં જાય છે. જોકે હજારો વર્ષ પૂર્વેનાં જૂનાં ગુફાચિત્રો હજી સચવાઈ રહ્યાં છે. વળી, ચિત્રના માધ્યમને સ્થળની મર્યાદા નડતી નથી, તેમ સમયની પણ મર્યાદા નડતી નથી. હજાર-પંદરસો વર્ષ જૂના ચિત્રને આજે પણ આપણે માણી શકીએ છીએ.

જૈન ચિત્રકળાના આ વિશેષાંક દ્વારા અનેક રમણીય ચિત્રોનો પરિચય મળશે જ પણ સાથે ધર્મ અને કળા વચ્ચેના સમન્વયની અને એ તરફના સંશોધનની એક વિશિષ્ટ બારી ખૂલશે. આ ચિત્રોની બારીકાઈ, ચિહ્નો, ચોક્કસ રંગો વગેરે વિશે વધુને વધુ ચર્ચા થાય અને પ્રબુદ્ધ વાચકોને એક જુદો સમૃદ્ધ પ્રવાસ કરાવાય, તે જ હેતુ છે.

આજે આ અંક એક પડકાર પણ બની રહ્યો. કેટલાંક ક્ષેત્રોને સ્પર્શી નથી શકાયું, પણ શરૂઆત થઈ તેનો જ આનંદ, હજી અનેક નવી શક્યતાઓ ભવિષ્યમાં તાગી શકાશે. પણ ૨૦૧૮ના પર્યુષણપર્વને આ રીતે રંગીન બનાવી શકાયો, તેનો જ સંતોષ. રંગ અને અક્ષરના સુમેળ-પ્રબુદ્ધ વાચકો આપને સમર્પિત. ભવિષ્યમાં આનો બીજો ભાગ કરવાની ઈચ્છા પૂરી જરૂર થશે, આપના આશીર્વાદ હશે તો. તમે મને વધુને વધુ કાર્ય કરવાનું બળ આપો છો, અને હું કરી શકું તેવાં આશીર્વાદ આપો, તો ચાલો આ પ્રબુદ્ધ પ્રવાસ માણીએ...

❑ સેજલ શાહ
Mobile : +91 9821533702
sejalshah702@gmail.com
(સંપર્ક સમય બપોરે ૨ થી રાતના ૯ સુધી)

# વિશેષ અંકના વિદ્વાન સંપાદક શ્રી રમેશભાઈ બાપાલાલ શાહ

પર્યુષણ પર્વના વિશેષાંકનો વિચાર મનમાં રમતો હતો અને થયું કે જૈન પેઈન્ટીંગ પર આ વર્ષે કાર્ય થાય તો સારું. તરત જ મેં સુરતમાં શ્રી રમેશભાઈ બાપાલાલ શાહનો સંપર્ક કર્યો. કળાપારખું અને મર્મજ્ઞ રમેશભાઈ અત્યંત સંવેદનશીલ અને ચુસ્તતાના આગ્રહી. આમ તો એમની સાથે કોઈ સીધી ઓળખાણ નહીં પરંતુ પ્રબુદ્ધ જીવન સંદર્ભે અનેકવાર વાતો કરેલી અને ખુબ કાળજીથી સૂચન પણ કરે અને નવા વિચારો પણ આપે. ચિત્રકળા પ્રત્યેની એમની સૂઝનો મને ખ્યાલ હતો એટલે મેં એમને વિનંતી કરી પરંતુ વ્યસ્તતાને કારણે એમને મને ના પાડી, કહે કે તમે અંક કરો, હું બધી જ મદદ કરીશ પણ વિશેષ અંકના સંપાદક તરીકે સ્વીકારવું શક્ય નથી. મારું મન ફરી ફરી એમનું જ નામ સૂચવે, બારીમાંથી આમતેમ બહાર જોયા કરતી, ચકલી જેવી વિહ્વળતા અનુભવાય પણ શું કરવાનું ? પણ મેં ફોન કરવાની પરંપરા ચાલુ રાખી, રમેશભાઈ પીગળ્યા કારણ એમનો ચિત્રકળા માટેનો પ્રેમ જીત્યો, તેઓ તૈયાર થયા. આ વિશેષ અંક તેમને કારણે શક્ય બન્યો.

રમેશભાઈ બાપાલાલ શાહ આમ સુરતના પણ કાર્યકાળના આરંભના વર્ષોમાં મુંબઈ હતા. તેમનો મૂળ વ્યવસાય ટેક્ષટાઈલ્સ પ્રિન્ટીંગનો. નાનપણથી જ ચિત્રકળા માટે પ્રેમ અને જે.જે. સ્કુલ ઑફ આર્ટ્સમાં પ્રવેશની ઈચ્છા પણ વણિકના સંતાનને કળા ક્ષેત્રે સરળતાથી પ્રવેશ નથી મળતો. પરિણામે ભવન્સ કોલેજમાં ગ્રેજ્યુએટ થયા, ત્યાં મુનશી જેવા સક્ષમનો પરિચય કેળવાયો. બીજા પણ અનેક કલાકારો સાથે પરિચયમાં આવ્યા. ૧૯૮૪માં મુંબઈ સાથેની ભૌગોલિક લેણાદેણી પૂરી થઈ અને સુરત સ્થિર થયા. કાપડના પ્રિન્ટીંગમાં તેમણે ડીઝાઈન, રંગોના સુમેળ ચિત્રો આકારી. કરોડો મીટર કપડા પર પોતાની કારીગીરી દર્શાવી. આ સમય દરમ્યાન આચાર્યશ્રી પ્રદ્યુમ્નસુરિ મહારાજસાહેબ સાથેનો પરિચય વધુ ઘનિષ્ઠ થયો અને તેમના માર્ગદર્શન હેઠળ રમેશભાઈએ 'પાઠશાળા' સમાયિકનું સંપૂર્ણ પ્રોડક્શનનું કાર્ય સંભાળ્યું. આ સામયિક ૧૭થી ૧૮ વર્ષ ચાલ્યું. હાલમાં તેઓ 'શાશ્વત ગાંધી' સામયિકના ચાર રંગીન પૃષ્ઠોની ડીઝાઈન તૈયાર કરે છે ઉપરાંત રવિશંકર રાવળ પર તેમણે બે ગ્રંથો તૈયાર કર્યા છે અને ત્રીજો તૈયાર થઈ રહ્યો છે. તેમના અન્ય બે પુસ્તકોમાં 'પીંછી, રંગ, કેનવાસ અને...' 'પાન ખરે છે ત્યારે', જેમાં તેમની કળાકીય સૂઝ અને જીવનલક્ષી અભિગમ જોવા મળે છે.

૧૯૩૭ જન્મેલ રમેશભાઈ 'કુમાર કોશ'ના પ્રણેતા છે. બચુભાઈ રાવત અને રવિશંકર રાવળને પોતાનો આદર્શ સમજતાં, 'કુમાર'ના અંકોના માત્ર ચાહક નહીં પણ એને વધુ સમૃદ્ધ કરવાના પ્રત્યેક પ્રયત્નોમાં રત છે. આજે તેમને કુમારકોશ દ્વારા સર્ચઈન્જીન પણ બનાવ્યું છે, તેઓ સતત નવી ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા સાંસ્કૃતિક અને સાહિત્યિક અને કળાકીય સંદર્ભોને રસિક અને મનોહર બનાવે છે. એને જ કારણે સુરત અને મુંબઈનું અંતર ઘણું ઓછું થઈ ગયું. રમેશભાઈના પ્રવૃત્તિમય જીવનને ઊંમરનો થાક તો લાગ્યો જ નથી પણ અનુભવના ભાથાથી તેમણે વિશેષાંક વધુ યુવાન બનાવ્યો છે, તેમાં તેમના પત્ની સુનંદાબહેનનો ફાળો પણ વિશેષ રહ્યો છે, તેમના ત્રણ સંતાનોના નામો મેહુલ, રાહુલ અને સોનલ છે.

આ વિશેષાંક પ્રબુદ્ધ જીવન ઈતિહાસમાં એક નવા  પ્રકરણનો ઉમેરો કરશે. આ અંકના ચિત્રો વાચકોમાં વધુ કળાકીય રસ જન્માવે માટે વિશેષ અંકના પૃષ્ઠોને રંગીન બનાવ્યા છે, જે સહુ પ્રથમવાર થઈ રહ્યું છે. જે ખુબ જ આનંદની વાત છે. આ વિશેષાંક માટે વિશેષ સૌજન્ય પણ પ્રાપ્ત કરાવવામાં રમેશભાઈનો ફાળો રહેલ છે.

રમેશભાઈના કુટુંબમાં સહુ કોઈ ધાર્મિક આસ્થા ધરાવે છે. તેમના દાદાને 'શીઘ્રકવિ'નો ઈલકાબ આપવામાં આવ્યો હતો. જ્યારે તેમના પિતાજી બાપાલાલ ભાઈએ સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ, મંદિરોની જાળવણી અને અન્ય કાર્યમાં ખૂબ આગળ પડતું કાર્ય  કર્યું છે, તેમના નામની પાઠશાળા પણ છે. રમેશભાઈએ પિતા વિશે 'સ્મૃતિ-સંવેદન' પણ લખીને પ્રકાશિત કર્યું છે.

પ્રબુદ્ધ વાચકો આપના સ્નેહથી આ પ્રવાસ હજી વધુ રોચક અને જ્ઞાનમય બને તેવી શુભેચ્છાઓ સિવાય બીજું કઈ અપેક્ષિત નથી.

આ ક્ષણે શ્રી રમેશભાઈ બાપાલાલ શાહનો વિશેષ આભાર વ્યક્ત કરું છું. આ અંકની મુદ્રણક્ષતિ નીવારવામાં મદદરૂપ પુષ્પાબેન અને બીપીનભાઈ શાહનો પણ આભાર માનું છું. તેમજ આ રંગીન અંક માટે પ્રબુદ્ધ જીવનના મુદ્રક રાજેશ પ્રિન્ટરીના શ્રી શરદભાઈ ગાંધીનો પણ વિશેષ આભાર માનીએ છીએ.

❑ **ડૉ. સેજલ શાહ**

આ અંકનું સૌજન્ય રૂપિયા ૮૦.૦૦

## સંપાદકીય

અહીં મોટો 'રસથાળ' સજાયો છે. અતિ ઉત્તમ એવો ગોવરધન રસથાળ, ટચલી અંગુલીએ ઊંચકાયેલો રસથાળ. સાવ સહજ અને ભાર વિનાનો! 'ભારવિનાનો' છતાં આ કલાઅંક તો ભારઝલો-ભારે બન્યો છે! અંકને રસાળ બનાવવા માટે એક પછી એક ભદ્રલોક ભેળાં થતાં આવ્યા. आनोभद्राः क्रतवो यन्तु विश्वतः। એ વેદ વિચાર અહીં સો ટકા ફળ્યો! અને અમારા પક્ષે 'સાનંદાશ્ચર્ય'!

બાળક જન્મે પછી થોડાંક જ મહિનામાં તે ચીજ-વસ્તુ ઓળખતો થાય, પછી તો તરત એ વસ્તુઓ ચિત્રમાં અને ચિત્રમાં વસ્તુઓ ઓળખી જાય! ચિત્રના માધ્યમથી આખી દુનિયા સમક્ષ થાય છે. ચિત્રકળા વિકસી તેમાં આ મહત્ત્વ સમજાઈ આવે છે. સૃષ્ટિના સર્જન વિસ્મય પમાડે છે તેમ ચિત્રકારો દ્વારા થયેલા સર્જન વિશેષ વિસ્મય પમાડે છે, માનવી દ્વારા સર્જાયુ છે ને!

પ્રભુજીની આસપાસની જગ્યાઓમાં કંઈ ને કંઈ સજાવટ કર્યા વિના રહી શકાતું નથી. આમ કરવાથી પ્રભુજી પ્રત્યે, ધર્મ પ્રત્યે આપણી નિકટતા વધતી રહે, માન અને આકર્ષણ જળવાઈ રહે. ચૈત્ય નિર્માણ વખતે તેમાં સંગેમરમર કે શિલ્પકામને લાયક પથ્થર પર આકૃતિઓ અને વેલબુટ્ટાથી કોતરકામ થતાં હોય છે. વિવિધતા બતાવવા અનેક પ્રકારના શણગાર થતાં હોય છે.

આ ઉપરાંત ચૈત્યની દીવાલો પર ચિત્રકામ થતાં હોય છે. તેમાં વિષયો વિપુલ હોય છે. તેવી રીતે જે 'આગમો' શ્રાવ્ય હતા તે લિપિબદ્ધ થયા, તેમાં લિપિ સાથે સુશોભનો ઉમેરાયા. શબ્દોને અનુરૂપ ચિત્રો પણ ઉમેરાયા. પંડિતોએ શબ્દોથી સમજાવ્યું તેનાંથી પ્રેરાઈને અનેક ભાવુક કલાકારોએ ચિત્રોથી સમજાવ્યું! જિમપુણીયો શ્રાવક રે, ફૂલના પગર ભરે. (પગર ઈ પ્રભુજીની પ્રતિમા આસપાસ સજાવેલી પુષ્પોની બિછાત -વીરવિજયજીએ રચેલી પંક્તિ)

પ્રબુદ્ધ જીવનના વિશેષ અંકને સજાવવા સહુ પ્રબુદ્ધ લેખકોએ અમારી વિનંતિ લાગણીપૂર્વક સ્વીકારી; અલ્પ સમયાવધિમાં કલાઅંક સાકાર થઈ શક્યો તે આ જ કારણે. મારી સાથે બહુ ઓછો અને આછો પરિચય છતાં સેજલબેને વિશ્વાસ મૂકી આ કામ મને ભળાવ્યું તેનાથી મને ગમતી પ્રવૃત્તિમાં એક કદમ આગળ વધવા મળ્યું.

**રમેશ બાપાલાલ શાહ**
M. : 9427152203
shahrameshb@gmail.com

## વાચકોને સંબોધન

**રમેશ બાપાલાલ શાહ**

**પ્રિય વાચકો,**

વર્ષો પહેલા વિચારો વ્યક્ત કરવાની 'ભાષા' ચિત્રકામ હતી, અને તે માટે વિશાળ કૅનવાસ-ફલક હતું ગુફાઓની અંદરની ખડબચડી ભીંતો, હવેલી-મંદિર-મહાલયોની દીવાલો, ગાર-માટીના ઘરની દીવાલો. ભલે લખવા માટે લિપિ હતી પરંતુ સર્વજનને આકર્ષણ ચિત્રોનું હતું. આ માધ્યમથી સર્જકને 'કહેવાનું' અને અને લોકોને 'સમજવાનું' સરળ હતું.

બે હજાર વર્ષનો જૈન કળાનો ઈતિહાસ જોઈએ, તો સમયે સમયે ચિત્રકળાના માધ્યમે યાદગાર સર્જનો થયાં છે. ઈસ્વીસન પૂર્વેના બસો વર્ષ થયા તમિલનાડુમાં આવેલી સિતન્નવાસલની અને કર્ણાટકમાં આવેલી ઐહોલેની ગુફાઓમાં ભીંત પર ચિત્રકામ થયા છે, તેમાંથી આજે થોડું પણ બચેલું, ભીંતચિત્રોનું આકર્ષક કામ નયનને ઉજાણી કરાવે છે! (ઐહોલેમાં તો જૈન ઉપરાંત બૌદ્ધ તથા હિંદુ મંદિરોથી અજબ એવો 'સર્વ ધર્મ સમભાવ' રચાયો હશે!)

આજના તાજા ચિત્રકામ પણ અદ્‌ભુત થાય છે. હમણાં સુધી આપણી વચ્ચે રહેલા સાધુ પુરુષ, કલાકાર ગોકુળદાસ કાપડિયાએ કળા અને ભક્તિનો સંગમ રચી, સંખ્યાબંધ નમૂનેદાર ચિત્રોના સર્જન કરીને આપણને માલામાલ કરી દીધાં છે.

ооо

સિતન્નવાસલ અને ઐહોલે. આ શબ્દો આપણી ભાષાના નથી. એ પ્રદેશ પણ આપણાથી ઘણો દૂર છે. સિતન્નવાસલનો અર્થ થાય છે સિદ્ધોનો વાસ અને ઐહોલેનો અર્થ આર્યપુરા. અર્થ જાણ્યા પછી આ આપણાં તીર્થ છે એ જાણી આપણને આનંદ અને રોમાંચ થવો જોઈએ. માતાના ગર્ભમાં ઉછરતા શિશુ જેવી સમાધિ ચૈત્યના ગર્ભગૃહમાં સહસા મળતી! આજે પણ રાજસ્થાનના કોઈ અજાણ્યા તીર્થના ચૈત્યના એકાંતમાં પ્રવેશતાં આ અનુભવ જરૂર થાય, પ્રભુજીની સાથે આપણા હ્રદયનો તંતુ એક થઈ જાય 'જો ટ્રાવેલર તરીકે અનેક તીર્થના દર્શન કરી લેવાની ગણત્રી ન હોય તો.' સિતન્નવાસલની ગુફા અને પરિસર સાદગીભર્યો છે. બાજુમાં કમળ તળાવડી છે તેમાં અસંખ્ય કમળ થતાં હશે. કમળની પ્રાધાન્યતા ભીંત પરના ચિત્રોથી કલ્પી શકાય છે.

૦૦૦

આ ખાસ કલાઅંકને પાને પાને આપણી ભવ્ય વિરાસત નજરે ચડી આવે છે. આ બધું શું છે? તેમાંથી આપણે શું સંદેશ લઈશું? સિતન્નવાસલ અને ઐહોલેના જિનાલય કેવા પ્રકારનાં છે? ત્યાં પ્રવેશ કરતાં જ આપણે સીધાં ગર્ભગૃહમાં હોઈએ જેથી પ્રભુજીની નિકટ અને સમક્ષ રમમાણ થઈ રહીએ! ફક્ત ભગવાન, ભક્ત અને નીરવ શાંત આધ્યાત્મિક વાતાવરણ! તારામૈત્રક રચાય તે જ ક્ષણે એકાકાર થઈ જવાતું હશે! આજનાં ચૈત્યોમાં આ પ્રશાંત વાતાવરણ લાવી શકીએ ખરાં? કસ્તુરીમૃગ જેવા આપણે બહાર કેટલું બધું ભટકીએ છીએ? પવિત્ર ગિરિરાજની યાત્રાએ જઈએ છીએ, વારંવાર જઈએ છીએ પરંતુ સદાને માટે નવટુંકને 'ડિસ્કાઉંટ' કરીએ છીએ! શા માટે? એક એક ટુંકમાં ચૈત્યોની કળાની વિવિધતા અપાર છે. અરે! ત્યાંના પૂજારીઓ કોઈ આવે તો એ ચૈત્યોની વિશેષતાઓની વાતો કહેવા તત્પર હોય છે. બધા યાત્રાળુઓને ત્યાં જવાનો ઉલ્લાસ કેમ નથી આવતો?


સિત્તન્નવાસલના જૈન મંદિરનું પ્રશાંત ગર્ભગૃહ

૦૦૦

આવા આજના માહોલમાં, ગુરુદેવ આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજીએ પ્રસ્તુત કરેલા વિચારો અહીં મુકવા ઉપયુક્ત લાગ્યા છે : 'શ્રીસંઘને વિશાળ એવા બે ભાગમાં વહેંચીએ તો, એક વર્ગ છે જ્ઞાનરુચિ વાળો. તેને વ્યાખ્યાન શ્રવણમાં રુચિ' રસ હોય છે. તે સાંભળવા માટે આવે છે. બોધદાયક અને વિચારપ્રેરક ઉત્તમ વચનો સાંભળવાની તે ઈચ્છા પણ રાખે છે. તેની પાસે અપેક્ષિત ઊંડો બોધ ન હોવાને પરિણામે, તેને શ્રવણક્રિયા જ થાય છે! બુદ્ધિમાં કશું ટકતું નથી. શ્રવણકળાને અંતે શ્રવણયોગ સિદ્ધ થવો જોઈએ તે થતો નથી. એક દાખલો લઈએ. પર્વાધિરાજના દિવસોમાં ગણધરવાદના વ્યાખ્યાનોમાં તે મોટી આશાએ આવે છે. શહેરોમાં તો ગણધરવાદનું વ્યાખ્યાન સાંભળવાનો મોટો ક્રેઝ હોય છે, તેથી મોટી સંખ્યામાં આવે છે. ત્રણ કલાકના શ્રવણ પછી તે શું લાભ પામે છે? જો તેની પાસે 'આત્મા છે, તે નિત્ય છે, કર્મનો કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે' આવા ષટ્સ્થાન વગેરેનો અભ્યાસ હોય તો તેને જરૂર લાભ થાય. પણ તેની પાસે જ્ઞાન ખાતે સિલકમાં કશું હોતુંનથી.

બીજો વર્ગ છે ક્રિયારુચિ વાળો. તે વર્ગ ક્રિયા કરતાં કરતાં તે ક્રિયાને ક્રિયાકાંડ બનાવી દે છે. ક્રિયાનું ક્રિયાયોગમાં પરિવર્તન થતું નથી. ક્રિયાવિધિમાં અપેક્ષિત બહુમાન ઔચિત્ય જોઈએ તે નથી હોતું. અરે! તે ક્રિયાઓના અર્થ 'રહસ્ય'હેતુ સુધ્ધાં જાણવાની જિજ્ઞાસા હોતી નથી. એવા જ્ઞાનની દિશામાં પ્રયત્ન જ નથી હોતો.

વર્તમાન શ્રી સંઘમાં છેલ્લા છેલ્લા વર્ષમાં નૈમિત્તિક અનુષ્ઠાનો પૂરબહારમાં ખીલ્યાં છે. ઉપધાન, સામુદાયિક ઓળી, છ'રી પાળતાં સંઘ, કંઠાભરણ તપ, શ્રેણિતપ, સિદ્ધિતપ, વગેરે નૈમિત્તિક અનુષ્ઠાનોનો શંખ ગામોગામ દર વર્ષે ફૂંકાય છે. આ

સરખામણીએ, પહેલાં થતાં હતાં તે નિત્યતપો, જેવાં કે : રાત્રિ-ભોજન ત્યાગ, ઉકાળેલું પાણી, બ્રહ્મચર્યપાલન, બહેનોનું અંતરાયપાલન, અભક્ષ્યત્યાગ, વિદળત્યાગ, કંદમૂળત્યાગ વગેરે નિત્ય અનુષ્ઠાનો હવે સીધાવા લાગ્યાં છે!

નૈમિત્તિક અનુષ્ઠાનો થવાં જોઈએ, ખૂબ થવાં જોઈએ, પણ તે બધાં નિત્ય અનુષ્ઠાનોમાં કારણ બનવા જોઈએ. ઉપધાનતપ કરે તેને કાયમ સચિત્તનો ત્યાગ હોવો જોઈએ. માસક્ષમણ કરે તેને કાયમી ધોરણે ઉકાળેલું પાણી પીવું જોઈએ. અઠ્ઠાઈતપ કરનારે હંમેશને માટે ચાતુર્માસ દરમિયાન રાત્રિભોજનનો ત્યાગ હોવો જોઈએ. આ રીતે જો થાય તો ધર્મનાં મૂળ જીવનમાં ઊંડાં ઊતરે. પરંતુ આજકાલ આ નિત્ય અનુષ્ઠાનોના મૂળ હેતુનું જ્ઞાન ન હોવાના કારણે ઉપેક્ષા થતી હોય તેમ લાગે છે. સરવાળે પાપભીરુતા વગેરે અંતરંગ ધાર્મિકતા લુપ્ત થતી જોવા મળે છે.'' પ્રદ્યુમ્નસૂરિ.

ooo

છેલ્લે, આ અંકનાં પાને પાને પ્રશાંત વાતાવરણ સહજ ઉપસી આવ્યું છે. આપણા ઘરમાં એક એવું એકાંત હોય જ્યાં પ્રભુના ગર્ભગૃહનો અણસાર લાવી શકાય અને અંકનાં પાનાંઓ પરનાં ચિત્રો આપણી સાથે સંવાદ કરતા હોય; ચિત્રકારોએ આપણા માટે જે વાતાવરણ સાદશ્ય કર્યું છે, બહુશ્રુત લેખકોએ અનુરૂપ વિચારોની લ્હાણ કરી છે, તેની સાથે એકાકાર થવાય તો ચિત્ત પ્રસન્નતારૂપ સમાધિ રચાય.

અસ્તુ.

## ચિત્ર વિચિત્ર

આપણે ખૂબ જ નસીબદાર છીએ. પ્રબુદ્ધ જીવનના આ વિશેષાંકમાં 'જૈનચિત્રકળામાં અપાર વૈવિધ્ય' નિમિત્તે પાને પાને મુકાયેલા, ચૂંટાયેલા ચિત્રો જોઈ,  ચક્ષુવાટે અંતરમન સુધી શુભ વિચારોનો પ્રવેશ થઈ રહ્યો છે. વળી ઉત્તમ કક્ષાના આ ચિત્રોને લેખકોએ એવી સમજૂતિથી સજાવ્યા છે કે તેની અસર મનમાં સ્થાયી થઈને રહે. અન્યથા આ સૃષ્ટિ પર ચિત્ર કરતાં 'વિચિત્ર' ઘણું ઘણું ઠલવાઈ રહ્યું છે. માનવમનને 'અસાધુ' બનાવવાનો આ ગણત્રીપૂર્વકનો પેંતરો છે. આપણે આ ચિત્ર-વિચિત્ર વચ્ચે લોલકની જેમ આમતેમ અથડાતાં ન રહીએ તે માટે +સુવર્ણાક્ષરે લખાયેલો=, પન્યાસજી મહારાજનો ઈશારો 'નિર્વિકાર શાન્તિ'ની અનુભૂતિ કરાવે છે. (રમેશ શાહ)

આપણને સૃષ્ટિના પદાર્થોનું જે જ્ઞાન થાય છે, તેનું વિશ્લેષણ કરીએ તો ખ્યાલ આવે કે પદાર્થને જોતાંજ તેમાં રહેલ રૂપ કે આકાર આપણા મનમાં પ્રવેશ કરે છે એટલે કે એ પદાર્થના રૂપ-આકારનું ચિત્ર મનમાં ખડું થાય છે. એ રૂપ-આકાર કંઈ વસ્તુ નથી, વસ્તુનો ભાસ છે. જેમ આપણી છાયા એ કંઈ વસ્તુ નથી.

વસ્તુ આપણે જ છીએ, છાયા એ વસ્તુનો ભાસ છે. તે જ રીતે દરેક વસ્તુનું જ્ઞાન એ તેના રૂપ-આકારનું જ જ્ઞાન છે.

રૂપ-આકારનું ચિત્ર મનમાં ખડું થતાં વેંત જ એના વિશે જુદા જુદા ભાવો, જુદી જુદી કલ્પનાઓ મનુષ્યને સુખ-દુઃખ આપે છે.

ચિત્તમાં રૂપ-આકાર પેદા થયા પછી ઉત્પન્ન થનારા રાગદ્વેષમૂલક ભાવો કે કલ્પનાઓને આપણે આભ્યાસથી અટકાવી શકીએ છીએ, તેમ જ વિશેષ આભ્યાસથી મનમાં ઉત્પન્ન થતાં રૂપ-આકારને પણ અટકાવી શકીએ છીએ.

આ વાત ચિત્તમાં ઠસી જાય તો મનમાં પેદા થતી વ્યાકુળતા શમી જાય, કેમ કે વ્યાકુળતાનો આધાર મનમાં થતી કલ્પનાઓ છે. કલ્પનાઓનો આધાર મનમાં ઊઠનારા રૂપ અને આકારો છે. અને મનમાં ઊઠનારા રૂપ અને આકારોનો આધાર બહાર રહેલી સૃષ્ટિ છે.

બહારની આવી સૃષ્ટિ અંગે મનમાં જે +કંઈ= પેદા થાય છે, તે બધો ભાસ જ છે -આ વાત જો બરાબર મનમાં ઠસી જાય તો, નિર્વિકાર-શાન્તિ સિવાય બીજી કોઈ અનુભૂતિ નહિ થાય. (પાનાં ૩૯૦-૩૯૧, 'આત્મ ઉત્થાનનો પાયો' લેખક : પરમ પૂજ્ય પન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય, પ્રકાશન સંવત ૨૦૫૧)

**અધ્યાત્મયોગી શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ**

# ભગવાન શ્રી ઋષભદેવજીના જીવનનાં છ પ્રસંગચિત્રોનો પરિચય

મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ



ભગવાન ઋષભદેવના જીવનપ્રસંગોની ઉપર્યુક્ત ચિત્રમાળાનું પ્રથમ ચિત્ર, જેમાં વચ્ચે ડાબી બાજુ ઋષભદેવનાં માતાને તેમના ગર્ભધારણ પહેલાં શુભ સૂચક ચૌદ સ્વપ્નોનું દર્શન થાય છે તે, તથા જમણી બાજુ તેમના પતિ એ મંગલ ચિહ્નોનો અર્થ તેમને સમજાવે છે એ પ્રસંગનું આલેખન છે. આ ચિત્રનું સંયોજન બીજી એ રીતે મહત્ત્વનું છે કે તેની ડાબી તથા જમણી કિનારો ઉપર બાર નાની તકતીઓમાં ઋષભદેવના પૂર્વજન્મોની કથાનાં આલેખન છે, જે પૈકી પાંચ નીચે આપેલ છે. - રવિશંકર રાવળ

પ્રાચીન જૈન ધર્મગ્રંથોની પોથીઓનાં ચિત્રોમાં ગુજરાતની સૌથી જૂની અને તળપદી ચિત્રકળા સચવાયેલી છે; અને ગૌરવની વાત તો એ છે કે ભારતીય ચિત્રકળાના ઇતિહાસમાં અજંતા પછી મળી આવતો પહેલો અંકોડો એ છે. આપણી એ પ્રાચીન ચિત્રણાની પ્રણાલી ઉપર જ આ ચિત્રોનું સર્જન થયું છે. વાસ્તવિક દર્શન કરતાં લાક્ષણિક દર્શન આ ચિત્રણાના નિયમોમાં પ્રધાન પદે છે. આ ચિત્રપટોમાં સૈકાઓના વૈભવ અને સંસ્કારની બિછાત પ્રત્યક્ષ દેખાય છે. ચિત્ર સંયોજન, પ્રતીકો, વેશભૂષા, અભિનવો અને રંગરચના પ્રાચીન ગ્રંથચિત્રો ના નવા અવતાર લાગે છે. પરંપરા કે પરિપાટીનો જરા પણ ભંગ કર્યા વિના ચિત્રકારે સજીવતા અને ભાવસંનિવેશ આણીને કલાના મૂળ સાચવ્યા છે. આધુનિકતાનો પડછાયો પણ નથી. કથાનું અપૂર્વ નાટ્ય તત્ત્વ અને પવિત્ર ઉન્મેશ સાદ્યંત સાચવી રાખ્યા છે. (ર.મ.રા.)

### ચિત્ર ૧ : ભગવાન ઋષભદેવના પૂર્વભવો અને ચ્યવન કલ્યાણક

અનાદિ સંસારચક્રમાં પરિભ્રમણ કરતા જીવોની ઉન્નતિનો સમય આવી પહોંચતાં તેને કોઈ ને કોઈ મહાવિભૂતિનું દર્શન પ્રાપ્ત થાય છે. આ નિયમ પ્રમાણે ભગવાન શ્રી ઋષભદેવનો જીવ બાર પૂર્વભવમાં ઉત્ક્રાન્ત થતો આવ્યો છે. પ્રસ્તુત ચિત્ર નં. ૧માં ડાબી બાજુએ

ભગવાન શ્રી ઋષભદેવનું ગર્ભાવતરણ અને મરૂદેવા માતાનું સ્વપ્નદર્શન આલેખ્યું છે, અને જમણી તરફ મરૂદેવા પોતાના પતિ નાભિકુલરને એ સ્વપ્નોનું નિવેદન કરીને તેનું ફળ પૂછતાં દર્શાવ્યાં છે. ચિત્રને ડાબે તથા જમણે પડખે છ છ તક્તીઓમાં ભગવાનના પૂર્વ ભવોના કથાપ્રસંગો આપ્યા છે.



પહેલા પાના ઉપરના ચિત્રને બે પડખે બાર તકતીઓમાં આપેલા ભગવાન ઋષભદેવના પૂર્વજન્મનાં પ્રસંગચિત્રો પૈકીનાં પાંચ ચૂંટીને અહીં આપ્યાં છે. પ્રાચીન ગુજરાતી ચિત્રશૈલીની મૂળ પ્રણાલી જાળવીને, રસભર મુલાયમ રેખાઓ વડે તેને સંસ્કારીને કરેલાં આ ચિત્રોમાં એ સમયની વેશભૂષા, પાત્રો, સ્થાપત્ય આદિનો બોધ થાય છે. એમાંનાં પાત્રોના ભાવદર્શન ઉપરાંત પાંચ-છ પ્રકારનાં વસ્ત્રાલંકરણ: નવા વિમાન, વાહન, બેઠકો, બારણાંના ઘાટ, સ્થાપત્ય-રચના, કાપડની ભાતો વગેરે કલાના અભ્યાસી ઉપરાંત સૌને રસદાયક થશે.

સૌ પહેલાં ભગવાન ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં ધન સાર્થવાદ (સંઘપતિ) તરીકે જન્મેલા. એક સમયે તે સાર્થ લઈ જતા હતા, તેમાં થોડા જૈન શ્રમણે પણ હતા. વચ્ચે ચોમાસું આવી જતાં સાર્થ રસ્તામાં રહી ગયો, ત્યાં તેમે યાદ આવ્યું કે પોતે મુનિવરોની ખબર તો લીધી જ નથી. આથી મુનિ પાસે જઈ દિલગીરી દર્શાવી તે પોતાને ત્યાં ગોચરી માટે લઈ ગયા. દૈવયોગે ઘરમાં મુનિઓને આપવા જેવી કશી વસ્તુ હાથ ન આવતાં ઘીના કુપ્પા તરફ નજર જાય છે અને તેમને તે પીનું દાન આપે છે તથા તેમનો ઉપદેશ સાંભળે છે.

બીજા ભવે ભગવાન ઉત્તર કુરુક્ષેત્રમાં યુગલિક પુરુષ તરીકે, બીજા ભવે સૌધર્મ દેવલોકમાં મહદ્ધિક દેવ તરીકે અને ચોથા જન્મમાં શ્રુતખલ રાજાના પુત્ર મહાબલ તરીકે ઉત્પન્ન થાય છે, અને તેમાં ભોગવિલાસમાં જ શીત રહે છે. તેને સ્વયંબુદ્ધ, સંમિશ્રમતિ, શતમતિ અને મહામતિ નામે ચાર મંત્રીઓ હતા. મંત્રી સ્વયંબુદ્ધને એક સમયે જાણ થઈ કે હવે રાજાનું માત્ર એક જ મહિનાનું આયુષ્ય બાકી છે. આથી તે રાજા પાસે આવી તેને ધર્મોપદેશતત્ત્વ સમજાવે છે અને રાજા પોતનું આયુષ્ય અતિ અલ્પ જાણી ચરમ પ્રવજ્યા-અનશન દીક્ષા સ્વીકારે છે.

પાંચમાં ભવે ઋષભદેવજી ઈશાન-દેવલોકના શ્રીપ્રભુ વિમાનમાં લલિતામ દેવ તરીકે જન્મે છે. ત્યાં તેમની દેવી સ્વયંપ્રભાના મુજરી ગયા પછી ચિંતાતુર રહે છે. તે વખતે તેનો પૂર્વજન્મનો ધર્મમંત્રી સ્વયંબુદ્ધ, જે એ જ દેવલોકમાં જન્મ્યો છે તે આપીને ધીરજ આપે છે અને ભવિષ્યમાં નથી થનાર સ્વયંપ્રભાદેવી બતાવે છે કે જે અત્યારે નિનીમિકા નામે દરિદ્રપુત્રી તરીકે અંબરતિલક પર્વત ઉપર યુગંધર મુનિ પાસેથી ધર્મ જાણે છે.

છઠ્ઠા જન્મે ભગવાન લાકાર્ગલ નગરના રાજા સુવર્ણજયને ત્યાં વજદેવ નામે પુત્ર થાય થે, અને સ્વયંપ્રભા પુંડરોરિણી નગરીના રાજા વજસેનને ત્યાં શ્રીમતી નામની પુત્રી તરીકે અવતરે છે. એક વાર દેવતાઓને આકાશમાર્ગેથી ઊતરતા જોતા શ્રીમતીને પોતાનો પૂર્વજન્મ તથા લલિતાંભ દેવ યાદ આવે છે અને એ સ્વામી મનુષ્યલોકમાં કયાં જન્મ્યો હશે એ ચિંતામાં તે મૂંગી બની જાય છે. શ્રીમતીની માતાના

અનેક ઉપચારો છતાં કશી અસર ન થતાં તેની ધાવમાતા શ્રીમતીને એકાંતમાં વાત્સલ્યભાવે તેનું કારણ પૂછે છે. શ્રીમતી પોતાની વેદના તેને જણાવી પૂર્વજન્મની હકીકત દર્શાવતું એક ચિત્રપટ તૈયાર કરે છે. તે સમયે જ રાજા વજ્રસેનની વરસગાંઠ હોવાથી ઘણા રાજાઓ ત્યાં આવ્યા હોય છે. એટલે ધાવમાતા પંડિતા એ ચિત્રપટ ખુલ્લો કરી જાહેર માર્ગ પર બેસે છે, જેને જોવા ઘણા રાજાઓ સાથે વજ્રજંઘ રાજકુમાર પણ આવે છે અને આ ચિત્રપટ જોઈ મૂર્છિત થાય છે. ભાનમાં આવી પોતાની સંપુર્ણ કથા તે પંડિતાને જણાવે છે. આ પરથી વજ્રસેન પોતાની પુત્રીને તેની સાથે પરણાવે છે અને રાજા સુવર્ણજંઘ પણ વજ્રજંઘને રાજ્ય સોંપી દીક્ષા લે છે. સમય વીતતાં વજ્રજંઘ પણ પ્રવ્રજ્યા લેવાનો વિચાર કરે છે; પરંતુ બંને પુત્રે કરેલા વિષપ્રયોગથી મરીને તે સાતમો જન્મ ઉત્તર કુરુક્ષેત્રમાં યુગલિક તરીકે લે છે, અને ત્યાંથી સૌધર્મદેવલોકમાં મહર્દ્ધિક મિત્રદેવ તરીકે આઠમો જન્મ લે છે

નવમા ભવે ભગવાન જીવાનંદ નામે જાજવૈદ્ય, અને સ્વયંબુદ્ધ કેશવ નામે શ્રેષ્ઠિપુત્ર થાય છે. બંનેને એ જ નગરમાં રાજપુત્ર મહીધર, મંત્રીપુત્ર સુબુદ્ધિ, સાર્થવાદ-પુત્ર પૂર્ણભદ્ર અને શ્રેષ્ઠિપુત્ર ગુણાકર સાથે મૈત્રી જામે છે. એ છ યે જણ કોઈ કર્કરોગી મુનિની સેવા કરી રોગ મટાડે છે. દશમા જન્મે છ મિત્રો અચ્યુત દેવલોકમં ઈન્દ્રના સામાયિક મિત્રદેવો તરીકે ઉત્પન્ન થયા છે. અગિયારમા ભવે ભગવાન પુંડરીકિણી નગરીમાં વજ્રસેન તીર્થંકરની ધારણી રાણીના પુત્ર વજ્રનાભ તરીકે જન્મે છે. છેલ્લે તે જંબુદ્વિપની ભરતક્ષેત્રમાં નાભિકુલકરની પત્ની



મરૂદેવાની કૂખે ભગવાન શ્રીઋષભદેવ તરીકે અવતરે છે. ભગવાન જ્યારે માતાના ગર્ભમાં આવે છે ત્યારે માતા વૃષભ, ગજ આદિચૌદ સ્વપ્નો જુએ છે અને એ સ્વપ્નોની હકીકત પોતાના પતિ નાભિકુલકરને જણાવી તેનું ફલ પૂછે છે, અને નાભિકુલકર તે જણાવે છે.

**ચિત્ર નં. ૨ : ભગવાનનો જન્મ અને દેવકૃત જન્માભિષેક**


ઉચિત સમયે ભગવાનનો જન્મ થાય છે અને ઈન્દ્ર જન્માભિષેક માટે તેમને મેરુપર્વત પર થઈ જાય છે, જ્યાં અન્ય દેવો ભગવાનની ભક્તિ માટે હાજર થાય છે. કેટલાક ગંગાદિ નદિઓમાંથી પાણી-માટી લાવે છે. કેટલાક વિવિધ પર્વતો પરથી ફૂલફળ આદિ પૂજાસામગ્રી લાગે છે, કેટલા ગાનતાન દ્વારા ભગવાનના ગુણ ગાય છે.



**ચિત્ર નં. ૩ : રાજ્યાભિષેક અને કળાઓનું શિક્ષણ**


વયમાં આવ્યે ભગવાનનો રાજ્યાભિષેક થાય છે. ચિત્રના ઉપરના ભાગમાં ભગવાનને રાજ્યાભિષેક માટેના સ્વપ્ન અને પછી રાજ્યાભિષેકનું દશ્ય છે. નીચેના ભાગમાં હાથીની પીઠ પર બેસીને કુંભકારાદિ શિક્ષણ, તે પછી પાકકલાનું શિક્ષણ. તથા ત્યાર બાદ લિપિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર આદિ વિદ્યાઓનું શિક્ષણ

પ્રજાને ભગવાન આપે છે તેના દશ્યો છે. તે યુગની પ્રજા કુદરત પર નિર્ભર હોઈ પાકશાસ્ત્ર, લિપિવિજ્ઞાન આદિ કોઈ પણ જ્ઞાનનો પરિચય તેને ન હોવાથી ભગવાન જાતે સૌને વિવિધ વ્યાવહારિક અને પારમાર્થિક કલાઓના શિક્ષણ આપે છે; અને પ્રજા ભગવાનને પોતાના રાજા બનાવે છે.



**ચિત્ર નં. ૪ : ભગવાનનું પાણિગ્રહણ**

ભગવાન સુનંદા-સુમંગલા નામની કન્યાઓને પરણે છે. ઉપર દેખાડ્યું છે. તેમ ત્યારે પ્રજા કુદરતી જીવન જીવતી હોઈ તેમના જીવનમાં રીતરિવાજો વગેરે કશું ન હોવાથી પ્રજાને એ વસ્તુ શીખવવાના ઉદ્દેશ્યથી સૌધર્મ ઈન્દ્ર અને તેની પત્નીઓ ઈન્દ્રાણીઓ લગ્નવિધિ કરવામાં મુખ્ય ભાગ લે છે. પ્રજાના મન પર આ વિધિની અસર થાય છે અને સૌ કોઈ વિધિને અપનાયે છે. પોતાના રાજ્યકાલ દરમ્યાન દરમ્યાન ભગવાન એ મહાપ્રતાપી રાજા તરીકે પ્રજા ઉપર વ્યવસ્થિત શાસન ચલાવે છે.



**ચિત્ર નં ૫ : પ્રવ્રજ્યા-દીક્ષાકલ્યાણક**

અનુક્રમે, મુનિવૃત્તિમાં નીતિને સિદ્ધ કરવા માટે ભગવાન સૌ પ્રથમ વાર્ષિક દાન આપો છે અનો પાલખીમાં બેસી નિષ્ક્રમણ દિક્ષા માટે ચાલી નીકળે છે. નગર બહારના ઉદ્યાનમાં જઈ, કેશલુંચન કરી તથા આભૂષણ વગેરે ઉતારીને નિર્ગ્રંથ શ્રમણ બની ભગવાન ધ્યાન સમાધિહીન થાય છે અને પરિપૂર્ણ જ્ઞાનદશા (કેવલજ્ઞાન)ને પ્રાપ્ત કરે છે.




**ચિત્ર નં. ૬ : સમવસરણ અને બાર પર્વદા :**

પૂર્ણ જ્ઞાનદશા પ્રાપ્ત થયા પછી ભગવાન કૃતકૃત્ય એટલે કે જીવન સિદ્ધ મનાય છે. જે દશામાં સહજભાવે જ પ્રજાના પરિચયમાં આવનાર સૌને પારિમાર્થિક માર્ગનું દર્શન કરાવે છે. આ માટે પ્રજા મોટા સમૂહમાં આવતી હોઈ તેની યોગ્ય વ્યવસ્થા જાળવવા તે માટે વ્યાખ્યાન-મંડપ બનાવવાની આવશ્યકતા રહેતી. આ વ્યાખ્યાન મંડપો જગ્યાની સગવડ મુજબ ગોળ, ચોરસ, લંબગોળ, લંબચોરસ, ષટ્કોણ, અષ્ટકોણ વગેરે અનેક આકારમાં બનાવાતા, અને તે 'સમવસરણ' નામથી ઓળખાતા. ૧ સમવસરણમાં ત્રણ વિભાગો રહેતા. બહારના વિભાગમાં લોકોને કહે કુદરતી હાજનોની સગવડ રહેતી, જ્યાં સામાન્ય ચર્ચા ચરી શકતા અને પોતાની વસ્તુઓને સાચવીને મૂકી દેતા. કેટલોક પ્રાણીવર્ગ જે ચાદિ કારણથી ઠેઠ સુધી જઈ ન શકે તેમના માટે વચલા વિભાગમાં અવસ્થા રહેતી; અને અંદરના ભાગમાં ત્યાગી, સંસારી સ્ત્રી-પુરુષો, દેવ-દેવીઓ, અસુર-અસુરીઓ આદિને ધર્મોપદેશ-શ્રવણ માટે વ્યવસ્થિત રહેવા-આવવાની અને બેસવા-ઉઠવાની સગવડ રહેતી. આ ત્રણ વિભાગ ત્રણ ગટ તરીકે ઓળખાતા. આ સમવસરણમાં કેટલાંક વાર જન્માંતરના શુભસંસ્કારવાળા પશુ-પક્ષી વગેરે પ્રાણીઓ પણ ભગવાનના ઉપદેશને સાંભળવા આવે છે, જેમને માટે મુખ્યત્વે બીજા વિભાગમાં સગવડ રહે છે. સામાન્ય રીતે સમવસરણમાં ઉપદેશશ્રવણ માટે બાર પ્રકારની પર્વદા ગણવામાં આવે છે. નિર્ગ્રંથ નિર્ગ્રંથી, શ્રાવક શ્રાવિકા, વૈમાતિક જ્યોતિષ્ક, ભવન પતિમન્તર દેવ ને દેવીઓ. જન્મસંસ્કારસંપન્ન પશુ-પક્ષી નર-માદા આવે તો બારને બદલે સોળ પ્રકારની પર્ષદા થાય છે. પણ આવા પ્રસંગો વિરલ હોવાથી સામાન્યરીતે ભગવાનની શ્રોતા પર્વદા બાર પ્રકારની જ ગણાય છે.

અંતમાં દેહધારી તરીકેની પોતાની જીવનકથા પૂરી થતાં દેહમુક્ત થઈ ભગવાન શ્રી ઋષભદેવ નિર્વાણમાં-મોક્ષમાં જાય છે.

❑❑❑

(સૌજન્ય : પ્રબુદ્ધ જીવન ૧-૬-૫૫)



# શ્રી બાહુબલીજીનાં બે ચિત્રો - રસદર્શન

મુનિ શ્રી પ્રશમરતિ વિજયજી મહારાજ

ચિત્રકલા મને ગમે છે. સામાન્ય રીતે રંગીન ચિત્ર જોઉં, એમાં હું બે બાબત શોધું. એક તેનું રેખાંકન અને બીજું તેની રંગ યોજના. ચિત્ર દોરવાની શરૂઆત રેખાંકનથી થાય, પછી તેમાં રંગોના સાથિયા પુરાય. સારું ચિત્ર બન્નેમાં નખશિખ પાર ઉતરે. ક્યારેક રેખાચિત્ર જ હોય, તો ક્યારેક જ્હૉન ટર્નર જેવા સિદ્ધહસ્ત કલાકારનાં ચિત્રમાં રંગ હોય રેખા અંશ માત્ર ન હોય! આવા પ્રકારની ચિત્રકલા પણ સપ્રમાણ અને દર્શનીય હોય એવો અનુભવ છે. જૈન પરંપરામાં ચિત્રકલાને ખૂબ મોટું સ્થાન મળ્યું છે.

એક ચિત્રકાર ચિત્ર બનાવે છે તેમાં ચાર તબક્કા હોય છે. ૧. અભ્યાસ, ૨. અનુભવ, ૩. અવલોકન, ૪. અભિવ્યક્તિ. ચિત્ર જોનારને ચોથા તબક્કામાં થયેલી અભિવ્યક્તિ દેખાય છે. મોટાભાગના ભાવક, ચિત્રમાનું ઘટનાતત્ત્વ જોઈને અટકી જાય છે. એનાથી આગળનું તત્ત્વ હોય છે તેની સાથે ભાવકને ઝાઝી નિસ્બત હોતી નથી. ચિત્રકલાનો પ્રેમી, ઘટના સિવાયની બાબતોને પણ ચિત્રમાં શોધે છે. રમેશભાઈએ મને શ્રી ભરતબાહુબલીના ચિત્ર મોકલ્યા છે અને મારે તેની પર કશુંક લખવાનું છે એવું કહેણ છે એમનું. મારી માટે આ મુશ્કેલ કામ છે. હું બેય ચિત્રોને ધ્યાનથી જોતો રહ્યો. બે પ્રસંગ છે. બે ચિત્ર છે. પ્રથમ ચિત્ર છે શ્રી ભરતબાહુબલીનું યુદ્ધ. બીજો પ્રસંગ છે શ્રી બ્રાહ્મીસુંદરીનું સંબોધન.

પ્રથમ ચિત્રનું ચિત્રાલેખન ચિત્રકારે કઈ રીતે કર્યું છે? શ્રી ભરત અને બાહુબલી આ બેય પાત્રોને એકબીજાથી જુદા દેખાડવાના હોય. ફોટોગ્રાફર તો ક્લિક કરશે એટલે બે પાત્રો એની મેળે જુદા દેખાશે. ચિત્રકારે બેય પાત્રોનું રેખાંકન કરવાનું છે. બાહુબલીનો ચહેરો જુઓ, ભરતનો ચહેરો જુઓ. નાક અને મોંફાડની અરસપરસ તુલના કરો. ભરતનું નાક નમણાશ બતાવે છે અને મોંફાડ પણ. બાહુબલીનું નાક નમણાશ નથી બતાવતું, મોંફાડમાં કોમળતા નથી. ચિત્રકારની આ કમાલ છે. એનો પક્ષપાત બાહુબલી માટે છે તે સ્વાભાવિક છે. બાહુબલીનો બાહુ માંસલ છે. ભરતનો બાહુ મજબૂત છે તે સમજી લેવાનું છે. બાહુબલીને સાથળમાં બે તીર વાગ્યા છે, ભરતને એક જ વાગ્યું છે. અર્થાત્ ભરતે બે તીર બાહુબલીને વગાડી દીધા છે. બાહુબલીએ એકજ તીર વાગવા દીધું છે. ભરતનો રથ લાંબો છે, બાહુબલીનો રથ એટલો લાંબો નથી. ભરતની કમર નાજુક છે, બાહુબલીની કટી વિશાલ છે.

બીજી બાબતો ધ્યાનમાં આવે છે. : હવામાં ઉછળતા તીર જુઓ કેટલા બધા છે? સૌનો રંગ કાળો છે. રથારૂઢ રાજવીઓના પગમાં મોજડી છે. મેદાનમાં લડી રહેલા યોદ્ધાઓના પગ ખુલ્લા છે. ભરતનો રથધ્વજ અને બાહુબલીનો રથધ્વજ અલગ છે અને એની જ તો લડાઈ છે. ભરતની દેહભંગિમામાં વધારે પડતી મહેનત દેખાય છે, બાહુબલીનું અલ્પપ્રયત્ને લડવું દેખાઈ આવે છે. ભરતનો ધનુષ્યદંડ પાતળો છે અને એની દોરી કાળી છે. બાહુબલીનો ધનુષ્યદંડ જાડો છે અને એની દોરી પીળાશ, રતાશનું સંમિશ્રણ ધરાવે છે. ધનુષ્યદંડની દોરીને મનોવૃત્તિનું પ્રતીક ગણી શકાય. ભરતની મનોવૃત્તિમાં અહંકારની કાળી છાયા છે. બાહુબલીની વૃત્તિમાં આત્મસન્માનનો સોનેરી રંગ ઝળકે છે. ચિત્રકારે દોરીના બે જુદાજુદા રંગ બતાવીને કહાનીનો સારાંશ રજૂ કરી દીધો છે જાણે!

ભરત બાહુબલીની વેશભૂષા ચિત્રકારે ગજબની બતાવી છે! પગમાં ઘૂંટણ સુધીના ચરણકવચ છે. કમરે એવું વસ્ત્ર બાંધ્યું છે કે સાથળ ઉઘાડા રહે છે. સૌથી વિશેષ બાબત છે વક્ષબંધ. છાતી પર

વસ્ત્ર છે તેને બાંય પણ છે અને પેટ ઉઘાડું છે. શું આ યુદ્ધ માટેનું વિશેષ પરિધાન હશે? ચિત્રકારે પોતાના સમયની પ્રચલિત વેશભૂષાની પદ્ધતિ આ રીતે ચિત્રમાં બતાવી હશે? ધ્યાનથી ભરત-બાહુબલીનું વેશ પરિધાન જુઓ તો કંઈક અલગ જ લાગે છે.



ચિત્રમાં સૌથી વધુ રંગ વપરાયો છે લાલ. પછી આ લાલરંગ પર સૌથી વધુ વપરાયો છે પીળો, સોનેરી રંગ. ત્રીજા ક્રમાંકે વિશેષ વપરાયો રંગ દેખાય છે ગાઢ લીલો. બાણ અને વાળ માટે વપરાયો છે કાળો રંગ.

ચિત્ર જોનાર ભ્રમમાં ન રહે તે માટે બાહુબલીના રથ નીચે **શ્રી બાહુબલી** લખેલું છે. ભરતજીના ચહેરા પર લાલાશ આવી છે જ્યારે બાહુબલીજીના ચહેરા પર સોનેરી ચમક છે. ચિત્રકારે કથાની માર્મિક ક્ષણ પકડી છે. સમગ્ર ચિત્રની પાર્શ્વભૂનો રંગ લાલ છે તે યુદ્ધનું વાતાવરણ બતાવે છે. ચિત્રમાં નવ માનવ આકૃતિ છે. યુદ્ધ સમયનો ઝંઝાવાત ચિત્રકારે બરાબર દર્શાવ્યો છે.

હાથમાં રજોહરણ સાથે ઊભેલી બે વ્યક્તિ તે બ્રાહ્મી અને સુંદરી. બેઉના માથા ઉઘાડા છે, વાળ ટૂંકા છે. વસ્ત્રો પર કલાદોરણી છે. બેઉની આંખો જુઓ. કીકી ઉપર તાકી રહી છે. અને એ કીકી તાકી રહી છે તે બાહુબલીજી કેવા ઊંચા છે? છાતી પહોળી છે, કમર પાતળી છે, નાભિ ગંભીર છે. કમરેથી વીંટાયેલું વસ્ત્ર ઘૂંટણની નીચે સુધી લંબાયેલું છે. કમર પાસેથી ઝાડની ડાળખી ઉપર તરફ નીકળી છે અને એ ડાળખીઓ પર ફૂલ લાગી ચૂક્યા છે. ડાળખી ઘણી જૂની છે. પીઠની પાછળ પથરાયેલા પાંદડા જોઈને સમજાય કે આ વૃક્ષ છે પરંતુ થડ ક્યાં છે? આ તો બાહુબલીજીની કાયા પર ચડી આવેલા પાંદડા છે, થડ ક્યાંથી દેખાય? અને બાહુબલીજીનો દિપ્તિમાન ચહેરો, લાંબા કાન, કપાળને સાંકડું બનાવી દે એટલા બધા વાળ, મોટી આંખો. નાકનો અગ્રભાગ શ્યામ રેખાંકનથી બન્યો છે. કાનની લંબાઈ બતાવવા માટે રતાશભર્યો રંગ વાપર્યો છે. હોઠ પણ છે, હડપચી પણ છે મોનાલિસાના ચિત્રની જેમ જ. આ ચહેરા પર સ્મિતને દેખાડવા ઓછામાં ઓછી રેખાઓનો વિનિયોગ થયો છે. ચહેરા પર સ્મિત છે પરંતુ સ્મિતને દેખાડનારી રેખા કેટલી છે? તમે જ શોધો, તમને અચંબો થશે.

ચિત્રમાં લાલ, લીલો, પીળો અને કાળો રંગ છે. દરેક રંગને પોતપોતાની જગ્યા બરોબર મળી છે. બે સાધ્વીજીએ હાથ જોડેલા છે, એ વિનંતી છે : 'વીરા મોરા ગજ થકી ઉતરો!' આ વિનંતી સાંભળ્યા બાદ બાહુબલીજીનું મનોમંથન શરૂ થાય છે. તે ક્યાં જોવા મળે છે? એ જોવા મળે છે બાહુબલીજીની આંખની કીકીઓમાં. એ કીકીઓ એક તરફ વળેલી છે. એ વચ્ચોવચ નથી. આ કીકીઓનું મધ્યમાં ન હોવું –એ ચિત્રકારની કમાલ છે.

આજે કૅમેરા દ્વારા છબીકલા અને દશ્યકલાનો વિકાસ ઘણો થયો છે. ફોટોગ્રાફી અને વીડિઓ, સમાંતરે કાર્ટૂન અને ઍનિમેશન પણ છે. છતાં ચિત્રકલાનું માહાત્મ્ય ઘટ્યું નથી. ચિત્રકાર ચિત્ર દોરે છે તેમાં તેનું કૌશલ્ય, તેની આવડત છતી થાય, તેનો અનુભવ બોલતો હોય છે. તેની આગવી સૂઝબૂઝના દર્શન થાય અને ચિત્રકારના સમયનું વાતાવરણ પ્રતિબિંબિત થયેલું જોવા મળે. આ બધાની ઉપર હોય કથાનો પ્રસંગ. સાધારણ ભાવક ચિત્રમાં વાર્તાનો એક પ્રસંગ જોઈ લેશે. કલાપ્રેમી ચિત્રમાં ચિત્રકારનું વિશ્વ જોતો રહેશે, ચિત્રકારની રંગયોજના જોશે. ઘટના સાથેનું ચિત્રકારનું તાદાત્મ્ય જોશે. ચિત્રકારે દોરેલી રેખાઓની સર્વોત્કૃષ્ટતા (perfection) જોશે. આવો કલાપ્રેમી જે ચિત્રકારને મળે તે ચિત્રકારનું ચિત્રાંકન સફળ થઈ ગયું કહેવાય.

❑❑❑



**જૈન હસ્તપ્રતોમાં જોવા મળતી પ્રાચીન ગુજરાતી શૈલીમાં એક ચિત્રસંયોજન.**

ચંદન ઘસી રહેલી રાણીઓના કરકંકણના અવાજથી કષ્ટ પામતો બીમાર રાજા એ વિષે મંત્રીને પૂછે છે ને એ પછી રાણીઓ અડવે હાથે ચંદન ઘસે છે એ પ્રસંગનું ડાબી તરફના ચિત્રખંડમાં આલેખન કર્યું છે. વચ્ચે રાજ્ય છોડી જતા રાજાનું ને સાધુ થઈ ગયા પછીનું આલેખન છે. જમણી તરફ એક સમયે હ્રુષ્ટપુષ્ટ જોયેલા બળદને ગળિયેલ થઈ ગયેલો જોઈને કરકંડુને, એકવારના પ્રફુલ્લિત વૃક્ષને સુકાઈ ગયેલું જોઈને નગ્ગતિ રાજાને તથા એજ રીતે એક સમયના ઈન્દ્ર મહોત્સવના વૈભવને વિલાયેલો જોઈને દધિરાજાને આવેલા વૈરાગ્યના સૂચક ત્રણ ખંડો છે. રેખાંકન અને શૈલીની અજમાયશમાં ચિત્રકાર નાગજીભાઈ ચૌહાણની સૂઝ અને કસબ જોવા મળે છે.



# શાંતિનાથ ચરિત્રને મળેલ વૈશ્વિક સન્માન

જિતેન્દ્ર બી. શાહ


**સુધાસોદરવાગ્ ज्योत्सना, निर्मली कृत दिङ् मुखः।**
**मृगलक्ष्मा तमः शान्त्यै, शान्तिनाथः जिनोस्तु वः।।**

અમૃતતુલ્ય ધર્મદેશના વડે મુખ ઉજ્જવળ કરનાર તથા હરણના લાંછનને ધારણ કરનાર શ્રી શાંતિનાથ ભગવાન તમારા અજ્ઞાનનાં નિવારણ અર્થે હો. (સકલાર્હત્ સ્તોત્ર)

આપણું સહુથી મોટું દુર્ભાગ્ય એ છે કે ભારત તથા ગ્રીસ તેમજ અન્ય દેશોમાં પોતાનું પ્રાચીન સાહિત્ય ખૂબ જ મોટા પ્રમાણમાં નષ્ટ થઈ ગયું છે. હવે જો આપણે આપણા હસ્તલિખિત સાહિત્યનું સંરક્ષણ નહીં કરીએ તો થોડુંઘણું બચેલું સાહિત્ય પણ નષ્ટ થઈ જશે અને આપણે આપણા જ્ઞાનથી વંચિત રહી જઈશું. આવું ન થાય તે માટે આપણે આપણા પ્રાચીન સાહિત્યના સંરક્ષણ માટે સતત પ્રયાસ કરતા રહેવું પડશે. – પંડિત જવાહરલાલ નેહરુ.



અહિંસા અપરિગ્રહ અને અનેકાન્તવાદને વરેલા જૈનધર્મનું ભારતીય સંસ્કૃતિના વિકાસમાં અમૂલ્ય પ્રદાન છે. શિલ્પ અને સ્થાપત્યક્ષેત્રનું પ્રદાન તો જગવિખ્યાત છે. રાણકપુર અને દેલવાડાનાં જિનાલયો આનું પ્રત્યક્ષ પ્રમાણ છે. લેખનકળા વિષયનું પ્રદાન પણ અદ્ભુત છે. સદીઓ સુધી લખાયેલા હસ્તલિખિત ગ્રંથો અને તેમાં લહિયાઓના લખાણ વાંચનારને આશ્ચર્ય પમાડે તેવા છે. સુંદર અક્ષરો, સુઘડ, છેકછાક વગરનું લખાણ અને સુશોભિત હસ્તલિખિત પાનાં જૈનોની ઊંડી કલાસૂઝના પ્રતીક છે. ગ્રંથો લખવા-લખાવવાની સાથે સાથે ગ્રંથોને સુશોભિત કરવા માટે ગ્રંથમાં મધ્યકુલ્લિકા, અંકસ્થાને ચિત્રો આદિ અને અંતિમ પૃષ્ઠોમાં જાતજાતનાં રંગબેરંગી ચિત્રો અંકિત કરવા, ફૂલોની વેલ, પશુપંખીઓનાં ચિત્રો અને અન્ય નયનરમ્ય ચિત્રો અંકિત કરવા દ્વારા જૈનોએ પોતાની કલારસિકતાનો પરિચય કરાવ્યો છે. હાંસિયામાં જાતજાતની રચનાઓ કરીને હસ્તલિખિત ગ્રંથને વધુ સુંદર બનાવવો, એવી એવી અન્ય રચનાઓ દ્વારા હસ્તલિખિત ગ્રંથો મનોહર બન્યા છે. હસ્તલિખિત ગ્રંથોના નાનકડા પાનાઓમાં એક તરફ અથવા પાનાના અડધાભાગમાં ગ્રંથના વિષય અને પ્રસંગને અનુરુપ ચિત્રો અંકતિ કરવાની જૈનોની કલા પણ અદ્ભુત છે. આજના યુગમાં ચિત્રકથાઓ અને કોમિક્સનાં પુસ્તકોમાં નાના નાના ચોરસખાનામાં ચિત્રો અંકિત કરવાનો ઇતિહાસ આલેખવામાં આવે તો તેનું મૂળ આ જૈન હસ્તલિખિત ગ્રંથો સુધી પહોંચી શકે. ચિત્રપટ, યંત્રપટ્ટ, તીર્થપટ્ટો, વિજ્ઞપ્તિપત્રો અને જૈનભૂગોળનાં ચિત્રો પણ અદ્ભુત છે. આવી અનેક કૃતિઓનું નિર્માણ જૈન ધર્મની પરંપરામાં સમયે સમયે થયું છે. હસ્તલિખિત સચિત્ર ગ્રંથોની સંખ્યા પણ ઓછી નથી. અહીં પૂ. અજીતપ્રભસૂરિ રચિત શાંતિનાથ ચરિત્રના હસ્તલિખિત ગ્રંથ વિશે વાત કરવી છે.




લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદમાં એક વિશાળ હસ્તલિખિત સંગ્રહ છે. તેમાં પૂ. આચાર્યશ્રી અજિતપ્રભસૂરી દ્વારા સંસ્કૃત ભાષામાં વિરચિત શાંતિનાથ ચરિત્રની સચિત્ર હસ્તલિખિત પોથી છે. આ હસ્તપ્રતને અને તેનાં ચિત્રોને યુનેસ્કો દ્વારા 'મેમરી ઓફ વર્લ્ડ' નો એવોર્ડ આપવામાં આવ્યો છે. આ હસ્તપ્રત કાગળ ઉપર લખાયેલી હસ્તપ્રતોમાં પ્રાચીન હસ્તપ્રત છે. તેમાં ૧૦ લઘુચિત્રો છે સાથે સોળમાં તીર્થંકર શાંતિનાથ ભગવાનનું ચરિત્ર આલેખવામાં આવ્યું છે. આ ચરિત્રમાં અહિંસા, મૈત્રીભાવ, ત્યાગ અને અનેકાન્તવાદ જેવા ઉત્તમ સિદ્ધાન્તોનું વર્ણન કરવામાં આવ્યું છે. ઉત્તમ ગુણો યુક્ત તીર્થંકર પરમાત્માનું ચારિત્ર તથા કાગળ ઉપર ચિત્રો આલેખવાનો પ્રારંભ થયો તે કાળનાં ચિત્રો હોવાને કારણે આ પોથીને વૈશ્વિક સન્માન પ્રાપ્ત થયું છે તે આપણા સહુ માટે ગૌરવ લેવા જેવી ઘટના છે.



આ પ્રતમાં સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાનના ૧૨ ભવનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. શાંતિનાથ ભગવાન તીર્થંકર બન્યા તે પૂર્વે ચક્રવર્તી રાજા હતા તથા પૂર્વભવમાં મેઘરથ નામના રાજા હતા. મેઘરથ રાજાના ભવમાં એકવાર પૌષધશાળામાં હતા ત્યારે એક કબૂતર તેમની ગોદમાં આવીને પડે છે. કબૂતર અત્યંત ગભરાયેલી સ્થિતિમાં કાંપી રહ્યું હતું. ખોળમાં પડેલા કબૂતરે મનુષ્યની ભાષામાં વાત કરી કે મને બચાવો! ત્યારે રાજાએ જણાવ્યું કે તું મારા શરણે આવ્યું છે. હવે તું નિશ્ચિત થઈ જા! મનમાં જે કાંઈ ભય હોય તે

કાઢી નાંખ! અહીં તને મારવાની હિંમત કોઈ નહીં કરી શકે! એટલીવારમાં ત્યાં એક બાજ પક્ષી આવી ચડે છે અને કહેવા લાગે છે કે 'હે રાજા! એ મારો ખોરાક છે તેને છોડી દો! આ સાંભળી રાજાએ પ્રત્યુત્તરમાં જણાવ્યું કે આ મારા શરણે આવ્યું છે, વળી મેં તેને રક્ષા કરવાનું વચન આપ્યું છે. હવે હું તેને મારવા નહીં દઉં.' આ સાંભળી બાજ પક્ષીએ કહ્યું કે, 'હું ભુખ્યો છું. મારે તાજું માંસ જોઈએ અને આ કબૂતર મારો આહાર છે. આપ તેને છોડી દો, મને સોંપી દો! રાજાનું કર્તવ્ય છે કે કોઈનો આહાર છીનવી ન લેવો જોઈએ.' આ વાત સાંભળી રાજા કહે છે કે, 'તારે તો તાજું માંસ જ જોઈએ છે ને હું કબૂતરના ભારોભાર મારુ માંસ તને આપીશ. એ ખાઈને તું સંતોષ અનુભવજે.' બાજ પક્ષીએ રાજાની શરત માની લીધી.




રાજાએ ત્રાજવું મંગાવ્યું. એક પલ્લામાં કબૂતરને બેસાડ્યું અને બીજા પલ્લામાં પોતાની જાંઘમાંથી માંસનો ટુકડો મૂકયો. પરન્તુ દૈવી માયાજાળને કારણે કબૂતરવાળું પલ્લું ભારે જ રહ્યું. રાજા માંસ મુકતો ગયો પણ તે ભારે જ રહ્યું. અંતે રાજા સ્વયં બીજા પલ્લાંમાં બેસી જાય છે. ત્યારે બાજ પક્ષી પોતાના મૂળ સ્વરૂપે પ્રગટ થાય છે અને કહે છે, ''આ બધું તો મેં તમારી જીવદયાની ભાવનાની પરીક્ષા કરવા માટે રચેલું નાટક છે. તમારી જીવદયા જોઈને હું ખરેખર પ્રસન્ન થયો છું. આ ચરિત્રમાં મેઘરથ રાજાની જીવદયા, અહિંસા, પ્રાણીરક્ષા જેવી ઉત્તમ ગુણોની સ્તુતિ કરવામાં આવી છે. ત્યાર પછીના ભવમાં ચક્રવર્તી પદ ઉપર સકલ સંસારના સર્વ સુખો અને સમૃદ્ધિના સ્વામીપણાનો ત્યાગ કરીને સંયમના માર્ગે પ્રયાણ કરે છે. બધા જ જીવો સાથે મૈત્રીભાવ, ત્યાગ, સંયમના માર્ગે સાધના કરવા નીકળી પડે છે. અંતે સર્વ ઘાતી કર્મોનો ક્ષય કરી તીર્થંકરપદ પામે છે. ત્યારબાદ સર્વોદયી તીર્થની સ્થાપના કરી સર્વ જીવના કલ્યાણ અર્થે દેશના આપે છે.''

આ પ્રમાણે આ સમગ્ર ચારિત્ર માનવજીવનના વિકાસની ગાથા છે. અહિંસા દ્વારા પ્રાણીમાત્ર પ્રતિ મૈત્રીભાવ, અપરિગ્રહ દ્વારા જગતના તમામ જીવો પ્રતિ કરુણાભાવ અને સ્વયંના જીવનમાં અનાસક્તિ ભાવ તથા અનેકાન્ત દ્વારા સર્વધર્મો પ્રતિ સમભાવ જેવા મહાન સિદ્ધાન્તોનો ઉપદેશ આપ્યો. સંસ્કૃત ભાષામાં શાંતિનાથ ચરિત્ર મનને આનંદ આપનાર અને જીવનને પ્રેરણા આપનાર અદ્ભુત ચરિત્ર છે.

લા. દ. ભારતીય વિદ્યામંદિરમાં સંગ્રહાયેલ આ પ્રત ૧૪ શતાબ્દિના મધ્યભાગે લખાયેલી છે. તેની લિપિ દેવનાગરી છે. આ ગ્રંથમાં ૧૦ સુંદર ચિત્રો આલેખવામાં આવ્યાં છે. ચિત્રોની શૈલી ગુજરાતની જૈન શૈલી છે. ચિત્રોમાં વનસ્પતિજન્ય રંગોનો ઉપયોગ થયો છે.

વિશ્વના સંરક્ષણ યોગ્ય, લિખિત અને મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો, શિલ્પ તથા સ્થાપત્યના સંરક્ષણ માટે યુનેસ્કોએ સને ૧૯૯૨માં મેમરી ઓફ વર્લ્ડની સ્થાપના કરી. તેની આંતરરાષ્ટ્રિય સલાહકાર સમિતિએ ૧૯૯૩માં આ અંગેનો મુસદ્દો તૈયાર કર્યો. આ કાર્યક્રમના જે મુખ્ય ઉદ્દેશો નિર્ધારિત કરવામાં આવ્યા તે નીચે પ્રમાણે છે :

- લિખિત પત્ર, દસ્તાવેજોનું યોગ્ય પદ્ધતિથી સંરક્ષણ કરવું.



- વૈશ્વિક સ્તરે સંશોધન કરનારને આવા બહુમૂલ્ય દસ્તાવેજ ઉપલબ્ધ થાય તે માટે સહાય કરવી.
- દસ્તાવેજોનું સંરક્ષણ થાય તે માટે પ્રયત્નો કરવા.

આ દ્વારા વિશ્વમાં દસ્તાવેજનું સંરક્ષણ થાય તે માટે જાગૃતિ કેળવવી. તેનો નાશ ન થાય તે માટે માર્ગદર્શન આપવું વગેરે છે. સને ૨૦૧૨માં ભારત સરકાર દ્વારા આ માટે દેશમાંથી ચાર મહત્ત્વપૂર્ણ હસ્તપ્રતોના ફોટા તથા તેની વિગતો મોકલી આપ્યા હતા. તે નીચે પ્રમાણે છે.

- ઋત્ત્વેદ
- છિતિ ઉપનિષદ્
- તુઝુક-એ-અસકિયા
- શાંતિનાથ ચરિત્ર

આ ચારમાંથી ચરિત્રની મહાનતા, ઉત્તમ ગુણોનો આદર્શ અને ચિત્રો આદિને કારણે શાંતિનાથ ચરિત્રને મેમરી ઓફ વર્લ્ડ ઘોષિત કરવામાં આવી.

મૂળ પોથી લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સંગ્રહમાં સુરક્ષિત છે. મૂળ પોથી ક્યારેય ક્યાંય મોકલવામાં આવી નથી કે મોકલવામાં આવતી નથી કે મંગાવવામાં પણ આવતી નથી. માત્ર તેના ફોટોગ્રાફ તથા માહિતી મોકલવામાં આવે છે. વિશ્વસ્તરીય ભારતીય વિદ્યાના વિદ્વાનો સમક્ષ આ માહિતી રજૂ કરવામાં આવે છે, વિદ્વાનો વિગતોની ચકાસણી કરે છે અને પછી યોગ્ય જણાય તો ઘોષણા કરે છે.

આ આપણા સહુ માટે આનંદ લેવા જેવો પ્રસંગ છે. આપણા પૂર્વજોએ કલાને ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કર્યું છે, તે માટે વિશ્વ સ્તરે તેને પ્રતિષ્ઠા મળી છે એ પણ ગૌરવ લેવા જેવી ઘટના છે. ❑❑❑

# શાન્તિનાથ ભગવાન પૂર્વભવ

**આચાર્ય શ્રી શીલચંદ્ર સૂરિજી મહારાજ**

**શ્રી શાન્તિનાથ ભગવાનના ચોથા ભવના કથાનક-ચિત્રો**

શ્રી શાન્તિનાથ ભગવાનના ચોથા ભવમાં વૈતાઢ્ય ગિરિના રથનુપૂર ચક્રવાલ નગરમાં અર્કકિર્તી રાજાની જ્યોતિર્માલારાણીની કુક્ષિએ પુત્ર તરીકે અવતર્યા, અમિતતેજ તેમનું નામ પાડવામાં આવ્યું. સત્યભામા દેવલોકમાંથી ચ્યવન પામી જ્યોતિર્માલાની જ કુક્ષિએ સુતારા નામે પુત્રી તરીકે આવતરી. સુતારાના લગ્ન ત્રિપુષ્ટ વાસુદેવના પુત્ર વિજય સાથે થયા. તે વિજય અભિનંદિતા રાણીનો જીવ હતો. અને કપિલ બ્રાહ્મણ વૈતાઢ્ય ગિરિમાં અશનિઘોષ વિદ્યાધર તરીકે થયેલો.

અશનિઘોષ વિદ્યાધરે પોતાના પૂર્વભવની પ્રિયા સત્યભામા જે હાલમાં સુતારા તરીકે છે તેને નિહાળા તેના પ્રત્યે આસક્ત બની વિદ્યાના પ્રભાવે માયાવી હરણનું નિર્માણ કર્યું. સુતારાનો પતિ જ્યારે આ હરણને પકડવા દોડ્યો ત્યારે અશનિઘોષે સુતારાનું અપહરણ કરી એને સ્થાને કૃત્રિમ સુતારાને અસલની જગ્યાએ ગોઠવી દીધી.

**શ્રી શાન્તિનાથચરિત્રચિત્રપટ્ટિકા**

**આચાર્યશ્રી શીલચન્દ્રસૂરીશ્વર**

લઘુચિત્રપટ્ટિકાના ચિત્રો થોડાંમાં ઘણું કહી દેતા હોય છે. તેમાં કથા અને કલાનો સંગમ હોય છે. શાન્તિનાથ ભગવાનના ભવોના નાના ચિત્રોમાં 'ગાગરમાં સાગર'ની જેમ અનેક કથા-રત્નો છુપાયેલાં છે, તે શોધવા માટે મંથન કરતાં આવડી જાય પછી મથવું પડે નહીં. આચાર્ય મહારાજશ્રીએ જે રીતે આસ્વાદ કરાવ્યો છે તે, વાચક માટે અભ્યાસ-પાઠ સમો બને છે. આ પ્રકાશન થયું ત્યારે આચાર્યશ્રીની કલા દષ્ટિની રસિક વાચકોએ ખૂબ પ્રસંશા કરી હતી. કલા પારખવાની આવી દષ્ટિ કેળવાયા પછી આવા વિશિષ્ટ ચિત્રો અને તેમાં ચિત્રકારોએ આરોપેલી ખૂબીઓ ઓળખવા-પરખવા તેમજ સમજવા-માણવા સામાન્ય દર્શકને પણ આસાન બની જશે. અહીં સંપુટનાં ૩૩ ચિત્રોમાંથી અહીં આઠ ચિત્રો આચાર્યશ્રીએ કરાવેલા આસ્વાદ-સહ રજુ થયા છે. - સંપાદક



**ચિત્રખંડ-૬** - ચિત્રખંડ-૬માં, સૌ પ્રથમ બેઠેલા દેખાય છે તે રાજા શ્રીવિજય અને રાણી સુતારા છે. તે પછી સોનેરી ટપકાંવાળું હરણ છે, જેના પસ સુતારાની નજર મંડાયેલી છે. ત્યાર પછી ક્રમશઃ, તે ભાગતાં હરણને પકડવા દોડતો શ્રીવિજય; તેની પીઠ પાછળ સુતારાનું અપહરણ કરીને તેને વિમાનમાં લઈ જતો વિદ્યાધર રાજા અશનિઘોષ; સુતારાને થતો સર્પદંશ; મૃત સુતારાની સાથે ચિતામાં પ્રવેશવા જતો શ્રીવિજય અને ચિતાને કળશજળ વડે ઠારતા બે મનુષ્યો ચિતરેલા છે.

અહીં ચિત્રકારે રાણી અને હરણની મધ્યમાં એક વૃક્ષ દર્શાવીને ઉપવનનો ખ્યાલ આપ્યો છે. હરણ અને તેની પાછળ પડેલા શ્રીવિજયને જોઈને, દર્શક. તે બન્ને હરણવેગે દોડી રહ્યા હોવાનું માનવા લાગે છે, અને તેમાં પણ, હરણના પગ આગળ નાનામોટા વૃક્ષ આલેખવાનો આશય 'હરણનો ઈરાદો રાજાને ઊંડા જંગલમાં ઉપવનથી દૂર દૂર, લઈ જવાનો છે' એવો હોવાનો સમજાતા જ, ચિત્રકારના અભિવ્યક્તિનૈપુણ્ય પ્રતીકોના સંકેતથી ઘણું બધું કહી દેવાની આવડતને દાદ આપવા મન નથી રોકી શકાતું. સુતારાને અપહરી જતા અશનિઘોષના વિમાનને ભૂમિથી અધ્ધર દેખાડીને વિમાનની વેગીલી ગતિને પણ જાણે કે વાચા આપી છે.

લીલો ઊડતો પક્ષિસર્પ (યા કુક્કુટ સર્પ) પુરાણકથાઓનું વિશિષ્ટ પ્રાણી-પાત્ર છે. એના શરીરનો આગળનો ભાગ કૂકડો કે એવા પંખી જેવો અને પાછળનો ભાગ સર્પાકાર હોય છે.

અહીં તો સર્પે ય કૃત્રિમ હતો અને તેના દંશથી મરણ પામનાર સુતારાય કૃત્રિમ હતી. શ્રીવિજયને છેતરવાનો માત્ર કીમિયો જ હતો.



**ચિત્રખંડ-૭ -** શ્રીવિજય અને અશનિઘોષ વચ્ચે ખેલાતા સંગ્રામનું આમાં અંકન છે. બન્ને પક્ષે હાથી, ઘોડા વગેરે વાહનો છે. તલવાર, ઢાલ અને ભાલા વડે લડતા યોદ્ધાઓ છે. શરૂઆતમાં વિમાનમાં ઊભેલા, ઉગામાયેલી તલવાર સાથે બે યોદ્ધાઓ, તે પછી એક હાથી અને બે ઘોડા અને એ ત્રણે ઉપર એકેક યોદ્ધો, તે પછી બે પદાતિઓ છે. હાથી પર આરૂઢ થયેલ યોદ્ધો નિશાન લઈને બાણ ફેંકતો જણાય છે. પહેલા ઘોડેસ્વારના હાથમાં ખુલ્લી તલવાર અને બીજાના હાથમાં ભાલો છે. મોખરો સંભાળતા બે પદાતિઓના એક હાથમાં ઢાલ અને બીજા હાથમાં તલવાર છે. આટલું શ્રીવિજયના પક્ષમાં છે. અને સામે અશનિઘોષના પક્ષે, ઊલટા ક્રમે ખુલ્લી તલવાર અને ઢાલવાળા બે પદાતિઓ, તે પછી તલવાર ઉગામતા બે ઘોડેસ્વાર યોદ્ધાઓ. પછી બાણનું નિશાન લેતો એક હાથી સવાર અન તેની હરોળમાં જ, હાથીને અડીને ઊભેલો બાણનું નિશાન લેતો એક પદાતિ, હાથીની અંબાડી પછવાડે, એની અડોઅડ એક પદાતિનું કપાયેલું મસ્તક પણ દેખી શકાય છે. તેની પછવાડે વિમાનારૂઢ અને ખુલ્લી તલવારે લડી રહેલો એક યોદ્ધો - આવો યુદ્ધનો વ્યૂહક્રમ છે.

અહીં ઘણા મોટા વિસ્તારવાળી રણભૂમિને અને તેના પર છવાયેલા બે પક્ષના વિશાળ લશ્કરોને આશરે ૮''૬૧.૨૫'' જેટલા અત્યંત મર્યાદિત અવકાશમાં, સુરેખ અને સાંગોપાંગ ચિત્રાંકનરૂપે નિરૂપવામાં ચિત્રકારે પોતાની વિશિષ્ટ કલાશક્તિના દર્શન કરાવ્યા છે.

બન્ને પક્ષે ગોઠવાયેલા સૈન્યનો ક્રમ જોતાં સમજાય છે કે પાયદળની સામે પાયદળ, અશ્વદળની સામે અશ્વદળ, ગજદળની સામે ગજદળ ને વાયુયાનની સામે વાયુયાન - આ રીતે એ વખતે મોરચા રચાતા હશે, અને સામસામે લડનારનાં હશિયારો પણ સમાન જ રહેતા હશે, અહીં જોઈ શકાય છે.



**ચિત્રખંડ-૧૨ –** અહીં આપણે શ્યામ શરીરવાળા દમિતારી, પ્રતિ વાસુદેવનું શરીર શ્યામ વર્ણનું હોય, એવો નિયમ હોવાનું, દમિતારીના દેહનો શ્યામ વર્ણ સૂચવે છે. દમિતારી, બર્બરી અને કિરાતીનું નૃત્ય એકીટશે અને વિસ્ફારિત નેત્રે જોવામાં તલ્લીન છે. એના ચિત્તમાં જાગેલી પ્રસન્નતાને મોં પર અંકિત કરીને ચિત્રકારે પોતાની કુશળતા વધુ એક વખત સિદ્ધ કરી આપી છે. નર્તકીઓના નૃત્ય-કૌશલ્ય પ્રત્યે એના મનમાં જાગેલો અહોભાવ, એના ડાબા હાથની આશ્ચર્યદ્યોતક મુદ્રા- એક તર્જની આંગળી ઊંચી છે અને શેષ આંગળીઓ અધખુલ્લી વાળેલી બતાવીને વ્યક્ત કર્યું છે! આ કાષ્ટપટના ચિત્રાંકનમાં કલાનું તત્ત્વ જણાય છે તે ચિત્રકારે સર્વત્ર દાખવેલી કળાસૂઝ, ઝીણવટ અને સૂચકતાને આભારી છે.

દમિતારીની સામે નૃત્યની વિવિધ અને વિશિષ્ટ મુદ્રાઓમાં રહેલી પાંચ આકૃતિઓ નૃત્યમગ્ન છે. તેમની અંગભંગીઓમાંથી જાણે નૃત્ય નીતરી રહ્યું છે! બન્ને નર્તકીઓના અને ત્રણ પુરુષોનાં અધોવસ્ત્રોના કચ્છ વાળેલા હોઈ તેના છેડા છૂટ્ટા છે, છતાં નીચે લબડતા નથી, પણ વિશિષ્ટ સ્થિતિમાં લટકતા-ફરકતા છે. આ ઉપરથી એ નર્તકોના નૃત્યની ઝડપ અને અંગલાઘવનું નૈપુણ્ય કલ્પી શકાય છે.

નૃત્યમગ્ન પાંચેય આકૃતિઓમાંનો પહેલો પુરુષ ગળે પખવાજ ભેરવીને તેનો ઠેકો બર્બરીને આપે છે. બીજો પુરુષ શરણાઈ વગાડતો બર્બરીની સંગત કરે છે. ત્રીજો પુરુષ ગળે ભરાવેલું ઢોલક વગાડીને કિરાતીને સાથ આપે છે.



ચિત્રખંડ-૧૮ - ચિત્રમાં ડાબી બાજુથી, મંડપિકામાં લીલી પૃષ્ઠભૂમિકા ઉપર દોરેલી, બેઠેલી આકૃતિ વજાયુધની છે. એ ડાબો હાથ ઊંચો કરીને હથેળીની સામોસામ બેઠેલા બાજ પંખીને, કબૂતરને ન હણવાનું સમજાવી રહ્યો છે. બીજી આકૃતિ પણ વજાયુધની છે, તેના જમણા હાથમાં છરી (કટારી) છે અને તાના વતી તે પોતાના ડાબા પગની પિંડીનું માંસ કાપી રહ્યો છે. ડાબ પગની લોહી ખરડાયેલી પિંડી જોતાં આ સમજાય છે. તેના ડાબા હાથમાં માંસનો ગોળો છે; અને ત્રાજવાના પલ્લામાં મૂકવા માટે હાથમાં પકડ્યો છે. માંસ કાપી રહેલા રાજની પછવાડે તેના વસ્ત્રનો છેડો ચાંચમાં પકડી કેવું લપાઈ ગયું છે! કબૂતરના હૈયે વ્યાપેલી ભયાકુળતાની આભિવ્યક્તિ ચિત્રકારે આબાદ કરી બતાવી છે. (નોંધ : આ પ્રસંગનો પાઠફેર છે તે આચાર્યશ્રીએ આપેલો લેખને અંતે પાદટીપ તરીકે મૂક્યો છે.)

રાજાની સામે જ દેખાય છે લટકતું સમતોલ ત્રાજવું. પહેલા પલ્લામાં પોતાના તમામ વસ્ત્રો-આભૂષણ-મુગટ કાઢીને વજાયુધ બેઠો છે ને બીજામાં પારેવું. બાજપંખી બે પલ્લાની વચ્ચોવચ જાણે ચુકાદો આપવા, કયું પલ્લું નમે છે તે નક્કી કરવા માટે હોય તેમ બેઠું છે. ત્રાજવું બિલકુલ સમતોલ છે. ત્રાજવાની બાજુમાં તરત જ બે દેવો હાથ જોડીને ઊભેલા છે, તે વજાયુધના જીવનનો અને એના સમગ્ર ભવચક્રનો પણ, એક મહત્ત્વનો તબક્કો અહીં પૂરો થયાનું સૂચવે છે.



ચિત્રખંડ-૨૩ - જન્મકલ્યાણકનું દૃશ્ય. ૧૪ સ્વપ્નો જોયા પછી ગર્ભવતી બનેલી અચિરાદેવીએ પૂરે માસે પુત્રને જન્મ આપ્યો, આ પુત્ર તે જ તીર્થંકર અને ચક્રવર્તી શાન્તિનાથ. પલંગ ઉપર બિછાવાયેલા, લાલવર્ણના સુશોભિત જાડા ગાદલા પર માતા સૂતા છે. જમણા હાથનો તકિયો કે ખોળો રચીને તેમાં નવજાત શિશુને સુવાડ્યું છે. માતા પ્રસન્ન અને વિસ્ફારિત આંખે એકીટશે જોઈ રહ્યાં છે. જમણો પગ અર્ધો વળેલો છે. ડાબો હાથ નવજાત બાળપુત્રની તરફ વળેલો છે. પગના તળિયાને એ હાથની હથેળી સ્પર્શી રહી છે. માતાએ માથે મુગટ પહેર્યો છે તે તેમની જાગૃત અવસ્થાનો સૂચક છે.

લાંબા સફેદ તકિયા ઉપર નાનકડી કુલિકા જેવું બનાવીને તેમાં એક બાળક બેસાડ્યું છે જે શાન્તિનાથનું ઇંદ્રે મૂકેલું પ્રતિબિંબ. સૌધર્મેન્દ્ર સપરિવાર પ્રભુગૃહે આવીને, નવજાત તીર્થંકરને જન્માભિષેક માટે મેરુપર્વત પર લઈ જાય છે! અને એ વખતે ઈંદ્ર પોતાની શક્તિના બળે માતાને નિદ્રાધીન કરી દે છે. જન્માભિષેક પછી બાળ તીર્થંકરને માતાની પડખે સુવાડે અને પ્રભુનું પ્રતિબિંબ ત્યાંથી ઉપાડી લે છે.

ચિત્રખંડ -૨૪ - નવજાત શિશુ-શાન્તિનાથના જન્મભિષેકનું છે. આ ચિત્ર ટલું બધું સુંદર અને નયનરમ્ય છે કે તે જોતાં જ 'કેવું



સોહામણું છે! કેટલું રોમાંચક!' એવા શબ્દો અનાયાસે-સહજ સરી પડે છે. ચિત્રકારે પોતાની બધી આવડતનો અર્ક મન મૂકીને ઠલવ્યો છે, જાણે કે જોયા જ કરીએ એવી રમણિયતા અહીં ઊગી છે! ચિત્રપટ્ટીમાં પહેલી પાંચેય આકૃતિઓ વેગપૂર્વક દોડી રહી છે એવું તેમના બે પગ વચ્ચે રખાયેલા અંતર ઉપરથી કલ્પી શકાય છે. તેમની દોટ ઉત્સવની દોટ છે. તેઓના અંગભંગથી પણ ઉલ્લાસ કે થનગનાટ નીતરી રહ્યો હોવાનું આપણે અનુભવીએ તે ચિત્રકારની નિપુણતાને આભારી છે.

ચિત્રના પછીના ભાગમાં મેરુ પર્વતની રચના છે ત્યાં ઈંદ્ર બાળશિશુ શાન્તિનાથને ખોળામાં લઈને બેઠા છે. આજુબાજુમાં બે શ્વેત કમળપુષ્પ ઉપર બે શ્વેત બળદના સ્વરૂપમાં સૌધર્મેન્દ્ર માથું નમાવીને ઊભા છે અને શીંગડાઓમાંથી દૂધની ધારાઓથી અભિષેક કરી રહ્યા છે. તેમની બન્ને બાજુએ એક-એક દેવ હાથમાં કળશ લઈને ઊભા છે.



**ચિત્રખંડ -૩૦ -** દીક્ષાયાત્રા પછી સહસ્રામ્રવન નામના ઉપવનમાં આમ્ર વૃક્ષની નીચે, સોહામણા બાજઠ ઉપર બેસીને, શ્વેત અધોવસ્ત્રધારી શાન્તિનાથ, ખુલ્લા દિલે, પોતાના હાથ વતી, મસ્તકના કેશનો લોચ કરી રહ્યા છે. સામે મુગટ વગેરે આભુષણોથી અલંકૃત ઈન્દ્ર તેમના કેશ ઝીલી લેવા માટે, બે હાથની થોડા શ્યામરંગી કેશ છે) શાન્તિનાથે ઉતારેલા આભૂષણ-મોતીનો સેરનો હાર, કુંડળ, મુગટ આજુબાજુમાં દેખાય છે. બન્ને બાજુ આમ્ર તથા કેળના વૃક્ષો છે.



**ચિત્રખંડ - ૩૩ -** ભગવાન શાન્તિનાથના નિર્વાણકલ્યાણકની ઘટના. ઉપર અર્ધચંદ્રાકાર આકાર અંકિત છે. તેની ઉપર તેમ જ નીચે ભગવાનની આકૃતિ છે નીચેની આકૃતિ સમેતશિખર ઉપર જઈને અનશન લીધું ત્યારનું છે. નીચે લીલા રંગમાં સમેતશિખરના પ્રતીક છે. ભગવાનનું અંતિમ જીવન સમાપ્ત થતાં જ તેઓનો નિરંજન નિરાકાર સચ્ચિદાનન્દઘન આત્મા પૃથ્વીલોકથી અસંખ્ય ઊંચે રહેલી પિસ્તાળીશ લાખ યોજનના વિસ્તારવાળી અને અર્ધચંદ્ર આકારવાળી સિદ્ધશીલા ઉપર જઈને સ્થિર થાય છે. નીચેની આકૃતિમાં દેહ પર લાલિમાં છે અને ઉપર બિરાજેલી આકૃતિ શ્વેત છે. આમ સશરીર અને અશરીરનો ભેદ ચિત્રકારે પોતાની અભિજ્ઞતા પ્રગટ કરી છે.

❑❑❑

# ચિત્ર બને છે નિમિત્ત, વૈરાગ્યનું !

મુનિશ્રી કુલશીલવિજયજી - મુનિશ્રી હર્ષશીલવિજયજી મહારાજ

## નેમિકુમાર

શ્રાવણ સુદ છઠ્ઠનો દિવસ નિર્ણીત થયો, દ્વારિકા અને મથુરા બન્ને નગરીમાં ઘર ઘરના દરવાજે તોરણ બંધાયા. બન્ને નગરો મહોત્સવમાં મહાલવા લાગ્યા.

નેમિકુમારની જાન દ્વારિકા નગરીથી નીકળી. દશ દર્શાહો, કૃષ્ણ વાસુદેવ, બલભદ્ર આદિ હજારો રાજપુરુષો નગરજનો સાથે, ધવલમંગળ ગીતોના ગાન સાથે જાન ઉગ્રસેન રાજાના મહાલય તરફ આવી.

રાજકુમારી રાજિમતિ પણ ઉત્સુક નયને પોતાના સ્વામીનાથને નિહાળવા આતુર હતી. સખીઓના વૃન્દ વચ્ચે શોભતી રાજિમતિ અપલક નયને નિહાળ્યા કરે છે. સખીઓ રાજિમતિની હાંસી કરે છે. રાજિમતિ તો આસપાસના સર્વેને ભૂલી જ ગઈ છે. એવામાં રાજિમતિનું જમણું નેત્ર ફરકવા લાગ્યું. કંઈક અમંગળ ઘટશે એવી આશંકાએ વિહ્વળ બની ગઈ.

આ તરફ જાન આગળ વધી રહી છે. ઢોલ ત્રાંસા અને શરણાઈના અવાજને વીંધીને આવતો કંઈક આર્તનાદ નેમિકુમારના કાને આથડાયો! આહો! આ શું? પશુ-પ્રાણીઓના આવા આર્તનાદ? નેમિકુમારનું ઋજુ હૃદય પળવારમાં પામી ગયું. સહસા મોટેથી શબ્દો નીકળ્યા : 'રથ પાછો વાળો!' આ આદેશ હતો.

નેમિકુમારને પાછા વળતાં જોઈ સમગ્ર વાતાવરણ સ્તબ્ધ બની ગયું. મુક્તિ રૂપી વધુની લગની લાગી હોય એ નેમિકુમાર રાજિમતિ વધૂમાં ક્યાંથી મોહ પામે? પ્રભુ તો રાજિમતિને પોતાના આઠ-આઠ ભવનો સંબંધ સંભાળી જાણે સંકેત આપવા જ પધાર્યા હોય તે રીતીએ આંગણેથી પાછા વળી ગયા.

## પાર્શ્વકુમાર

પાર્શ્વકુમાર પોતાના મહાલયના ઝરુખામાં બેસી નગરચર્યા નિહાળી રહ્યા છે ત્યાં મોટું આશ્ચર્ય જોયું. નગરના બધા લોકો એક જ દિશામાં દોટ મૂકી જઈ રહ્યા હતા. તપાસ કરતાં જાણ્યું કે કમઠ નામનો ગરીબ બ્રાહ્મણ વૈભવ મેળવવા વિવિધ તપ કરી રહ્યો છે. તે તપસ્વીના દર્શન કરવા અને તેની પૂજા કરવા લોકો દોડી રહ્યા છે.

પાર્શ્વકુમાર પણ એ તાપસના તપને જોવા પરિવાર સાથે ત્યાં પધાર્યા. અગ્નિકુંડ વચ્ચે કાષ્ટમાં સળગી રહેલા સર્પને અવધિજ્ઞાનથી પાર્શ્વકુમારે નિહાળ્યો. તાપસને કહ્યું : તપસ્વી! દયા એ સર્વ ધર્મોની જનેતા છે. આ અગ્નિકુંડમાં પંચેન્દ્રિય સર્પ જલી રહ્યો છે, તમને એ ખ્યાલ નથી આવતો?

તાપસ આવેશમાં આવીને બોલ્યો : કુમાર! તમારે તો હાથી-ઘોડા પર બેસીને ખેલવાનું, યુદ્ધો કરવાના-ધર્મની તમને શી ગતાગમ પડે?

પાર્શ્વકુમારે તરત જ સેવકને આજ્ઞા કરી અગ્નિકુંડમાંથી બળતું કાષ્ટ બહાર કઢાવ્યું. જયણાપૂર્વક એ કાષ્ટના ઊભા ટુકડા કરાવ્યા! અંદરથી તરફડિયા મારતો મોટો સર્પ બહાર નીકળ્યો.

પાર્શ્વકુમારે સેવકને કહીને તે સર્પને નવકારમંત્ર સંભળાવ્યો. સર્પનો આત્મા સમાધિસ્થ થઈને સર્પની યોનિમાંથી સીધો નાગરાજ ધરણેન્દ્ર દેવ તરીકે ઉત્પન્ન થયો. પરિવાર સહિત પાર્શ્વકુમાર મહેલમાં પધાર્યા.

એક દિવસ ચિત્રશાળામાં પધાર્યા છે, ત્યાં નેમિકુમાર-રાજિમતિની જાનના, પશુઓના પોકારના તથા નેમિકુમારના વિરાગની મસ્તીના ચિત્રો નિહાળી જન્મજાત વિરાગી પાર્શ્વકુમારનો વૈરાગ્ય દૃઢ થાય છે. સહસા પ્રભુનો દિક્ષાનો સમય જાણી લોકાંતિક દેવોએ ધર્મતીર્થ પ્રવર્તનની વિનંતિ કરી, પ્રભુએ વરસીદાનનો પ્રારંભ કર્યો. (આધાર : ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર) ❑❑❑

**" કર્મ હરે ભવજલ તરે "**- મુનિ શ્રી કુલશીલવિજયજી સંપાદિત શ્રી ચોવીસ તીર્થંકર ચરિત્ર પુસ્તકમાંથી, સાભાર



૧.કૃષ્ણ વાસુદેવની ગોપીઓ સાથે ક્રીડા કરતા પણ નેમિકુમાર વિરાગની મસ્તીમાં મહાલી રહ્યા છે, પાછળ કલાધર પણ સ્તબ્ધ થઈ આ જોઈ રહે છે! ૨.પશુઓના કરૂણ ક્રંદન સાંભળી નેમિકુમાર રથ પાછો વળાવે છે. ૩. પાર્શ્વકુમાર અગ્નિકુંડમાંથી બળતા નાગને બચાવે છે, જે ધરણેન્દ્ર બને છે. ૪. "રાજિમતિ કું છોડ કે નેમ સંયમ લીના" ચિત્રપટ પર આ દૃશ્ય નિહાળી જન્મજાત વિરાગી પાર્શ્વકુમારનો વૈરાગ્ય દૃઢ થાય છે.

# ચિત્રકલાનું ઉત્કૃષ્ટ શિખર, ચિત્રકારની ધૈર્યપૂર્ણ અગ્નિપરીક્ષા
## સમવસરણ

ડૉ. કુમારપાળ દેસાઈ

જૈન ચિત્રકલાનું કોઈ ભવ્યતા ધરાવતું દિવ્યતા દર્શાવતું લોકવ્યાપક ચિત્ર હોય તો તે તીર્થંકર ભગવાનના સમવસરણનું ચિત્ર છે. ધાર્મિક કાર્યક્રમનું નિમંત્રણ હોય, ચાતુર્માસ-પ્રવેશની પત્રિકા હોય કે પછી કોઈ ધર્મસંલગ્ન કાર્યક્રમનું સ્ટેજ હોય, એ બધી જગાએ સમવસરણનું વિશાળ, અનેક રંગોથી શોભતું, તીર્થંકર પરમાત્માની મૂર્તિ તેમજ દેવો, માનવો અને તિર્યંચોની આકૃતિઓ ધરાવતું ભવ્ય ચિત્ર જોવા મળે છે. 'કલ્પસૂત્ર'થી આરંભીને અત્યાર સુધી આ સમવસરણનું ચિત્ર શિલ્પ કે મંદિર રૂપે પણ જોવા મળે છે. સમવસરણની ભવ્યતા, વ્યાપકતા અને એમાં પ્રગટતા ત્યાગ-વૈરાગ્યની ઝાંખી મેળવીએ.

પર્વાધિરાજ પર્યુષણમાં મહાવીર જન્મકલ્યાણક વાચનના ઉત્સવથી છલકતા દિવસે ભગવાન મહાવીરના જીવનપ્રસંગોનું સ્મરણ કરવામાં આવે છે. ઈ. સ. પૂર્વે ૫૫૭ની વૈશાખ સુદ દશમની આથમતી સંધ્યાએ ઋજુવાલિકા નદીના કિનારે ભગવાન મહાવીરને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થયાં. તેઓ આઠ પ્રાતિહાર્યથી પૂજાવા યોગ્ય બન્યા. પ્રાતિહાર્ય એટલે છડીદાર-સેવક. અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, સિંહાસન, ભામંડળ, દુંદુભિ અને ત્રણ છત્ર એમ કુલ આઠ પ્રાતિહાર્ય હોય છે. ઈન્દ્રે નિયુક્ત કરેલા દેવો તીર્થંકરની પાસે નિયમિત રીતે આ વસ્તુઓ રજૂ કરે છે. ઈન્દ્રો પોતાના પરિવાર સહિત એ સ્થળે આવીને આઠ પ્રાતિહાર્ય-યુક્ત સમવસરણની રચના કરે છે. દેવાધિદેવના અસ્તિત્વને જાહેર કરવા અને જનસમૂહને તીર્થંકર પાસે લાવવા માટે જે ચમત્કાર યુક્ત રચના કરે છે તેને પ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

આ આઠ પ્રાતિહાર્યો તીર્થંકરની ઉપસ્થિતિની સદા સર્વદા આલબેલ પોકારતા હોય છે. દેવો ભગવાન મહાવીરને આવીને વંદન કરે છે અને એક શાશ્વત નિયમ એવો હતો કે જે સ્થાન પર કેવળજ્ઞાનની ઉપલબ્ધિ થઈ હોય, ત્યાં તીર્થંકર એક મુહૂર્ત સુધી રોકાય છે અને ધર્મદેશના આપે.

ભગવાન મહાવીરની ધર્મદેશના માટે દેવોએ સમવસરણની રચના કરી. ભગવાન મહાવીર હવે સાક્ષાત્ પરમાત્મા બન્યા, તેથી દેવો ભક્તિ કરવા માટે ભગવાનને પ્રવચન આપવા વ્યાખ્યાન પીઠ બનાવે છે. આ સમવસરણ એટલે એક અનોખો અવસર ! સુર, અસુર કે માનવ - સહુ કોઈ એ અવસરની પ્રતીક્ષા કરતા હોય. ઈંદ્ર પોતાના પરિવાર સહિત એ સ્થળે આવીને સમવસરણની રચના કરતા હોય છે. વાયુકુમાર દેવતાઓ એ ભૂમિ પરથી કચરો અને કંટકો દૂર કરી જાય. મેઘકુમાર દેવો સુગંધી જળનો છંટકાવ કરીને એ સ્થળને સુવાસિત કરે. એ સમયે છ ઋતુના અધિષ્ઠાયક દેવો પંચવર્ણ પુષ્પોની વૃષ્ટિ કરે અને વ્યંતર દેવતાઓ જમીનથી સવા કોશ ઊંચી સુવર્ણ અને રત્નોથી શોભતી ઊંચી પીઠ બનાવી આપે. દસ હજાર પગથિયાં ઊંચો ચાંદીનો ગઢ ભવનપતિ દેવતાઓ રચે છે. એ ગઢ પર સમતલ ભૂમિ બનાવે છે. જ્યોતિષી દેવતાઓ પાંચ હજાર પગથિયાંવાળાં સુવર્ણ ગઢની રચના કરે છે. વૈમાનિક દેવો એ સમવસરણની ઉપરના ભાગનો પાંચ હજાર પગથિયાવાળો પ્રથમ રત્નમય ગઢ બનાવે છે.

આમાં ત્રણ ગઢ હોય, એ ગઢને ચાર દરવાજા હોય. વળી એમાં સુંદર ઉપવન, પવિત્ર ચૈત્યપ્રાસાદો, ઊંચે ફરકતી ધજાઓ, પુષ્પવાટિકાઓ, અષ્ટમંગળ અને કળશ આદિની સુશોભિત રચના હોય. ત્રણે ગઢના દ્વારપાળ તરીકે દેવ કે દેવી હોય. પ્રથમ ગઢમાં વાહનો માટેની સુવિધા હોય. બીજા ગઢમાં સિંહ, વાઘ, બકરી, મોર વગેરે પશુ-પક્ષીને બેસવાની વ્યવસ્થા હોય. ત્રીજો ગઢ મનુષ્યો અને દેવ-દેવીઓ માટે હોય. ત્રીજા ગઢની મધ્યમાં પુષ્પો, પતાકાઓ, તોરણો અને છત્રથી શોભતું પાવન અશોકવૃક્ષ હોય. એમાં ચાર દિશામાં સિંહાસનની રચના હોય. આ ગઢની રચના કરતા પહેલાં દેવો જમીન પર પિઠિકા રચે છે એ પછી દેવો પોતાની વૈક્રિય શક્તિથી થોડી જ ક્ષણોમાં આ ગઢોની રચના કરે છે.

આમાં પહેલો ગઢ રૂપાનો રચીને ઉપર સોનાના કાંગરા બનાવે છે. જ્યારે બીજો ગઢ સુવર્ણનો બનાવીને એના પર રત્નના કાંગરા રચે છે. જ્યારે ત્રીજો ગઢ વિવિધ રંગના રત્નોથી જડિત એના કાંગરા મણિના બનાવે છે. પહેલા ગઢમાં વાહન દ્વારા આવેલા લોકો એમના વાહનો પહોળાઈવાળા ભાગમાં મૂકે છે. બીજા ભાગમાં ભગવાનની વાણીનું આકર્ષણ પામેલા પશુ-પક્ષીઓ બેસે છે. જ્યારે ત્રીજા ગઢમાં જેની નીચે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું તે શાલ નામના ચૈત્યવૃક્ષ સહિતનું અશોકવૃક્ષ હોય છે જે સમવસરણ જેટલું જ વિશાળ હોય છે. આ સમવસરણમાં દેવ-દેવીઓ, માનવો અને પશુ-પક્ષીઓ પણ ભગવાનની દેશના સાંભળવા આવે. એમાં સિંહાસનની આજુબાજુ બે ચામરધારી દેવતાઓ હોય. દરેક સિંહાસનની આગળના ભાગમાં સુવર્ણકમળ ઉપર ધર્મચક્ર હોય. ચારે દિશામાં એક મહાધ્વજ હોય.

વિરાટ અશોકવૃક્ષની ઊંચાઈ તીર્થંકરની ઊંચાઈ કરતાં બાર ગણી હોય. આ અશોકવૃક્ષ પર દેવો ચૈત્યવૃક્ષની રચના કરે છે. ભગવાન મહાવીરને શાલવૃક્ષ નીચે કેવળજ્ઞાન થયું હતું. તેથી

અશોકવૃક્ષ પર ચૈત્યવૃક્ષ એવા શાલવૃક્ષની રચના કરી.

આવા સમવસરણમાં પ્રવેશ કર્યા પછી તીર્થંકર ભગવાન ચૈત્યવૃક્ષ ધરાવતા અશોકવૃક્ષની ત્રણ પ્રદક્ષિણા કરે અને પછી ભગવાન પૂર્વ દિશાના સિંહાસન પર બિરાજમાન થઈને ત્રણે લોકને દેશના સંભળાવે. બાકીની ત્રણ દિશામાં ભગવાનના પ્રભાવથી સાક્ષાત્ ભગવાન જેવી પ્રતિકૃતિ રચાઈ જતાં દેવ કે માનવ, પશુપંખી સહુને ભગવાન પોતાની સન્મુખ હોય એવું લાગે. પ્રત્યક્ષ રૂપે પ્રભુનાં દર્શન અને એમની વાણીનું શ્રવણ થતું લાગે, તેથી સાંભળનારની ભાવવૃદ્ધિ ટકી રહે છે. સમવસરણમાં ભગવાન માલકૌંસ રાગમાં અર્ધમાગધી ભાષામાં અતિ મધુર પ્રવચન આપે છે અને સહુ કોઈ એ શાંતિથી સાંભળે છે અને દેવો, મનુષ્યો અને તિર્યંચો એને સમજે છે.

અહિંસાની એ ધારા વહે ત્યારે હિંસાને ક્યાંથી સ્થાન હોય? સમવસરણના બીજા ગઢમાં પરસ્પર વિરોધી પશુ-પક્ષીઓ પ્રભુના પ્રભાવને કારણે પરસ્પરના વેર ભૂલી જાય છે અને સાથે બેસીને દેશના સાંભળતા હોય છે. પ્રભુના આ સમવસરણમાં મનુષ્ય, દેવ અને તિર્યંચ - સહુ કોઈ આવી શકે એમની વચ્ચે કોઈપણ પ્રકારનો ભય કે વેર-વિરોધ રહેતા નથી. જો એમની વચ્ચે જાતિગત અથવા તો પૂર્વભવનું કોઈ વેર હોય, તો તે પણ શાંત થઈ જાય છે.

આવા અનુપમ સમવસરણમાં બેસીને તીર્થંકર પરમાત્મા માલકૌંશ રાગમાં ત્યાગ અને વૈરાગ્યનો ભાવ ધરાવતી અદ્ભુત અને અનુપમ ધર્મદેશના આપે છે. આ સમવસરણના પહેલાં ગઢનાં દસ હજાર પગથિયાં, બીજા ગઢના પાંચ હજાર પગથિયાં અને ત્રીજા ગઢનાં પાંચ હજાર પગથિયાં હોય છે. આમ કુલ વીસ હજાર પગથિયાં એક એક હાથની ઊંચાઈએ હોય છે, પરંતુ તીર્થંકર ભગવાનના અતિશયના પ્રભાવને કારણે આટલાં બધાં પગથિયાં ભક્તો જોતજોતાંમાં સડસડાટ ચડી જાય છે અને એમને જરાય થાક લાગતો નથી.

સમવસરણમાં આવતા 'અવસર' શબ્દનું તાત્પર્ય એ છે કે બધા જ દેવો, દાનવો, માનવો, પશુ-પક્ષીઓ આવીને તીર્થંકર પરમાત્માના દિવ્ય ધ્વનિના અવસરની પ્રતિક્ષા કરે, તે 'સમોવસરણ' એવો અર્થ કરવામાં આવે છે. જ્યારે 'સૂત્રકૃતાંગ ચૂર્ણિ'માં કહ્યું છે,

समवसरंति जेसु दरिसणाणि दिट्ठीओ वा ताणि समोसरणाणि।

'જ્યાં એક દર્શન (દૃષ્ટિઓ) સમવસૃત થાય છે તેને 'સમવસરણ' કહે છે.'

'સમવાયાંગ સૂત્ર', 'આવશ્યક ચૂર્ણિ', 'કલ્પસૂત્ર', 'લલિતવિસ્તરા', 'હરિવંશ પુરાણ' જેવાં અનેક ગ્રંથોમાં સમવસરણનું વિસ્તૃત વર્ણન મળે છે.

સમવસરણની ભૂમિનો વિસ્તાર એક યોજન જેટલો હોવા છતાં ભગવાનના એક અતિશયને કારણે તેમાં કરોડો દેવતાઓ, મનુષ્યો અને તિર્યંચો આવીને બેસે છે. દેવતાઓની દિવ્ય રચનાને કારણે ભગવાન ચતુર્મુખ હોય છે, પરંતુ પ્રત્યેક જીવને ભગવાનનું ફક્ત એક જ મુખ દેખાતું હોય છે. પૂર્વ દિશામાં તીર્થંકર ભગવાન બિરાજમાન હોય, તો બાકીની ત્રણ દિશાઓમાં એમની પ્રતિકૃતિ જ હોય છે, તેમ છતાં એ ત્રણે દિશામાં રહેલા કોઈપણ જીવને તેવો આભાસ થતો નથી કે આ ભગવાનની પ્રતિકૃતિ છે. દરેકને ભગવાન એક સરખા દેખાય છે અને તેથી દરેકને ભગવાન પોતાની સન્મુખ છે એમ લાગે છે.

જૈન ધર્મમાં પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવથી ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી સુધીના સર્વ તીર્થંકરોએ જ્યારે જ્યારે દેશના આપી છે, ત્યારે દેવોએ ત્યાં સમવસરણની રચના કરી છે.

સામાન્ય રીતે સમવસરણ વર્તુળાકારે હોય છે, પંતુ ક્યારેક ચોરસ રચના પણ કરાય છે. આ સમવસરણમાં મિથ્યાદષ્ટિ અભવ્ય જીવો હોય છે તેને એની બાહ્ય ભવ્ય રચના આંજી દે છે, પરંતુ તેઓ તીર્થંકર પરમાત્માને સાક્ષાત્ જોઈ શકતા નથી. સંદેહ કે સંશયવાળા અથવા તો ધર્મવિમુખ અને વિપરિત અધ્યવસાયવાળા જીવો પણ ભગવાનના દર્શનની પાત્રતા ધરાવતા નથી. તેઓ સમવસરણના દૈદિપ્યમાન દેખાવથી જ અંધ જેવા બની જાય છે. જ્યારે બીજી બાજુ તીર્થંકર પરમાત્માના માત્ર દર્શન કે દેશનાના શ્રવણથી જ સાચી જિજ્ઞાસા ધરાવનાર જીવોના મનમાં રહેલી સમસ્યાનું સમાધાન થઈ જાય છે.

સમવસરણને વિષય બનાવીને કરવામાં આવતા ધ્યાનને 'સમવસરણ ધ્યાન' કહેવામાં આવે છે. જે વિશેષતઃ ભારે અંતરાય કર્મનો ક્ષય કરવામાં ઉપકારક બને છે. એવી જ રીતે 'સમવસરણ વ્રત' પણ કરવામાં આવે છે.

આવો અપાર મહિમા ધરાવતા સમવસરણનું ચિત્ર જૈન હસ્તપ્રતોમાં મળે છે. તીર્થંકરોની ચરિત્રગાથામાં એને દર્શાવવામાં આવે છે. સમવસરણનું ચિત્ર એ કલાકારને માટે પડકારૂપ છે, કારણ કે એક તો એમાં ભિન્ન ભિન્ન પ્રકારની અનેક અનેક આકૃતિ છે, તોરણો દ્વારો અને વૃક્ષો છે. વળી ધર્મગ્રંથોમાં પ્રાપ્ત થતાં વર્ણન પ્રમાણે એની રચના કરવાની હોય છે અને એની આસપાસ જુદાં જુદાં ધર્મપ્રતીકો આલેખવામાં આવે છે, આથી આ ચિત્ર જેટલું લોકવ્યાપક છે, એટલું જ ચિત્રકારના ધૈર્ય, આકૃતિઆલેખન અને રેખાની સૂક્ષ્મતાની અગ્નિપરીક્ષા કરનારું છે.

પ્રથમ ચિત્ર કલ્પસૂત્રની હસ્તપ્રતમાં પ્રાપ્ત થાય છે. ફાલ્ગુન વદિ ૧૧ના દિવસે પુરિમતાલ નગરીની બહાર વડવૃક્ષની નીચે



ભગવાન શ્રી ઋષભદેવને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આ સમયે દેવોએ સમવસરણની રચના કરી અને એમાં બેસીને ભગવાન ઋષભદેવે દેશના આપી. આ ચિત્રમાં ત્રણ ગઢ ધરાવતું સમવસરણ છે. તેની મધ્યમાં શ્રી ઋષભદેવ ભગવાન બિરાજમાન છે. આ સમવસરણના ચાર દ્વાર છે. એની આકૃતિ જોઈએ તો ઉપરના ડાબા ખૂણે વૃષભ અને જમણા ખૂણે સિંહની આકૃતિ બનાવી છે. જ્યારે સમવસરણમાં પરસ્પર વેર ધરાવતા પ્રાણીઓ એકબીજાનું વેર ભૂલીને પ્રભુની દેશના સાંભળે છે, તે દર્શાવવા માટે નીચેના ડાબા ખૂણે નાગ અને જમણા ખૂણે મોરની આકૃતિ બતાવી છે, તે અત્યંત સૂચક છે.

બીજા ચિત્રમાં સમવસરણ વિશે પ્રાચીન ગ્રંથોમાં થયેલું આલેખન જોવા મળે છે. જેમાં ઉપરના ભાગે એક ડિઝાઈન કરવામાં આવી છે. સમવસરણના ગઢ બતાવ્યા છે. સામાન્ય કક્ષાની ચિત્રકલા દાખવતું આ ચિત્ર છે.



એ પછી ત્રીજું ચિત્ર 'સચિત્ર શ્રી કલ્પસૂત્ર' ગ્રંથમાંથી મળે છે. ઉપપ્રવર્તક શ્રી અમર મુનિના મુખ્ય સંપાદન તેમજ શ્રીચંદ સુરાણા 'સરસ' અને સુરેન્દ્ર કુમાર બોથરાના સંપાદન સાથે 'પદમ પ્રકાશન' દિલ્હીથી પ્રગટ થયેલા આ ગ્રંથમાં 'તીર્થંકરો કી સમવસરણ રચના : એક દશ્ય' નામનું ચિત્ર મળે છે. ભગવાન ઋષભદેવના સમવસરણના આ ચિત્ર ઉપરના ભાગે સૂર્ય અને ચંદ્રની આકૃતિ દર્શાવી છે. જે અન્યત્ર જોવા મળતી નથી. આ ચિત્ર સરદાર પુરુષોત્તમસિંહ અને સરદાર હરવિંદરસિંહે દોરેલું છે. આમાં બહુ ઓછા માણસો જોવા મળે છે અને વળી વ્યક્તિઓના હાવભાવ પણ દર્શાવવામાં આવ્યા નથી.



એ પછી ચોથું ચિત્ર 'તેવીસ તીર્થંકરો કા ચિત્રસંપુટ' માં પ્રાપ્ત થાય છે. પરમ પૂજ્ય સાહિત્યકલારત્ન આચાર્ય શ્રી વિજયયશોદેવસૂરીશ્વજી મ.સા.ના લેખન અને સંયોજન સાથે સંપાદક પ. પૂ. મુનિશ્રી જયભદ્રવિજયજી મ.સા. દ્વારા પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથથી તેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ સુધીના ચિત્રોનો આ સંપુટ સિદ્ધહસ્ત ચિત્રકાર શ્રી ગોકુળદાસ કાપડિયાએ કર્યો છે. આ ચિત્રોના સર્જન માટે પૂજ્ય આચાર્યશ્રી ચિત્રકાર ગોકુળદાસ કાપડિયાને પહેલાં તીર્થંકરોના ચરિત્ર વાંચવા આપતા પછી એ પ્રસંગનું વર્ણન વાંચ્યા બાદ પૂજ્ય આચાર્યશ્રી ગોકુળદાસભાઈને એને સમગ્રતયા સમજાવતા અને ત્યારબાદ એનું ડ્રોઈંગ કરાવતા. પછી એમાં જે કોઈ જરૂરી ફેરફાર લાગે તે કરાવતા



મરુદેવા માતાને, પુત્ર ઋષભદેવ પ્રત્યે, માતાને હોય તેવો અનગળ અસીમ પ્રેમ એટલે કે વાત્સલ્ય હતા. પુત્રને દીક્ષા લેવામાં ના ન કહી, પરંતુ સંસાર ત્યાગીને દીક્ષા લઈ જંગલની વાટે એ ચાલી નીકળ્યા પછી રોજ રોજ ચિંતા કરે : મારો રિખવો આજે ક્યાં હશે? તેમના પૌત્ર ભરત ચક્રવર્તી રોજ સવારે માતાને પ્રણામ કરવા આવે ત્યારે માતા એને પહેલો પ્રશ્ન પૂછે કે : રિખવાના શું સમાચાર છે? આમ એક હજાર વર્ષ વીત્યાં. પૌત્રનો રોજ વંદન કરવાનો ક્રમ અને માતાનો પુત્રના કુશળ પૂછવાનો પણ રોજનો ક્રમ! .....આજે તો સંતોષકારક ઉત્તર આપી શકાય તેવો દિવસ ઊગ્યો છે! ભરત ચક્રવર્તી માતાને પ્રણામ કરવા ગયા ત્યારે પ્રશ્ન પૂછાયો : રિખવો ક્યાં છે? આંખમાંથી આંસુ તો વહ્યા જ કરે. સતત રડવાના કારણે આંસુ પણ થીજીને પડળ બની ગયા હતા. કાંઈ દેખાય પણ નહીં, પણ ભરત ચરણ-સ્પર્શ કરે એટલે ઓળખી જાય અને પૂછે : રિખવાના શું સમાચાર છે? ભરતે કહ્યું : મા! આપણા નગરના પાદરમાં પધાર્યા છે. ચાલો જઈએ પ્રભુજીને વાંદવા.....સમવસરણ પણ ઊંચું, ત્રણ વિશાળ ગઢ ઝાકમઝાળ. તેના પર ત્રણ ભુવનના બાદશાહ અર્હત્ ઋષભદેવ વિરાજેલા હતા. ઈન્દ્રો ચામર વિંઝતા હતા. અશોક વૃક્ષ આનંદથી નાચતો હોય તેમ લાલ સુકુમાર પાંદડાંથી ડોલતો શોભતો હતો. ઝીણાં પુષ્પો સુગંધ રેલાવતા હતા. આવા વાતાવરણ વચ્ચે પોતાના દીકરાને બેઠેલો જોઈને માતા મરુદેવાની આંખમાં હર્ષના આંસુના પૂર આવ્યાં. "મારા દીકરાની આવી સિદ્ધિ! આવી સમૃદ્ધિ! આવું ઐશ્વર્ય! શું ઠાઠ છે! શું વૈભવ છે!" આમ વિચારતા વિચારતા અશ્રુની નદી વહેતી રહી. આંખમાં પેલા પડળ બાઝ્યા હતા તે ધોવાઈ ગયા. ચક્ષુ ચોખ્ખા થયા, નિર્મળ થયા! સામેનું અદ્ભુત દૃશ્ય બરાબર દેખાયું. આવા પાવન દર્શનથી મરુદેવા માતાના અંતરમાં આનંદ ઉભરાયો. પ્રભુની સાથે તાદાત્મ્ય સધાયું. દૃશ્ય, દૃષ્ટા અને દર્શન એકાકાર થયા. કલિકાલસર્વજ્ઞ જેને "ભગવદ્દર્શનાનન્દયોગ" કહે છે તે આનંદયોગ સિદ્ધ થયો. તેમાં સ્થિરતા આવતાવેંત મોહનીય આદિ ચારેય ઘાતિકર્મનો ક્ષય થયો અને લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ થઈ. મરુદેવા આ અવસર્પિણીમાં સર્વ પ્રથમ સ્ત્રીકેવળી થયાં. એમની આંખોમાં આવેલા અનર્ગળ આંસુ મહાનંદના કારણ બન્યા! --- પ્રદ્યુમ્નસૂરિ

હતા. આથી પૂજ્ય આચાર્યશ્રીના ઊંડા શાસ્ત્રીય જ્ઞાનનો અને ગોકુળદાસ કાપડિયાની અનુપમ ચિત્રકલાને અહીં સુયોગ સધાયો. અહીં આલેખાયેલા ચિત્રમાં સમવસરણનું ચિત્ર નાનું છે, જ્યારે પુત્રવિરહમાં દુ:ખી થઈ ગયેલા મરુદેવા માતાને ભગવાન ઋષભદેવના સમવસરણની ઋદ્ધિનું દર્શન કરાવતા હાથીની અંબાડી પર બેઠેલા ભરત અને મરુદેવાનું ચિત્ર પ્રધાન બની રહે છે. દૂરથી દેખાતું એ સમવસરણ વર્તુળાકારને બદલે ચોરસ સમવસરણ છે એ નોંધવું જોઈએ.

સમવસરણના પાંચમા ચિત્રમાં પાર્શ્વનાથ ભગવાનનું સમવસરણ દર્શાવવામાં આવ્યું છે. આ ઉપરાંત આમાં સિદ્ધશિલા પર ભગવાન પાર્શ્વનાથનું નિર્વાણ દર્શાવ્યું છે. આ ચિત્રમાં સમવસરણના ચાર દરવાજા હોય તે જોવા મળતા નથી અને એ જ રીતે ચારે બાજુથી પ્રભુના દર્શન થાય તેવું પણ આ ચિત્ર નથી. આ ચિત્ર 'શ્રીમદ્ દેવચંદ્રજી કૃત ચોવીસી', (સંપાદક પરિમલ કાપડિયા)ના ગ્રંથમાં મળે છે.

સમવસરણ અંગે 'તીર્થંકર ભગવાન શ્રી મહાવીર ૪૮ ચિત્રોનો સંપુટ'માં મળતું છઠ્ઠું ચિત્ર વ્યાપક અને સર્વમાન્ય બન્યું છે. લેખક, સંયોજક અને સંપાદક આચાર્યશ્રી યશોદેવસૂરીશ્વજી મ.સા. દ્વારા તૈયાર થયેલો અને કુશળ કલાકાર ગોકુલદાસ કાપડિયાએ આલેખેલાં ચિત્રો ધરાવતા આ ગ્રંથમાં દેવનિર્મિત સમવસરણ (ધર્મસભામંડપ)માં અશોકવૃક્ષ નીચે બેઠેલા ભગવાન મહાવીરની પ્રથમ દેશનાનું ચિત્ર છે. આ ચિત્ર એ માટે વિશિષ્ટ છે કે એમાં ચિત્રકારે શાસ્ત્રોમાં વર્ણવ્યા મુજબ સમવસરણનું હૂબહૂ વર્ણન રંગરેખા દ્વારા સાકાર કરવા પ્રયાસ કર્યો છે. આ ચિત્રમાં એવી પાત્રાલેખનની ઝીણવટ, પાત્રોનાં હાવભાવ અને વસ્ત્રો અને અલંકારો ઘણી સૂક્ષ્મતાથી આલેખ્યાં છે. એવી જ રીતે સમવસરણની પાછળનો લેન્ડસ્કેપ આ ચિત્રની વિશાળતા અને ગહનતાનો



અનુભવ કરાવે છે. જ્યારે વચ્ચે રહેલા અશોક વૃક્ષનો મૃદુ એવો લીલો રંગ સૌમ્ય વાતાવરણ સર્જે છે. આકાશમાંથી દેવવિમાન દ્વારા દેવો મોટી સંખ્યામાં ઊતરી રહ્યા છે તે દર્શાવાયુ છે અને સાથોસાથ સમોવસરણમાં અષ્ટમહાપ્રાતિહાર્યો (અતિશયો) યુક્ત ભગવાન પૂર્વદિશામાં સિંહાસન પર બેસીને માલકૌંશ રાગમાં ત્યાગ-વૈરાગ્યની આધ્યાત્મિક પ્રકારની અમોઘ દેશના આપે છે. ભગવાન એક બાજુએ હોવા છતાં દરેક બાજુએ દેખાય છે. એમના પ્રભાવથી ચારે દિશામાં સાક્ષાત ભગવાન જેવી પ્રતિકૃતિ રચાઈ જતાં દેવ કે દાનવ પશુ, પંખી સહુને ભગવાન પોતાની સન્મુખ હોય તેમ લાગતું હતું. આ બાબતને ચિત્રકારે કુશળતાથી દર્શાવી છે. એ ચૌમુખજી દર્શાવવા માટે એમણે બે ભગવાનની પ્રતિમા અને બાકી બે સિંહાસનના ભાગ બતાવ્યા છે. એવી જ રીતે સમવસરણમાં ચાર



૩૭ : જ્ઞાનપ્રાપ્તિ બાદ દેવનિર્મિત 'સમવસરણ' (પ્રવચનમંડપ) માં અશોકવૃક્ષ નીચે બેઠેલા ભગવાનનું અદ્ભુત અને અમોઘ ધર્મપ્રવચન
૩૭ : ज्ञानप्राप्ति के बाद देवनिर्मित 'समवसरण' (प्रवचनमंडप) में अशोकवृक्ष के नीचे भगवान् का धर्मतीर्थ प्रवर्तन के लिये अद्भुत और अमोघ धर्मप्रवचन
37 : Mahāvira delivering the sermon in Samvasarana arranged by gods where souls forget their birth enmity

પ્રવેશદ્વારની સમગ્ર ચિત્રમાં એકરૂપ બની જાય એ રીતે ગોઠવણી કરી છે. એમાં ત્રણ ગઢમાં ચતુર્વિધ સંઘ, પ્રાણીઓ અને દેવોનાં વાહનો જોવા મળે છે.

આ આખોય કલ્પનાનો વિષય હોવા છતાં તે નખશીખ મરોડદાર આકૃતિ, પ્રસંગને શોભે એવા રંગો અને ધર્મશાસ્ત્રના વર્ણન મુજબ આલેખન દ્વારા આગવી છાપ પાડે છે. ચારે દરવાજાનો આકાર સ્તૂપના આકારનો છે, એ હિંદુ અને બૌદ્ધ સ્થાપત્યના સામ્યની ઝાંખી કરાવે છે. સૌથી આગળના ભાગમાં રાજારાણી, પ્રજાજનો વગેરે ચાલી રહ્યા છે. ઢોલ-નગારા અને વાજિંત્રો બજાવી રહ્યા છે. આ રીતે આ ચિત્રમાં શ્રી ગોકુળદાસ કાપડિયાની આગવી કલાનું ઉત્કૃષ્ટ શિખર જોવા મળે છે. જ્યાં નજર નાખો ત્યાં પ્રભુ, માનવી, પ્રાણી, વાહનો અને જાણે આખો સમાજ પ્રગટ થાય છે અને એ રીતે આ ચિત્ર ભવ્યતાની સાથે દિવ્યતાના ભાવો જગાડે છે.

જૈન ચિત્રકલાના ભવ્ય અને દિવ્ય ઉન્મેષોને કંડારતું શ્રી સમવસરણનું ચિત્ર શાસ્ત્રીય વર્ણન, વિપુલ આકૃતિઓ અને કલાકારને પડકારરૂપ બને તેવી અઢળક માહિતી આલેખતું હોવાથી એક વિરલ અને વિશિષ્ટ સ્થાન પામ્યું છે.

❑❑❑

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.
ફોન ૦૭૯-૨૬૬૦૨૬૭૫
મો. ૦૯૮૨૪૦૧૯૯૨૫



શ્રી પાર્શ્વનાથ પ્રભુને સોળ મહાત્મા સાધુઓ, આડત્રીશ હજાર સાધ્વીઓ, ત્રણસો પચાસ ચૌદપૂર્વધારી, એક હજાર ચારસો અવધિજ્ઞાની, સાડા સાતસો મનઃપર્યવજ્ઞાની, એક હજાર કેવળજ્ઞાની, અગિયારસો વૈક્રિયલબ્ધિવાળા, છસો વાદલબ્ધિવાળા, એક લાખ ચોસઠ હજાર શ્રાવકો અને ત્રણ લાખ સિત્યોતેર હજાર શ્રાવિકાઓ  આ પ્રમાણે કેવળજ્ઞાનના દિવસ પછી પરિવાર થયો. પછી પોતાનો નિર્વાણ સમય નજીક જાણી શ્રી પાર્શ્વનાથ પ્રભુ સંમેતગિરિએ પધાર્યા. ત્યાં બીજા તેત્રીશ મુનિઓની સાથે અનશન ગ્રહણ કર્યું. પ્રાંતે શ્રાવણ માસની શુક્લ અષ્ટમીએ વિશાખા નક્ષત્રમાં જગદ્‌ગુરુ શ્રી પાર્શ્વનાથ પ્રભુ તેત્રીશ મુનિઓની સાથે મોક્ષપદને પ્રાપ્ત થયા. તે વખતે શક્રાદિક ઈંદ્રો દેવતાઓને સાથે લઈ સંમેતગિરિ પર આવ્યા અને અધિક શોકાક્રાંતપણે તેમણે શ્રી પાર્શ્વનાથ પ્રભુનો ઊંચે પ્રકારે નિર્વાણમહોત્સવ કર્યો. (શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર-ગુજરાતી) આ લઘુચિત્ર (miniature) યુએસએમાં વર્ષોથી સ્થાયી મિત્ર ચિત્રકાર ભાઈશ્રી મહેન્દ્ર શાહ તરફથી ખાસ પ્રાપ્ત થયું છે. (તેમનું વતન મહુડી પાસે સરદારપુર છે.) લઘુચિત્રની પરંપરા ખંતથી જાળવીને, મૂળની રંગ યોજના પ્રમાણે તૈયાર કર્યું છે, અને તેમાં થોડો આધુનિક 'ટચ' આપી ચિત્રને બધુ ભાવવાહી અને નયનરંજક બનાવ્યું છે. એ દેશમાં તેમની આ જૈન તથા જૈનેતર શૈલીના વિવિધ ચિત્રો ખૂબ વખણાયા છે.

# ગણધરવાદ એટલે સમર્પણવાદ

આચાર્ય યશોવિજયજી મહારાજ

ભગવાન ગૌતમ ગોચરીએ ગયા છે. એક ભાવકે સાધનાને લગતો નાનકડો પ્રશ્ન કર્યો; જેનો ઉત્તર તેમના માટે બહુ જ સરળ હતો. પણ ભગવાન ગૌતમે એ ભાવકને કહ્યું : આનો ઉત્તર પછી આપું તો ચાલે? એણે કહ્યું : ગુરુદેવ? આપની અનુકૂળતાએ આપજો.

ગૌતમ સ્વામીજી ગોચરી લઈ પ્રભુ પાસે આવે. ભિક્ષાપાત્રો યોગ્ય સ્થળે મૂકી તેઓ પ્રભૂ પાસે આવ્યા. પ્રભુને પેલો પ્રશ્ન પૂછ્યો. પ્રભૂએ આપેલ ઉત્તર તેમણે પેલા ભાવકને પહોંચાડયો - કઈ હતી ભગવાન ગૌતમની ભાવદશા!

ત્રણ સંભાવનાઓ સમજાય છે. સમર્પિતતાની દશા, ઉપનિષદ્‌ની ઈચ્છા અને ગુરુ દ્વારા મળતા માર્ગદર્શનની ઝંખના.

ooo

પહેલી સંભાવના : સમર્પિતતાની દશા. ગૌતમ સ્વામીજીની ભાવદશા એ હતી કે અનંત-જ્ઞાનીના ચરણોમાં હું છું; તો પછી મારી બુદ્ધિનો / મારા જ્ઞાનનો ઉપયોગ હું શા માટે કરું?

પ્રભુ સદ્‌ગુરુ તરીકે એમને મળ્યા હતા, જેમણે તેમની બુદ્ધિ અને અહંકારની રજ ખંખેરી નાખી હતી. 'ગુરુ મોહે મારે શબ્દ કી લાઠી, ચેલે કી મતિ અપરાધિની નાઠી....'

ઈન્દ્રભૂતિ ગૌતમને સમર્પણમૂર્તિ ગૌતમસ્વામીમાં પ્રભુએ ફેરવ્યા. પ્રભુના પ્યારા પ્યારા શબ્દો...અને ભક્તનું સર્વાંગીણ રૂપાન્તરણ..

ooo

આદ્ય શંકરાચાર્યજીનું એક વચન છે : 'तर्क अप्रतिष्ठितः' સાધના માર્ગમાં તમારી બુદ્ધિનો કાંઈ અર્થ નથી.

અપરિચિત માર્ગમાં કોઈ માણસ ચાલતો હોય; ધૂળિયા માર્ગે. બે રસ્તા અધવચ્ચે ફંટાય છે. સૂચના પટ્ટ છે નહિ. એ વ્યક્તિને શી રીતે ખબર પડશે કે મારે કયા માર્ગે જવું? - ડાબે કે જમણે... બાજુના ખેતરમાં હળ હાંકતા ખેડૂતને એ પૂછે છે : મારે આ ગામ જવું છે. કયા માર્ગે જાઉં? ખેડૂત ભાઈ તરત કહેશે : આ બાજુ જાવ.. અને એ ભાઈ નિશ્ચિંત થઈને એ માર્ગે ચાલશે.

શાસ્ત્રમાં એક સરસ પ્રશ્ન આવે છે : જીવન વ્યાપિની સાધના-દીક્ષા જેને લેવી છે, એ સાધક પાસે કેટલું શાસ્ત્રજ્ઞાન અપેક્ષિત છે? જવાબ સરસ અપાયો છે : સદ્‌ગુરુ જે આજ્ઞા એને આપે, એને તે સમજી શકે એટલું. જ્ઞાન ચાલે. આથી વધુ શાસ્ત્રોનું જ્ઞાન ન હોય તો પણ ચાલે.

સાધનામાર્ગે ચાલવા માટે જરૂરી છે સમર્પણ. નહિ કે બુદ્ધિ.

ooo

આપણી પરંપરામાં બુદ્ધિ ને બદલે મેઘા, પ્રજ્ઞા શબ્દો પ્રયોજાયા છે. અહંકારયુક્ત વિચારસરણીને બુદ્ધિ. શ્રદ્ધા અને સમર્પણની સુગંધથી વ્યાપ્ત વિચારસરણી તે મેધા અથવા પ્રજ્ઞા.

ooo

સાધકને મેધા જોઈએ છે. ભગવાન ગૌતમ, આ અર્થમાં, મેધાવી હતા.

ooo

બીજી સંભાવના પણ મઝાની છે અને એ છે પ્રભુનું પ્યારું પ્યારું ઉપનિષદ. આપણી પરંપરાએ ઉપનિષદનો - ગુરુદેવનાં ચરણોમાં બેસવાનો - મહિમા બહુ ગાયો છે.

સદ્‌ગુરુના ઉર્મીક્ષેત્ર (ઓરા ફીલ્ડ)માં સાધક નિર્વિકલ્પ થઈને બેસે છે ત્યારે એ સદ્‌ગુરુના દેહમાંથી નીકળતી ઉર્જા દ્વારા પોતાના રાગ-દ્વેષને શિથિલ કરે છે.

વિદેશીઓ ભારતમાં આવ્યા ત્યારે એમને એક વાત નહિ સમજાયેલી કે સંતોનાં દર્શન/ચરણ સ્પર્શ માટે લોકો આટલી લાંબી લીનમાં કેમ ઊભા હોય છે? ક્યારેક તો તડકામાં લોકો ઉભા હોયઃ 'ક્યારે સંતનો ચરણ સ્પર્શ મળે?'

વિદેશી મહાનુભાવોને થયું કે સંત પ્રવચન આપના હોય અને લોકો બેસી રહે એ તો સમજાય. પણ માત્ર ચરણસ્પર્શ માટે... આટલી લાંબી લાઈન!

પછી તેમને સમજાવ્યું કે આ સદ્‌ગુરુની ઉર્જાને ઝીલવા માટેનો એક માર્ગ હતો.

ઉર્જા પૂરા દેહમાંથી નીકળતી હોય છે, પણ ચરણમાંથી વધુ માત્રામાં એ નીકળે છે. માટે ચરણસ્પર્શ.

ooo

ચરણસ્પર્શ માટેનું એક મજાનું કારણ સ્વામી રામને એમના ગુરુએ સમજાવેલું. તેમાં સ્વામી રામ લખે છે : એકવાર મને ગુરુએ પૂછ્યું : ગુરુનો ચરણસ્પર્શ જ શિષ્ય કેમ કરે છે? મને ખ્યાલ ન હોતો. ગુરુએ કહ્યું : ગુરુ એટલે પ્રભુનાં ચરણોમાં ઝૂકેલું વ્યક્તિત્વ. મંદિરમાં ગુરુ પ્રભુનાં ચરણોમાં ઝૂકેલ હોય અને આપણે પાછળ હોઈએ તો આપણી સમક્ષ ગુરુના શરીરનું જે અંગ હોય છે, તે ચરમ હોય છે.

એ ચરણના સ્પર્શ દ્વારા ભક્ત પ્રભૂના સાન્નિધ્યમાં પહોંચે છે.

ગૌતમ સ્વામીજી પ્રભુનાં શ્રીચરણોમાં બેસતા ત્યારે એમને જે અનિર્વચનીય આનંદ મળતો પ્રશ્ન એમના માટે આ ઉપનિષદનું નિમિત બની રહેતો.

ooo

ત્રીજી સંભાવના પણ મઝાની છે. ગૌતમ સ્વામીજીને થયું કે આ પ્રશ્ન સાધનાના સામાન્ય સ્તરનો જ છે. પમ ઉતરદાતા પ્રભૂ એવો ઉત્તર આપશે, જે મારી સાધનાને પણ સ્પર્શતો હશે અને એથી મારી સાધના ઉચકાશે.

ooo

કેવી મઝાની આ ભાવદશા! ગણધરવાદના પ્રારંભે, પ્રભુના ઉત્તર પછી, ઈન્દ્રભૂતિ ગૌતમમાં જે સમર્પણનું બીજ દેખાય છે; તે જ અહીં હવે મોટા વૃક્ષમાં રૂપાન્તરિત થયેલું દેખાય છે.

ooo

સમર્પણનો પર્યાય જ છે પ્રભુ ગૌતમ.


તેવું અદ્‌ભુત સમર્પણ!

પચાસ હજાર કેવળજ્ઞાની શિષ્યોના એ ગુરુને સ્વપ્નમાં પણ ગુરુત્વબોધ સ્પર્શ્યો નહિ હોય... એ હતા માત્ર ને માત્ર શિષ્ય. ગુરુચરણોપાસક.

એમનાં ચરણોમાં પ્રણિપાત કરીને માગીએ કે હે પ્રભુ ગૌતમ! તમારી સમર્પિત દશાના આ સમુંદરમાંથી અમને એક બુંદ આપીને!

## પુરવણી


### ગણધરવાદ પ્રશ્નોતરી - શ્રવણયોગનો અણમોલ અવસર



આપણા શ્રીસંઘમાં એક વર્ગ છે જ્ઞાનરુચિ વાળો. તેને વ્યાખ્યાન, વ્યાખ્યાનમાળા, શ્રવણમાં રુચિ રસ હોય છે. તે સાંભળવા માટે આવે છે. બોધદાયક અને વિચારપ્રેરક ઉત્તમ વચનો સાંભળવાની તે ઈચ્છા પણ રાખે છે. શ્રવણકળાને અંતે શ્રવણયોગ સિદ્ધ થવો જોઈએ જ. પર્વાધિરાજના દિવસોમાં ગણધરવાદના વ્યાખ્યાનોમાં તે મોટી આશાએ આવે છે. શહેરોમાં તો ગણધરવાદનું વ્યાખ્યાન સાંભળવાનો ઉલ્લાસ હોય છે, તેથી મોટી સંખ્યામાં આવે છે. ત્રણ કલાકના શ્રવણ પછી તે બહુ મોટો લાભ પામે છે. જો તેની પાસે 'આત્મા છે, તે નિત્ય છે, કર્મનો કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે' આવા ષટ્સ્થાન વગેરેનો અભ્યાસ હોય તો તેને જરૂર લાભ થાય. અહીં આ લેખમાં ૧૧ ગણધરોના પ્રશ્નો અને પ્રભુ મહાવીરે દરેકને આપેલ સરળ મિમાંસા પ્રસ્તુત છે. જેમ ગણધરો મહા શાસ્ત્રજ્ઞ હોવા છતાં અજ્ઞાની અને અહંકારી હતા તેમ આપણે પણ શંકાઓના દાયરામાં ઘાણીના બળદની જેમ ગોળ ગોળ ફરતા રહીએ છીએ. ગણધરવાદમાં ઊંડા ઊતરી શકાય, પ્રભુએ આપેલું સમાધાન હૃદયસ્થ થાય તો જ આપણે માટે શ્રવણયોગ સિદ્ધ થાય. આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિજીના લેખને આધારે.

-------

તે કાળે અને તે સમયે અપાપાપુરીમાં સોમિલ નામના ધનાઢ્ય બ્રાહ્મણે મોટો યજ્ઞ યોજ્યો હતો. ઘણા વિચક્ષણ બ્રાહ્મણો-પંડિતોને આમંત્રણ આપ્યું હતું. તેમાં ચૌદ વિદ્યાના પારગામી મહા શાસ્ત્રજ્ઞ અને પાંચસો શિષ્યોથી પરિવરેલા એવા ઈંદ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ ત્રણે ભાઈઓ આવ્યા હતા. વ્યક્ત, સુધર્મા, મંડિત, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય, પ્રભાસ વગરે અગિયાર પંડિતો ત્રણસો ત્રણસો શિષ્યોના પરિવાર સાથે ત્યાં આવ્યા હતા. તે સર્વેને સંપૂર્ણ જ્ઞાન હતું નહીં. આ અગિયારે પંડિતો સંશયવાળા હતા, છતાં સર્વજ્ઞતાનો ભાસ સેવતા હતા. જો કે તેમનું ભવિતવ્ય પાત્રતા પામવાનું હતું. પોતા શંકાશીલ હોવા છતાં શાસ્ત્રજ્ઞાનને આધારે પોતાને સર્વજ્ઞ માનતા હતા. અહંકારને કારણે પોતાની શંકાનું નિવારણ પણ કરતા ન હતા. તેઓની એક એકની શંકા આ પ્રમાણે હતી.






// ૨. અગ્નિભૂતિ- કર્મ છે કે નહીં? // ૩. વાયુભૂતિ- શરીર એ જ જીવ છે કે શરીરથી જીવ ભિન્ન છે? // ૪. વ્યક્ત પંડિત- પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ એ પાંચ ભૂત છે કે નહીં? // ૫. સુધર્મા- આ જીવ જેવો આ ભવમાં છે તેવો જ પરભવમાં થાય કે ભિન્ન સ્વરૂપે થાય? // ૬. મંડિત- આ જીવને કર્મથી બંધ અને મુક્તિ છે કે નહીં? // ૭. મૌર્યપુત્ર- દેવલોક છે કે નહીં? // ૮. અકંપિત- નારકી છે કે નહીં? // ૯. અચલભ્રાતા- પુણ્ય-પાપ છે કે નહીં? // ૧૦. મેતાર્ય- પરલોક છે કે નહીં? // ૧૧. પ્રભાસ- મોક્ષ છે કે નહીં?

### ગણધરવાદ પ્રારંભ

૧. ઈંદ્રભૂતિ- જીવ છે કે નહીં?

આ વેદવાક્યથી તું એમ જાણે છે કે આત્મા નામનો પદાર્થ નથી; પણ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ જેવા પાંચ ભૂતોમાંથી આ વિજ્ઞાનનો સમુદાય ઉત્પન્ન થાય છે અને નાશ પામે. તેથી પરલોક પણ નથી. આ પાંચ ભૂતો શરીરરૂપે પરિણમે છે ત્યારે જેમ આ ઘડો, આ ઘર, કે આ મનુષ્ય હોય છે, તેમ વિવિધ પ્રકારે એ સર્વનો જ્ઞાન સમુદાય ઉત્પન્ન થાય છે. પણ તે સર્વ પદાર્થનું જ્ઞાન ધરાવનાર આત્મા નામનો પદાર્થ છે, તેમ તું માનતો નથી, કેમ કે તું માને છે કે પાંચ ભૂતોમાંથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. તેથી જ્ઞાનનો આધાર પાંચ ભૂતો છે. આવી રીતે પરિણમેલાં પાંચ ભૂતોમાંથી વિજ્ઞાનનો સમુદાય ઉત્પન્ન થાય છે અને જળના પરપોટાની જેમ લય પામે છે. પણ આત્મા જ ન હોય તો આ લોક-પરલોક કોના થાય?




સર્વજ્ઞ ભગવાન મહાવીરનાં વચનોથી ઈન્દ્રભૂતિ આદિ અગિયાર બ્રાહ્મણો અતિશય સંતોષ પામ્યા અને તેમના ૪૪૦૦ શિષ્યો સાથે પ્રભુને સમર્પિત થયા. પ્રભુએ તે અગિયાર બ્રાહ્મણોને ગણધર પદે નિમ્યા, પ્રભુમુખથી ત્રિપદીનું શ્રવણ કરીને ગૌતમ આદિ અગિયાર ગણધરોએ દ્વાદશાંગીની રચના કરી.

❑❑❑

# ઉત્તરાધ્યયનસૂત્રની એક સરસ પ્રત

આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વર મહારાજ



૧૭મી સદીમાં આલેખાયેલી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૩માં અધ્યયનમાં કેશી ગૌતમીય અધ્યયન છે. ભગવાન પાર્શ્વનાથ પરંપરાના સાધુઓ જે વ્રત પાલન કરે છે તે અને ભગવાન મહાવીરની પરંપરાના સાધુઓ જે વ્રત પાલન કરે છે તે જુદા છે. આમ શાથી છે તેની ચર્ચા કરવા માટે ભગવાન પાર્શ્વનાથની પરંપરાના આઠમી પાટે આવેલા કેશીકુમાર ગણધર ભગવાન મહાવીરના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીને મળ્યા. અહીં ૨૧મી અને ૨૨મી ગાથામાં બન્ને વિનયપૂર્વક મળે છે અને ૨૩મી ગાથામાં આચાર ભિન્નતા વિશે પ્રશ્નોત્તર થાય છે.

ચિત્રમાં બાજુએ રહેલી ગાથાના અક્ષરો કેવાં સુંદર છે! ૨૧,૨૨,૨૩મી ગાથાઓમાં સરસ કથા છે, તત્ત્વજ્ઞાન છે. શ્રી કેશીકુમાર ગણધર વયમાં અને ચારિત્રપર્યાયમાં પણ મોટા છે, છતાં વિનયપૂર્વક શ્રી ગૌતમસ્વામીજી પાસે પ્રશ્ન પૂછવા સંમતિ માગે છે! કેવી વિનમ્રતા! શ્રી ગૌતમસ્વામીજી સસ્મિત 'હા' કહે છે.

શ્રી કેશીકુમાર પૂછે છે કે બન્ને જિનેશ્વર ભગવાનનો ધર્મ સમાન, આત્મકલ્યાણનો હતુ સમાન, તત્ત્વજ્ઞાન સમાન, તો આચારમાં સાધુના વ્રત-નિયમમાં ફરક કેમ? વાત તો લાંબી છે પણ શ્રી ગૌતમસ્વામીજી સમજાવે છે; હવેનો કાળ જુદો છે. હવેના લોકો વક્ર અને જડ છે, માટે ભગવાન મહાવીરે ચાર વ્રત સ્પષ્ટ કરીને પાંચ કર્યા. આ તો જ્ઞાનીની વાત છે. ક્ષણ વારમાં કેશી ગણધર સંતુષ્ટ થાય છે. આ પ્રતની ગાથાઓનો આ સાર છે.

ચિત્રકાર સમગ્ર પ્રસંગ જાણે છે બન્ને સાધુઓના વચ્ચે શા માટે મેળાપ થયો છે તે કથાનો મર્મ પણ સમજે છે. બન્ને સાધુઓના મુખ એકબીજા પ્રત્યે પ્રસન્નતાથી નિહાળે છે. આસપાસમાં વનરાજી છે, ઉંચા વૃક્ષો છે.

ધ્યાનથી જોવાની વાત હવે છે. બન્ને સાધુઓના વ્રતમાં ફરક છે તે ચિત્રકાર સ્પષ્ટ કરે છે. ગૌતમસ્વામીના વસ્ત્રો સફેદ છે. કેશીકુમાર ગણધરના વસ્ત્રો રંગીન છે.



❑❑❑



ચિત્રકાર : રવિશંકર રાવળ

# કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય

### ધન્ય લોક, ધન્ય નગર, ધન્ય વેળા

આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજ

સિદ્ધરાજ જયસિંહ, માળવા પર વિજય કરીને તાજા તાજા આવ્યા, ત્યાંથી અઢળક સંપત્તિ તો લાવ્યા, પણ સાથે રાજ્યનો પુસ્તક-ભંડાર પણ લાવ્યા. આ સાહિત્ય-ખજાનામાં રાજાભોજ રચિત સંસ્કૃત વ્યાકરણ પણ હતું. એ જોઈ જિજ્ઞાસુ રાજાને ચટપટી થઈ. પંડિતોને પૂછ્યું : 'આપણે ત્યાં કયું વ્યાકરણ ભણાવવામાં આવે છે?'

'કયાં તો રાજા ભોજનું અથવા પાણિનીનું.' જવાબ મળ્યો.

'શું આપણું, આપણા ગુજરાતનું કોઈ વ્યાકરણ નથી શું?' વિસ્મયથી રાજાએ પૂછ્યું,

વિદ્વાન કોઽપિ કથં દેશે વિશ્વેઽપિ ગૂર્જરે ।
સર્વે સંભૂય વિદ્વાંસો હેમચન્દ્રં વ્યલોકયત્ ।।
નથી વિદ્વાન કોઈ શું? સમસ્ત ગુજરાતમાં ।
એકી સાથે બધા નેત્રો ઠર્યા શ્રી હેમચન્દ્રમાં ।।

ભરી સભામાં રાજાએ પડકાર કર્યો. આપણા રાજ્યમાં છે કોઈ વિદ્વાન જે આવું વ્યાકરણ રચી શકે! વિદ્વાનો બધા નત મસ્તકે ચૂપ રહ્યા. પણ અંદર અંદર મસલત કરી પછી એક અવાજે સહુના મોઢે એક નામ નીકળ્યું. શ્રી હેમચન્દ્રાચાર્ય મુનિ જ આ કરી શકે! રાજાએ તેમના તરફ દૃષ્ટિ કરી. સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે આ પડકાર ઝીલ્યો!

પરિણામે માત્ર એક જ વર્ષની ટૂંકી અવધિમાં પાંચ અંગ સહિતનું વ્યાકરણ રચાયું!

**લઘુવૃત્તિ : છ હજાર શ્લોક પ્રમાણ,**

**મધ્યમવૃત્તિ : બાર હજાર શ્લોક પ્રમાણ,**

**બૃહદ્વૃત્તિ : અઢાર હજાર શ્લોક પ્રમાણ,**

**બૃહન્ન્યાસ : ચોર્યાસી હજાર શ્લોક પ્રમાણ, ઉપરાંત ઉણાદિ ગણ વિવરણ અને ધાતુ પારાયણ.**

વિ. સં. ૧૧૯૩માં પ્રારંભ કરી બીજે વર્ષે, વિ. સં. ૧૧૯૪માં પૂર્ણ થયું.

સવા લાખ શ્લોકની રચના આ એક વર્ષમાં કરી! એટલે તો કલિકાલ સર્વજ્ઞના ઉપાશ્રયને 'સરસ્વતીનું પિયર' (ભારતી પિતૃ મન્દિરમ્) કહેવાય છે! આવું અશક્ય લાગતું કાર્ય આટલા ટૂંકા



ચિત્રકાર : સી. નરેન

સમયમાં કર્યું, તેથી રાજા આ અપાર્થિવ શક્તિથી ખૂબ અંજાયો. આવી સિદ્ધિ ન જોઈ શકનાર ઘણા અકળાયા. સજ્જન-નયન-સુધારસ-અંજન, પણ દુર્જનો તો ત્યાં આંખ પણ ન માંડી શક્યા જાણે ભરણી નક્ષત્રમાં આવેલો સૂર્ય ન હોય!

પંડિતોનાં માથાં ધૂણવા લાગ્યાં, કોઈ દૈવી શક્તિનો આ પ્રભાવ છે એ નક્કી.

કાળ થંભી ગયો. એક ઇતિહાસ રચાયો. કાર્ય એમાં ઊંડું કોતરાઈ ગયું.

સમય વીતતો ગયો તેમ તેમ એ નામ વધુ ને વધુ ઉજળું થતું ગયું.

પાટણ નગરીમાં આજે ચારેકોર થનગનાટ અને તરવરાટ છવાયો છે. વહેલી સવારથી નર-નારીઓ ઘરને, આંગણાંને, મહોલ્લાને, શેરી--ચૌટાને શણગારવામાં મશગૂલ છે. પોતે પણ બધા નવાં નવાં વસ્ત્રો અને અલંકારથી સજ્જ થયાં છે. જાણે કોઈ મોટો તહેવાર!

ચોરે ને ચૌટે, ચકલે ને ચોકે, બજારે ને ગંજમાં બધે લોકો લાંબા લાંબા હાથ કરી એક જ વાત કરતાં હતાં. માન્યામાં ન આવે એવી વાત હતી. 'અરે! સાંભળ્યું? નગરમાં આજે હાથી ફરવાનો છે! પાટણની ગલીઓમાં હાથી ન પ્રવેશે એવો કાયદો છે!'

કોઈએ કહ્યું : 'હૃદયનો ઉછળતો ઉલ્લાસ કાયદાને ગણકારતો નથી. આજ તો સમસ્ત ગુજરાત ગૌરવભેર મસ્તક ઉન્નત રાખીને ફરે તેવું બન્યું છે!'

ગુજરાતના એક સપૂતે, મૂર્ધન્ય વિદ્વાને માત્ર એક વર્ષના સમયમાં પોતાના સાધુ-જીવનની બધી આચાર-સંહિતાના પાલન કરવા પૂર્વક સવા લાખ શ્લોક પ્રમાણ નવીન વ્યાકરણ - પંચાંગી પૂર્વક - રચી આપ્યું, તેની આજે સન્માન-યાત્રા છે. હાથીની અંબાડી ઉપર તે પધરાવવામાં આવશે અને સમગ્ર શહેરના માર્ગો પર તેને ફેરવવામાં આવશે. નગરનાં હજારો નર-નારીઓ સમેત સાધુ ભગવંતો પણ એ યાત્રામાં જોડાશે. આજનો દિવસ ધન્ય બનશે. ઇતિહાસમાં અમર બનશે.

રાજા સિદ્ધરાજ પણ આ યાત્રામાં જોડાયા. વિરલ રચના કરનાર આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજા પણ જોડાયા.

અદ્‌ભૂત દશ્ય રચાયું. જ્યાં જ્યાંથી આ ગ્રન્થની સ્વાગત-યાત્રા પસાર થઈ ત્યાંથી તેને મોતીથી વધાવ્યાં, ઓવારણાં લીધા; એના ગીતો ગાયા, વાજિંત્રના મધુર લય સાથે તાલબદ્ધ રાસ લીધા. એવી ધામધૂમ થઈ કે આખું નગર હિલોળે ચડ્યું.

ગુજરાતમાં સારસ્વત યુગનાં પગરણ મંડાયા. મા શારદાનું સિંહાસન સ્થપાયું. રાજા સિદ્ધરાજે પણ વિદ્યાનું ઉત્તમ અને અનેરું સન્માન કરી અનેક અન્ય રાજ્યોને રાહ ચીંધ્યો. વિદ્યા એ તો લાખેણું વરદાન છે. વિદ્યાની દેવી કોઈકના જ ગળામાં વરમાળ આરોપે છે. એવી સુભગ પળ મળે ત્યારે તેને વધાવી લેવી જોઈએ. વિદ્યા તો સદા સન્માન પામે છે. ધન-સંપત્તિથી પણ અદકેરું બહુમાન કરવું જોઈએ. વિદ્યા તો દીવો છે. વિદ્યા વિવેકને પ્રગટાવે છે. દીપ-જ્યોતની જેમ જીવનને ઉર્ધ્વગામી બનાવે છે અને સદા ઉન્નત રહે છે.

અજબ શક્તિના ભંડાર સમી આ વિદ્યા અને ગુજરાતમાં તેનું પ્રથમ સોપાન સ્થાપન કરનાર શ્રી હેમચન્દ્રાચાર્ય અને શ્રી સિદ્ધરાજ જયસિંહ બન્નેને અમર કરતું 'શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન' ચિરકાળ જયવંતું વર્તો!!!


## ધન્ય હો ! ધન્ય ! સૌરાષ્ટ્ર ધરણી

પરમાહર્ત રાજા કુમારપાળે ગિરનાર અને ગિરિરાજ શત્રુંજયનો છ'રી પાળતો સંઘ પાટણથી કાઢ્યો છે. કલિકાલ સર્વજ્ઞ વગેરે અનેક આચાર્ય ભગવંતોની નિશ્રા છે. આ વિશાળ સાજન-માજન સાથેનો સંઘ ગ્રામાનુગ્રામ મુકામ કરતો વલ્લભીપુર નગરની બહાર આવ્યો છે. ત્યાં પાદરમાં ઈસાળવો અને થાપો નામના બે પહાડ ઊભા છે. આજે આ બે પહાડ ચમારડી ગામના સીમાડામાં આ જ નામે ઓળખાય છે. ત્યાં જ આ સંઘનો પડાવ છે.

હાથી, ઘોડા, ઊંટ, રથ, ગાડા સાથે હજારો ભાવનાશાળી અને ભાગ્યવાન યાત્રિક વર્ગ સાથે શતાધિક સાધુ વર્ગ, વિશાળ સાધ્વી

વૃન્દ; આમ સમગ્ર સંઘ તથા સેવક વર્ગ બધા જ ત્યાં રાત્રિ રોકાણ કરીને રહેલા છે.

વળતે દિવસે વહેલી સવારે સંઘ આગળના મુકામે જવા પ્રયાણ કરવા તૈયારી કરી રહેલા છે. સૂરજ દેવ ઉદયાચલ પર્વત પર ઉગુ ઉગુ થઈ રહ્યા હતા. હજુ મશાલચીઓએ મશાલોથી પ્રકાશ પાથરવાનું ચાલું રાખ્યું હતું. તેવે વખતે પરમાહર્ત શ્રી કુમારપાળ રાજા પૂજ્ય કલિકાલસર્વજ્ઞને વિનંતિ કરવા આવ્યા. કલિકાલસર્વજ્ઞને નિશ્ચલ ધ્યાનાવસ્થામાં જોઈ રાજા ભાવવિભોર બની ગયા, તેમના હૃદયમાં પ્રમોદભાવનો ઊછાળો આવ્યો.


ચિત્રકાર : સી. નરેન

બે મોટા પહાડોની વચ્ચેની પટ-કુટીમાં – તંબુમાં – પદ્માસનમાં વિરાજિત ગુરુદેવ પ્રસન્ન મુદ્રાથી ધ્યાન ધરી રહ્યા હતા. આ દશ્ય જોઈ કુમારપાળ રાજાના હૃદયમાં ગુરુ મહારાજ પ્રત્યેના સદ્ભાવની સરવાણીએ સરોવરનું રૂપ ધરી લીધું. ક્ષણવાર મૌન ઊભા રહી ભક્તિ-નમ્ર બની નમન કરી રહ્યા. આ સુભગ પળ હતી. દશ્યની હૃદય પર અંકિત થયેલી આનંદાનુભવની સુખદ સ્મૃતિની છાપને ચિરંજીવી બનાવવા આપસના બન્ને પહાડ પર ક્રમશઃ એક પહાડની ટોચ પર ત્રિલોકના નાથ પરમાત્મા શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર અને બીજા પહાડની ટોચ પર પરમ સૌભાગ્યના ભંડાર શ્રી ઋષભદેવ ભગવાનનું મંદિર બનાવવાનો નિર્ણય કર્યો, અને એ રીતે મંદિરો બની ગયા. વર્ષો સુધી પ્રભુ ત્યાં પૂજાતા પણ રહ્યા.

કાળનો ક્રમ છે. કાળની થપાટ આ મંદિરોને લાગી. અન્ય લોકો પ્રતિમાજીના મસ્તકને પોતાના ઈષ્ટદેવ માની પૂજતા હતા. બન્ને પહાડ વચ્ચે અત્યારે મોટો રસ્તો અને ખુલ્લી જગ્યા થઈ ગઈ છે.પરિવર્તન એ આ સૃષ્ટિનો અફર નિયમ છે. તેને આધીન ઘણું બદલાયું છે. પરંતુ આ સ્થાન તો અડગ છે!

આ ભૂમિમાં યોગેશ્વરના ધ્યાન પરમાણું પ્રસર્યા તેથી તે જગ્યા 'ચાર્જ' થઈ છે. અને એટલે જ આટલા વર્ષો પછી પણ ત્યાં શાન્તિનો અનુભવ થાય છે. કલિકાલ સર્વજ્ઞે જ એક સ્થળે એવું લખ્યું છે તે શબ્દો આ ઘટનાથી પવિત્ર થયેલી જગ્યા માટે પણ અનુરૂપ છે :

ભુવે તસ્યૈ નમો યસ્યાં તવ પાદનખાંશવઃ।

ચિરં ચૂડામણિયન્તે બ્રૂમહે કિમતઃ પરમ્॥

અર્થ : તે ભૂમિને નમસ્કાર હો જ્યાં આપના ચરણનખના કિરણો લાંબા કાળ સુધી મસ્તકના મણિ-મહિમાને ધારણ કરે છે; આથી વધારે શું કહીએ! ❑❑❑



કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજકલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજના જીવનનો કથા-પ્રસંગ :

તેમની દીક્ષા સાવ નાની વયમાં થઈ હતી. નામ અપાયું હતું સોમચન્દ્ર મુનિ. હજી તો બાળપણ છે. સવારનો સમય છે. ગોચરી વાપરવાની ઈચ્છા થઈ. એક વયોવૃદ્ધ મુનિ વીરચન્દ્રજી મહારાજ સાથે વ્હોરવા પધાર્યા.

નજીકના જ એક ઘરે પધાર્યા. સાવ સામાન્ય સ્થિતિવાળું ધનદ શેઠનું ઘર. સવારે-સવારે પાણીમાં ઘઉંનો લોટ ભેળવી અને તેમાં મીઠું(લવણ) ઉમેરી રાબ તૈયાર કરેલી હતી.

ઘરમાં પ્રવેશતાં ત્યાં પડેલા કોલસાના ઢગલાને હાથ અડાડી નાના મહારાજ સોમચન્દ્ર મુનિએ વૃદ્ધ મુનિવરને કહ્યું: 'આમની પાસે આટલું સોનું છે છતાં આવી લોટવાળી રાબ જ પીએ છે!' તેઓના હાથનો સ્પર્શ જેવો એ ચોસલાને થયો કે તરત જ તે સોનું બની ચળકવા લાગ્યું! વણિક ગૃહસ્થની ચકોર નજર પામી ગઈ કે આ નાના મુનિવર ખૂબ જ પુણ્યવંત છે. તેઓના સ્પર્શમાત્રથી આ કોલસામાંથી સોનું બની ગયું.

ગૃહસ્થ બોલ્યા: 'નાના મહારાજ! આપ આ બધાને આપનો હાથ અડાડોને! આ બધા ધન વડે આપના સૂરિપદ પ્રદાન સમારોહમાં લાભ લઈશ.

એ ઘટના પછી વીર સંવત ૧૧૬૬ની સાલમાં અક્ષયતૃતીયાના શુભ દિને સૂરિપદ પ્રદાન અવસરે તેઓનું નામ હેમચન્દ્રસૂરિ મહારાજ રાખવામાં આવ્યું.

– પ્રદ્યુમ્નસૂરિ

# અમારિ-ઘોષણાનો દસ્તાવેજ

**(શ્રી વિજયસેનસૂરિને મળેલા શાહી ફરમાન અંગેનો સચિત્ર દસ્તાવેજ)**

**સંયોજન : આચાર્ય શ્રી શીલચન્દ્રસૂરિ મહારાજ**

**(સૌજન્ય : શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ - ગોધરા)**

## વિજ્ઞપ્તિપત્ર : ઈતિહાસ - સ્વરૂપ - પરિચય

વિજ્ઞપ્તિપત્ર-સાહિત્ય એ જૈન પરંપરાનું મધ્યકાલીન સાહિત્ય-ક્ષેત્રે આગવું પ્રદાન છે. સાહિત્યનો આ પ્રકાર અન્ય કોઈ પરંપરામાં ખેડાયો હોય તેવું જાણવા મળતું નથી. અલબત્ત, લેખપદ્ધતિ કે પત્રપદ્ધતિ જેવી કૃતિઓ વિભિન્ન પરંપરામાં જરૂર મળે છે; પરંતુ વિજ્ઞપ્તિપત્રોનુ જે સ્વરૂપ છે, તે સ્વરૂપનું સાહિત્ય તો અન્યત્ર અલભ્ય જ છે.

વિજ્ઞપ્તિપત્ર એટલે વિનંતિ માટેનો કે વિનંતિરૂપ પત્ર. કોઈ સાધુ-મુનિરાજ અથવા કોઈ ક્ષેત્રનો જૈન સંઘ, પોતાના ગુરુજી-આચાર્ય અથવા ગચ્છનાતક-ને, ચાતુર્માસ દરમિયાન પર્યુષણપર્વની પૂર્ણતા થયા બાદ, વર્ષભરમાં થયેલા અપરાધો/દોષો પરત્વે ક્ષમાપ્રાર્થના કરતો પત્ર પાઠવે - તે પત્ર તે જ વિજ્ઞપ્તિપત્ર. ક્ષમાપના ઉપરાંત, તે પત્રમાં, પોતાના ક્ષેત્રમાં ચાતુર્માસ માટે પધારવા વિનંતિ લખવામાં આવતી હતી તે પત્ર તે જ વિજ્ઞપ્તિપત્ર.

સામાન્ય પત્ર કરતાં આ વિજ્ઞપ્તિપત્રો વિશેષ રહેતા. વિજ્ઞપ્તિપત્રો સચિત્ર રહેતા તથા ખૂબ લાંબા ૨૦ ફૂટથી લઈને ૬૦ ફૂટ જેટલી તેની લંબાઈ રહેતી! ઠીક ઠીક પહોળા અને જાડા કાગળને એકબીજા સાથે જોડી દઈને લાંબુ ઓળિયું (વીંટો) તૈયાર થાય; તેમાં સારા લેખકના હાથે, ઉત્તમ કર્તા દ્વારા તૈયાર થયેલ પત્રાત્મક કૃતિ લહિયા પાસે લખાવવામાં આવતી. ચિત્રકારો પાસે તેમાં ચિત્રો આલેખાવવામાં આવતાં. લખાણની આજુબાજુ સુશોભન ચિત્રો, વેલ-બુટ્ટા પત્રની શોભા વધારતા હતા. જે ગ્રામ કે શહેરમાંથી આ વિજ્ઞપ્તિપત્ર લખાયો હોય તેની આબાદીના વર્ણનો વિશેષતાઓ; દેરાસર તથા તેવા સ્થળો, બાગ-બગીચાના દશ્યોથી પત્રને આકર્ષક બનાવવામાં આવતો.

સચિત્ર વિજ્ઞપ્તિપત્રો પણ પાછલા દાયકાઓમાં ઘણા પ્રકાશમાં આવ્યાં છે. સંસ્કૃત પત્રો તેની ભાષા, કાવ્યમયતા તથા યમકાદિ અલંકારો, ઋતુઓનાં કે નગરાદિનાં વર્ણનો તેમ જ ચિત્રબંધોના વૈભવને લીધે જિજ્ઞાસુઓ માટે એક રસપ્રદ અભ્યાસ સામગ્રીરૂપ બની શકે તેવાં છે. વિજ્ઞપ્તિપત્રોનો સમય મુખ્યત્વે ૧૫ મા શતકથી ૧૮મો શતક ગણાવી શકાય. આ ગાળામાં અનેકનેક સમૃદ્ધ વિજ્ઞપ્તિપત્રો રચાયાં તથા લખાયાં છે.

'દીને ઈલાહી' નામે સ્વતંત્ર ધર્મસંપ્રદાયના પ્રવર્તક તરીકે શહેનશાહ અકબરનું નામ ભારતના મુસ્લિમ ઈતિહાસમાં સુપ્રસિદ્ધ છે. દુનિયામાં પ્રચલિત એવા જુદા જુદા ધર્મોના તત્ત્વજ્ઞાન, સિદ્ધાંતો તથા આચારનો પરિચય પામવાની તીવ્ર જિજ્ઞાસાને કારણે, શાહ અકબર, પોતાના દરબારમાં વિવિધ ધર્મોના જ્ઞાતાઓને કે ધર્મગુરુઓને આમંત્રણ આપતો, અને તેમનો પરિચય/સત્સંગ કરી તેમના ધર્મ-સંપ્રદાયોમાંથી પોતાની રુચિને માફક આવે તેવી વાતો તે ગ્રહણ કરતો. આ માટે તેણે ખાસ 'ઈબાદતખાનું' પણ સ્થાપેલું. તેની આ શોધ દરમિયાન જ તેને જૈનધર્મ અને તે ધર્મના વિદ્યમાન આચાર્ય હીરવિજયસૂરિજી વિશે જાણવા મળ્યું. તેણે જૈન આગેવાનોને બોલાવી હીરવિજયસૂરિજીને આગ્રા બોલાવવાની અને પ્રત્યક્ષ મળવાની ઈચ્છા પ્રદર્શિત કરી, અને અમદાવાદના પોતાના સૂબા ઉપર આચાર્યશ્રીને માનપૂર્વક આગ્રા સુધી પહોંચાડવાનું ફરમાન પણ મોકલી આપ્યું. આ પછી થયેલી સમગ્ર પ્રક્રિયાન ફળરૂપે, વિ.સં. ૧૬૩૯માં શ્રી હીરવિજયસૂરિજી અને અકબરની મુલાકાત થઈ; જેનો સિલસિલો ત્રણ વર્ષ સુધી ચાલુ જ રહ્યો. આચાર્યશ્રીના નૈષ્ઠિક વ્રત-નિયમો, કડક આચારપાલન, જીવમાત્ર પ્રત્યેની અનન્ય કરુણા તથા નિઃસ્પૃહતા વગેરેની અકબર ઉપર બહુ ઊંડી છાપ પડી, જેના પરિણામે તેણે પોતાના ખોરાક માટે રોજનાં પાંચસો ચકલાંની હિંસા બંધ કરી, શિકાર કરવાનું છોડયું તેમજ વર્ષમાં છ માસ સુધી માંસાહાર પણ તજ્યો, વધુમાં, વર્ષમાં અમુક દિવસોએ સમગ્ર દેશ (હિંદ)માં જીવહિંસાની બંધીનાં ફરમાન કાઢયાં.

ત્રણ વર્ષ બાદ, શ્રી હીરવિજયસૂરિજી તો વિહાર કરી ગુજરાતમાં પાછા આવ્યા; પરંતુ અકબરના અતિ દબાણને કારણે તેમના શિષ્યો શ્રી શાંતિચંદ્રગણિ તથા શ્રી ભાનુચંદ્રગણિ વગેરે ત્યાં જ રોકાયા. કાળાંતરે શાહના આગ્રહથી શ્રી વિજયસેનસૂરિજી પણ શાહના દરબારમાં પધાર્યા. આ બધા અહિંસક સાધુપુરુષોના સતત સમાગમનું રૂડું પરિણામ એ નીપજ્યું કે અકબરે સમગ્ર હિંદમાં વર્ષના છ માસની અમારિ ઘોષણા કરી, અને ગૌવધબંધી કાયમ માટે ફરમાવી, જે ઘટના મુસ્લિમો દ્વારા શાસિત હિંદુસ્તાનના ઈતિહાસનું એક સુવર્ણપૃષ્ઠ બની રહે તેવી છે.

વિ.સં. ૧૬૬૨ માં અકબરના અવસાન પછી શહેનશાહ જહાંગીરનું શાસન પ્રવર્ત્યું. તેણે અકબરનાં અહિંસા-ફરમાનો રદ

કર્યા, અને જૈનો પ્રત્યે પોતાની અરુચિ દર્શાવી તેમની કનડગત પણ શરૂ કરી. પરંતુ શ્રી વિજયસેનસૂરિજીના શિષ્ય વાચક વિવેકહર્ષગણિએ સં. ૧૬૬૬-૬૭માં આગ્રામાં ચાતુર્માસ રહી, પોતાની અસાધારણ પ્રતિભાથી શાહને પુનઃ પ્રસન્ન કર્યો, અને પર્યુષણને લગતા બાર દિવસોનું અમારિ ફરમાન નવેસરથી તેની પાસેથી મેળવ્યું.

એ ફરમાન બક્ષતા બાદશાહ જહાંગીર, તે ફરમાન રાજા રામદાસ દ્વારા પ્રાપ્ત કરીને લઈ જતા ઉપાધ્યાય વિવેકહર્ષગણિ, તે ફરમાનનું સંઘ દ્વારા સ્વાગત, પછી તે ફરમાન દેવપાટણમાં ચાતુર્માસ રહેલા ગચ્છપતિ શ્રી વિજયસેનસૂરિજીનાં ચરણોમાં પહોંચાડવું. ઈત્યાદિ ઐતિહાસિક ઘટનાઓનું ચિત્રાંકન તથા શબ્દાંકન રજૂ કરતું આ વિજ્ઞપ્તિપત્ર છે. અને આવી મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક ઘટનાને વર્ણવતો પત્ર હોવાથી જ આ વિજ્ઞપ્તિપત્ર એક ઐતિહાસિક દસ્તાવેજ બની રહે છે.

## ચિત્રોનો પરિચય

સામાન્યતઃ વિજ્ઞપ્તિપત્રોનો પ્રારંભ મંગલકલશ અથવા અષ્ટમંગલ જેવાં મંગલચિહ્નોના ચિત્રાંકનથી થતો હોય છે. આ વિજ્ઞપ્તિપત્રમાં તેવું કાંઈ જોવા મળતું નથી. સંભવ છે કે તેનો ઉપરનો - આરંભનો અંશ નષ્ટ થયો હોય. તેર ફૂટ લાંબા અને તેર ઈંચ પહોળા આ વિજ્ઞપ્તિપત્રના આરંભે શાહ જહાંગીરનો દરબાર આલેખેલો જોવા મળે છે. જ્યાં 'આમ-ખાસ'માં બેઠેલો જહાંગીર મદ્યપાન કરતો જોઈ શકાય છે. તેની પાસે (ચામરધારીની પાછળ) તેનો શાહજાદો ખુર્રમ (શાહજહાં) ઊભો છે.



નીચેના ભાગમાં રાજા રામદાસ તથા વા. વિવેકહર્ષ અમારિઘોષણાનું ફરમાન સ્વીકારતા ઊભેલા છે. અને તેઓ તેનો ઢંઢેરો શહેરમાં પિટાવવાની તજવીજ કરી રહ્યા છે. (ચિત્ર ૧), શેખ ફરીદ વગેરેની હરોળ પછીની અધખુલા ફાટક પાસે ઊભેલી છ-સાત વ્યક્તિઓના મુખભાવો તથા હાવભાવો જોતાં, તેઓ આ જીવદયાનો ઢંઢેરો સાંભળીને આશ્ચર્યચકિત તેમજ પ્રમુદિત થયા હોવાનું જણાઈ આવે છે.

(ચિત્ર-૨) ફાટકની બહારના અવકાશમાં એક તરફ છડીદારો તથા ઢંઢેરો પીટતો કર્મચારી છે, તો તેમની સામેની બાજુએ અંગ્રેજ અથવા સ્પેનિશ જણાતાં બે પરદેશી માણસો છે, જે પૈકી એકે પોતાનો ટોપો, આ ઢંઢેરાના માનમાં હોય કે પછી શાહની કચેરીની અદબ જાળવવા માટે હોય, ઊતારીને હાથમાં પકડયો છે, તે પણ જોઈ શકાય છે. તેની પછી શાહનો હાથી વેગપૂર્વક પણ મંગળ વાદ્યો સાથે જઈ



રહેલો જોવા મળે છે. ત્યાં '**साहका हाथी तूरगज**' આવું લખાણ પણ વાંચી શકાય છે. હાથી ઘણા ભાગે અમારિના ફરમાનને દરબારમાંથી વાજતેગાજતે ઉપાશ્રયે લઈ જવા માટે જતો હશે, તેવી કલ્પના કરવી અનુચિત નહિ ગણાય.

તે હાથીને નિહાળનારા ત્રણ વિશિષ્ટ પ્રેક્ષકો ધ્યાનપાત્ર છે.



(ચિત્ર-૩) તેમાંના બેની ઓળખ આ રીતે વંચાય છે : **आरबी, रोमी.** અરબસ્તાની અને રોમી (રોમન?) વ્યક્તિઓ તે હોવી જોઈએ. પછી લાગલું જ ફાટક છે. ત્યાં ઊભો છે તે છે **कमाल दरवान.** તેને બે જણ પ્રવેશ આપવાનું કહેતાં જણાય છે. એ પછી તરત જ દેખાય છે વરઘોડાનું ઉલ્લાસ જગાડનારું દૃશ્ય.



આ પછી આવે છે 'હાથી પોળ'નું દ્વાર. (ચિત્ર-૪), દરબારગઢનું આ મુખ્ય - પહેલું દ્વાર હોવું જોઈએ. ત્યાં લખ્યું છે : **हथिआ पोलि.** વચ્ચે, બે સદ્‌ગૃહસ્થો છે, જે પૈકી એકે જમણા હાથ વતી પાતળી લાંબી સીટી ઉગામેલી છે. બે તરફ બે હાથીનાં શિલ્પો છે, તે ઉપર

મેવાડના બે મહાન વીરોનાં બાવલાં બેસાડેલાં છે. નામો આ પ્રમાણે લખેલાં વંચાય છે : जयमल, पत्ता. અકબરે ચિત્તોડગઢ પર સવારી માંડી, ત્યારે આ બે શૂરા રજપૂતોએ પોતાની ખૂંખાર વીરતા દ્વારા અકબરના દાંત ખાટા કરી નાખેલા. આમ છતાં તેમની અપૂર્વ વીરતા અને પરાક્રમની એવી ઘેરી અને અમીટ છાપ અકબર પર પડી કે તે બન્ને વીર પુરુષોનેં મૃત્યુથી તેને ભારે ઉદ્વેગ થયો, અને તેમનું સ્મરણ કદી ન વીસરાય તે હેતુથી તેણે પોતાના રાજભવનના દ્વારે બે ભવ્ય હાથી બનાવડાવી તે ઉપર તે બન્નેની મૂર્તિઓ મુકાવી હતી. તેનું જ આ દૃશ્ય છે. આ પછી પાલખી અને હાથી સામસામાં આવતાજતાં જોવાય છે. (ચિત્ર-૫), અને તેની નીચે શરૂ થાય છે - બજાર. એક તરફ બાજાર છે, અને તેની સામી તરફ છે બહુ બાજાર ઢોલ-ત્રાસા સાથે હાથમાં ફરમાનનો રૂક્કો લઈને ચાલતા વાચક વિવેકહર્ષ છે. તેમની પાછળ તેમના શિષ્ય (ઉદયહર્ષ) તથા શ્રાવક પણ છે. તે સમયનો મુનિવેષ કેવો હશે તેનો આ ચિત્રથી અંદાજ મળી રહે છે.



સત્વરે દૃશ્ય બદલાય છે. મંડપિકા છે, તેમાં વ્યાખ્યાનના પાટલા પર શ્રી વિજયસેનસૂરિજી બિરાજેલા દેખાય છે. તેઓ હાથમાં પોથી લઈને વ્યાખ્યાન કરી રહ્યા છે, ત્યારે જ પંડિત વિવેકહર્ષગણિ, પોતાના શિષ્ય સાથે, ચાઉસના મસ્તકે ફરમાન ઉપડાવીને ત્યાં પહોંચે છે (ચિત્ર -૬) અને ફરમાન ખોલીને વિજયસેનસૂરિગુરુને સમર્પણ કરે છે. તે સમયે ત્યાં ઉપસ્થિત સાધુઓ, શ્રાવકો તથા સાધ્વીજી તેમજ ગહુલી કાઢતી શ્રાવિકાઓ-એ ચતુર્વિધ સંઘની વિવિધ ક્રિયાઓ તથા મુદ્રાઓ ખૂબ જ હૃદયાહ્લાદકારી લાગે છે. ભ. વિજયસેનસૂરિજીની મુખાકૃતિ, ચિત્રપટને લાગી ગયેલા પાણીને લીધે જરા બગડી ગઈ જણાય છે, તો પણ તેઓનું સ્વરૂપ/આકૃતિ કેવાં હશે તેનો આછો અણસાર તો આ ચિત્રાંકન થકી અવશ્ય સાંપડે છે. સમગ્ર ચિત્રમાં વંચાતા અક્ષરો આવા છે : ૧. भट्टारक श्री पू श्री विजयसेनसूरि वपाण करइ हइ. २. पंडित विवेकहर्ष फरमान पेसकसि करइ हइ. ३. श्राविका गुंहली करइ हइ.



આ ચિત્ર જોતાં સમજી શકાય છે કે અમારિપ્રવર્તન જેવા મહાન ધર્મકૃત્ય માટેના ફરમાનનું પણ કેટલું બધું બહુમાન હશે કે વિવેકહર્ષ ગણ જાતે તે લઈને આગામી વિહાર કરીને ગુરુજી પાસે (દેવકા પાટણ) પહોંચ્યા છે! અને ફરમાન પણ પોટલામાં બાંધીને નહિ, પણ ખાસ સેવકના શિરે ઉપડાવીને લાવે છે અને શ્રી ગુરુજીને પોતાના હાથે સોંપે છે!

શ્રાવિકાઓ દ્વારા લાલ કંકુના સાથિયારૂપ ગહુલી (ચિત્ર-૭) નોંધપાત્ર છે. માત્ર સાથિયો છે. ત્રણ ઢગલી કે સિદ્ધશિલા વગેરે કાંઈ જ નથી. નંદાવર્ત પણ નહિ. પડખે કંકાવટીની થાળી છે. અક્ષત (ચોખા) હાથમાં છે, તેનાથી તે વધાવે છે. ઉછળતા અક્ષત આલેખી બનાવીને ઉચારે પોતાની કમાલ દર્શાવી છે. શ્રાવિકાઓના સમૂહની પાછળ, ચિત્રમાળાની પૂર્ણતા થાય છે ત્યાં, વળી મંગલ વાદ્યો વગાડનારા કલાકારો તથા નૃત્યકારની મંડળી જોઈ શકાય છે.



ઘેરા રંગો, પારદર્શી વસ્ત્રો, ઘેરદાર જામા, નાજુક મુખાકૃતિઓ, પાતળપેટી નારીઓ અને તેમના બન્ને હાથમાં કાળાં ફૂમતાવાળાં દોરા - આ બધાં મુગલ ચિત્રશૈલીમાં પણ ઉસ્તાદ શાલિવાહનની કલમનાં આગવાં લક્ષણો છે.

ચિત્રમાળા પૂર્ણ થાય છે કે તરત જ વિજ્ઞપ્તિપત્રનું લખાણ શરૂ થા છે (ચિત્ર- ૮,૯), તેનો મૂળ પાઠ તથા તેનું લોકભોગ્ય સંસ્કરણ આ સાથે જ આપવામાં આવે છે, જે ઉપરથી વિજ્ઞપ્તિપત્રના સ્વરૂપનો આછો પણ અંદાજ જિજ્ઞાસુઓને મળી શકશે.

❑❑❑

# વાણી વાચક જસતણી કોઈ નયે ન અધૂરી

આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજ

(શ્રુત કેવળી ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની જીવનરેખા)

ધન્ય કનોડા ધન સોભાગદે, ધન નારાયણ ધર્મ શૂરા
ધન સુહગુરુ શ્રીનયવિજયજી, ધન ધન એ ધનજી શૂરા
ધન સિંહસૂરિજી જેણે, હિત શિક્ષાનાં દીધાં દાન
વન્દન કરીએ ત્રિવિધે તમને, દેજો અમને સાચું જ્ઞાન.

વિક્રમની ૧૭મી સદીમાં થયેલા ન્યાયવિશારદ ન્યાયાચાર્ય,
ગુજરાતના મહાન જ્યોતિર્ધર, અદ્ભુત વ્યક્તિત્વશાળી,
સંખ્યાબંધ ગ્રંથોના રચયિતા,
લઘુ હરિભદ્ર નું બિરુદ પામેલા, સરસ્વતીલબ્ધપ્રસાદ, ષટ્દર્શનનિષ્ણાત,
સિદ્ધકવિ પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના
જીવનમાં બનેલા અદ્ભુત પવિત્ર પ્રસંગો અત્રે અહીં રજુ થયા છે.

યશોવાટિકા
મુ. ડભોઈ
(દર્ભાવતી તીર્થ)



પાદુકા પ્રતિષ્ઠા
વિ. સંવત ૧૭૪૫
માગસર સુદ ૧૧

(આ લેખના ચિત્રોનાં સર્જક કલાકાર : ગોકુળદાસ કાપડિયા)

ગુજરાત દેશ. મહેસાણા જિલ્લો. ગાંભૂ તીર્થ.

નજીકમાં કનોડુ વર (ઉત્તમ) ગામ.

ત્યાં નારાયણ અને સૌભાગ્યદેવી વસે. તેમને બે સંતાન. - પદમશી અને જસવંત.

નાનું ગામ અને તેમાં જૈનોનાં થોડાં ઘર. સાધુઓનું વિહારનું ગામ. ત્રણસો ઉપરાંત વરસ પહેલાના ગુજરાતના આ ગામડાની વાત છે.

વિ.સં. ૧૬૮૯ની વાત છે. કુણગેર ગામમાં ચોમાસું રહીને પંડિત નયવિજયજી ગણિ આદિ ઠાણા વિહારમાં જ કનોડે પધાર્યા. કનોડા ગામના સૌભાગ્યદેવીમાં ધાર્મિકતા અપાર અને શ્રદ્ધા પણ તીવ્ર હતી.

ગામમાં સાધુ મહારાજ પધાર્યા છે તે ખબર પડતાં સૌભાગ્યદેવી એમના નાના પુત્ર જસવંતને સાથે લઈને વન્દના કરવા માટે ઉપાશ્રયે આવ્યાં. સાધુ મહારાજને વન્દના કરી પછી ગૌચરી - પાણી માટે વિનંતિ કરી.

એક ચોમાસા દરમિયાન ભર વરસાદના દિવસોમાં બનેલી એક વાત પણ ગુરુદેવને કરીઃ




રોજ સવારે શ્રી ભક્તામર સ્તોત્ર સાંભળ્યા પછી જ પાણી વાપરવું એવો મારે નિયમ હતો. ચોમાસાના દિવસો હતા. અહીંથી નજીકના ગામે જવું અને ત્યાં સાધ્વીજી મહારાજ પાસે સંપૂર્ણ ભક્તામર સાંભળું. પછી ઘરે આવી પચ્ચખાણ પારું. આ મારો નિત્યક્રમ.

એ ચોમાસામાં વરસાદની ભારે હેલી થઈ. ત્રણ દિવસ અને ત્રણ રાત સતત વરસાદ વરસતો રહ્યો. ઘર બહાર પગ ન મુકાય. ઉપવાસ ઉપર ઉપવાસ થયા. ચોથો દિવસ હતો. આ નાનકો મને પૂછે છે, મા! તું કેમ કાંઈ ખાતી-પીતી નથી? એટલું છોકરું સમજે એવી ભાષામાં મેં સમજાવ્યું કે પેલું સ્તોત્ર સાધ્વીજી મહારાજ સંભળાવે પછી જ પાણી લેવાય. વરસાદ રહેતો નથી. રૂપેણ નદી બે કાંઠે થઈ છે. એટલે ઉપવાસ કરું છું. આ છોકરો કહે, મા! મને એ બોલતાં આવડે છે. મને થયું આને બધું કેવી રીતે યાદ હોય? છતાં એને રાજી રાખવા મેં કહ્યું; બોલ, તને આવડે તો તું બોલ. અને એ કડકડાટ પૂરેપૂરું ભક્તામર સ્તોત્ર બોલી ગયો.' આસાંભળી ગુરુદેવે પ્રસન્ન સ્વરે કહ્યુંઃ શાસનનું રત્ન થશે.

ગુરુ મહારાજની કૃપાપૂર્ણ દૃષ્ટિ બાળક જસવંત પર પડી અને ઠરી. સમજુને તો બસ, ઈશારો કાફી છે. વૃક્ષ ઉપર જેમ એક ફળ પરિપક્વ હોય અને એને અડવા માત્રથી એ તમારા હાથમાં આવી જાય તેમ જસવંતના લલાટ પરની ભાગ્યપંક્તિ વાંચીને એની માતા સૌભાગ્યદેવી પાસે બાળ જસવંતની માગણી કરી. શ્રદ્ધાભરી માતાએ સંમતિ પણ આપી!

માતાના હરખનો કોઈ પાર નહીં. ખોબા જેવડું કનોડા ગામ. થોડી વારમાં જ વાત ફેલાઈ ગઈ સૌભાગ્યદેવીનો પુત્ર દીક્ષા લ્યે છે.


તે વેળા વિજયદેવસૂરીશ્વરજી મહારાજનું રાજ્ય પ્રવર્તે. તેઓશ્રી અણહિલપુર પાટણમાં વિરાજમાન હતા. ત્યાં જઈ ચારિત્ર ગ્રહણ કર્યું. ઘરમાં જસવંતની દીક્ષાની વાત ચાલી. ગામના લોકોની અવર-જવર ચાલુ થઈ ગઈ. બધું વાતાવરણ દીક્ષાના રંગે રંગાઈ ગયું. વાતાવરણની છાલક પદમશીને પણ લાગી. બન્ને ભાઈઓએ સાથે દીક્ષા લીધી. નાની વયમાં જ જ્ઞાન પ્રત્યેનો ખૂબ લગાવ દેખાયો.

'સામાયિક આદે ભણ્યાજી શ્રી જસ ગુરુ મુખ આપ,
સાકરદલમાં મિષ્ટતાજી તિમ રહી મતિ શ્રુત વ્યાપ.'

શ્રી સંઘમાં જસવિજયજીની પ્રતિભા અલગ તરી આવવા લાગી. સમજુ માણસોના ધ્યાનમાં પણ આવ્યું કેઃ 'આ મહારાજ જુદા છે.'

એમને ગુરુ મહારાજ પર અપાર શ્રદ્ધા, જ્ઞાન પરનો ગાઢ અનુરાગ. જે આપો તે બધું કંઠસ્થ. ક્ષયોપશમ પણ સુંદર. દીક્ષા પછીનાં દશ વર્ષમાં તો કરવા લાયક બધું જ અંકે કરી લીધું. આ જોઈ, શાધનજી શૂરાએ કાશી જઈ અભ્યાસ કરવાની વાત મૂકી. સાથે સાથે બે હજાર દીનાર સુધીનો ખર્ચ આપવાની તૈયારી પણ બતાવી.

શુભ મુહૂર્તે અને શુભ શુકને વિ.સં. ૧૭૦૩માં કાશી તરફ પ્રયાણ કર્યું. ત્રણ વર્ષ કાશી રોકાયા. ત્રણ વર્ષના અંતે એક વાદી આવ્યો. બંગાળી ભટ્ટાચાર્યના કહેવાથી શ્રી યશોવિજયજીએ વાદી સાથે વાદ કર્યો. એવા અકાટ્ય તર્ક કર્યા અને તે વાદમાં વિજયની વરમાળ વર્યા.



ચિત્રકાર : ગોકુળદાસ કાપડિયા

કાશીની પંડિત મંડલી ડોલી ઊઠી અને એક જૈન સાધુની વિદ્યાની કદર થઈ. ન્યાયાચાર્ય અને ન્યાય-વિશારદ એવી બે પદવીની નવાજેશ કરી. બંગાળી ભટ્ટાચાર્યે કહ્યું કે તમારે વિદ્યાર્થીઓની સાથે બેસવાની જરૂર નથી.

પંડિત નયવિજયજીના જાણવામાં આવ્યું કે આગ્રામાં પણ આવા પંડિતો છે. જગદ્ગુરુ શ્રી હીરવિજયજી મહારાજથી ભાવિત ક્ષેત્ર હતું તેથી ત્યાં પધાર્યા. ચાર વર્ષ સ્થિરતા કરી. ત્યાં અનેક વિદ્યાર્થીઓ મળ્યા. આગ્રાના શ્રી સંઘે ઘણી ભક્તિ કરી અને એમને ચરણે રૂપિયા ૭૦૦ ધરી, જ્યાં વાપરવા હોય ત્યાં વાપરવાની અનુમતિ આપી. તેઓ વિદ્યાર્થીઓને જરૂરી પુસ્તક વગેરે સામગ્રી અપાવી.

કાશી વગેરે પ્રદેશમાં કુલ સાત વર્ષ વિચરીને તેઓશ્રી ગુજરાત તરફ પધાર્યા. બનાસકાંઠામાં ગોબા ગામમાં પં. શ્રી ઋદ્ધિવિમલજીને ક્રિયોદ્ધાર કરાવવાનો હતો. તેઓને સમાચાર મળ્યા કે પંડિત નયવિજયજી સમેત શ્રી યશોવિજયજી આ તરફ આવે છે.

તેમના સાંન્નિધ્યમાં ક્રિયોદ્ધાર કરાવ્યો.

પછી પાટણ આવ્યા અને ત્યાં વિ.સં. ૧૭૧૦માં પોષ મહિને માત્ર પંદર દિવસ માટે નયચક્ર ગ્રન્થ મેળવ્યો. સાત મુનિવરો સાથે બેસીને તેની નકલ કરી લીધી. (આ નકલ આપણી પાસે એલ.ડી.માં સચવાઈ છે.)

ત્યાંથી ગુરુ મહારાજ સમેત વિ.સં. ૧૭૧૦નું ચોમાસુ સિદ્ધપુરમાં કર્યું. ત્યાં 'જ્ઞાનસાર' અને 'દ્રવ્યગુણ પર્યાયના રાસ'ની રચના થઈ. શ્રી સંઘને મહાન ભેટ મળી. એ પછી વિ.સં. ૧૭૧૮માં આચાર્યશ્રી વિજયપ્રભસૂરિ મહારાજના વરદ હસ્તે ઉપાધ્યાય-પદ પ્રદાન થયું. વિ.સં. ૧૭૨૨માં સુરત ચોમાસું રહ્યા. ત્યાં અગિયાર અંગની સજ્ઝાયની રચના કરી.

વચ્ચે વચ્ચે સંસ્કૃતમાં દાર્શનિક ગ્રન્થોની રચના ચાલુ જ હતી. આ સમયગાળામાં શ્રી આનંદઘનજી મહારાજ સાથેનું મિલન સંભવી શકે.



ચિત્રકાર : ગોકુળદાસ કાપડિયા

વિ.સં. ૧૭૩૮ના વર્ષમાં શ્રીપાળરાજાના રાસની પુરવણી અને અનુભવજ્ઞાનની પ્રાપ્તિનો ઉલ્લેખ એમાં કર્યો.


વિ.સં.૧૭૪૩નું ચોમાસું ડભોઈમાં કર્યું અને ત્યાં અણસણ આદરી દેવલોક પામ્યા. (પ્રદ્યુમ્નસૂરિની ''પાઠશાળા'' માંથી)

# ઉપાધ્યાયજી મહારાજનો જય હો! જય હો! જય હો!

(૩) વિદ્યાભ્યાસ માટે કાશીમાં પ્રવેશ કરતાં પહેલા ગંગા નદીના કિનારે; યુવાન મુનિ શ્રી યશોવિજયજી સરસ્વતી દેવીની સાધના કરી રહ્યા છે.



(૧૨) પ્રૌઢવયે પૂ. ઉપાધ્યાયજી મહારાજ લેખનમાં લીન છે. તેઓ જ કહે છે કે, ''વાણી વાચક જશ તણી, કોઈ નયે ન અધૂરી રે''





સમય સાંજનો હતો. પાણી ચૂકવવાનું હતું. શિષ્યે પાણીથી ભરેલું પાત્ર ધર્યું. પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું કે આટલી ગાથા લખીને પછીથી વાપરું છું... લખવામાં તો એવા મગ્ન બની ગયાં હતા કે લખવાનું પૂરું થયું ત્યારે તો અસ્તાચળે જતો સૂર્ય આથમી ગયો હતો. એ જોઈ ગુરુદેવ સહજ બોલ્યા: 'કશો વાંધો નહીં.'


(ત્રણેય ચિત્રોના ચિત્રકાર - ગોકુલદાસ કાપડિયા)

# જૈન ચિત્રકળાના પશ્ચાદ્ભૂમાં રહેલું દર્શન

ડૉ. અભય દોશી

ભક્તિમાં સમર્પણનો મહિમા સવિશેષ છે. ભક્ત પોતાના પરમારાધ્ય ઈષ્ટદેવ આગળ તન, મન, ધન બધું જ સમર્પિત કરવા ઈચ્છે છે. આ સમર્પણ માટે પોતાની પાસે રહેલા ઉત્તમોત્તમ દ્રવ્યો સમર્પિત કરે છે. સર્જનાત્મક ક્ષમતાવાળા મનુષ્યો પોતાના હૃદયના ઉત્તમ ભાવોદ્રેકોને કલારૂપ આપી પોતાના આરાધ્યદેવતા આગળ સમર્પિત કરે છે. જૈન આગમોમાં સૂર્યાભદેવ અને બહુપુત્રિકાદેવીએ પ્રભુ આગળ કરેલા વિવિધ પ્રકારના નૃત્યો પ્રસિદ્ધ છે. જિનચૈત્યોના નિર્માણની સાથે જ શિલ્પ અને સ્થાપત્યની કળા અસ્તિત્વમાં આવી, તો ચૈત્યાલયોની આંતરિક સજા માટે તેની દિવાલોને સુશોભિત કરતી જૈન ચિત્રકળા પણ પ્રાચીનકાળથી હયાત છે. એ સાથે જ ગ્રંથોનું હસ્તલિખિત લખાણ થતું, એ તાડપત્રી તથા કાગળ પર પણ પ્રસંગાનુસાર ચિત્રણો અને સુશોભનો થતા.

આપણા ભારતમાં પ્રભુ ઋષભદેવે સ્ત્રીઓની ૬૪ તેમજ પુરુષોની ૭૨ કળાઓ પ્રવર્તાવી હતી. આ કળામાં મુખ્ય ૫ કળાઓ સર્જનાત્મકતા સાથે સંકળાયેલી છે. સ્થાપત્ય, શિલ્પ, ચિત્રકળા, સંગીત અને કવિતા (સાહિત્ય). શિલ્પી જ્યારે હથોડી અને પાષાણની મદદથી આકૃતિ નિર્મિત કરે છે. ત્યારે ચિત્રકાર ફલક પીછી અને રંગોની મદદથી આકૃતિનું નિર્માણ કરે છે. શિલ્પી ત્રિપરિણામવાળા માધ્યમથી ત્રિપરિમાણવાળા કલાસૌંદર્યનું નિર્માણ કરે છે, ત્યારે ચિત્રકાર દ્વિપરિમાણવાળા માધ્યમથી ત્રણ પરિમાણને અનુભવ થાય એવી સૌંદર્યસૃષ્ટિનું નિર્માણ કરે છે. ચિત્રકાર માત્ર લંબાઈ અને ઊંચાઈવાળા ફલક પર ઊંડાણનો પણ અનુભવ થાય એવી અપૂર્વ રંગયોજના કરે છે. શિલ્પી ત્રિપરિમાણને જીવંત કરે છે. ત્યારે ચિત્રકાર દ્વિપરિમાણમાં ત્રિપરિમાણને જીવંત કરી બતાવે છે, એ એની વિશેષતા છે.




કલાકાર એ એવા જન્માંતરના સંસ્કાર લઈને અવતરેલી વિશિષ્ટ પ્રજ્ઞાવાળી વ્યક્તિ છે કે એક અપૂર્વ સૌંદર્યમય વસ્તુનું નિર્માણ કરી શકે. એમાં પણ આ કલાકારને ધર્મના તત્ત્વજ્ઞાનનો સાથ અને સહકાર મળે, ત્યારે તેમાં વિશિષ્ટ ભાવસૃષ્ટિનું નિર્માણ થાય.

મનુષ્યના ચિત્તતંત્રમાં વિવિધ ભાવો રહ્યા હોય છે. આ ભાવોનું ચિત્રકાર રંગોના માધ્યમથી રસમાં સંક્રમણ કરે છે. પ્રાચીન કલામીમાંસકો અનુસાર હાસ, રતિ, દયા, જુગુપ્સા, ભય, ઉત્સાહ, વિસ્મય, ક્રોધ આદિ ભાવો મનુષ્યહૃદયમાં સ્થાયીભાવ રૂપે રહ્યા હોય છે. યોગ્ય નિમિત્ત મળતા આ ભાવો રસરૂપે પરિવર્તિત થાય છે. અભિનવ-ગુપ્ત કહે છે આ આઠ સાંસારિક ભાવો એક શાંત સરવરમાં પથ્થર નાખવાથી જન્મતાં બુદ્બુદ્ (પરપોટા) સમાન છે. પરંતુ આ બુદ્બુદી શમે પછી પણ જે સ્થિર રહે છે તે મહારસ તે શાંતરસ છે. શમ જેનો સ્થાયીભાવ છે એ શાંતરસ એ 'મહારસ' કે 'રસાધિરાજ' કહેવાય છે. પરંતુ વાસ્તવમાં એનું આલેખન કઠીન છે.

શ્રમણ સંસ્કૃતિની જૈન અને બૌદ્ધ અને શાખાઓની કલા ઉપાસનાનું મુખ્ય લક્ષ્ય શૃંગાર, હાસ્ય, વીર, કરુણ, બિભત્સ, ભયાનક, અદભુત, રૌદ્ર આદિ આઠ રસોની મનમોહક સૃષ્ટિનું નિર્માણ કરીને પણ અંતે આ રસોથી પર રહેલા રસાધિરાજ શાંતરસ

તરફ ભાવકના ચિત્તને સ્થિર કરવા રહ્યું છે.

જૈનચિત્રકળામાં તીર્થંકર-ચરિત્રોના સંદર્ભે થયેલું આલેખન મહત્ત્વપૂર્ણ છે. જૈન ચૈત્યાલયોની દિવાલો પર થયેલા મનમોહક રેખાંકનો આપણા મનને આકર્ષે છે. તત્કાલિન રૂચિ અનુસાર ક્યાંક ભડક રંગો અને સોનેરી રેખાંકનોથી સુશોભિત ખાસ કરીને શ્રી આદિનાથ, પાર્શ્વનાથ, મહાવીરસ્વામી, શાંતિનાથ અને નેમિનાથના ભવચિત્રાંકનો દેરાસરની દિવાલોમાં પટચિત્રરૂપે તો હસ્તપ્રતોમાં તીર્થંકરચરિત્રની સાથે લઘુચિત્રરુપે આલેખાયેલા જોવા મળે છે. ચિત્રકાર તીર્થંકરોના અનેક ભવોની કથાનું આલેખન કરતાં કરતાં પ્રણય, રાજભોગવૈભવ, મહોત્સવો આદિના અનેક ચિત્રો આલેખે છે. પરંતુ આ ચિત્રાંકનમાં અંતિમ ભવમાં આ સર્વ ભોગવૈભવ વચ્ચે પણ અંતિમભવમાં સ્થિતપ્રજ્ઞ કમળસમા તીર્થંકરદેવની મનોરમ્ય મુખમુદ્રા પરનો શાંતરસ અભણ ચિત્તને આકર્ષે છે. દીક્ષાગ્રહણ સમયે અનેક લોકોથી પરિવરેલા, ઉત્સવ-મહોત્સવથી વ્યાપ્ત શિબિકામાં બિરાજમાન તીર્થંકરપ્રભુની અલિપ્ત મુખમુદ્રા દર્શકોને વૈરાગ્યરસથી ભીજવે છે. નગરબહાર ઉદ્યાનમાં સિદ્ધોના સ્મરણ સાથે વ્રત ઉચ્ચરતી અને પંચમુષ્ઠિલોચ કરતી ઉર્ધ્વગમન સાધતી મુખમુદ્રા ભવિકોને પણ ઉર્ધ્વગમન માટે પ્રેરે છે. પ્રભુ મહાવીરના ચરિત્રમાં ક્રોધના સમુદ્રસમો ચંડકૌશિક સર્પ રહ્યો હોય અને સામે પ્રશાંતદૃષ્ટિ પ્રભુ મહાવીર દેખાય કે પાર્શ્વનાથચરિત્રમાં ઉપસર્ગ કરતો કમઠ અને નિવારણ કરતા ધરણેન્દ્ર પ્રત્યે અલૌકિક સમદષ્ટિ દાખવતા પ્રભુ પાર્શ્વનું દર્શન ભાવકોના ચિત્તમાં શાંતરસની અપૂર્વ લહરી જગવે છે. ૧૩-૧૩ માસના તપસ્વી પ્રભુ ઋષભને ઈક્ષુરસથી પારણું કરાવતા શ્રેયાંસનો અપૂર્વ ભક્તિભાવ અંતર તમને અજવાળે છે, તો સામે અખંડધારાથી ઈક્ષુરસપાન કરતા પ્રભુની અલિપ્ત મુખમુદ્રા ત્યાગધર્મનો રાજપથ અજવાળે છે. ગોદુહિડાસને વિરાજમાન



ગોદોહન મુદ્રા - ચિત્રકાર : ગોકુળદાસ કાપડિયા

ઋજુવાલિકા કિનારે કેવળજ્ઞાનને પાત્રતા પ્રભુવીરની કર્મવિજયની અપૂર્વ ક્ષણોને ચિત્રકારોએ ખૂબ કમનીયતાથી પ્રગટાવી છે, તો પાવાપુરીમાં નિર્વાણપામતા પ્રભુના લોકોત્તર તેજને કુશળ ચિત્રકારોએ સુંદર રીતે ઉપસાવ્યા છે. ક્યાંક સમેતશિખરની પહાડીઓમાં ૩૩ મુનિઓ સાથે મોક્ષગમન કરતા પાર્શ્વનાથ ભગવાનના અંતિમધ્યાનને ચિત્રકારોએ કુશળતાથી આલેખ્યું છે. દિગંબર પરંપરાના ચિત્રકારોએ ઋષભદેવ ચરિત્રમાં પ્રભુ રાજરૂપે ભવ્યસભામાં સપરિવાર વિરાજમાન છે, અને ત્યાં જ આયુષ્ય પૂર્ણ થતી નીલાંજના અપ્સરાનું ચિત્ર આલેખાયેલું જોવા મળે છે. રંગમાં થયેલ આ ભંગ પછી સ્વયં વૈરાગી પ્રભુ ક્ષણભરમાં જ ભોગ ત્યાગી દીક્ષાધર્મ માટે પ્રવૃત્ત થાય છે. આમ, ભોગના ઉચ્ચતમ શિખરથી યોગ તરફની ગતિનું અલૌકિક આલેખન જોવા મળે છે. નેમિનાથ કથામાં પણ વાસુદેવ શ્રીકૃષ્ણ પ્રેરિત અત્યંત વૈભવી લગ્ન મહોત્સવની નૈકશ્યની ક્ષણે અબોલ પ્રાણીઓના રક્ષણ માટે અહિંસાધર્મનું પ્રવર્તન કરતી નેમિનાથ પ્રભુની વૈરાગ્યમાન, સૌમ્ય છતાં દઢ મુદ્રા બાહ્ય શૃંગારથી અંતરતમના શાંતરસ તરફ ગતિ કરવા પ્રેરે છે. તીર્થંકરોના સમોવસરણના પણ અનેક અલંકારસભર ચિત્રો ઉપલબ્ધ થાય છે. આ ચિત્રના કેન્દ્રમાં રહેલી તીર્થંકર મુખમુદ્રા માટે કવિ કાંતિવિજયજીના શબ્દોમાં કહીએ તો;

*તારી અજબશી યોગની મુદ્રારે, લાગે મને મીઠી રે*
*એ તો ટાળે મોહની નિદ્રા, પ્રત્યક્ષ દીઠી રે*
*લોકોત્તર શી જોગની મુદ્રા, વાલ્હા મારા નિરૂપમ આસન સોહેરે,*
*સરસ રચિત શુકલધ્યાનની ધારે, સુર નરના મન મોહે રે*
*ત્રિગડામાં રતન સિંહાસન બેસી,*
*વાલ્હા મારા ચિંહુદિશી ચામર ઢળાવે,*
*અરિહંતપદ પ્રભુતાનો ભોગી, તો પણ જોગી કહાવે રે....*

શાંતિનાથ ચરિત્રમાં દસમાભવમાં મેઘરથરાજાના ભવમાં એક પારેવા માટે પોતાના પ્રાણનું બલિદાન દેવા તત્પર થયેલા મેઘરથરાજાનો શાંતવીરરસ દર્શકોના ધર્મમાં અહિંસાધર્મ અને શરણાગતના રક્ષણ ધર્મની અપૂર્વ પ્રતિષ્ઠા કરે છે. પાર્શ્વનાથચરિત્રમાં બીજા ભવમાં હાથીના રુપમાં કરાયેલી અપ્રમત્ત ધર્મસાધના અને ક્ષમાધર્મનો અલૌકિક ગુણ દર્શકચિત્તને 'તિર્યંચની પણ આવી સમાધિ' એવા વિસ્મય તરફ લઈ જાય છે.

તીર્થંકરચારિત્રોની સાથે જ પ્રભાવક મહાપુરૂષોના ચિત્રો પણ જૈનમંદિરોમાં રેખાંકન પામ્યા છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવના પુત્રો ભરત અને બાહુબલિના રાજ્ય માટેનું ભયાનક યુદ્ધ વીર, રૌદ્ર અને ભયાનક-રસની ભૂમિકા ઊભી કરે છે. પરંતુ આ યુદ્ધની ક્ષણે પોતાના જ મસ્તકનો લોચ કરતા બાહુબલિનું આંતરિક વીરત્વ ગદ્ગદ્ કરે છે. એક વર્ષની અતિ ગાઢ સાધના અને વેલીથી વીંટાયેલ બાહુબલિનું ચિત્ર સાધનાના મેરૂને અભિવ્યક્તિ કરે છે. આ સાધનાના મેરૂમાં પ્રવેશેલી અહંની કડકાઈનું માર્દવથી પરિમાર્જન કરતી પ્રભુની સંદેશવાહિકા તપસ્વી સાધ્વીઓ બ્રાહ્મી અને સુંદરીના મધુર બોધ 'વીરા મોરા ગજ થકી હેઠા ઉતરો' નો સંદેશ અનોખા દાક્ષિણ્યનો પરિચય કરાવે છે. આ શબ્દનો વિચારપરામર્શ કરતી બાહુબલિની મુખ મુદ્રાને ક્યાંક કુશળ ચિત્રકારોએ સુંદર રીતે આલેખી છે. અનેક ઉપસર્ગો છતાં નિજસાધનામાં દૃઢ રહેતા દૃઢપ્રહારી અનેક પ્રહારો વચ્ચે પણ ઉપશમરસસાધક ચંડરુદ્રાચાર્યના શિષ્ય, સોની દ્વારા ઉપસર્ગ પામતા મેતારજમુનિ આદિની કથાઓ વિવિધ સ્થળે ચિત્રરૂપે યા પટરૂપે ઉપલબ્ધ થાય છે. સ્થૂલિભદ્રની કામવિજયની કથા, તો પ્રસન્નચંદ્ર રાજર્ષીના મનના આવર્તનોની કથા પણ ચિત્રરૂપે ઉપલબ્ધ થાય છે.




આવા કથાચિત્રોમાં નવપદઆરાધક શ્રીપાળ-મયણાના પણ અનેક ચિત્રો જોવા મળે છે. રજપૂતાના શૈલીનો પ્રભાવ ગ્રહણ કરતી જૈનચિત્રકલામાં મનોહર શૃંગાર ધારણ કરેલા આ ચિત્રોમાં પણ મુખમુદ્રાની અલૌકિક શાંતિનું લક્ષણ મોટેભાગે જોવા મળે છે. બહુપ્રસિદ્ધ કાલિકાચાર્યકથામાં કર્તવ્યભાનથી પ્રેરિત વીર રસનો અનુભવ પણ જૈન પરંપરા માટે થોડો વિલક્ષણ બોધ જગાવે છે. સમરાદિત્યચરિત્ર અંતર્ગત યશોધરકથાના ચિત્રો પણ અહિંસા ધર્મનો બોધ જગાવે છે.

આવા તીર્થંકરો, મહાપુરુષોના ચિત્રોની સાથે જ અનેક યંત્રો, સૂરિમંત્ર-વર્ધમાનવિદ્યાતા થશે તેમ જ અધિષ્ઠાયક દેવી-દેવતાઓના મનોહર ચિત્રોની પણ વ્યાપક શૃંખલા જૈનભંડારોમાં ઉપલબ્ધ થાય છે. પરંતુ, આ ચિત્રશૃંખલાઓનું નિમિત્ત વિશિષ્ટ સાધનાપરક છે. એમ છતાં, સૂરિમંત્રના કેન્દ્ર-સ્થાનમાં રહેલ ગૌતમસ્વામીની મુખમુદ્રા ધર્મશાંતિનો બોધ કરાવે છે.

વિવિધ તીર્થોના પટચિત્રો પણ ભૌગોલિક રીતે દૂર રહેલા તીર્થનું સામીપ્ય પ્રેરે છે. આવા પટચિત્રો સાધકોને નિત્ય શત્રુંજય, સમેતશિખર આદિ તીર્થોનું ભાવભીનું સાન્નિધ્ય બક્ષે છે, તો જ્યાં જવું શક્ય નથી એવા અષ્ટાપદ, નંદીશ્વરદ્વીપ આદિની ભાવયાત્રાનું પ્રબળ નિમિત્ત બને છે.

જૈન ભંડારોમાં ચૌદ રાજલોકના ચિત્રો પણ વ્યાપકપણે ઉપલબ્ધ થાય છે. પુરુષાકાર એવું ચૌદ રાજલોકનું ચિત્ર કે અઢીદ્વીપનું ચિત્ર વિદ્યાર્થીઓને જૈન ભૂગોળ ભણવામાં સહાયક બને

છે. સાધકો માટે લોકસ્વરૂપ-ભાવનાનું ચિંતન કરવામાં સહાયક બને છે. સાધકો આ ચૌદ રાજલોક જોઈ વિચારે છે કે, વિશાળ આ ચૌદ રાજલોકમાં દ્રવ્યો પોતપોતાનું કાર્ય કરે છે, તો હું આત્મા શા માટે પુદ્‌ગલના ફંદમાં ફસાઈ તેની ગુલામી સ્વીકારૂં છું? હું આત્મા પણ સ્વતંત્ર, સાર્વભૌમ, મુક્ત છું અને મારે નિજસ્વભાવમાં રહેવું એ જ મારૂં કર્તવ્ય છે.



ગુફાચિત્રોથી પ્રારંભાયેલી જૈનચિત્રકળા જિનમંદિરોના ભીંતિચિત્રો, પટચિત્રો, હસ્તપ્રતના લઘુચિત્રો એવી અનેત સ્વરૂપોમાં વિસ્તરી છે. પર્યુષણાદિ પ્રસંગોમાં સંવત્સરીના દિવસે બારસાસૂત્રના શ્રવણસમયે શ્રાવકો ભક્તિભાવપૂર્વક આ ચિત્રોના દર્શન કરે છે. પરંતુ ચિત્રોનું કદ નાનું હોવાથી સૌને યોગ્ય દર્શન સુલભ થતા નથી. આજના યુગમાં તેનો મોટા સુંદર સેટ પણ તૈયાર થયા છે, તેનો દર્શન માટે ઉપયોગ કરી શકાય. તેના ડિઝીટલસ્વરૂપ માટે પણ ગુરુભગવંતો સાથે યોગ્ય વિચારવિમર્શ કરીને કાર્ય કરી શકાય.

જૈનચિત્રકળા ક્યાંક સમકાલીન પ્રભાવને લીધે ગાઢા રંગો ધારણ કરતી દેખાય, ક્યાંક કલાકારના અનવધાનને લીધે રેખાઓ ગાઢી દેખાય, પરંતુ અંતે આ કલા અને તેના પ્રયોજણોનો હેતુ દર્શકોને શાંતરસની અનુપમ સુધાનો પાન કરાવવાનો રહ્યો છે.

**સંદર્ભસૂચિ -**


1. Masterpieces of Jain Painting - Surya Doshi (Marg Publication)
2. શ્રીપાલરાસ - સચિત્ર - સં. પ્રેમલ કાપડિયા
3. દેવચંદ્રજી કૃત સ્તવનચોવીસી - સં. પ્રેમલ કાપડિયા
4. દિવ્ય યંત્ર, મંત્ર સ્તોત્ર - સં. હિતેશ પંડ્યા
5. મહાપ્રભાવિક નવસ્મરણ - સં. સારાભાઈ નવાબ


❑❑❑


એ/૩૧ ગ્લેડહર્સ્ટ, ફિરોઝશાહ રોડ, સાંતાક્રુઝ (પ.), મુંબઈ - ૪૦૦૦૫૪.
મો. 9892678278 | abhaydoshi9@gmail.com




વિશિષ્ટ કોટિના પર્વમાં પર્યુષણા પર્વનું સ્થાન મોખરે છે. તેમાં જેમ પ્રતિક્રમણ કરવાનું મહત્ત્વ છે, યથાશક્તિ ઉપવાસ વગેરે તપસ્યા કરવાનું મહત્ત્વનું ગણાય છે તેમ શ્રી કલ્પસૂત્રનું શ્રવણ કરવાનું પણ એટલું જ મહત્ત્વનું છે. શ્રી કલ્પસૂત્રના પહેલા દિવસના પહેલા વ્યાખ્યાનમાં ઈન્દ્ર મહારાજાની વાત આવે છે ત્યારે કાર્તિક શેઠની કથા આવે છે. કથા જાણીતી છે; તેમાં આવતો ગૈરિક તાપસનો પ્રસંગ પણ જાણીતો છે. આ નાના લાગતા પ્રસંગનો બોધ ઘણો મોટો છે. આ બોધ એટલો બધો કિંમતી છે કે એને જો સમજી શકીએ તો આપણા જીવનમાંથી આર્તધ્યાનને કાયમ માટે દેશવટો મળી જાય!

"શ્રી કાર્તિક શેઠ પારણું કરાવે તો જ હું પારણું કરવા આવું" આવું ગૈરિક તાપસે રાજાને કહ્યું. રાજાના કહેવાથી કાર્તિક શેઠ આવ્યા. ગૈરિકને પારણું કરાવ્યું, તે વખતે તાપસે નાકે આંગળી મૂકીને ભરી સભા વચ્ચે કાર્તિક શેઠનું જે અપમાન કર્યું ત્યારે ધર્મપરિણત એવા કાર્તિક શેઠે શું વિચાર્યું એ મહત્ત્વનું છે. અપમાનિત થયેલા પોતાના આત્માને, રાજા માટે, ગૈરિક માટે ઘણી જાતના વિચાર આવે તેમ હતા છતાં વિચાર માત્ર પોતાની જાતનો જ આવ્યો. અને તે પણ વાંઝિયો વિચાર ન કર્યો, વિચારનું સ્વરૂપ આવું હતું, "જો મેં મુનિસુવ્રત સ્વામી પાસે દીક્ષા લીધી હોત તો અપમાનનો આ પ્રસંગ આવ્યો જ ન હોત." આમ, આવા દુઃખદ પ્રસંગે દર્પણ હાથમાં લીધું; દૂરબીન નહીં.કથાનક એમ સમજાવે છે કે, જીવનમાં જ્યારે જ્યારે કોઈ પણ જાતના દુઃખના પ્રસંગો આવે ત્યારે તમારી જાતનો જ વિચાર કરજો. તમારે શું કરવું જોઈ એ એ જ વિચાર કરજો. સામાએ શું કરવું જોઈએ વિચાર નિરર્થક છે; અને એ વિચાર આત્મા માટે અનર્થક પણ છે. ચહેરો જોવા દર્પણ જ ઉપકારક છે, દૂરબીન નહીં.

પર્વાધિરાજના આ દિવસોમાં સંકલ્પ કરીએઃ

દુઃખમાં દર્પણ હાથમાં રાખીશું અને ચહેરાને સુધારીશું. —આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ

# જૈન સચિત્ર હસ્તપ્રતોમાં યંત્રવિજ્ઞાન

આચાર્ય શ્રી વિજયનંદિઘોષસૂરિજી મહારાજ સાહેબ

સંસારમાં જીવ માત્ર સુખ ઈચ્છે છે, કોઈ દુ:ખ ઈચ્છતું નથી. અલબત્ત, સંસારમાં દરેક સુખી જ થાય છે કે સુખી જ હોય છે તેવું ક્યારેય બન્યું નથી. સંસારમાં કોઈક સુખી તો કોઈક દુ:ખી હોય છે. જો કે સુખ અને દુ:ખ વ્યક્તિ સાપેક્ષ, સ્થળ સાપેક્ષ અને સંયોગ સાપેક્ષ હોય છે. સંસારમાં પ્રત્યેક મનુષ્યે અને એક મનુષ્યની વિભિન્ન સમયે સુખ અને દુ:ખની વ્યાખ્યાઓ બદલાતી રહે છે. સુખ અને દુ:ખની બધી જ વ્યાખ્યાઓનો સમાવેશ એક જ વ્યાખ્યામાં અને તે પણ માત્ર ચાર જ શબ્દોમાં વાચક શ્રી ઉમાસ્વાતિજીએ બહુ જ અદ્ભુત રીતે કરી આપ્યો છે. તેઓએ કહ્યું કે ઈષ્ટનો સંયોગ અને અનિષ્ટનો વિયોગ તે સુખ, અને તેથી ઉલટું ઈષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ તે દુ:ખ. અલબત્ત, સુખ કે દુ:ખની પ્રાપ્તિ દરેક જીવના પોતાના પૂર્વભવ સંબંધી શુભ કે અશુભ કર્મના આધારે પ્રાપ્ત થતાં હોય છે. આમ છતાં મનુષ્ય માત્ર સુખી થવા માટે ભરપૂર પ્રયત્ન કરે છે. તો શું તેના તે પ્રયત્નો સફળ થાય ખરા?

સંસારમાં ક્યારેક બાહ્ય સ્વરૂપે દેખાતું ઐહિક સુખ, વસ્તુત: સુખ ન પણ હોઈ શકે, તો ક્યારેક બાહ્ય સ્વરૂપે દેખાતું દુ:ખ વસ્તુત: દુ:ખ ન પણ હોઈ શકે કારણ કે એ દુ:ખ ભવિષ્યમાં સુખપ્રાપ્તિની આશા અને આકાંક્ષાવશ ભોગવવામાં કોઈ તકલીફ પડતી નથી. ખરેખર તો, આપણી માનસિક સ્વસ્થતા એ જ આપણા સુખનું મૂળ છે.

અને એ માનસિક સ્વસ્થતા પ્રાપ્ત કરવા સંસારનો પ્રત્યેક મનુષ્ય પ્રયત્નશીલ છે. આ પ્રયત્નોમાં પ્રાચીન કાળના યોગી, સાધક, ઋષિ-મુનિઓના શરણે ગયેલ જીવો, તેમના આશીર્વાદ દ્વારા પોતાની માનસિક અને શારીરિક, આધિ, વ્યાધિ અને ઉપાધિઓને સહન કરવાની અને તેને હળવું બનાવવાની શક્તિ મેળવે છે.

આપણા પ્રાચીન મહર્ષિઓએ આપણાં દુ:ખ દૂર કરવા અને સુખની પ્રાપ્તિ કરાવવા માટે અનેક પ્રકારની મંત્ર, યંત્ર અને તંત્ર વિદ્યાઓ આપી છે. આ રીતે મંત્ર, યંત્ર, તંત્ર, ઔષધિ દ્વારા આપણે આપણાં અશુભ કર્મ હળવાં કરી શકીએ છીએ કે સંપૂર્ણપણે દૂર પણ કરી શકીએ છીએ. ક્યારેક જો શુભ નિમિત્ત અને શુભભાવ આવી જાય તો અશુભકર્મનું શુભકર્મમાં પરિવર્તન પણ થઈ જાય છે.[૧]

અલબત્ત, એ સાથે બીજી પણ વાત કરવી જોઈએ કે આવા મહાપુરુષો આવી અત્યંત મહત્ત્વની વિદ્યાઓ યોગ્ય પાત્ર જોઈને જ આપતા હોય છે. અને જ્યારે યોગ્ય પાત્રનો અભાવ જ હોય તો, તે વિદ્યા તે મહાપુરુષના અવસાન બાદ માત્ર દંતકથા સ્વરૂપે જ અસ્તિત્વ ધરાવતી હોય છે.

ભારતીય પ્રાચીન સાહિત્યમાં આવી અનેક મંત્ર, યંત્ર અને તંત્રની પરંપરા ચાલી આવે છે. તેમાં યંત્રાકૃતિઓ આપેલ હોય છે તથા તેની વિધિ પણ દર્શાવેલ હોય છે. આમ છતાં તેમાં જણાવ્યા પ્રમાણે વિધિ કરવા છતાં ઈચ્છિત સિદ્ધિ થતી નથી. તેનું કારણ એક જ હોય છે કે હસ્તપ્રતમાં જે વિધિ બતાવેલ હોય છે, તે સંપૂર્ણ હોતી નથી. યંત્ર દર્શાવનાર મહાપુરુષે તે વિધિમાં એકાદ મહત્ત્વની બાબત ગોપનીય રાખી હોય છે, જે તે યોગ્ય વ્યક્તિને જ બતાવે છે. અને તેથી જ મંત્ર, યંત્ર સંબંધિત પુસ્તકમાં બતાવેલ વિધિ અર્થાત્ આમ્નાય પ્રમાણે વિધિ કરવા છતાં તેનું યોગ્ય ફળ મળતું નથી. આમ છતાં તે સદંતર નિષ્ફળ પણ જતું નથી. આ રીતે પ્રાચીન હસ્તપ્રતોમાં પ્રાપ્ત થતા મંત્ર, યંત્ર સાચા હોવા છતાં જાણકાર ગુરુના માર્ગદર્શન વિના સિદ્ધ થઈ શકતા નથી. તેથી રખે કોઈ એમ ન માની લે કે આ મંત્ર, યંત્ર સાવ ખોટાં જ હશે. વસ્તુત: મંત્ર, યંત્રની સાથે તેના મૂળ નિર્દેશક મહાપુરુષની લોકોને સુખી કરવાની ભાવના પણ જોડાયેલી છે. આ ભાવના જેટલી વધુ પ્રબળ તેટલી મંત્રની શક્તિ, યંત્રનો પ્રભાવ વધારે હોય છે. આ મંત્રસિદ્ધિ માટે ઘણા પરિબળો જવાબદાર હોય છે. તેથી તેમાંનું એકાદ પરિબળ પણ કાર્ય ન કરતું હોય કે અપૂર્ણ હોય તો મંત્રસિદ્ધિ થઈ શકતી નથી.

મંત્ર એટલે ચોક્કસ પ્રકારના કાર્ય માટે, ચોક્કસ પ્રકારના દેવોથી અધિષ્ઠિત થયેલ, ચોક્કસ પ્રકારના મહાપુરુષો દ્વારા, ચોક્કસ પ્રકારના શબ્દો કે અક્ષરોના સંયોજન દ્વારા લિપિબદ્ધ કરાતું ધ્વનિનું સ્વરૂપ. પ્રાચીન કાળના મહાપુરુષોએ આવા વિશિષ્ટ પ્રકારના મંત્રોના ચોક્કસ નિશ્ચિત અર્થ એટલે કે વિષયો પોતાની અતીન્દ્રિય જ્ઞાનદૃષ્ટિથી જોયા છે અને તે કારણે જ શબ્દ-મંત્રના આવા વિશિષ્ટ રંગોને જોનાર શ્રી અશોક કુમાર દત્ત, આપણા પ્રાચીન ઋષિ-મુનિઓ માટે ''મંત્રાર્થદ્રષ્ટા'' શબ્દ પ્રયોજે છે.[૨]



શ્રી અશોક કુમાર દત્ત, જેઓ આભામંડળ અને ધ્વનિના રંગોને ચર્મચક્ષુ દ્વારા જોઈ શકે છે.

ધ્વનિના રંગોને પોતાની અતીન્દ્રિય શક્તિથી પ્રત્યક્ષ જોનાર શ્રી અશોક કુમાર દત્તે પોતાના અનુભવોના વિશ્લેષણ દ્વારા સિદ્ધ કર્યું છે કે પરમાત્માના નામનો જાપ અને અન્ય વિશિષ્ટ મંત્રોનું ઉચ્ચારણ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે. તેના દ્વારા સૂક્ષ્મ શરીરની તેજસ્વિતા - ચમક વધી જાય છે.[૩]

લેફ. કર્નલ સી. સી. બક્ષી તેમના ''વૈશ્વિક ચેતના'' નામના પુસ્તકમાં મંત્રશાસ્ત્રની વૈજ્ઞાનિકતા અંગે લખે છે કે દરેક અવાજ,

ધ્વનિ કે શબ્દ, તેનું માનસિક ઉચ્ચારણ થાય કે વાચિક, તે વખતે અમુક નિશ્ચિત સ્વરૂપનાં સ્પંદનો ઉત્પન્ન થાય છે. આપણે વિચાર કરીએ છીએ ત્યારે પણ તે અક્ષરોની ચોક્કસ પ્રકારની છાપ આપણા મન સમક્ષ રચાઈ જાય છે. અર્થાત્ આપણા મગજમાં શબ્દની - ધ્વનિની અસ્પષ્ટ ઉત્પત્તિ થાય છે, જેને સંસ્કૃત વ્યાકરણના નિષ્ણાતો-ચિંતકો સ્ફોટ કહે છે.[૪]

સામાન્ય રીતે મંત્ર અને યંત્ર દ્વિપરિમાણીય હોય છે. જો કે આ માટે લેફ. કર્નલ સી. સી. બક્ષી લખે છે કે મંત્રનો ધ્વનિ એક પરિમાણવાળો અર્થાત્ યુનિડાઈમેન્શનલ હોય છે. અલબત્ત, આપણે ધ્વનિને જોઈ શકતા નથી તેથી કદાચ આપણા માટે તે એક પરિમાણવાળો-યુનિડાઈમેન્શનલ કહી શકાય પરંતુ જેઓ ધ્વનિના રંગો તથા આકાર જોઈ શકે છે તેઓ માટે તો ધ્વનિ પણ ત્રિપરિમાણીય થ્રી-ડાઈમેન્શનલ જ છે. મંત્રાક્ષરો અને તેની આકૃતિ સ્વરૂપ યંત્રો દ્વિ-પરિમાણવાળાં અર્થાત્ ટુ-ડાઈમેન્શનલ હોય છે. જ્યારે મૂર્તિ ત્રિ-પરિમાણવાળી અર્થાત્ થ્રી-ડાઈમેન્શનલ હોય છે.[૫]

પ્રાચીન કાળમાં, પ્રાયઃ મહાભારતનું યુદ્ધ થયું તે કાળમાં, યુદ્ધમાં શસ્ત્રવિદ્યા અને અસ્ત્રવિદ્યાનો ઉપયોગ થતો હતો. આમાં શસ્ત્ર એટલે સામાન્ય શસ્ત્રો જેવાં કે તલવાર, બાણ વગેરે. જ્યારે મંત્ર દ્વારા અથવા વિદ્યાઓ સહિત છોડવામાં આવતા શસ્ત્રોને અસ્ત્ર કહે છે.[૬] આ અસ્ત્રો શત્રુનો સંહાર કરી પુનઃ પ્રયોક્તા પાસે આવી જતાં. તે અસ્ત્રોને નિષ્ફળ બનાવવાની પણ વિદ્યાઓ તે કાળના રાજા, સેનાપતિ વગેરે જાણતા હતા.

આમ ભારતીય પરંપરામાં મંત્રવિદ્યા, યંત્રવિદ્યા ખૂબ જ પ્રાચીન હોવાનું જણાય છે. ભારતમાં જ જન્મેલ અને ભારતમાં જ વિકાસ પામેલ મંત્ર, યંત્રની વિભિન્ન પરંપરાઓમાં ૧. બ્રાહ્મણ (હિન્દુ), ૨. બૌદ્ધ અને ૩. જૈન મુખ્ય છે. બ્રાહ્મણ - હિન્દુ પરંપરાના ત્રણ પેટા વિભાગ છે. (૧) વૈષ્ણવ, (૨) શૈવ (૩) શાક્ત.

તેમાં જૈન મંત્ર, યંત્રની પરંપરા પણ ખૂબ જ પ્રાચીન છે. શ્રી સંઘદાસ ગણિ વિરચિત ''વસુદેવ હિન્ડી'' નામનો એક ગ્રંથ છે. જે ઈ. સ.ની પાંચમી સદીમાં રચાયેલો માનવામાં આવે છે, તેમાં મળતા સંદર્ભો અનુસાર આ અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના બે પૌત્રો નમિ અને વિનમિને નાગરાજ ધરણેન્દ્રે પ્રસન્ન થઈ ૪૮૦૦૦ વિદ્યાઓ આપી હતી. અને તેઓ વિદ્યાધર કહેવાયા. પ્રાચીન જૈનાચાર્યોના વિવિધ કુળોમાંથી એક કુળનું નામ પણ વિદ્યાધર કુળ હતું.[૭]તો કલ્પસૂત્રમાં જણાવ્યા પ્રમાણે વિદ્યાધરી શાખાનું નામ છે.[૮]આ પ્રમાણે મંત્ર, યંત્રવિદ્યાનું મૂળ એક કોડાકોડી સાગરોપમ વર્ષ પૂર્વેનું માનવામાં આવે છે.[૯]

જૈન આગમ પરંપરામાં દ્વાદશાંગી - બાર અંગને મુખ્ય માનવામાં આવે છે. તેમાં પણ બારમું અંગ દૃષ્ટિવાદ સૌથી વિશિષ્ટ છે. અલબત્ત, આ અંગ અત્યારે ઉપલબ્ધ નથી, વિચ્છેદ ગયેલ છે. આમ છતાં, તેમાં ૧૪ પૂર્વ અગત્યનાં હતાં એ ચૌદ પૂર્વમાં વિદ્યાપ્રવાદ નામે એક પૂર્વ હતું. આ પૂર્વ સંપૂર્ણપણે તેના નામ પ્રમાણે મંત્ર, યંત્રવિદ્યાનો અખૂટ ભંડાર હતો.

શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીની પટ્ટ પરંપરામાં ઘણા મહાન પ્રભાવક આચાર્યો મંત્ર, યંત્રના જ્ઞાતા અને નિષ્ણાત હતા. કલ્પસૂત્રની ટીકામાં સ્થવિરાવલીમાં જણાવ્યા પ્રમાણે આર્ય વજ્રસ્વામી, વૈક્રિય લબ્ધિ અને આકાશગામિની વિદ્યાના ધારક હતા. તે સિવાય આર્ય સ્થૂલભદ્ર, આર્ય પ્રિયગ્રંથસૂરિ, ષડુલુક રોહગુપ્તના ગુરુ શ્રીગુપ્તાચાર્ય, આર્ય સમિતસૂરિ, વગેરે પણ મંત્ર, યંત્રના જ્ઞાતા હતા.[૧૦]

આ સિવાય શ્રીવૃદ્ધવાદીસૂરિ, શ્રીસિદ્ધસેન દિવાકર, શ્રી માનતુંગસૂરિ, શ્રી નાગાર્જુન, શ્રી નંદિષેણ, શ્રી માનદેવસૂરિ, શ્રી સ્કંદિલાચાર્ય, શ્રી પાદલિપ્તસૂરિ, શ્રી હરિભદ્રસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી જિનભદ્રસૂરિ વગેરે અનેક આચાર્યો મંત્ર, યંત્રના જ્ઞાતા હતા. જૈન પરંપરાના મંત્ર, યંત્ર સાહિત્યનો વિચાર કરીએ ત્યારે નમસ્કાર મહામંત્ર કલ્પ, લોગસ્સ કલ્પ, નમુત્થુણં કલ્પ,



સૂરિમંત્ર પટ

ઉવસગ્ગહરં સ્તોત્ર કલ્પ, સંતિકરં કલ્પ, તિજયપહુત્ત કલ્પ, ભક્તામર કલ્પ, કલ્યાણમંદિર કલ્પ, ઋષિમંડળ કલ્પ, હ્રીંકાર કલ્પ, વર્ધમાન વિદ્યા કલ્પ, સૂરિમંત્ર કલ્પ વગેરે ખૂબ જ પ્રચલિત અને પ્રખ્યાત સાહિત્ય દૃષ્ટિગોચર થાય છે. જૈનાચાર્ય માટે સૂરિમંત્રની આરાધના-સાધના મુખ્ય આવશ્યક માનવામાં આવી છે. આ

સૂરિમંત્રમાં મુખ્યત્વે અનંતલબ્ધિના ધારક ગણધર શ્રી ગૌતમસ્વામીની આરાધના કરવામાં આવે છે.

શ્રી ગૌતમસ્વામી વગેરે ગણધરો જેઓ દ્વાદશાંગીના રચયિતા છે તથા જેઓ ચૌદ પૂર્વના ધારક છે તે સર્વને શ્રુતકેવલી કહે છે. તેઓનું એક વિશેષણ ''સવ્વક્ખરસન્નિવાઈણં'' અર્થાત્ બધાજ અક્ષરોના વિવિધ પ્રકારના સર્વ સંયોગથી બનતી સર્વ વિદ્યાઓના જાણકાર છે.[11]




આ સૂરિમંત્રમાં શ્રી ગૌતમસ્વામી સિવાય શ્રુતજ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતી, માનુષોત્તરપર્વત-નિવાસિની ત્રિભુવનસ્વામિની દેવી, લક્ષ્મીદેવી અર્થાત્ શ્રી દેવી, શ્રી યક્ષરાજ ગણિપિટક તથા ૨૪ તીર્થંકરના અધિષ્ઠાયક યક્ષ-યક્ષિણી, ૬૪ ઈન્દ્ર, નવ ગ્રહ, દશ દિક્પાલ વગેરેની આરાધના કરવામાં આવે છે.[12] આ આરાધના કરનાર આચાર્ય મહાન પ્રભાવક બને છે તે વાતમાં કોઈ શંકા નથી. વળી આચાર્યોએ જિનશાસનનું સુકાન સંભાળવાનું હોવાથી જિનશાસન ઉપર આવનારી આફતોનું નિવારણ કરવાનું સામર્થ્ય કેળવવું જરૂરી હોવાથી, આ મંત્ર સાધના દ્વારા તેઓને દેવોની સહાય પ્રાપ્ત થાય છે.

અત્યારે આપણા સમાજનો એક વર્ગ એવો છે કે જે મંત્ર, યંત્રમાં જ રચ્યોપચ્યો રહે છે. અને લોકોમાં અંધશ્રદ્ધા ફેલાવી તેનો ગેરલાભ ઉઠાવે છે. તો બીજો વર્ગ જે મંત્ર, યંત્રને સાવ ખોટા માને છે, તેની ઠઠ્ઠા-મશ્કરી કરે છે, ઠેકડી ઉડાવે છે, ગપગોળા-વહેમ કહે છે. શબ્દ-ધ્વનિની કેટલી શક્તિ છે તેની તેમને ખબર નથી તેથી મંત્રવિજ્ઞાનમાં માનનારને મૂર્ખ-પછાત ગણે છે, ઉતારી પાડે છે. પરંતુ અત્યારે પશ્ચિમમાં થયેલ વિવિધ પ્રકારના વૈજ્ઞાનિક સંશોધન દ્વારા મંત્ર. યંત્રની અસર સિદ્ધ કરેલ છે. તેથી તેને વૈજ્ઞાનિક આધાર પ્રાપ્ત થયો છે. એટલું જ નહિ ભારતીય પરંપરાના પ્રાચીન ગ્રંથોમાં નિર્દિષ્ટ મંત્ર, યંત્ર અંગે સંશોધનાત્મક પુસ્તકો તેઓ પ્રકાશિત કરે છે. આ પ્રકારનું સંશોધન અત્યારે પણ પાશ્ચાત્ય દેશોમાં ચાલુ છે. વિભિન્ન પુસ્તકો દ્વારા જૈન-જૈનેતર મંત્ર, યંત્રનાં રહસ્યો વૈજ્ઞાનિક પદ્ધતિએ રજૂ કરે છે.

મંત્ર અને યંત્ર બંને પરસ્પર સંકળાયેલ છે. યંત્ર, એ મંત્રમાં રહેલ અક્ષરોના સંયોજન દ્વારા બનેલ શબ્દોના ધ્વનિનું આકૃતિ સ્વરૂપ છે.[13] પૂર્વના મહાન પુરુષોએ જે તે મંત્રના યંત્ર પોતાની દિવ્યદૃષ્ટિ દ્વારા જોયેલ છે અને તે પછી તેને ભોજપત્ર કે કાગળ ઉપર અંકિત કરેલ છે. લગભગ પંદર વર્ષ પહેલાં ઈંગલેન્ડથી પ્રકાશિત "YANTRA નામનું એક અંગ્રેજી પુસ્તક જોવા મળ્યું. આ પુસ્તકમાં રોનાલ્ડ નામેથ નામના એક વિજ્ઞાનીએ એક વૈજ્ઞાનિક ઉપકરણ દ્વારા ઈલેક્ટ્રોનિક વાઈબ્રેશન ફિલ્ડમાંથી શ્રીસુક્તના મંત્રની ધ્વનિ પસાર કર્યો અને તે ધ્વનિનું શ્રીયંત્રની આકૃતિમાં રૂપાંતર થઈ ગયું, તેનું સ્થિર ચિત્ર આપવામાં આવ્યું છે.[14] તેનો અર્થ એ થયો કે શ્રીયંત્ર એ શ્રીસુક્તનું આકૃતિ સ્વરૂપ જ છે.



જે રીતે ગ્રામોફોનની રેકર્ડમાં ધ્વનિને મુદ્રિત કરવામાં આવે છે તે જ રીતે કોઈપણ મંત્રને જો ઉપર દર્શાવેલ સાધનમાંથી પસાર કરવામાં આવે તો તેનું આકૃતિ સ્વરૂપ પ્રાપ્ત થઈ શકે છે. વળી ગ્રામોફોનની રેકર્ડમાંથી પુનઃ ધ્વનિ પ્રાપ્ત કરી શકાય છે, તેમ યંત્રાકૃતિમાંથી પુનઃ મંત્ર પ્રાપ્ત કરી શકાય છે, તેમ કેટલાકનું માનવું છે. વળી જે રીતે આધુનિક વિજ્ઞાનમાં શક્તિનું પુદ્ગલમાં (દ્રવ્યકણોમાં) અને દ્રવ્યકણો(પુદ્ગલ)નું શક્તિમાં રૂપાંતર થાય છે. તેમ યંત્રનું મંત્રમાં અને મંત્રનું યંત્રમાં રૂપાંતર શક્ય છે અને માટે જ



યંત્રના સ્થાને મંત્ર અને મંત્રના સ્થાને યંત્ર મૂકી શકાય છે.[૧૫]

વસ્તુતઃ યંત્ર એ એક પ્રકારનું વિવિધ ભૌમિતિક આકૃતિઓનું સંયોજન છે. જે રીતે જુદા જુદા વ્યંજનો તથા સ્વરોના સંયોજન દ્વારા મંત્ર બને છે તે જ રીતે વિવિધ પ્રકારની ભૌમિતિક આકૃતિઓના સંયોજન દ્વારા વિવિધ પ્રકારના યંત્ર બને છે. પ્રત્યેક યંત્રના અધિષ્ઠાયક દેવ કે દેવી હોય છે. દેવ, દેવીનું નામ કે સ્વરૂપ બદલાતાં મંત્ર અને યંત્ર પણ બદલાય છે. સામાન્ય સંયોગોમાં બધાં જ મંત્રો અને યંત્રો માત્ર પૌદ્‌ગલિક સ્વરૂપમાં અર્થાત્ જડ. ચૈતન્યરહિત હોય છે.[૧૬] તેમને ચૈતન્યયુક્ત કરવાની વિશિષ્ટ પ્રક્રિયા હોય છે. યંત્રોને મૂળ મંત્રો દ્વારા ચેતનવંતા બનાવાય છે. તો મંત્રોને ચેતનવંતા બનાવવા માટે વર્ણમાતૃકા દ્વારા સંપુટ કરવામાં આવે છે.[૧૭]

જે રીતે પ્રભુપ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. આ વિધિ ઉત્તમ પ્રકારના મંત્રોથી તેના અધિકારી આચાર્ય જ કરે છે. મંત્રધ્વનિથી ઉત્પન્ન થયેલ વિશિષ્ટ તરંગો દ્વારા આચાર્ય પોતાના પ્રાણ ક્ષણાર્ધ માટે આરોપિત કરે છે. ત્યારપછી તે પ્રતિમા માત્ર નિર્જીવ આરસનો ટૂકડો ન રહેતાં સાક્ષાત્ પ્રભુ તુલ્ય બની જાય છે કારણ કે તેમાં રહેલ મૂલાકૃતીય આકાશ ધ્વનિતરંગોથી અખૂટ ઊર્જાનો ભંડાર બની જાય છે. તે જ રીતે યંત્રોને પણ સિદ્ધ કરવામાં આવે છે. તેની આરાધના-સાધના કરનારને પરમાત્મા-પરમ તત્ત્વ સાથે સંબંધ થઈ શકે છે.

જૈન પરંપરામાં ૧૦૦ વર્ષ કરતાં વધુ કોઈપણ પ્રાચીન પ્રતિમાને અચિન્ત્ય પ્રભાવશાળી માનવામાં આવે છે કારણ કે ૧૦૦ વર્ષ કરતાં વધુ સમય દરમ્યાન ઘણા ઘણા સાધક આત્માઓ દ્વારા વિભિન્ન મંત્રો અને સદ્‌ભાવના દ્વારા તેની પૂજા થઈ હોવાથી, તે મંત્રોના ધ્વનિ તરંગોએ એ પ્રતિમામાં અખૂટ ઊર્જા ભરી દીધી હોય છે. તેનાથી સાધકની ઉન્નતિ થાય છે. તેમજ તેનાં મનોવાંછિત પ્રાપ્ત થાય છે. આવું જ યંત્રોમાં પણ બને છે. સામાન્ય યંત્ર કરતાં વિધિપૂર્વક, ઉત્તમ દિવસે, સદ્‌ભાવપૂર્વક બનાવેલ હોય અને મંત્ર-યંત્રવિદ્યાના નિષ્ણાત મહાપુરુષે મંત્ર દ્વારા એ સિદ્ધ કર્યું હોય તો તુરતમાં મહાન ફળ આપનાર બને છે.

આધુનિક સંશોધનકારો યંત્રને મૂલાકાશ તથા મંત્રને પવિત્ર ધ્વનિ માને છે. તેમની માન્યતા પ્રમાણે યંત્ર અને મંત્ર, બંને એકબીજાથી તદ્દન અભિન્ન છે. યંત્ર એ મંત્રનું શરીર છે તો મંત્ર એ યંત્રનો આત્મા છે.[૧૮] એટલું જ નહિ પણ યંત્ર એ ભારતીય પરંપરા પ્રમાણે દેવ-દેવીને સૂક્ષ્મ સ્વરૂપે રહેવાનું સ્થાન છે. ખાસ કરીને અંબિકા, દુર્ગા, કાળી, મહાકાળી, મહાલક્ષ્મી વગેરે દેવીઓની મુખ્ય શક્તિપીઠોમાં મૂર્તિ કરતાં ય દેવીઓના યંત્રોનું વિશેષ મહત્ત્વ હોય છે.

આ યંત્રોમાં વિવિધ પ્રકારના પટોનો પણ સમાવેશ થાય છે તેમાં ખાસ કરીને જૈન સાધુ ભગવંતો અને આચાર્ય ભગવંતો માટેની સાધના માટે વર્ધમાનવિદ્યા અને સૂરિમંત્રના પટ મહત્ત્વપૂર્ણ છે. તેમાં મંત્રો અને અધિષ્ઠાયક દેવ-દેવીની આકૃતિઓ મુખ્ય છે. મંત્ર જાપ દ્વારા તેની પ્રતિષ્ઠા થાય છે. આ વર્ધમાનવિદ્યા અને સૂરિમંત્રના પટો છેલ્લા ૬૦૦ વર્ષથી વસ્ત્ર ઉપર ચિત્રિત કરવામાં આવે છે અને આજે પણ જયપુરના ચિત્રકારો વસ્ત્ર, હાથીદાંતની પ્લેટ કે સુખડની પાટલી ઉપર આ પ્રકારના વર્ધમાનવિદ્યા અને સૂરિમંત્રના પટો ચિત્રિત કરે છે.



**સૂરિમંત્ર પાટલી**

વર્ધમાનવિદ્યાના પટની આરાધના, ભગવતી સૂત્રના યોગોદ્વહન કરેલ સાધુ કે જેમને ગણિપદ પ્રદાન કરવામાં આવ્યું તે, પંન્યાસ પદ અથવા ઉપાધ્યાય પદ જેમને પ્રદાન કરવામાં આવ્યું હોય તેવા સાધુ ભગવંત કરે છે. જ્યારે સૂરિમંત્રની આરાધના આચાર્ય ભગવંતો કરે છે.

પટ સિવાય પ્રાચીન હસ્તપ્રતોમાં પ્રાપ્ત યંત્રો બે પ્રકારનાં હોય



છે. યંત્રોમાં આકૃતિઓનું સંયોજન તો હોય જ છે પરંતુ તેમાં મંત્રાક્ષરો પણ હોય છે. જો કે ઉપર બતાવ્યું તેમ યંત્રમાં આકૃતિનું જ મહાત્ત્વ હોય છે કારણ કે મંત્રનું દશ્ય સ્વરૂપ છે. છતાં તે યંત્ર કયા મંત્રનું તે દર્શાવવા તેમાં મંત્ર લખવામાં આવે છે. તેથી જ યંત્ર અને મંત્ર સંયુક્તપણે જોવા મળે છે.

તો કેટલાક યંત્રોમાં માત્ર ખાના દોરી, અથવા વિભિન્ન આકૃતિ દોરી તેમાં આંકડા લખવામાં આવે છે. આવા સંખ્યા સાથે સંબંધ ધરાવતા યંત્રોના પણ જુદા જુદા પ્રકાર હોય છે. દા. ત. પંદરિયા યંત્ર, વીશા યંત્ર, ચોત્રીશા યંત્ર, પાંસઠિયા યંત્ર, એકસો સિત્તેરિયા યંત્ર. આ દરેકના પણ જુદા જુદા પ્રકાર હોય છે. દા. ત. પંદરિયા યંત્રો. આ યંત્રમાં ૧થી ૯ સુધીના આંકડાઓનો ઉપયોગ કરવામાં આવે છે અને તે રીતે ગોઠવવામાં આવે છે કે આડા, ઊભા, ત્રાંસા એમ દરેક રીતે ગણતાં ત્રણ-ત્રણ અંકોનો સરવાળો ૧૫ આવતો હોવાથી તેને પંદરિયા યંત્ર કહે છે. યંત્ર-મંત્ર સંબંધી પુસ્તકોમાં ચાર પ્રકારના પંદરિયા યંત્રો બતાવેલ છે. તે દરેકનું તત્ત્વ, વર્ણ તથા અસરો જુદા જુદા હોય છે, એટલું જ નહિ, તે યંત્રો કાગળ કે ભોજપત્ર ઉપર વિશિષ્ટ પ્રકારના દ્રવ્યથી લખતી વખતે એક જ પ્રકારના યંત્રમાં અંકો લખવાનો ક્રમ જુદો જુદો હોય તો તેની પણ અસરો જુદી જુદી થાય છે.[૧૯]

તો આવાં જ બીજા યંત્રો સૂર્ય, ચંદ્ર, મંગળ વગેરે ગ્રહને અનુલક્ષીને તેમની શાંતિ માટે બતાવેલ છે. તેમાં સૂર્ય માટે પંદરિયો છે, જે ઉપર બતાવેલ ચારેય યંત્રથી જુદો છે. તો ચંદ્ર માટે અઢારિયો યંત્ર, મંગળ માટે એકવીસીયો યંત્ર છે. આ જ રીતે અન્ય ગ્રહોના પણ યંત્રો બતાવેલ છે.[૨૦]

આ રીતે વિવિધ પ્રકારના આંકડાકીય યંત્રોમાં વિવિધ પ્રકારની ગૂઢ શક્તિઓ રહેલી હોય છે. જૈન પરંપરામાં પણ બંને પ્રકારના યંત્રો મળે છે. મંત્ર સાથે સંબંધિત યંત્રોમાં શ્રીસિદ્ધચક્ર મહાયંત્ર, શ્રીઋષિમંડળ યંત્ર, શ્રીપદ્માવતી યંત્ર, શ્રી વૈરોટ્યા દેવી યંત્ર, શ્રી ઘંટાકર્ણમહાવીર યંત્ર, શ્રી ગૌતમસ્વામી યંત્ર, શ્રી લબ્ધિપદ યંત્ર, શ્રી માણિભદ્રદેવ યંત્ર વગેરે અનેક પ્રકારના યંત્રો છે. તો સંખ્યા સાથે સંબંધ ધરાવતા યંત્રો પણ જૈન પરંપરામાં મળે છે. તેમાં ખાસ કરીને શ્રીતિજયપહુત્ત સ્તોત્ર સંબંધી એકસો-સિત્તેરિયો (સર્વતોભદ્ર) યંત્ર, ચોવીશ જિનેશ્વર સંબંધી પાંસઠિયા યંત્ર અને નવપદ સંબંધી પંદરિયા યંત્ર પ્રાપ્ત થાય છે.




ક્યારેક સાંપ્રદાયિક મંત્ર-યંત્રની પરંપરાથી અજ્ઞાત લેખક કે સંશોધક યંત્ર કે યંત્રમાં રહેલ અક્ષરો અથવા યંત્રની પદ્ધતિને બરાબર સમજી ન શકવાનું પણ બને છે. દા. ત. 'Yantra' પુસ્તકમાં જૈન પરંપરાના સૂરિમંત્ર સંબંધી લબ્ધિપદ યંત્ર પ્રકાશિત થયેલ છે. તેમાં લબ્ધિ પદોના મંત્રો પ્રાકૃત ભાષામાં આપેલ છે, એટલું જ નહિ પણ તે દરેક પદના અક્ષરોનો ક્રમ પણ ઉલટો આપવામાં આવ્યો છે. દા. ત. ''ૐ નમો જિણાણં ૧'' પદને ''૧ ણં ણા જિ મો ન ૐ'' સ્વરૂપમાં લખ્યું છે. અલબત્ત, આ યંત્ર ૨૦૦-૨૫૦ વર્ષ પૂર્વે આલેખાયેલ છે. આ પ્રકારના યંત્રોમાં ક્યારેક સાધકનું અથવા જેના માટે યંત્ર બનાવેલ હોય તેનું નામ વચ્ચે લખાય છે. ઉપર્યુક્ત યંત્રમાં કલ્યાણદાસ એવું નામ લખેલ છે. તેના આધારે સંશોધકે આ યંત્રને કલ્યાણચક્ર "Wheel of Fortune નામ આપ્યું છે,[૨૧] જે સંશોધકની ભૂલ છે. પરંતુ તે ખરેખર, કલ્યાણદાસ નામના ભક્ત માટે બનાવેલ હોવાથી તેનું નામ લખેલ છે.

આ જ યંત્ર સૂરિમંત્ર કલ્પસમુચ્ચયમાં નવું બનાવીને આપેલ છે. પરંતુ તેમાં અક્ષરોનો ક્રમ સુલટો છે.[૨૨]

મંત્રજાપ બે પ્રકારે કરવામાં આવે છે. ૧. પૂર્વાનુપૂર્વી અર્થાત્ જે ક્રમમાં મંત્રના પદો અથવા અક્ષરો હોય તે જ ક્રમે મંત્રજાપ કરવો. ૨. પશ્ચાનુપૂર્વી અર્થાત્ જે ક્રમમાં મંત્રના પદો અક્ષરો આપેલ હોય તેનાથી ઉલટા ક્રમે જાપ કરવો. આ બંને પ્રકારના મંત્રજાપના ફળ જુદા જુદા હોય છે. સામાન્ય રીતે પૂર્વાનુપૂર્વીથી મંત્રજાપ કરવાથી આધ્યાત્મિક ફળ મળે છે, જ્યારે પશ્ચાનુપૂર્વીથી મંત્રજાપ કરવાથી ઐહિક-ભૌતિક ફળ મળે છે.





આધુનિક વિજ્ઞાનમાં જેમ ટેલિપથી વિજ્ઞાન શાખા છે તેમ ચિકિત્સાશાસ્ત્રમાં શ્રી બિનિતોષ ભટ્ટાચાર્ય જેવા બંગાળી હોમિયોપેથી ડૉક્ટરે ટેલિથેરપી નામની ચિકિત્સા પદ્ધતિનો વિકાસ કર્યો છે. આ ચિકિત્સા પદ્ધતિમાં તેઓ ઔષધિનો તો ઉપયોગ કરે જ છે પણ સાથે સાથે ઉપર બતાવ્યા તેવા મંત્ર અને યંત્રનો પણ ઉપયોગ કરે છે. તે મંત્ર તથા યંત્રને વિશિષ્ટ પ્રકારના સાધન ઉપર ગોઠવી તેમાંથી વિશિષ્ટ પ્રકારના સ્પંદનો-vibrations ઉત્પન્ન કરી તેની સામે ગોઠવેલા દર્દીના ફોટા કે નામ દ્વારા અદશ્ય સ્વરૂપે દર્દી સુધી પહોંચાડે છે અને તેનાથી દર્દીમાં આશ્ચર્યજનક સુધારો પણ નોંધાયેલ છે.

યંત્ર એ સાંક્તિક ચિહ્ન છે, તેનું અર્થઘટન ભિન્ન ભિન્ન પરંપરાવાળા ભિન્ન ભિન્ન રીતે કરે છે, તેનું કારણ તેઓને પ્રાપ્ત થયેલ જ્ઞાન અથવા અનુભવ હોય છે. એ જ રીતે જેમના આત્મા ઉપરનાં જ્ઞાનનું આવરણ કરનારા કર્મો સંપૂર્ણપણે દૂર થયા નથી તેવા અલ્પજ્ઞ આપણે સૌ આપણી માનસિક અવસ્થા પ્રમાણે યાંત્રિક ચિહ્નોનું અર્થઘટન કરીએ છીએ. તે ચિહ્નોનું સંપૂર્ણ અથવા વાસ્તવિક રહસ્ય તો માત્ર કેવળજ્ઞાની મહાપુરુષો જ જાણી શકે છે. કેવળજ્ઞાની મહાપુરુષો માટે આ સમગ્ર બ્રહ્માંડના પ્રત્યેક જીવો અને પ્રત્યેક પદાર્થના ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાન કાળની પ્રત્યેક અવસ્થાનું જ્ઞાન હાથમાં રહેલ સ્વચ્છ જળ જેવું સ્પષ્ટ હોય છે."તેઓ માટે ભૂતકાળ, ભવિષ્યકાળ જેવું કશું હોતું જ નથી. બધું જ વર્તમાનકાળ સ્વરૂપ હોય છે. આધુનિક વિજ્ઞાનની પરિભાષામાં અંગ્રેજીમાં એક જ વાક્યમાં કેવળજ્ઞાન માટે કહી શકાય કે "Omniscience is nothing but the hologramic effect /power of the Soul regarding time, space, matter and all souls તેથી આવા કેવળજ્ઞાની જ આ યંત્રોના સાંકેતિક ચિહ્નોનું સંપૂર્ણ રહસ્ય જાણી શકે છે.

વિવિધ પ્રકારના યંત્રોમાં પ્રાચીન કાળથી જ ગૂઢ-રહસ્યમય યંત્ર હોય તો તે શ્રીયંત્ર છે અને તે અંગેની ચર્ચા અન્યત્ર જોઈ લેવા વિનંતિ. અહીં ફક્ત તેની આકૃતિ આપેલ છે.

કોઈપણ યંત્ર બનાવવા માટેની વિધિ દર્શાવેલ હોય છે. તે પ્રમાણે તે યંત્ર ભોજપત્ર, તાંબા, ચાંદી કે સોનાના પતરા ઉપર, વિધિમાં બતાવેલ મુહૂર્ત અર્થાત્ શુભ તિથિ, વાર, નક્ષત્ર, યોગમાં ભોજપત્ર કે કાગળ ઉપર બનાવવાનું હોય તો અષ્ટગંધ જેવા પદાર્થથી આલેખન કરવાનું હોય છે. અને તાંબા, ચાંદી કે સોના ઉપર બનાવવાનું હોય તો તે મુહૂર્તના સમયે યંત્ર કોતરવાનું હોય છે.





16 Kalyāṇa Chakra, the 'Wheel of Fortune'. The mystic syllables radiating from the centre are grouped in a cryptic manner in order to conceal the yantra's esoteric significance from the uninitiated. Rajasthan, c. 19th century. Ink and colour on paper

તો પ્રાચીન હસ્તપ્રતોમાં કે સામાન્ય રીતે અલગ કાશ્મીરી કાગળ ઉપર અષ્ટગંધથી યોગ્ય મુહૂર્તમાં આલેખન કરેલ યંત્રો પણ પ્રાપ્ત થાય છે.

આ યંત્રોનું પણ એક વિજ્ઞાન છે. તેમાં યંત્રાલેખન માટે ભોજપત્ર સૌથી શ્રેષ્ઠ છે. ભોજપત્ર આજે પણ કાશ્મીરમાં ઉપલબ્ધ છે. તે કુદરતી વૃક્ષની છાલ સ્વરૂપ છે. અને અમુક ભોજપત્ર અત્યંત પાતળા હોય છે. તે આપણા કાગળ કરતાં પણ પાતળા અને હળવા હોય છે, તેથી અમુક પ્રકારના યંત્રો જે માદળિયામાં મૂકીને ગળામાં પહેરવાના હોય છે તે માટે શ્રેષ્ઠ છે.

મંત્ર-યંત્ર ઉપર અસર કરનાર વિવિધ પરિબળોમાં નીચે જણાવેલ પરિબળો મુખ્ય છે. ૧. મંત્ર-યંત્રના રચયિતા અથવા દ્રષ્ટા મહાપુરુષોની પરકલ્યાણ કરવાની ભાવના. ૨. મંત્રમાં આવેલ અક્ષરોના ધ્વનિ સંબંધી સ્પંદનો, ૩. મંત્ર-યંત્રનું નિર્માણ કરનારની સાત્ત્વિકતા-પવિત્રતા, ૪. મંત્ર કે યંત્રના આમ્નાયની પૂર્ણતા, ૫. મંત્ર-યંત્રનું પ્રયોજન, ૬. મંત્ર-યંત્રના સાધક ગુરુનું માર્ગદર્શન તથા આશીર્વાદ, ૭. મંત્ર-યંત્રની સાધના કરનારનું પ્રયોજન અર્થાત્ આશયશુદ્ધિ, ૮. સાધકની પોતાની સાત્ત્વિકતા-પવિત્રતા, ૯. સાધકની નિયમિતતા, ૧૦. સાધના માટેના એક જ નિશ્ચિત સ્થાન અને તેની શુદ્ધિ, ૧૧. એક જ સમય, ૧૨. મંત્રજાપમાં મનનો ઉપયોગ અર્થાત્ મન, વચન, કાયાની એકાગ્રતા, ૧૩. મંત્રને યોગ્ય આસન, માળા વગેરે, ૧૪. સૌથી વધુ મહત્ત્વનું સાધકનું પોતાનું ભાગ્ય અથવા શુભકર્મ.

ઉપર બતાવેલ પરિબળો અને એ સિવાયના પણ કેટલાક અજ્ઞાત પરિબળો જો અનુકૂળ હોય તો મંત્રસિદ્ધિ સરળતાથી થઈ શકે છે. ઉપર બતાવેલ પરિબળોમાંથી એક પણ પરિબળ અનુકૂળ કે શુદ્ધ ન હોય તો મંત્રસિદ્ધિ શક્ય બનતી નથી. ઉપરના દરેક પરિબળોમાં અનુકૂળ સ્પંદનો પેદા કરવાની ક્ષમતા રહેલી છે અને તે દ્વારા જે તે મંત્ર-યંત્રના અધિષ્ઠાયક દેવ-દેવીને પ્રસન્ન કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે.

આ દરેક વાત સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે અને પાશ્ચાત્ય દેશોમાં તેના ઉપર વિશાળ પાયે સંશોધન થઈ રહ્યું છે ત્યારે આપણા વિજ્ઞાનીઓએ પણ તે અંગે સંશોધન કરવું જોઈએ. ઈત્યલં વિસ્તરેણ. શિવમસ્તુ સર્વજગતઃ

પાદનોંધ:-

૧. (જુઓ. 'કર્મપ્રકૃતિ' ગ્રંથમાં 'સંક્રમણકરણ')
૨. ''જૈનદર્શન : વૈજ્ઞાનિક દૃષ્ટિએ'' (લે. મુનિ નંદીઘોષવિજયજી, પ્રકા. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ -૪૦૦૦૩૬) માં શ્રી અશોક કુમાર દત્તનો લેખ ''રંગીન શક્તિકણોનો શરીર તથા મન ઉપર પડતો પ્રભાવ'', પૃ. ૪૫
૩. ''વર્ણમાળા અનેમંત્રોચ્ચારણનું રહસ્ય'' લે. અશોક કુમાર દત્ત, ફાર્બસ ત્રૈમાસિક, અંક ૪, ઓક્ટો.-ડિસે. ૧૯૯૨, પૃ. ૨૭૯
૪. The mantras are also intimately associated with the theory of eternal word Sphotvada expounded by the philosophers of Sanskrit grammar, who traced the gem of speech or words back to divine source (an imperishable unit of speech: Sphot also known as vak or Pranav or Sabda Brahman) (Yantra by Madhu Khanna, p.44)
૫. ('વૈશ્વિક ચેતના' લે. લેફ. કર્નલ સી. સી. બક્ષી, પૃ. ૯૭)
૬. अस्त्रमन्त्र - mantra by which a missile is consecrated before it is thrown. (The Standard Sanskrit English Dictionary, p. 88)
૭. मन्त्रविद्या ले. करणीदान सेठिया, प्रस्तावना, पृ.१३
૮. थेरेहिंतो णं विज्जाहर गोवालेहिंतो कासवगुत्तेहिंतो इत्थ णं विज्जाहरी साहा निग्गया।। (श्री कल्पसूत्र, अष्टम क्षण, स्थविरावली, पृ.५१०)
૯. અસંખ્યાતા વર્ષોનો એક પલ્યોપમ થાય છે અને ૧૦ કોડાકોડી (૧૦[૧૪]) પલ્યોપમે એક સાગરોપમ થાય છે, આવા એક કોડાકોડી ૧૦[૧૪] સાગરોપમ વર્ષ અર્થાત્ ૧૦[૧૪] પલ્યોપમ વર્ષ થાય છે.
૧૦. श्री कल्पसूत्र, अष्टम क्षण, स्थविरावली, सुबोधिका टीका
૧૧. समणस्स भगवओ महावीरस्स तिण्णिसया चउद्दसपुव्वीणं अजिणाणं जिणसंकासाणं सव्वक्खरसन्निवाईणं जिणो विव अवितहं वागरमाणाणं उक्कोसया चउद्दसपुव्वीणं संपया हुत्था।।१३७।। (श्री कल्पसूत्र, षष्ठ क्षण: सूत्र-१३८)
૧૨. वाणी-तिहुअणसामिणी सिरिदेवी जक्खरायगणिपिडगा। गह दिसिपाल-सुरिंदा सयावि रक्खन्तु जिणभत्ते ।। (संतिकरं स्तोत्र गाथा-४)
૧૩. "Yantra" by Madhu Khanna P. 6
૧૪. "Yantra" by Madhu Khanna P.116
૧૫. Mantra and Yantra are parallel to each other and in some cases may be interchangeable. ("Yantra" by Madhu Khanna, P.38)
૧૬. चैतन्यरहिता मन्त्राः प्रोक्ता वर्णास्तु केवलम्।। ('અગોચર વિશ્વ' લે. દેવેશ મહેતા, ગુજરાત સમાચાર, તા. ૧૩-૧૦-૧૯૯૩ પૃ.૬)
૧૭. મંત્ર-તંત્ર-યંત્ર મહાસમુચ્ચય પ્રકા. ગજાનન પુસ્તકાલય, સુરત. પૃ. ૧૫
૧૮. Yantra and mantra present the union of archetypal space and sacred sound. Each is inseparable from the other, with mantra 'soul' and yantra 'body' of subtle sound. ('Yantra' by Madhu Khanna, P.44)
૧૯. मंत्रविद्या-यंत्रविद्या खण्ड, ले. करणीदान सेठिया पृ. २८,२९,३० મંત્ર-તંત્ર-યંત્ર મહાસમુચ્ચય પ્રકા. ગજાનન પુસ્તકાલય, સુરત, પૃ. ૩૨૦, ૩૨૧, ૩૨૨
૨૦. मंत्रविद्या-यंत्रविद्या खण्ड, पृ. ३१
૨૧. 'Yantra' by Madhu Khanna P. 48
૨૨. सूरिमंत्र कल्प समुच्चय भाग-२ पृ. ३६०, ३६१ (सं. पू. मुनिश्री जंबूविजयजी)
૨૩. करामलकवद् विश्वं कलयन् केवलश्रिया (श्री सकलार्हत् स्तोत्र श्लोक - ११, कलिकाल सर्वज्ञ श्री हेमचंद्राचार्यजी)

❑❑❑




# બિકાનેરની 'ઉસ્તા' ચિત્ર શૈલી

મુનિ શ્રી સંયમચંદ્ર મહારાજ

ભારતના શિલ્પ-સ્થાપત્ય અને ચિત્રકળાના વિકાસમાં રાજસ્થાનનો બહુ મોટો ફાળો છે. રાજસ્થાની ચિત્રકારોએ પોતાની આગવી ચિત્રશૈલીઓ દ્વારા પોતાની સ્વતંત્ર ઓળખ ઉભી કરી છે. વિશિષ્ટ દેહાકૃતિ, આકર્ષક વેશભૂષા, નયનાભિરામ રંગવિન્યાસ તેમજ તદનુરૂપ આભૂષણાદિના ચિત્રણ દ્વારા તે ચિત્રકારોએ જાણે-અજાણે પણ પોતની પ્રાંતિય સંસ્કૃતિનું પરિવહન કર્યું હોય તેવું તે ચિત્રોમાં અનુભવી શકાય છે. જોધપુરી, જયપુરી, મેવાડી, બુંદી, કોટા, નાથ દ્વારી વિગેરે ચિત્રશૈલીઓની જેમ બીકાનેરની પણ 'ઉસ્તા' નામે ઓળખાતી એક વિશિષ્ટ ચિત્રશૈલી છે. પ્રસ્તુતી લેખમાં આપણે તે ઉસ્તા ચિત્રશૈલીનો સંક્ષિપ્તમાં પરિચય જોઈશું.

## ઉસ્તા કળાનો ઈતિહાસ

મૂળે આ કળાનો ઉદ્ભવ કયાં થયો? ક્યારે થયો? તેની અમોને જાણકારી પ્રાપ્ત થઈ શકી નથી. પરંતુ પ્રાયઃ વિક્રમની ૧૬મી સદી આસપાસ ઈરાન, મુલતાન, અફઘાનસ્થાન થઈ તે કળા ભારતમાં આવી તેવી નોંધ મળે છે. ત્યારપછી સમ્રાટ અકબરના શાસનકાળમાં બિકાનેરના રાજવી રાયસિંઘજી દ્વારા 'શાહી ચિત્રકાર'ના બિરૂદનું પ્રલોભન આપી દિલ્હીથી ચિત્રકારોને બોલાવી અહી બીકાનેરમાં તેમનો વસવાટ કરાવાયો. તે ચિત્રકારો પોતાના કાર્યમાં અતિ નિપુણ હોઈ 'ઉસ્તાદ' તરીકે ઓળખાતા જે સમય જતા 'ઉસ્તા' એવા અપભ્રષ્ટ નામથી ઓળખાવા લાગ્યા. અંતે સમય જતા તે ઉસ્તા શબ્દ જ તેમની ચિત્રકળાની ઓળખ બન્યો.

તે ચિત્રકારોમાં ઉસ્તા અલિરાજ, શાહ મુહમ્મદ, મુહમ્મદ રુકાનુદ્દિન જેવા અનેક ખ્યાતનામ ચિત્રકારો થયા. વેલ-બુટ્ટા જેવા



પ્રાકૃતિક ચિત્રણ ઉપર સુવર્ણના વરખથી કરાતી નકશી કરવામાં તેમની હથરોટી હતી. તેમણે વૈભવનું પ્રતિક ગણાતી આ કળાને રાજમહેલની છતો પર, દિવાલો પર, સ્થંભો પર તેમજ દરવાજાદિ સ્થાનો પર ચિત્રીત કરી. જેમાંની કેટલીક નકશીઓ આજે પણ બીકાનેરના અનુપ મહેલ, દરબાર હોલ, શીશા મહેલ, ડુંગર નિવાસ, સુરત વિલાસ જેવા પ્રાચીન ઐતિહાસિક સ્થાનો પર સચવાયેલી છે.

મહેલાદિના સુશોભન બાદ રાજા કર્ણસિંહ વડે સૌ પ્રથમ લક્ષ્મી નારાયણપ્રભુનું મંદિર આ ચિત્રકળાથી શણગારાયું ત્યારબાદ આ



કળાના મૂળ સ્વરૂપમાં થોડા ઘણા ફેરફારો સમયે સમયે ઉમેરાતા સામાન્ય જનસમુદાયમાં પણ આ વૈભવી કળાનો પ્રચાર પ્રસાર વધ્યો. જો કે બ્રિટિશરોના સત્તાકાળ પછી રાજ્યોના વિલીનીકરણ વખતે આ કળાને થોડો ધક્કો લાગ્યો. પણ પરંપરાગત કળાને જાળવી રાખવા મથતા ઉસ્તા કલાકારો દ્વારા તે કળા-સંરક્ષણના ભરપૂર પ્રયત્નો કરાયા. જેના ફળ સ્વરૂપે રાજમહેલો, મંદિરો, જિનાલયોથી શરૂ થયેલી તે કળા આજે છેક ઝરૂખા, અત્તરદાની, સુરહી, પલંગ, ફોટોફ્રેમ, ધાતુના કે માટીના રાચરચીદિ સામગ્રીઓ પર ચિત્રીત થઈ લોકોના ઘર સુધી પહોંચેલી દેખાય છે.

### ઉસ્તા કળા વિકાસમાં જૈનોનું પ્રદાન

બીકાનેરના લક્ષ્મી નારાયણ મંદિર, ગઢમંદિરાદિની જેમ જૈનોએ પણ અહીંના જિનાલયાદિની શોભામાં અભિવૃદ્ધિ કરવાના ઉદ્દેશથી ઉસ્તા કારીગરોને આશ્રય આપી તેમની પાસે જિનમંદિરોમાં તેમજ ઉપાશ્રયોમાં મહાપુરુષોના જીવનચરિત્રના કે ગુરૂ ભગવંતોના ચિત્રો બનાવરાવ્યા. આવા જૈન દર્શનના ચિત્રો બનાવનારા ચિત્રકારોમાં ઉસ્તા મુરાદબક્ષ ઘણો પ્રસિદ્ધ તેમજ કુશળ ચિત્રકાર થયો. આ ચિત્રોની વિશેષતા કેવળ સુવર્ણના વરખથી કરાયેલ વેલ-બુટ્ટાની નકશી જ ન હતી, પરંતુ તે ચિત્રોની રંગપૂરણી પણ ત્યાં વિશેષ મહત્વ ધરાવતી. ઉઘડતા-ચમકદાર રંગોથી ઉપસાવેલા ચિત્રનો પૃષ્ઠભૂના રંગોની સાથે સુમેળ કરી ચિત્રની ત્રિપાર્શ્વિય (થી.ડી. આકૃતિ ઉભી કરવી તે પણ ઉસ્તાઓનો આગવો કસબ હતો.



संप्रति गुण सागर को चंवरी में केवल ज्ञान।

અહીંના શેઠ ભાંડા શાહ વડે નિર્મિત કરાયેલા ત્રૈલોક્યદીપક નામના સુમતિનાથ પ્રભુના જિનાલયમાં ઉપરોક્ત બન્ને પદ્ધતિના સંયોજનથી ચિતરાયેલા ઘણા ચિત્રો આજે પણ દશ્યમાન થાય છે. જિનાલયના રંગમંડપમાં ગુંબજની ઉપરના ભાગે આલેખાયેલ ચિત્રોમાં સ્થૂલિભદ્રજી, ભરત-બાહુબલીજી, વિજય શેઠ-શેઠાણી, ઈલાચી-પુત્ર, સુદર્શન શેઠ, નેમિનાથ તથા પાર્શ્વનાથ પ્રભુના જીવન-ચરિત્રના ચિત્રો તેમજ વિશ્વના સૌથી લાંબા વિજ્ઞપ્તિપત્ર (૯૭ ફૂટ)ના ચિત્રો આ શૈલીના ઉત્કૃષ્ટ નમૂના છે.

ભાંડાશાહના જિનમંદિરની જેમ બોહરો કી શેરીનું પ્રભુ મહાવીરસ્વામીજીનું જિનાલય પણ બીકાનેરનું અદ્ભુત ચિત્ર સ્થાપત્ય છે. વિ.સં. ૨૦૦૨ માં એટલે કે ૭૨ વર્ષ પૂર્વે શેઠ ભેરૂદાંન હાકિમ કોઠારીએ આ જિનાલયનું નિર્માણ કરી જિનાલયની પ્રદક્ષિણામાં મહાવીર સ્વામીજીના ૨૭ ભવો ને તથા પૃથ્વી ચંદ્ર-ગુણસાગર, શાલિભદ્રજી મેતારજ મુનિ, શ્રીપાળ-મયણાદિકના જીવનના વિશિષ્ટ પ્રસંગોને આ જ ચિત્રશૈલીમાં આલેખાવ્યા. તે સિવાસ પણ ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનું જિનમંદિર, નેમિનાથ પ્રભુનું જિનાલય, પાર્શ્વચંદ્રગચ્છના ચૈત્યાદિમાં ઉસ્તા ચિત્રકારીના થોડા ઘણા નમૂનાઓ નજરે પડે છે.


સમૃદ્ધ જૈન શ્રાવકોએ જિનાલયો ને શણગાર્યા બાદ પોતાના ઘરોને, હવેલીઓને પણ આ જ ચિત્રશૈલી દ્વારા ભવ્યતા આપી. જેમાંની રામપુરિયોં કી હવેલી, ઢઢ્ઢો કી હવેલીમાંની કેટલીક કલાકૃતિઓ આજે પણ ત્યાં મોજૂદ છે. આમ આ ઉસ્તા કળાનું પરિવહન કરવામાં જૈનોનું વિશેષ પ્રદાન રહ્યું છે. જો કે ફક્ત ઉસ્તા



કળા જ નહીં પરંતુ શિલ્પકળા, ચિત્રકળા, કાષ્ઠકળા, લેખનકળાદિ અન્ય કળાઓને વિકસાવવામાં પણ જૈન શ્રમણોએ તેમજ શ્રેષ્ઠિઓએ તેવો જ સુંદર પુરુષાર્થ કર્યો. સાંપ્રદાયિકતાના બંધનોને દૂર કરી, ઉદારચરિત થઈ તેમણે આ કળાઓને પોષી તેના સર્વોચ્ચ શિખર સુધી પહોંચાડી. આબુ-દેલવાડાના દેહરા, ઉસ્તાદ શાલિવાહનના ચિત્રો, ખંભાતના પાર્શ્વનાથ પ્રભુના જિનાલયના કાષ્ઠશિલ્પો તેનો બોલતો પૂરાવો છે.

### ઉસ્તાચિત્ર નિર્માણના તબક્કા

અન્ય ચિત્રકળાની જેમ આ ચિત્રનું કામ પણ કેટલાક તબક્કામાં કરવામાં આવે છે. સૌ પ્રથમ તેમાં કુદરતી લેપદ્રવ્યથી કે ઘસીને ચિત્રભૂમિને સપાટ કરવામાં આવે છે. ત્યારપછી ઈચ્છિત ચિત્રનું પ્રમાણ લઈ ચિત્રભૂમિ પર તેનું કાચુ ચિત્ર દોરવામાં આવે છે. 'અકબરા' નામના ત્યારપછીના સ્તરમાં ચિત્રને અનુરૂપ રંગપૂર્તિ કરી ચિત્ર સુકવી દેવામાં આવે છે. તે સૂકાઈ ગયા બાદ ચીકણી



માટી, ગુંદર, ગોળ તથા નૌસાદર ક્ષારનું મિશ્રણ તૈયાર કરી પીંછીની મદદથી તે ચિત્રમાંના ઈચ્છિત ભાગને ઉપસાવાય છે. પછી ઉપસાવેલો તે ભાગ સૂકાઈ જતા તેની ઉપર બે વાર પીળા રંગનો હાથ મારી સોનાના વરખના પાના તેના પર લગાડાય છે. અને છેલ્લે પીંછીની મદદથી ચિત્રના શેષ ભાગોમાં રંગપૂર્તિ કરી આઉટ લાઈન દ્વારા ચિત્રના અંતિમ તબક્કાને પૂર્ણ કરાય છે. વિશેષે કરી આ પ્રકારનું કામ વેલ-બુટા કે ફૂલ-પાંદડાદિ પ્રાકૃતિક ચિત્રણમાં, અથવા સ્ત્રી-પુરુષો કે દેવ-દેવીના અલંકારો કે વસ્ત્રાદિતા છેડામાં વિગેરે તથા સિંહાસન, ચિત્રબોર્ડરાદિમાં જોવા મળે છે.



પ્રાંતે પ્રસ્તુત લેખનનું મૂળ અમારી રાજસ્થાન વિહારયાત્રા છે. પૂ. ગુરુ મ.સા.પૂ.આ.શ્રી. વિજયસોમચંદ્રસૂરિજીની નિશ્રામાં અમે પ્રાયઃ ૭૦ જેટલા સાધુ-સાધ્વીજી ભગવંતોએ રાજસ્થાનના કેટલાક તીર્થોની યાત્રા કરી. જિનાલયોથી મંડિત તે ભૂમિની જ્યારે અમે સ્પર્શના કરી ત્યારે અનાયાસ જ તે-તે તીર્થોની, ગામોની કોઈને કોઈ ઐતિહાસિક કે સાંસ્કૃતિક સામગ્રી અમને જડી આવી. તેમાંની કેટલીક સામગ્રીઓનું અમારા વડે સંકલન પણ કરાયું. તે સંકલનમાંની જ એક સામગ્રી તે ઉસ્તા ચિત્રકળાના ચિત્રો. અત્યારે પણ કદાચ સેંકડો ભાવિકો તીર્થયાત્રાએ જતા હશે. હજુય ત્યાં આવી ઘણી સામગ્રી પડી હશે પરંતુ સમયાભાવે કે તદનુરૂપ દૃષ્ટિના વૈકલ્યથી સામગ્રી હોતે છતે યાત્રાળુઓ તે માણી શકતા નથી. પ્રસ્તુત લેખ વાંચી, વિચારી તીર્થયાત્રાએ જતા ભાવિકો રઘવાટને છોડી દઈ તીર્થના બાહ્યાભ્યંતર સૌંદર્યને માણે, તેમજ વડવાઓના દૂરંદેશિતા, ઉદારચરિતાદિગુણોને સમજી, જીવનમાં ઉતારી સ્વ-પરના કલ્યાણને સાધનારા બને એજ શુભેચ્છા.

❑❑❑

# જૈન કળા શૈલીમાં વૈવિધ્ય

આચાર્ય શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજ


ચિત્ર અને કળા વિષે અસંખ્યકાળથી પ્રયત્નો થતા આવ્યા છે. આ અવસર્પિણીના પ્રારંભમાં પરમાત્મા ઋષભદેવ પ્રભુએ પોતાના રાજ્યકાળ દરમિયાન બ્રાહ્મી અને સુંદરી બન્ને પુત્રીઓને કલાઓનું શિક્ષણ આપેલું.

જૈન આગમગ્રંથોના ઉલ્લેખો જોઈએ તો જ્ઞાતાધર્મકથાનામના અંગ ગ્રંથમાં (૧.૧.૧૭) મલ્લિકુંવરીના ચિત્રનો ઉલ્લેખ આવે છે. મલ્લિકુંવરીના સુવર્ણના બનેલા પૂતળાનો પણ નિર્દેશ છે.

પ્રશ્નવ્યાકરણ (૨.૫.૧૬) નામના ઉપાંગ આગમ ગ્રંથમાં ચિત્રના મુખ્ય ત્રણ પ્રકારો બતાવ્યા છે. ૧ સચિત્ર (પશુ, પક્ષી, માણસ વગેરે) ૨ અચિત્ર (આકાશ, પહાડ વગેરે) ૩ મિશ્ર (અલંકાર-યુક્ત માણસ વગેરે)

કપડાં, પથ્થર, કાષ્ટ જેવા માધ્યમો ઉપર અનેક રંગોની મદદથી ચિતરવામાં આવતા ચિત્રો માટે આગમોમાં 'લેપ્યકર્મ' શબ્દનો ઉલ્લેખ મળે છે.

તરંગવતીની કથામાં જાતિસ્મરણ દ્વારા જોયેલા પૂર્વભવના ચિત્રોનું પ્રદર્શન યોજવાની વાત છે. એ ચિત્રાવલી જોતાં એનાં પૂર્વભવના સાથીને પણ જાતિસ્મરણ જ્ઞાન થાય છે.



વિવિધ તીર્થોના વસ્ત્ર ઉપર ચીતરેલા પટો પણ પ્રાચીન કાળથી અર્વાચીનકાળ સુધીના અનેક મળે છે.

વર્તમાનમાં ઉપલબ્ધ ચિત્રો વિષે વિચારીએ તો ભારત અને ભારત બહારના સ્પેન, ફ્રાન્સ, પેરુ, અલસ્કા વગેરે દેશોમાં મળતાં ગુરુચિત્રો ઇસ્વીસન પૂર્વે ૫૦૦૦૦થી ઇ.પૂ. ૧૦૦૦૦ વર્ષ સુધીના હોવાનું વિદ્વાનો માને છે.

ભારતના પ્રાચીન ચિત્રો મધ્યપ્રદેશના આદમગઢ, રાયગઢ અને બિહારના ચક્રધરપુર વગેરે સ્થળોએ છે.

અજંતા અને વાઘ ગુફાના ચિત્રો વિદ્વાનોના મતે સાતમી સદીના છે. અને રજપુત ચિત્રકલા સોળમી સદીની છે.

આજથી સો વર્ષ પૂર્વે જ્યારે જૈન ગ્રંથોમાં રહેલા ચિત્રો વિશે દુનિયાને જાણકારી ન હતી ત્યારે વિદ્વાનો એવું માનતા કે – સાતમી થી ૧૫મી સદી સુધી ચિત્રકલા ક્ષેત્રે કંઈ ખેડાણ થયું નથી. પરંતુ આ ગેરસમજને ડૉ. આનંદ કુમારસ્વામિએ દૂર કરી.

ઇ.સ. ૧૯૨૪માં એમણે બર્લિન મ્યુઝિયમમાં સુરક્ષિત 'કલ્પસૂત્ર' ની સચિત્ર પ્રતનો પરિચય આપ્યો. અને દુનિયાને 'ગુર્જર ચિત્ર શૈલી' વિષે જાણ થઈ.

ગુર્જર ચિત્ર શૈલીના સેંકડો સુવર્ણાક્ષરી ચિત્ર યુક્ત ગ્રંથો ત્યાર પછી ધ્યાનમાં આવ્યા. આ ગ્રંથોમાં કલ્પસૂત્ર અને કાલક કથાની સંખ્યા વિપુલ છે જ. તદુપરાંત નિશીથચૂર્ણ અને ઉત્તરાધ્યયન સૂત્રોની પણ સચિત્ર પ્રતો મળે છે.

ગુર્જર શૈલીના સચિત્ર અજૈન ગ્રંથોના નામ ગીતગોવિન્દ 'બાલગોપાલસ્તુતિ', 'દેવીમાહાત્મ', 'રતિરહસ્ય', 'વસન્ત વિલાસ', 'ભાગવતા' આદિ છે.

એકંદરે અજંતા-ઈલોરાની ચિત્રશૈલીને સુરક્ષિત રાખવાનું અને એને વિકસિત કરવાનું અને રજપૂત ચિત્રશૈલીને જન્મ આપવાનું કાર્ય ૧૧થી ૧૫મી સદી સુધી તાડપત્ર વગેરે ઉપર ચિત્રિત કલ્પસૂત્ર વગેરેના ચિત્રો દ્વારા થયું છે આવું શ્રી મંજુલાલ રણછોડદાસ મજૂમદાર વગેરે વિદ્વાનોનું માનવું છે.

ગુર્જરશૈલી જૈનશૈલી પશ્ચિમભારત શૈલી અને અપભ્રંશશૈલી નામથી પણ ઓળખાવાય છે. કેટલાક વિદ્વાનોના મતે એમાં થોડો થોડો ફેરફાર પણ છે.

આ શૈલીના મુખ્ય લક્ષણો ડૉ. મોતીચંદે (કલાનિધિ અંક ૧, વર્ષ ૧, ૨૦૦૫ વિ.સં.) આ પ્રમાણે જણાવ્યા છે.

**(१) खाली जगह से निकली हुई आँख, (२) परवल के आकार की आँखे स्त्रियों की आँखो में कान तक गई काजल की रेखा (३) नुकीली नाक, (४) दोहरी हुड्डी (५) मुडे हुए हाथ तथा एंडी हुई अंगुलियाँ (६) अप्राकृतिकरुप से उमरी हुई छाती (७) खिलौने की तरह पशु-पक्षियों का अलंकरण (८) कमजोर लिखायी (९) प्राकृत दृश्यों की कमी (१०) इकट्ठा धरातलपर अनेक दृश्यों का अंकन (११) पंदरवी शताब्दी के अंतिम चरण को लेकर १६वीं शताब्दी तक हाँसियों का अलंकरण और (१२) चटकदार रंगो तथा सोने का अत्यधिक प्रयोग.**

તાડપત્રો અને કાગળ ઉપર ચિત્રકામ સહુથી પહેલાં જૈન-ગ્રંથોમાં જ મળે છે.



શ્વેતાંબર જૈન જ્ઞાનભંડારોમાંથી કલ્પસૂત્ર અને કાલક કથાના સચિત્રગ્રંથો વિપુલપ્રમાણમાં મળે છે. દિગંબર જૈન જ્ઞાનભંડારોમાં યશોધરચરિત્રની સચિત્ર હસ્તપ્રતો મોટી સંખ્યામાં મળે છે. જૈન કલાકારોએ વૈષ્ણવ સંપ્રદાયના ગ્રંથ આધારિત પ્રસંગોનું પણ ચિત્રણ કર્યું છે.

તાડપત્રીય ગ્રંથોની લંબાઈ દોઢ ફુટથી ચાર ફુટ સુધીની હોય છે પણ પહોળાઈ બેથી અઢી ઈંચ આસપાસ જ હોય છે. આટલી ઓછી જગ્યામાં ચીતરેલા ચિત્રોની સૂક્ષ્મ રેખાઓ કલાકારના કૌશલને ઉજાગર કરે છે.



વાચસ્પતિ ગૈરોલાના મતે જૈન ચિત્ર શૈલિમાં આંખોની વિશિષ્ટ રચના જૈન પ્રતિમાઓના ચક્ષુનિર્માણની દેન છે. (જુઓ ભારતીય ચિત્રકલા પ્ર. ૧૩૯-૧૪૦)

તાડપત્રીય ચિત્રોમાં મુખ્યત્વે પીળો રંગ અને સોનીરી રંગ વાપરવામાં આવ્યો છે.

પોથી ઉપર રાખવામાં આવતી લાકડાની પાટી ઉપર પણ સુંદર ચિત્રકામ થયું છે.

પંદરમી સદી પછીની સચિત્ર પોથીઓમાં ચારે બાજુની કિનારો (બોર્ડર) ઉપર પણ સુંદર ચિત્રો જોવા મળે છે.

તાડપત્રીય ગ્રંથોમાં દોરો પરોવવાની પદ્ધતિ હોવાથી વચ્ચેની



જગ્યા કાણા માટે છોડવામાં આવતી પાછળથી કાગળની પ્રતો પર લેખન શરૂ થયું ત્યારે કાણું પાડવાનું ન હોવા છતાં વચ્ચે જગ્યા છોડવાની પરંપરા કાયમ રહી અને એ જગ્યા એવી રીતે છોડવામાં આવતી કે વચ્ચે છત્ર કે કમળ કે સાથિયાની આકૃતિ ઉભરી આવે.

મુનિ કાંતિસાગરજી એમના લેખ જૈનો દ્વારા પલ્લવિત ચિત્રકલા (વિશાલભારત ડિસે. ૧૯૪૭ ના. ૪૦ અંક ૬ પ્ર. ૩૪૧-૮) માં જણાવે છે કે -

**''कल्पसूत्र की एक प्रति जो अमदावादमें सुरक्षित है... भारतीय नाट्य, संगीत और चित्रकला, तीनों दृष्टियों से उसका स्थान अपूर्व है। इन चित्रों में राग-रागीनी, मूर्दना तान आदि की योजना संगीतशास्त्र के अनुसार है, और आकाशचारी, पादचारी, भोमचारी वगेरह भरतमुनि के नाट्यशास्त्र में वर्णित नाट्य के विभिन्नरुप बडे ही भावपूर्ण है, प्रत्येक की मुखमुद्रा उनके ह्रदयगत भावों का स्पष्टीकरण करते हुए विविधरुप उत्पन्न कर साधारण मानव को भी अपनी ओर आकृष्ट करती है। यही उक्त प्रति की कुछ विशेषताएँ है।''**

નર્મદા પ્રસાદ ઉપાધ્યાય એમના ગ્રંથ જૈન ચિત્રાંકન પરમ્પરા (પ્ર. ૨૦૨માં) લખે છે કે -

**''जैन 'कल्पसूत्र' की सबसे पुरानी सचित्र प्रति का संदर्भ चौथी शताब्दी ईसापूर्व का है। यह कहा जाता है कि यह प्रति संभवतः अभी किसी नाहर परिवार में है।''**

ઈતિહાસ અને કલાના અદ્ભુત સંગમ જેવા વિજ્ઞપ્તિપત્રો જૈન ચિત્રકારોની અદ્ભુત દેન છે. પચ્ચીસ કે પચાસ ફુટ લાંબા અને



એકાદ ફુટ પહોળાઈ ધરાવતા વિજ્ઞપ્તિપત્રોમાં વિવિધ ચિત્રો સાથે આચાર્ય ભગવંતને પોતાના નગરમાં પધારવાની વિનંતી કરતું લખાણ હોય છે. રસ્તામાં આવતા ગામોની વિગત અને સ્થળચિત્રો વગેરે હોય છે.

વિ.સં. ૧૬૬૭ માં લખાયેલ આગરાના વિજ્ઞપ્તિપત્રમાં ચિત્રકારે પોતાના નામનો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો છે : **उस्ताद शालिवाहन बादशाही चित्रकारने जैसे भाव अपनी आँखो से देखे, वैसे ही ऊन सूक्ष्म ऊर्मियों को अपनी मस्तिष्क हृदययुक्त कल्पना के सहारे तूलिका से निर्मित किये।**

મુગલ બાદશાહ જહાંગીરના આ ચિત્રકાર શાલિવાહનને આ વિજ્ઞપ્તિપત્ર ઉપરાંત અતિસાર રચિત ધન્નાશાલિભદ્ર ચૌપાઈમાં પણ ચિત્રો ચિતર્યાં છે.

ઉપાધ્યાય સમયસુંદરજીએ 'રાજાનો દદત્તે સૌખ્યમ્' આ એક વાક્યના આઠલાખથી વધુ અર્થ ખોલતી 'અર્થરત્નાવલી' ટીકાની પ્રત બાદશાહ અકબરને ભેટ આપેલી. આ પ્રતમાં અકબરકાલીન ભીંતચિત્રો અને બીજા ચિત્રોનું વર્ણન છે.


બૃહત્સંગ્રહણી વગેરેમાં ભૌગોલિક ચિત્રોવાળી અનેક પ્રતિઓ પ્રાપ્ત થાય છે.

વાચસ્પતિ કૌશલાનું માનવું છે કે – જૈનકલામાં જે લોકકલાને સમર્થન મળ્યું છે. કલ્પસૂત્ર અને કાલકા કથાના ચિત્રોમાં લોકજીવન, લોકસંમતિની ઝલક દેખાય છે. (પૃ ૧૪૩)

પાદનોંધ :

૧. ભારતીય ચિત્રકલા લેખક વાચસ્પતિ ગૈરોલ
૨. Aspect of Jain Art and Architecture
૩. Jain Paintings Vol. I-II
   Jain Art from India
૪. 'વિશાલ ભારત' ઇ.સ.૧૯૪૭ ડિસેંબરના અંકમાં 'જૈનો દ્વારા પલ્લવિત ચિત્રકલા' લેખ પ્રગટ થયો છે. લેખક મુનિ કાંતિસાગરજી છે.
૫. જૈન ચિત્ર કલ્પલતા સંપાદક : સારાભાઈ નવાબ
૬. જૈન ચિત્ર કલ્પદ્રુમ ભા. ૧-૨ સંપાદક સારાભાઈ નવાબ
૭. જૈન કાષ્ઠપર ચિત્ર  વાસુદેવ અમાર્ત
૮. જૈન ચિત્રાંકન પરંપરા (આહેર કલ્પસૂત્ર કે વિશેષ સંદર્ભ મેં)
૯. જૈન કલા એવં સ્થાપત્ય ભા. ૧-૨-૩ ભારતીય જ્ઞાનપીઠ
૧૦. New Documents of jain Paintings પ્ર. મહાવીરવિદ્યાલય
૧૧. Jain Art લે. આનંદ કે કુમારસ્વામી
૧૨. Jain Art and Aesthetics

❑❑❑



## સમજ અને સ્વભાવના અંતરને ઓગાળીએ

સમજ અને સ્વભાવમાં કોણ ક્યારે જીતે છે એ જોતાં રહેવું પડે. લોકો તો ક્ષણે ક્ષણે સમજને જુએ, જાણે, ઓળખે; કારણ કે તેના આધારે બોલાય છે, લખાય છે. જ્યારે સ્વભાવ તો સીધો વર્તનમાં ડોકાય છે. સ્વભાવ મુજબનું વર્તન અને સમજ મુજબની વાણી — તેની વચ્ચે અંતર દેખાય ત્યારે લોકો સમજનો છેદ ઉડાડે, કારણ કે સ્વભાવે સમજને છેદ દીધો. સાચી વાત તો એ છે કે, સમજ વધતાં સ્વભાવમાં પણ યથાયોગ્ય ફેરફાર થવો જરૂરી છે. સ્વભાવમાં ફેરફાર એ આપણી સમજનું ફળ છે.

સમજ જ્ઞાનથી નીપજે છે. જ્ઞાન તો દર્પણ છે. દર્પણમાં જોઈ જેમ આપણા મુખને આપણે ઠીકઠાક કરીએ છીએ તેમ સમજને આધારે સ્વભાવને સુધારતા રહીએ. પછી સમજનો ભાર નહીં રહે. સ્વભાવની સુંદરતા વધશે. સમજ અને સ્વભાવનું અંતર જેટલું ઓછું તેટલી એ વ્યક્તિ મહાન ! — આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ

માછલી અને હંસ. સ્વભાવ અને સમજ ! માછલી જેવો તરલ સ્વભાવ બદલાતો બદલાતો. સુધરતો છેવટે હંસ જેવો શુભ્ર – અજવાળિત થઈ. નીર-ક્ષીરના ભેદ પારખી શકે એવી સમજ કેળવી. છેક પાતાળમાંથી ઊર્ધ્વ દિશાએ આકાશગામી થઈ મુક્તિની ઉડાન હાંસલ કરશે. આ પરિવર્તન આમ ક્રમે ક્રમે અને અનાયાસે –સહજપણે થતું. જગપ્રખ્યાત કલાકાર એસ્ચરે, કુનેહભરી કળાથી દર્શાવ્યું છે.

# જૈન ચિત્રકલા

ભારતી બી. શાહ

ભારતીય આર્થ મહાસંસ્કૃતિના આવિર્ભાવ અને તેના પાયાઓને મજબૂત કરવા માટે ભારતવર્ષની ત્રણ મહાપ્રજાઓએ ખાસ ભાગ ભજવ્યો છે. જૈન, બૌધ્ધ અને હિંદુ. ધર્મની એ ત્રણ પ્રજાઓ પૈકી જૈન ભારતીય સંસ્કૃતિને પગભર કરવામાં, એના વિકાસમાં અને વિશ્વવ્યાપી બનાવવામાં અદ્ભૂત ભાગ ભજવ્યો છે. આ સત્ય હકીકત છે. વર્ષોના વર્ષો અગાઉ પાશ્ચાત્ય તેમ જ ભારતીય જૈનેતર વિદ્વાનોએ જૈન સાહિત્ય અને જૈન ઈતિહાસના વિવિધ અંગોને જે ઊંડાણથી અને ઝીણવટથી છણ્યા છે, અને એનું જે મહત્વ આંક્યું છે, તેનો આપણને ખ્યાલ સરખો પણ નથી. વિવિધ કલાઓમાં શિલ્પ, સંગીત અને ચિત્રકળાનું સ્થાન ભારતની પ્રાચીન સંસ્કૃતિ છે. ભારતીય ચિત્રકલાનો ઈતિહાસ બહુ જ પ્રાચીન છે. જૈન ચિત્રકારોએ હસ્તપ્રત દ્વારા કાગળ, કાપડ, કાષ્ઠ અને તાડપત્ર વગેરે ઉપર અતિ સુંદર અને મનોહર, નયનરમ્ય ચિત્રોનું નિરૂપણ કરીને સમગ્ર વિશ્વમાં ભારતની જૈન ચિત્રકલા - Jain Paintings ને રંગબેરંગી સ્વરૂપે વિશિષ્ટ દરજ્જો અપાવ્યો છે. જૈન ધર્મ શિલ્પ, સ્થાપત્ય હસ્તકલા, ચિત્રકલામાં નિઃશંક રીતે સત્ય સ્વરૂપમાં પ્રત્યક્ષ થાય છે. આ ક્ષેત્રમાં તેનો કોઈ પ્રતિસ્પર્ધી નથી. ભારતીય ચિત્રકલાનો સર્વ પ્રથમ નિર્દેશન પહેલી શતાબ્દીમાં અજંતાની ગુફામાં જોવા મળે છે.



તિરુમભાઈ-ભીંતચિત્ર

જૈન શ્રુતાંગ 'નાયાધમ્મનીકહાઓ'માં ધારિણી દેવી નાં શયનગૃહનું જે વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં બતાવ્યું છે કે તેમના શયનકક્ષની છતો લતા અને પાંદડીઓથી સુંદર રીતે ચિત્રિત કરીને અલંકૃત બનાવી છે. આ ગ્રંથમાં રાજકુમાર મલ્લદીન નિર્મિત પ્રમોદવન માં ચિત્ર સભાનું નિર્માણ કર્યાનું વર્ણન છે. મલ્લદીને ચિત્રકારોને આમંત્રિત કરી પ્રમોદવનમાં ચિત્ર સભા નિર્માણ કરીને તેઓને હાવ-ભાવ, વિલાસ અને ભ્રમથી સુસજ્જિત કરવા કહ્યું હતું. ચિત્રકારો તેમની આજ્ઞા સ્વીકારીને પોતપોતાના ઘરેથી રંગ અને પીંછી વિ. સાધનો લઈને આવ્યા અને ચિત્ર બનાવવામાં મગ્ન બની ગયા. તેઓએ ભીંતોના ભાગ કર્યા, તેના પર લેપન કરી ચિત્ર દોરવાનું શરૂ કર્યું. આ ચિત્રકારોમાં એક ચિત્રકારમાં એવી પ્રવિણતા હતી કે એકવાર તે કોઈ પણ નર, નારી, પશુ કે પક્ષી નું માત્ર એક જ અંગ જોઈ લે તો તેના પરથી હુબહુ એનું જ ચિત્ર બનાવી લેતો. તેણે રાજકુમારી મલ્લીનાં પગનો એક માત્ર અંગૂઠો જોઈને પૂર્ણ ચિત્ર મલ્લીકુમારીનું બનાવ્યું.

''બૃહતકલ્પભાષ્ય'' ગ્રંથ માં એક ગણિકાની જીવનકથા છે. જે ચોસઠકલામાં પ્રવિણ હતી. તેની ચિત્રસભામાં વિવિધ પ્રકારના, વિવિધ જાતીઓના વ્યવસાયિક પુરુષોના ચિત્રો અંકિત હતા. તે પોતાના મહેમાનોને સૌથી પહેલાં આ ચિત્રસભામાં લઈ આવતી અને તેમની જે પ્રતિક્રિયા જોતી, તેવો જ વહેવાર તેમની સાથે કરતી. ''આવશ્યક ટીકા''માં કહેવામાં આવ્યું છે કે; ''નિરંતર અભ્યાસ દ્વારા જ ઉત્તમ ચિત્રકાર બની શકાય છે. જેને કોઈ પરિમાપની જરૂર હોતી નથી.'' આ ગ્રંથમાં ચિત્રકારોની હસ્તકલા કૌશલતાનું વર્ણન કરતા કહ્યું છે કે, એક શિલ્પીએ મોરનું એક એવું ચિત્ર અંકિત કર્યુ કે રાજા સાચો મોર સમજી ને પકડવા દોડયો. આજ છે જૈન ચિત્રકલા.

Jain Paintings નું પ્રથમ નિર્દેશન આપણને અજંતાની ગુફામાં જોવા મળે છે. જૈનોએ દક્ષિણ ભારતનાં અનેક મંદિરોમાં દિવાલ પર ચિત્રકલા દ્વારા યોગ્ય કલાનું નિર્દેશન પ્રાચીન સમયમાં કર્યુ હતું. જેમાં વિશેષ ઉલ્લેખ તિરૂમલાઈનાં જૈન મંદિરોનો કરવામાં

આવે છે. આકાશમાં વાદળોમાં ઉડતા દેવતાઓનું ચિત્ર અત્યંત સુંદર રીતે ચિત્રાંકન કર્યુ છે. હારબધ્ધ દેવતાઓ તીર્થંકર પ્રભુનો ઉપદેશ શ્રવણ કરવા આવી રહ્યા છે. તેમાં કોઈ દેવતા જાણે પ્રભુ માટે પુષ્પ લેવા ઉદ્યાનમાં ઉભા છે. તો બીજી તરફ એક સાધુ ભિક્ષા આપનાર શ્રાવિકાઓને ઉપદેશ આપી રહ્યા છે. આ ચિત્રોમાં પણ રંગોની ચમક અજંતાના ચિત્રો જેવી છે.

શ્રવણ-બેલગોડાંનાં જૈન મંદિરોમાં પણ અનેક ભીંત ચિત્રો અંકિત છે. જેમાં એક ચિત્રમાં ભગવાન પાર્શ્વનાથ ઉપદેશ આપી રહ્યા છે, તો બીજાં ચિત્રમાં અરિષ્ટનેમિ છે, અન્ય ચિત્રોની વચમાં લેશ્યાવૃક્ષનું મનોહર ચિત્ર છે. મૈસુરના રાજા કૃષ્ણરાજ ઓડયાર (ત્રીજા) નો દશેરા દરબાર પણ અંકિત છે.

જૈન ચિત્રકળાનું સૌથી પ્રાચીન ભીંતચિત્રનું કામ (ઈ. ૬૨૫)માં મહેન્દ્ર વર્માના શાસનકાળ દરમ્યાન તાંજોર નજીક સિત્તન્નવાસલની ગુફામાં અંકિત થયું હતું. આ રાજા શૈવ ધર્મી બન્યો તે પહેલાં જૈન ધર્મી હતો. ચિત્રકલા પ્રત્યે તેને બહુજ પ્રેમ હતો. તેને 'દક્ષિણ ચિત્ર નામક' એક શાસ્ત્રનું સંકલન કર્યુ હતું. એક સમય ગુફાની દિવાલો પર, છતો અને સ્થંભો પર સર્વત્ર ચિત્રો અંકિત કરાવ્યા હતા. પરંતુ આજે તે ખાસ જોવા મળતા નથી. તેમ છતા આ કલાનું મૂલ્યાંકન કરી શકાય તેવા કોઈ કોઈ ચિત્રો જોવા મળે છે. આકાશમાં વાદળોની વચ્ચે નૃત્ય કરતી અપ્સરાઓ અને રાજા-રાણીની સુંદર આકૃતિઓ સ્પષ્ટ રીતે જોવા મળે છે. છત પર પદમાવનનાં બે ચિત્રો છે. એકમાં સરોવરની વચમાં એક સ્ત્રી તથા એક પુરુષ છે, સ્ત્રીનાં જમણા હાથમાં કમળ છે. પુરુષ તેના ડાબા હાથના ખભા પર કમળની ડાળી લઈને ઉભો છે. અતિ સુંદર, નયનરમ્ય આ ચિત્ર છે. બીજાં સ્થાન પર હાથીની સૂંઢ દ્વારા કમળની દાંડીઓને ઉખાડી ફેંકવાનું ચિત્ર દર્શાવ્યું છે. ક્યાંક ગાયો ચરી રહી છે, તો ક્યાંક હંસયુગલ ક્રીડા કરી રહ્યું છે, પતંગિયા કમળ પર આમતેમ ઉડયા કરે છે. માછલીઓ જળક્રીડા કરી રહી છે તેની જ સાથે બીજાં ચિત્ર અનુસાર એક પુરુષ તોડેલા કમળની છાબ લઈને ઉભો છે, તથા સરોવરના પાણીમાં હાથી-ગાય વગેરે ક્રીડા કરી રહ્યા છે.

ચિત્તન્નવાસલની છત જેવું બીજું ચિત્ર ઈલોરાના કૈલાશ મંદિરમાં જોવા મળે છે. આ છે તો શૈવ મંદિર પણ અહીં એક ચિત્રનો વિષય જૈનનો છે જેમાં દિગંબર સંપ્રદાયના સાધુની શોભાયાત્રા અને રાજ દ્વાર પર તેમને વંદન કરતાં સમુદાયનું દશ્ય છે. ઈલોરાની ઈન્દ્રસભા નામે શૈવ મંદિરમાં જે બધાં ભીંત ચિત્રો છે તે (છઠ્ઠી થી દસમી શતાબ્દી)નાં સુંદર મનોહર ચિત્રો છે આજે તે ખાસ જોવા મળતા નથી.

જૈન ભીંતચિત્રોની કલાનો વિકાસ ૧૧મી શતાબ્દી છે તે ઉપરાંત તાડપત્રોના ચિત્રોની શરૂઆત ૧૧ મી શતાબ્દીથી ૧૪ અને ૧૫મી શતાબ્દી સુધીનો રહ્યો. ત્યારબાદ કાગળનો યુગ શરૂ થયો. આજે પણ ઘણાં જ્ઞાન-ભંડારોમાં જૈન તાડપત્રોની પ્રતો અને પુસ્તકો હજારોની સંખ્યામાં છે. તેમાંથી ઘણાં ખરા તો ઉત્તર-દક્ષિણનાં જૈન શાસ્ત્રના જ્ઞાનભંડારોમાં સુરક્ષિત છે. તેમાં ચિત્રો સામાન્ય રીતે લેખની ઉપર અથવા નીચે, ડાબી-જમણી બાજુમાં અને ક્યાંક તો લેખની વચમાં પણ જોવા મળે છે. આ ચિત્રો મોટે ભાગે ગ્રંથના વિષય સાથે બહુ ઓછો સંબંધ ધરાવે છે, જૈન તાડપત્રીય ગ્રંથ જે સૌથી વધારે પ્રાચીન માનવામાં આવે છે. તે છે 'નિશીથમૂર્ણિ'.

આ ગ્રંથ પાટણ સ્થિત સંઘવીના પાડામાં જૈન જ્ઞાનભંડારમાંથી પ્રાપ્ત થાય છે. ગ્રંથની પ્રસ્તાવનામાંથી જાણવા મળે છે કે આ ગ્રંથ 'ભૃગુકચ્છ'નાં સોલંકી રાજા જયસિંહ (ઈ.સ. ૧૦૯૪ થી ૧૧૪૩)નાં સમયમાં લખાયું છે. આના જ સમકાલીન દક્ષિણ ભારતના મુડબિદ્રીના શાસ્ત્રભંડારોમાં સુરક્ષિત 'ષટખંડાગમ'નું તાડપત્રીય પુસ્તક છે. દિગંબર સંપ્રદાય દ્વારા સુરક્ષિત સાહિત્યમાં આ ગ્રંથ સૌથી પ્રાચીન છે. મૂળ ગ્રંથ છઠ્ઠી શતાબ્દીનો છે અને ટીકા નવમી શતાબ્દીની છે.

ઈ.સ. ૧૧૨૭ માં લિખિત ખંભાતના શાંતિનાથ જૈનમંદિરમાં, નગીનદાસ જ્ઞાન ભંડારમાં 'જ્ઞાતાધર્મસૂત્ર'ની પ્રત તાડપત્રીય છે તેનાં પર પદ્માસન મહાવીરસ્વામીની આસપાસ ચૌરીવાહકો તથા મા સરસ્વતી દેવીના ત્રિભંગ ચિત્ર બહુ જ સુંદર છે. ચાર હાથોવાળી દેવીના બે ઉપરના હાથોમાં કમળ અને



સિત્તન્નવાસલ-ગુફામાં ભીંતચિત્ર

નીચેના હાથોમાં અક્ષરમાળા અને પુસ્તક છે. બાજુમાં હંસ છે. માતાના મુખની પ્રસન્નતા અને અંગ-પ્રત્યંગના હાવ-ભાવ તથા વિલાસ અતિ સુંદર ભાવોથી અંકિત કરવામાં આવ્યા છે.

વડોદરા નજીક છાણી જૈન ભંડારમાં 'ઓઘનિર્યુક્તિ'ની તાડપત્રીય પ્રત (ઈ.સ.૧૧૬૧)નું ચિત્ર એક વિશેષ કારણથી ઉલ્લેખનીય છે. કારણકે તેમાં ૧૬ વિદ્યાદેવી અને અન્ય દેવ-દેવી-યક્ષોનાં પણ બહુ જ સુંદર ચિત્રો અંકિત છે. બધી જ દેવીઓ ચાર હાથોવાળી અને ભદ્રાસનમાં છે. માત્ર અંબિકા માતા બે હાથોવાળા છે. આ બધાં જ ચિત્રોમાં નાક, ચિબુક ની કોણાકૃતિ અને બીજી આંખ મુખાવયની બહાર અંકિત છે. (side face)

ઈ.સ. ૧૨૮૮માં લિખિત 'સુબાહુ કથાદિ' કથા સંગ્રહમાં તાડપત્રીય પ્રતમાં ભગવાન નેમિનાથના વરઘોડાનું ચિત્ર સુંદર રીતે ચિત્રાંકન કર્યુ છે. રાજીમતી વિવાહ મંડપમાં બેઠી છે, દરવાજા પાસે હાથી પર સવાર વ્યક્તિ નેમિનાથનું સ્વાગત કરી રહી છે. નીચે વાડામાં પશુઓની આંખોમાં આંસુ દેખાય છે. એક ચિત્રમાં હરણ વગેરે અન્ય પશુઓ બલદેવ મુનિનો ઉપદેશ સાંભળી રહ્યા છે. આ ગ્રંથના ચિત્રો માટે ડૉ. મોતીચંદના મતાનુસાર પશુ-પક્ષી અને વૃક્ષોનું ચિત્ર પ્રથમવાર તાડપત્રીય પ્રતમાં અંકિત થયું. આ ચિત્રોમાં પશ્ચિમી ભારતની ચિત્ર શૈલી પ્રાપ્ત થઈ.

સન ૧૩૫૦ થી ૧૪૫૦ વચ્ચે જે તાડપત્રીય ચિત્રો મળે છે. તેમાં શાસ્ત્રીય અને સૌંદર્યની દૃષ્ટિએ ખાસ વિશેષતા દેખાય છે. આકૃતિઓ અતિ સૂક્ષ્મ રીતે અંકિત થઈ છે. રંગોમાં વિવિધતા અને ચમક આવ્યા છે. તે ઉપરાંત આ સમયમાં પહેલી જ વાર સુવર્ણરંગોનો ઉપયોગ થયો. જે મુસલમાનોની સાથે આવેલા ઈરાની ચિત્રકારોનો પ્રભાવ હતો. આ શૈલીની પ્રતો વધારે 'કલ્પસૂત્ર'માં જોવા મળે છે. આમાં સૌથી મહત્વની ઈડરના જ્ઞાન ભંડારમાં એ પ્રત છે જેમાં ૩૪ ચિત્રો છે. જેમાંના થોડા પ્રભુ મહાવીર, પ્રભુ પાર્શ્વનાથ અને પ્રભુ નેમિનાથના જીવનના અનેક પ્રસંગો (પાંચ કલ્યાણક) સાથે સંબંધિત છે. તેમાં પણ પ્રથમ વાર સોનાના રંગોનો પ્રયોગ થયો છે સાથે સાથે આખા ગ્રંથનું લેખન પણ સોનાની શાહીથી થયું છે. 'કલ્પસૂત્રની આઠ તાડપત્ર પ્રતો તથા વીસ કાગળની પ્રતો પરથી ૩૭૪ ચિત્રો સહિત 'કલ્પસૂત્ર'નું પ્રકાશન થઈ ચૂક્યું છે. સારાભાઈ નવાબે પોતાના 'કાલક કથા' સંગ્રહમાં છ તાડપત્ર અને નવ કાગળની પ્રતો પર ૮૮ ચિત્રો પ્રસ્તુત કર્યા છે. ડો. મોતીચંદે પોતાના ''જૈન મિનિએચર પેઈન્ટિંગ્સ ફ્રોમ વેસ્ટર્ન ઈન્ડિયા''માં ૨૬૨ ચિત્રો આપ્યા છે.

ઈ.સ. ૧૦૫માં સર્વપ્રથમ કાગળનો આવિષ્કાર ચીનમાં થયો. ઈ.સ. ૧૦-૧૧ શતાબ્દીમાં આરબ દેશે પણ કાગળ બનાવવાની શરૂઆત કરી અને ત્યાંથી કાગળ ભારતમાં આવવા માંડ્યો. મુનિ જિનવિજયજીના મત મુજબ જેસલમેરના જૈન જ્ઞાનભંડારમાંથી 'ધવન્યાલોક લોચન' ની અંતિમ પ્રત મળી. તેના લેખનનો સમય ઈ.સ. ૧૧૬૦ ની આસપાસનો છે. કારંજા જૈન જ્ઞાનભંડારમાં સુરક્ષિત 'રત્ન કરંડ શ્રાવકાચાર'ની શ્રી પ્રભાચંદ્રદત ટીકા સહિત જે પુસ્તક છે તેનો સમય ઈ.સ. ૧૩૫૮ છે. હાલમાં આ પુસ્તક લંડનની ઈન્ડિયા ઓફિસ લાયબ્રેરીમાં સુરક્ષિત છે. આ પુસ્તકમાં ૩૧ ચિત્રો છે. સાથે 'કાલકાચાર્ય કથા'નાં ૧૩ ચિત્રો છે. લાલ, કાળો, સફેદ, રૂપેરી અને સોનેરી સહીના ઉપયોગથી લખવામાં આવ્યો છે. પ્રત્યેક પાનાના કિનારે કિનારે હાથી, હંસ, ફુલ અને કમળોનાં ચિત્રો દોરવામાં આવ્યા છે. લક્ષ્મણ-ગણિકૃત 'સુપાસનાહ ચરિત્ર'નું સચિત્ર પુસ્તક પાટણનાં હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન ભંડારમાં સુરક્ષિત છે એનો સમય ઈ.સ. ૧૪૧૧ નો છે એમાં ૩૭ ચિત્રો છે. ત્યારબાદ સચિત્રો સાથેની 'કલ્પસૂત્ર'ની અનેક પ્રતો જુદા જુદા જ્ઞાનભંડારોમાં મળે છે.

બરોડાનાં નરસિંહ જ્ઞાન ભંડારમાં રક્ષિત 'કલ્પસૂત્ર'ની પ્રત, જોનપુરમાં સોનેરી શાહીથી, આઠ ચિત્રો સાથેની હુસેન સાહેબના શાસન દરમ્યાનની છે. જેમાં ઋષભદેવનો રાજ્યાભિષેક, ભરત-બાહુબલીનું યુધ્ધ, ત્રિશલાના ૧૪ સ્વપ્નો, કોશા નર્તકીનું નૃત્ય, વિ. જોવા મળે છે. ચિત્રોમાં લાલ ભૂમિકા પર પીળો, લીલો નીલો વિ. રંગ સાથે સોનેરી રંગનો પ્રયોગ કરવામાં આવ્યો છે. એક વધુ નોંધનીય પ્રત અમદાવાદનાં દેવસેન પાડાના ભંડારમાં છે. કલાની


સમવસરણ-તિરુવન્નમાલાઈ

દૃષ્ટિએ આમાંના ૨૫-૨૬ ચિત્રો સર્વશ્રેષ્ઠ માનવામાં આવ્યા છે. ચિત્રોમાં ભારત નાટયમનું વર્ણન, વિવિધ નૃત્ય મુદ્રાઓ અંકિત કરવામાં આવી છે. એક ચિત્રમાં મહાવીર દ્વારા ચંડકૌશિકને શાંત કરતું દૃશ્ય બતાવ્યું છે.

કાગળની આ બધી પ્રતો શ્વેતાંબર જૈન સંપ્રદાયની છે. 'કલ્પસૂત્ર' અને 'કાલકાચાર્ય કથા' નાં એક થી વધારે ચિત્રો ગ્રંથમાં અંકિત છે અને પ્રકાશિત કરવામાં આવી છે. પરંતુ દિગંબર જૈન ભંડારોમાં સચવાયેલ સચિત્ર આ પ્રતો આજ સુધી નથી પ્રકાશિત થઈ કે નથી મુદ્રણ થઈ. દિલ્હીનાં શાસ્ત્ર ભંડારમાં રક્ષિત પુષ્પદન્તકૃત 'મહાપુરાણ' કથા, જેમાં સોથી વધારે ચિત્રો છે. નાગૌરનાં શાસ્ત્ર ભંડારમાં રક્ષિત 'યશોધર ચરિત્ર'માં પણ ખૂબ સુંદર ચિત્રો છે. નાગપુરનાં શાસ્ત્ર ભંડારમાં રક્ષિત 'સુગંધ દશમી'ની કથામાં ૭૦ થી વધારે ચિત્રો છે. મુંબઈમાં 'ભક્તામર સ્તોત્ર'ની એક સચિત્ર પ્રત મળી છે. જેમાં ૪૦ ચિત્રો છે. નેમિચંદ્રજીનું 'ત્રિલોકસાર'નું સચિત્ર પુસ્તક ઉલ્લેખનીય છે.

કાગળ ચિત્રકલાના માધ્યમથી, ચિત્રોનો વિકાસ થયો. પરિવર્તન આવ્યું. તાડપત્રીય યુગમાં ચિત્રોમાં બે અથવા અઢી ઈંચથી વધારે જગ્યા નહોતી મળતી. પરંતુ હવે તો કાગળમાં જોઈએ તે મુજબ માપ મળી રહે છે. તાડપત્રમાં રંગ ભરવા અઘરા હતા પણ કાગળમાં રંગ ભરવાનું કામ સરળ બની ગયું.

ત્યારબાદ કાષ્ઠ (લાકડું) અને કપડાંનો ઉપયોગ કરવાની પ્રથા શરૂ થઈ. આ કાષ્ઠ તાડપત્રીની સુરક્ષા માટે ઉપર અને નીચે રાખવામાં આવે છે. ચિત્રકારો તેના પર ચિત્રો અંકિત કરવા લાગ્યા. એક સચિત્ર કાષ્ઠ પર જેસલમેરના જ્ઞાન ભંડારમાંથી મુનિ જિનવિજયજીને પ્રાપ્ત થયું. જેની લંબાઈ-પહોળાઈ ૨૭''x ૩'' ઈંચ હતી. રંગ એવો પાકો હતો કે પાણીથી પણ ધોઈ શકાય નહી પટની વચમાં એક જૈન મંદિર, જેમાં જૈન તીર્થંકરની મૂર્તિ છે. જેની જમણી બાજુ બે ભક્ત અંજલિબધ્ધ ઉભા છે. બીજા એક કાષ્ટ ચિત્રમાં વ્યાખ્યાન શ્રવણ કરતાં જૈનો, અને આચાર્ય જિનદત્તસૂરિ બેઠા છે. તેમની બાજુમાં પંડિત જિનરક્ષિત બેઠા છે. મુનિની સામે સ્થાપનાચાર્ય છે. જિનદત્તસૂરિનો સમય ઈ.સ. ૧૧૩૨થી ૧૨૧૧, વિક્રમ સંવત (૧૦૭૬ થી ૧૧૫૫)નો બતાવ્યો છે. આ સિવાય બીજાં કાષ્ઠપટ પર જે ૩૦''x૫'' ઈંચ છે. તેમાં વાદી દેવસૂરિ અને આચાર્ય કુમુદચંદ્ર વચ્ચેનો સુવિખ્યાત વાદ કરતું ચિત્ર અંકિત છે.

સારાભાઈ નવાબનાં સંગ્રહમાં એક ૩૦'' લાંબુ અને ૨૩/૪ પહોળું કાષ્ઠ પટ છે. જેમાં ભરત બાહુબલી વચ્ચેના યુધ્ધનું વર્ણન તથા પ્રભુ મહાવીરનું જીવનચરિત્ર પણ અંકિત છે. ઈ.સ. ૧૩૬૯માં લખાયેલ 'ધર્મોપદેશમાલા'નું કાષ્ઠ પટ ૩૫'' લાંબુ અને ૩'' પહોળું છે. આમાં પણ ભગવાન મહાવીરનું જીવનચરિત્ર અંકિત છ ` .

કપડા પર ચિત્રકામ કરવાની પધ્ધતિ પણ બહુ જ પ્રાચીન છે. જૈન સાહિત્યમાં મહાવીરનાં શિષ્ય મંજલી પુત્ર ગોશાલાના પિતા દીક્ષા લેતા પહેલાં ચિત્રો બનાવીને જીવન નિર્વાહ કરતા હતા. પરંતુ કાપડ પરનું ચિત્રકામ વધારે સમય સુધી ચાલતું નહોતું. તેથી તેના બહુ પ્રાચીન નમૂના જોવા મળતા નથી. તેમ છતાં ૧૪મી શતાબ્દીનાં અનેક વસ્ત્ર પર બિકાનેરમાં અગરચંદ ભંવરલાલ નાહટા સંગ્રહાલયમાં જેની લંબાઈ x પહોળાઈ ૧૮૧/૪''x૧૭'' છે. આ ચિત્રપટ પર સપરિવાર ભગવાન પાર્શ્વનાથનું ચિત્ર અંકિત છે.

સારાભાઈ નવાબના સંગ્રહાલયમાં એક કાષ્ટનો મંત્ર પટ છે. આ મંત્રપટો સામાન્ય ઉપાસના માટે તૈયાર કરવામાં આવતા હતા.



તિરુવન્નમાલાઈ-જૈન મંદિર ની છત પરનું ચિત્રકામ

કલાની દૃષ્ટિએ પણ તેનું મૂલ્યાંકન કોઈ જ રીતે ઓછું નથી. બિકાનેરના મોટા ઉપાશ્રયના જ્ઞાન ભંડારમાં ૧૦૮ ફુટ લાંબુ કાષ્ઠનું વિજ્ઞપ્તિ પત્ર છે.

મોગલોના આવવાથી જૈન ચિત્રકલા થોડી ઓછી પ્રભાવક રહી હતી. પરંતુ થોડાંક જૈન કલાકારો દ્વારા જહાંગીરના દરબારમાં ચિત્ર બનાવ્યાની માહિતી મળે છે. એક લાંબા સમય સુધી જૈન ધર્મ અને જૈન ચિત્રકલાનો પ્રભાવ દેશના મોટા ભાગમાં રહ્યો હતો. જેને કારણે જૈન સંપ્રદાયના સચિત્ર ગ્રંથો આજે પણ હજારોની સંખ્યામાં પ્રાપ્ત છે.

**પાટણનાં જૈન જ્ઞાનમંદિરનાં ભંડારો :-**

ચાવડ વંશીય મહારાજા શ્રી વનરાજ ચાવડા અને જૈનાચાર્ય શ્રી શીલગુણસૂરિના સહકારથી પાટણમાં ગુજરાત રાજ્યની સ્થાપના થયા બાદ ઉત્તરોત્ર વિદ્યા, વાણિજ્ય, કળા, સાહિત્ય, સંસ્કારિતાના,

ધાર્મિકતાના શ્રી ગણેશ મંડાયા. કળા અને સંસ્કાર પ્રેમી ગુર્જરેશ્વર મહારાજ શ્રી સિધ્ધરાજ જયસિંહ અને શ્રી કુમારપાળ મહારાજાના સમયમાં ધર્મપુરુષ આચાર્ય શ્રી કલિકાલ હેમચંદ્રાચાર્યના ઓજસ અને પુરુષાર્થભર્યા સહકારથી અને તર્ક પંચાનન આચાર્ય શ્રી અભયદેવસૂરિ, શ્રી વાદિદેવસૂરિ તથા અન્ય આચાર્ય ભગવંતોએ દેશ-વિદેશ ભ્રમણ કરીને વિશાળ જૈન સાહિત્યરાશી પાટણમાં મંગાવી એ જ કારણે આજે જ્ઞાનભંડારોમાં પ્રાચીન હસ્તપ્રતો તથા ગ્રંથોનો અમૂલ્ય ખજાનો જોવા મળે છે. જે ભારતીય અને પાશ્ચાત્ય હજારો વિદ્વાનોનું આકર્ષણ બન્યા છે. જેસલમેરમાં જે જ્ઞાનભંડારો છે. તેમાં પણ હસ્તપ્રતોનો મોટો ભાગ છે, જે પાટણ અને ખંભાત ખાતે લખાયેલો છે. જેસલમેરમાં મહાન તાડપત્રીય પ્રતોનો સંગ્રહ છે. કહેવાય છે કે તેમાંનો એક ચતુર્થાંશ જેટલા ભાગ ખંભાતના ધનિક વેપારી ધરણાશા અને ઉદયરાજ બલિરાજે માટે પોતાના ધનનો ઉપયોગ કર્યો હતો.

પાટણમાં ભાભાનો પાડો, ખેતરવસીનો પાડો, સંઘવીનો પાડો વિગેરેનાં જ્ઞાનભંડારોમાં પ્રાચીન તાડપત્રીય પ્રતોનો સંગ્રહ છે, દુર્લભ સાહિત્ય તથા પ્રાચીન-અર્વાચીન કાગળ ઉપર લખાયેલ હસ્તપ્રતોનો સંગ્રહ છે. બધાં ભંડારો મળીને આજે લગભગ પચ્ચીસ થી ત્રીસ હજાર જેટલી હસ્તપ્રતો છે. વિશેષ ઉલ્લેખનીય એ છે કે પાટણમાં સંઘના જ્ઞાનભંડારમાં વિક્રમ સંવત ૧૪૧૦ માં કાપડ ઉપર લખાયેલી ધર્મવિધી પ્રકરણ - કચ્છ લીરાસ આદિની પત્રાકાર એક લાંબી પોથી છે એ પાટણના ભંડારોની વિશેષતા છે. વિદ્વાનોની આજ પર્યંતની શોધમાં કાપડ ઉપર પત્રાકાર પોથી રૂપે લખાયેલી કોઈ હસ્તપ્રત પ્રાપ્ત થઈ નથી. પ્રતોની અનેકવિધ લિપીઓનાં પલટાતાં રૂપો, તાડપત્રો અને કાગળની વિવિધ જાતીઓ, ત્રિપાઠી, પંચપાઠ, આદિ અનેક પ્રકારની લેખનશૈલીએ હસ્તપ્રતોના વિવિધ આકારો તેમાં લખાતા અક્ષરાંકો, પ્રતોમાં આલેખતાં વિવિધ શોભનો અને ચિત્રો, ઈત્યાદી દૃષ્ટિએ પણ આ પ્રાચીન જ્ઞાનભંડારો વિદ્વાનોના અધ્યયનનાં સાધનરૂપ છે.

સંઘવીના પાડાના તાડપત્રીય ભંડારની સ્થાપના તપાગચ્છીય આચાર્ય શ્રી દેવસુંદરસૂરિએ વિક્રમનાં પંદરમા સૈકામાં કરી છે. આ સંગ્રહ "લોઢી પોસાળનો-ભંડાર"નાં નામે ઓળખાય છે. આ સંગ્રહ સાતસો થી આઠસો પ્રતોનો છે. વિક્રમના બારમા સૈકાના પ્રારંભથી પંદરમાં સૈકાના અંત સુધીમાં લખાયેલા આ ગ્રંથો છે. આમા ચિત્ર સમૃધ્ધિ મોટા પ્રમાણમા છે. જેનો ઉપયોગ ભાઈ શ્રી સારાભાઈ નવાબે 'ચિત્તકલ્પદ્રુમ' આદિમાં અને ડૉ. નોર્મન બ્રાઉ આદિએ 'સ્ટોરી ઓફ કાલકા' માં કર્યો છે.

ગાયકવાડ ઓરિયેન્ટલ સીરીઝના સંપાદનમાં પાટણની હસ્તપ્રતોનો મોટો પાયે ઉપયોગ કરવામાં આવ્યો છે. હસ્તપ્રતોની અન્યત્ર અલભ્યતા અને પ્રાચીનતાની દૃષ્ટિએ 'કમલશીલકૃત તત્વસંગ્રહ' ઉલ્લેખનીય છે. કાપડ ઉપર લખાયેલ પંચતિથી દર્પણ પટ્ટ તથા લાંબામાં લાંબી હસ્તપ્રત (૮૫ સે.મી.) અહીં ઉપલબ્ધ છે. સંખ્યાબંધ સચિત્ર હસ્તપ્રતો પૈકી 'કલ્પસૂત્ર, કાલિકાચાર્ય કથા, સિધ્ધહેમશબ્દાનુ શાશન'. આચારાંગ સૂત્ર, ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર' વિગેરે જૈન ચિત્રકળા અને પશ્ચિમી ભારતની ચિત્રશૈલીના ઉત્તમ નમૂના પૂરા પાડે છે કેટલીક હસ્તપ્રતો સુવર્ણ અને રજતાક્ષરી છે. તો કેટલીક ચિત્રકલાના શ્રેષ્ઠ નમૂના પૂરા પાડે છે. આ પૈકીની કેટલીક હસ્તપ્રતોની મૂલવણી કરતાં પંડિત અમૃતલાલ ભોજકે નોંધ્યું છે; "પ્રાચીન, પ્રાચીનતમ ચિત્રકલાની દૃષ્ટિએ પણ પ્રસ્તુત ભંડારોમાં વિવિધ ચિત્રશૈલીના અનેક ગ્રંથો છે જેમાં તાડપત્ર પર ચિત્રકલાની આગવી વિશેષતા છે. કાગળ ઉપર લખાયેલું સચિત્ર કલ્પસૂત્ર, સચિત્ર ઉત્તરાધ્યયનસૂત્ર, વિગેરે ગ્રંથોની પ્રતો તો અતિ સુંદર ચિત્રકલાના નમૂનારૂપ છે. સુપાર્શ્વનાથચરિત્રની સચિત્ર પ્રત ખૂબ જ મહત્વનો ચિત્રકલાનો વારસો ધરાવે છે. સંપૂર્ણ ચિત્રવિભાગવાળું એક વિજ્ઞપ્તિપત્રનું ઓળિયું પણ પાટણના ભંડારમાં છે. જેમાં તે સમયના જેસલમેરના વર્ણનને ચિત્રિત કરેલું જોવા મળે છે. સિરોહી, જોધપુર વગેરે અનેક સ્થાનોમાંથી લખાયેલા સચિત્ર વિજ્ઞપ્તિપત્રો પણ અહીંના ભંડારોમાં છે. સંસ્કૃત, પ્રાકૃતની હસ્તપ્રતો ઉપરાંત મધ્યકાલીન ગુજરાતી


સિતન્નવાસલ-ગુફામાં ભીંતચિત્ર

કૃતિઓનો ભંડાર અહીં ઉપલબ્ધ છે.

પ્રાચીન હસ્તપ્રતોની સાચવણી એક સમસ્યા છે. પાટણના જ્ઞાનમંદિરમાં ભોજપત્ર, તાડપત્ર, કાગળ અને કાપડ ઉપર ઈ.સ. ૧૧ થી ૧૯-૨૦ મી સદી દરમ્યાન લખાયેલી હસ્તપ્રતો છે. આગ, ગરમી, ભેજવાળા હવામાનથી તથા ધૂળના રજકણોથી બચાવવાના હેતુસર ફાયર ભવનમાં હવાચુસ્ત લોખંડના ૪૦ કબાટોમાં, લાકડાની પેટીઓમાં કાપડ યા કાગળથી વીંટાળીને મૂકવામાં આવે છે. આ ઉપરાંત જંતુનાશક દવાઓનો ઉપયોગ પણ કરવામાં આવે છે. આ બધી હસ્તપ્રતો ભંડાર મુજબ અનુક્રમે નંબરથી ગોઠવવામાં આવી છે.''



તિરુવન્નમાલાઈ

દેશ વિદેશના અનેક સંશોધકો પાટણ આવીને જ્ઞાનસાધના કરે છે. કર્નલ જેમ્સ ટોક (૧૮૩૨), એલેકઝાન્ડર કિન્લોક ફોર્બસ (૧૮૫૩), જી. બુહબર (૧૮૭૩), એફ કિલહોને (૧૮૮૦-૮૧), પ્રો. મણિલાલ એન. દ્વિવેદી (૧૮૯૨) પી. પીટર્સન (૧૮૯૩), સી.ડી. દલાલ (૧૯૧૪), મુનિ પુણ્યવિજયજી (૧૯૩૯) મુનિ જંબુવિજયજી વિગેરે ઉલ્લેખનીય છે.


આ ભંડારોનું સર્વેક્ષણ કરતાં પીટર્સને નોંધ્યુ છે કે; ''પાટણ આટલી બધી ભવ્ય પ્રાચીનતાવાળી હસ્તપ્રતોનો સંગ્રહ અને સંગોપનનું ગૌરવ ધરાવી શકે છે. આ હસ્તપ્રતો યુરોપની કોઈપણ વિદ્યાપીઠનો મગરૂબી લેવા લાયક અને ઈર્ષ્યા આવે એવી રીતે સાચવી રાખેલો ખજાનો થઈ શકે તેમ છે.''

મુનિ પુણ્યવિજયજી મ.સા. નાં શબ્દોમાં પાટણના જ્ઞાનભંડારની મહત્વતા અલભ્ય-દુર્લભ-પ્રાચીન સાહિત્ય, હસ્તપ્રતો, તાડપત્રો પ્રતો ચિત્રકળા તથા કાગળની વિવિધ જાતીઓ, ત્રિપાઠ, પંચપાઠ, સ્તબક આદિ અનેક પ્રકારની લેખન શૈલીએ, પ્રતોમાં આલેખાતાં વિવિધ સુશોભનો વિગેરે દૃષ્ટિએ પણ વિદ્વાનોના અધ્યયનમાં સાધનરૂપ છે.

## પાલિતણા - કલ્પસૂત્ર'' ની જૈન ચિત્રકળા

મુનિ શીલચંદ્ર વિજયજી

ભારતીય ચિત્રકલાના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ શૃંખલા સમાન બની રહેલી અને જુદા જુદા કારણોસર જૈનાશ્રિત ચિત્રકળા, ગુજરાતી ચિત્રકળા, પશ્ચિમ ભારતીય ચિત્રકળા, અપભ્રંશ શૈલીની ચિત્રકળા અને મારું-ગુર્જર શૈલીની ચિત્રકળા એમ જુદા જુદા નામો વડે ઓળખાતી જૈન ચિત્રકળાનો એક વિશિષ્ટ ગણી શકાય તેવો દસ્તાવેજ એટલે કે એક વિશિષ્ટ હસ્તપ્રત, હમણાં તાજેતરનાં



કલ્પવૃક્ષ

વર્ષોમાં જ પ્રકાશમાં આવેલ છે. ડો. ઉમાકાંત શાહે, પોતાના Treasures of Jain Bhandaras માં આ સચિત્ર પ્રતની નોંધ લીધી જ છે.

આ પ્રત કલ્પસૂત્રની તાડપત્રીય પ્રત છે. ડૉ. ઉમાકાંતે તેને 'પાલિતાણા-કલ્પસૂત્ર' એવી સંજ્ઞા આપી છે. આ પ્રતની વિશિષ્ટતા તેનાં ચિત્રોને આભારી છે. ૩૯ x ૬ સે.મી. માપ ધરાવતી આ હસ્તપ્રતની કુલ પૃષ્ઠ સંખ્યા ૧૪૫ છે અને તેમાં પહેલાં ૧૧૦ પૃષ્ઠોમાં કલ્પસૂત્ર છે. બાકીના પૃષ્ઠોમાં કાલકાચાર્ય કથા છે. આ પ્રત સં. ૧૪૩૯ માં લખાઈ છે અને તે પણ પાટણમાં લખાઈ છે જો કે તે અંગે કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નથી, પરંતુ ખતરગચ્છીય આ જિનરાજસૂરિ તથા સાધુ ધરણા- એ બેનો ઉલ્લેખ ''ખતરગચ્છપટ્ટાવલી સંગ્રહ'' સંપાદિત ગ્રંથમાં કરે છે. શાહ ધરણા એ પાટણનો વતની હતો અને તેણે આ. જિનરાજસૂરિનો સૂરિપદ ઉત્સવ કર્યો હતો. તેથી આ પ્રસ્તુત પ્રતિ સાધુ ધરણાએ લખાવી હશે. આ પ્રતના પૃષ્ઠોની બંને બાજુના બે એમ કુલ ત્રણ હાંસિયાઓમાં દોરાયેલી કિનારોમાં સોનેરી શાહીનો ઉપયોગ કરેલો દેખાય છે.



તિરુવન્નમાલાઈ - ગુફામાં જિન પ્રતિમા

ઈ.સ. ૧૩૫૭ થી ૧૫૦૦ નાં સમયમાં બીજી તાડપત્રીય પ્રતોમાં સચિત્ર પ્રતો પૈકી એક ઉજમફોઈની ધર્મશાળાના સંગ્રહની બીજી બે પ્રતિઓ અનુક્રમે આવશ્યક લઘુવૃતિની (ખંભાત) વિ.સ. ૧૪૪૫ માં લખાયેલી છે તથા ઈડરની શાહ આણંદજી કલ્યાણજી પેઢીના સંગ્રહની કલ્પસૂત્રની પ્રત છે. બંનેમાં ચિત્રોમાં સોનાનો ઉપયોગ થયો છે. વિદ્વાનો ઈડરની પ્રતનો અંદાજિત સમય ચૌદમા સૈકા ના અંત ભાગમાં લખાઈ હોવાનું માને છે અને એ ઉપરથી, આ ચારેય પ્રતોનો ક્રમ આ પ્રમાણે ગોઠવી શકાય.

(૧) ઉજમફોઈની ધર્મશાળાની ''કલ્પસૂત્ર''ની પ્રત (ઈ.સ.૧૩૭૦)
(૨) પાલિતણા -કલ્પસૂત્ર - સં. ૧૪૩૯ (ઈ.સ. ૧૩૮૨)
(૩) ઈડરની કલ્પસૂત્ર - ૧૪ માં સૈકાના અંતમાં
(૪) ખંભાતની આવશ્યક, લઘુવૃતિની પ્રત સં. ૧૪૪૫ (ઈ.સ. ૧૩૮૯)

પાલીતણા કલ્પસૂત્રમાં ૫૬ ચિત્રો છે. એમાં પહેલાં ૪૦ ચિત્રો કલ્પસૂત્રનાં અને અંતે ૧૬ ચિત્રો કાલક કથાના છે. વિશેષ કરીને પ્રભુ મહાવીર, પ્રભુ પાર્શ્વનાથ, પ્રભુ નેમિનાથ, પ્રભુ આદિનાથ વિગેરેનાં પાંચ કલ્યાણકોના પ્રસંગો છે. આ ચિત્રકળામાં લાઘવ-કૌશલ્ય એટલે કે એક જ લઘુ-ચિત્રમાં એક થી વધુ સ્વતંત્ર ચિત્રો થઈ શકે તેવી ઘટનાઓને સમાવી દેવાનું કૌશલ્ય. એ આ પ્રતની ચિત્રકળાનું નોંધપાત્ર લક્ષણ છે. બીજી વિશેષતા એ જોવા મળે છે કે જે પૃષ્ઠોમાં ચિત્ર છે તે પૃષ્ઠના - જે તરફ લાઈન સ્કેચ દોરી બતાવવામાં આવેલ છે. તે તરફનાં હાંસિયામાં, હરતાલ વડે, ચિત્રનું નાનકડું ને ઝડપી રેખાંકન કરી સ્કેચ બતાવ્યો છે. સાથે બીજાં હાંસિયામાં ચિત્રની વિગત અને સૂચના લખતા પણ જે કાળમાં આવું લખી દેવાની પ્રથા શરૂ નહોતી થઈ. ત્યારે તે કાળમાં ચિત્રકારને સૂચના કઈ રીતે અપાતી હશે? જો લખનાર પોતે જ ચિત્રકાર હોય તો આવી સૂચના આપવી પડતી નહોતી. પરંતુ લખનાર અને ચિત્રકાર જુદાં હોય ત્યારે મૌખિક અથવા બીજી કોઈપણ રીતે માર્ગદર્શન આપવામાં આવતું હશે.

આ શંકાનું સમાધાન 'પાલિતાણા-કલ્પસૂત્ર' જોતાં મળી રહે છે. આ પધ્ધતિમાં ક્યારેક ભૂલ થઈ જવાનો પૂરો સંભવ રહેતો. આ પ્રતમાં એક ચિત્ર નં ૬ ''શક્રસ્તવ અને શયનપલંગ પર સૂતેલી દેવાનંદા' એ બે દશ્યો એકી સાથે આલેખાયા છે, બીજાં ચિત્રમાં ''બધે ઠેકાણે સૂતેલી માતાની સાથે બાળક હોય જ છે.'' એવી માન્યતાના આધારે ચિત્રકારે આ ચિત્ર પણ દેવાનંદાના હાથમાં નવજાત બાળક આલેખી દીધું છે, હકીકતની દષ્ટિએ આ મોટો દોષ છે.'

પાલિતણા કલ્પસૂત્રમાં ૨૪ નંબરનું ચિત્ર શ્રી ગૌતમ સ્વામીનું છે. આ ચિત્ર ખરેખર અદ્ભુત કહી શકાય તેવું તો છે જ. તદુઉપરાંત એમાં મુખાકૃતિ એવી તો વિલક્ષણ રીતે આલેખાઈ છે કે જોનારને

પ્રથમ નજરે એ ભગવાન બુધ્ધનું ચિત્ર હોવાનો ભ્રમ થયા વિના ન રહે. બુધ્ધની પ્રાચીન ચિત્રિત મુખાકૃતિઓને ઘણી મળતી આ ચિત્રની મુખાકૃતી છે, કોઈ એમ કહે કે બુધ્ધની આંખો ઢળેલી હોય છે, ને આમાં તો ખુલ્લી આપણી સામે જોતી હોય તેવી આંખો છે. પરંતુ આવું હોવા છતાંય બીજાં કેટલાંક તત્વો એવા હોય છે, જેના આધારે આવો ભ્રમ સહજ રીતે થઈ જાય. દા.ત. "The Development of style in Indian Paintings" માં શ્રી કાર્લ ખંડેલવાલે મૂકેલા – ચિત્ર – ''અભિમાની રૂપી હાથી પર ચઢી બેઠેલા બાહુબલીને હાથી ઉપરથી નીચે ઉતારવા માટે સમજાવતી બે બ્હેનો બ્રાહ્મી-સુંદરી નાં ચિત્રને ''મરુદેવી''એવો પરિચય આપીને મૂક્યું છે. એવી જ રીતે ભારતીય જ્ઞાનપીઠે પ્રકાશિત કરેલા ''જૈન કલા અને સ્થાપત્ય''નાં ત્રીજા ભાગમાં ચિત્ર નં ૨૮ માં ''કલ્પસૂત્ર''માં એક ચિત્ર, સ્થવિરાવલીનો, રોહગુપ્ત મુનિના પરવાદી સાથેના વાદનો અને તે બંનેએ સામસામી પ્રયોજેલી પ્રતિસ્પર્ધીના સાત સાત વિદ્યાઓના પ્રસંગને દર્શાવતું ચિત્ર હોવા છતાં ત્યાં તે ચિત્રને ''ગર્દભિલ્લ અને કાલકાચાર્ય''નાં ચિત્ર તરીકે ઓળખાવ્યું છે. આમ પાલિતણા-કલ્પસૂત્રનાં ચિત્રોમાં બીજી ઘણી ઘણી વિશેષતાઓ છે. જેમ જેમ એનો અભ્યાસ થતો જશે. તેમ તેમ નવું જાણવા મળશે. આ કલ્પસૂત્ર પાલિતણાના શ્રી નેમિ-દર્શન જ્ઞાનશાળા ભંડારમાં છે.

## જૈન ચિત્રકલા – Jain Paintings
## તસ્વીરો ની સૂચી

૧) શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિર – પાટણ

| | | |
|---|---|---|
| ૨) ''પંચસૂત્ર પ્રથમ'' – સૂરિ પુરંદર શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી ''પાઠશાળા પ્રકાશન'' | ૧) | અરિહંત ભગવંતોને નમસ્કાર હો. |
| | ૨) | માતા-સરસ્વતી – ''વાએસરી પુત્થયવાગ હત્થા'' |
| | ૩) | અચિંત્ય ચિંતામણિ સમાન મને અરિહંતનું શરણ હો |
| | ૪) | સિધ્ધ ભગવંતનું શરણ હો. |
| | ૫) | સિધ્ધશિલા પર બિરાજમાન અરિહંત ભગવંતો |
| | ૬) | શ્રી વિજયસેનસૂરિ મહારાજ |
| | ૭) | કલ્યાણમિત્ર ગુરુ ભગવંતો – વાદી દેવસૂરિ મહારાજ |
| કલ્પસૂત્ર | ૮) | ચંડકૌશિક ઉદ્ધાર |
| | ૯) | સૂત્રનો સારી રીતે પાઠ કરનાર, સાંભળનાર, સ્મરણ કરનાર શ્રાવક શ્રાવિકાઓ |
| કલ્પસૂત્ર – | ૧૦) | શ્રી મહાવીર સ્વામી કેવળજ્ઞાન પામ્યા |
| | ૧૧) | શ્રી ચતુર્વિધ સંઘ |
| | ૧૨) | પંચસૂત્ર તાડપત્રીય પોથીની પ્રતિકૃતિ – પાટણ ભંડાર બાકીનાં ચિત્રો શ્રી સારાભાઈ નવાબ -Jain Paintings Volume I માંથી લીધાં છે. |

૩) આ લેખનાં સંદર્ભ ગ્રંથો નીચે મુજબના છે. જેના આધારે આ માહિતી પ્રાપ્ત થઈ છે. તેમાંથી સંકલન કર્યું છે.


૧) જૈન ચિત્રકલા – તિત્થયરા વિશેષાંક – વર્ષ ૨૫

૨) મધ્યકાલીન જૈન ચિત્રકલા – કુંદકુંદ જ્ઞાન પીઠ – ઈંદૌર-લેખક-કુમકુમ ભારદ્વાજ

૩) શ્રી પાટણ જૈન જ્ઞાનભંડાર – શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાન-મંદિર ગ્રંથો

૪) ''પાલિતણા કલ્પસૂત્ર'' – વિશેષ પ્રકાશ – જૈન ચિત્રકળા -મુનિ શીલચંદ્ર વિજય


❑❑❑


૯૩૨૪૧૧૫૫૭૫




## હસ્તપ્રતોમાં છટાદાર અક્ષરોની આજુબાજુ રચાતા સૂશોભનોમાં વેલબુટ્ટા, અંકચિત્રો વગેરે


આચાર્ય શ્રી રાજહંસસૂરિ મહારાજ


પત્રાંક લખવા માટે બહુધા હાંસિયાની જમણી બાજુ નીચે કે ડાબી બાજુ ઉપર તે અંક લખાતો અને તેની બાજુમાં જીવંત અને નાજુક પશુ-પંખીઓના ચિત્રો દોરાતા. તેમાં એટલું બધું વૈવિધ્ય જોવા મળે : જળચર, હયચર, ભૂચર જીવો, જલચર પશુઓ અને પક્ષીઓ ક્યારેજ માનવ આકૃતિઓ પણ દોરાતા. આ બધુ જોતાં જાણે સચરાસર વિશ્વને પોતાની કળામાં આરોપિત કર્યું ન હોય!

જૈન સાધુઓ તે સમયે ખુબ કળાપ્રેમી હતા. તે સમયમાં કળાપ્રેમ છલકાતો હતો! સંસ્કૃત, પ્રાકૃત અને જુની ગુજરાતી ભાષા પણ પોથીઓને 'ચિત્રપોથી' જેવા સજાવતા. એક ચિત્ર હજાર શબ્દોને મહાત કરે તેવી કળા વિકસી હતી. આજે પણ લેખ-લખાણને સુશોભિત કરવાની આવી આકર્ષક પ્રથા ચાલુ રહી છે. વેલ, બુટ્ટા, બૉર્ડર તેમજ લખાણની આજુબાજુ તથા વચ્ચે પણ લહિયો તેમની નાજુક પીંછીથી (ક્યારેક તો એક જ વાળ હોય તેવી પીંછી!) કલાકારો અદ્ભુત કામો ઉપસાવીને દર્શકને ચકિત કરી દેતાં હોય છે!

# જૈનાશ્રિત લઘુચિત્રકલા અને સુલેખનકલા

નિસર્ગ આહીર

સત્યમ્, શિવમ્ અને સુંદરમ્‌ને એની પરમાવસ્થામાં જૈન ધર્મ સ્વીકારે છે. જીવન સત્યના સંસ્પર્શે ભવ્ય બને, શિવત્વના કારણે પૂર્ણ બને, સુંદરતાના સ્વીકારને લીધે રમ્ય બને. સંતુલિત-સંયમિત જીવન, મોહત્યાગ, અપરિગ્રહ, શરીરશ્રમ, અહિંસા, સાત્ત્વિકતા, વિદ્યાભ્યાસ, નિત્ય દેવપૂજા, સતત તીર્થાટન, કલાત્મક દેવસ્થાનનિર્માણ વગેરે જૈન ધર્મના પ્રશસ્ય આયામો છે. ધર્માચાર્યો અને શ્રાવકોની પરંપરિત ધર્મભાવના પરત્વે દૃઢતા હોવાને કારણે વરસોથી જીવન સત્, ચિત્, આનંદની સમ્યકતાનો પર્યાય બની રહ્યું છે. નિજમંદિરથી આરંભાતી ધર્મપરક ચેતના કોઈ પર્વતની ટોચ પર, નદીના કિનારે, રમ્ય અરણ્યમાં વિશાળ દેરાસર બંધાયું હોય ત્યાં સુધી સતત સંબંધાતી રહે છે. એમ લાગે કે ઊંચી પતાકામાંથી પૃથ્વી પર શાશ્વતીનાં ગીતો અવતરી રહ્યાં છે. આરસની પ્રતિમામાં પેટાળનું અમી કાવ્ય બની વહેતું રહે. ઊંચાં શિખરો અને વિશાળ વિતાન અનેક દિશામાંથી આસ્થાની મધુરપ એકઠી કરી માનવહૈયામાં શ્રદ્ધાના દીપને પ્રજ્વલિત રાખે. સ્તવનમાં ચિત્તની પવિત્રતા છે, પૂજાઅર્ચનામાં આત્માની પરમ સિદ્ધિ પ્રગટ થાય છે. સાધુમહારાજ અને સાધ્વીજીની વાણી ચેતોવિસ્તારનું શ્રવણતીર્થ બની રહે. જીવનલક્ષી કર્મ અને કલાની જૈન સાહિત્યમાં જે માવજત કરવામાં આવી છે તે અનુપમ છે



૧. કાયોત્સર્ગ, 'કલ્પસૂત્ર'

જૈન ધર્મમાં વિદ્યા અને કલાને પ્રાથમ્ય પ્રાપ્ત થયું છે. દર્શન, ધર્મગ્રંથ, પ્રેરણાત્મક કથાઓ, સર્જનાત્મક સાહિત્ય, વિવિધ શાસ્ત્રોની રચના, ટીકાટીપ્પણીઓથી જૈન સાહિત્ય સમૃદ્ધ છે. શિક્ષણ અને અધ્યયનને મહત્ત્વ આપતો જૈન ધર્મ બેશક નિરાળો છે. વિદ્યાતપથી વિશુદ્ધ અને ઉચ્ચ બનેલી ધર્મભાવના એકલાકારી-ગરીને ખૂબ મહત્ત્વ આપ્યું છે એ એટલું જ નોંધનીય છે. ધર્મસ્થળો સાંસ્કૃતિક સંવર્ધન-શિક્ષણનાં કેંદ્ર પણ બની રહ્યાં. ભવ્ય સ્થાપત્ય, કમનીય શિલ્પાંકન, ચિત્રાલેખન, કાષ્ઠકલાનો વિનિયોગ, ભરતગૂંથણની સમ્યક યોજના એ બધાંનો એક અત્યંત સમૃદ્ધ અને ભાતીગળ ખજાનો લગભગ દરેક મંદિર પરિસરમાં જોવા મળે છે. અનેક મંદિરોમાં હસ્તપ્રતોનો સમૃદ્ધ ભંડાર પણ હોય છે. એટલે, દેવદર્શન કલા અને વિદ્યાની પણ યાત્રા બની રહે છે.

જૈન ધર્મમાં કલાપ્રેમ પ્રાચીન કાળથી પોષાતો આવ્યો છે, પુષ્ટ થતો રહ્યો છે. પ્રાચીન જૈન સાહિત્યમાં કલાની ઉત્કૃષ્ટતાના અનેક ઉલ્લેખો આવે છે. મહાવીર સ્વામીની ભવ્ય પ્રતિમાઓ, ગુફાઓ, મંદિરો, ધાતુ અને કાષ્ઠકલાના નમૂનાઓ, સચિત્ર પ્રતોનો ભવ્ય વારસો કલાસિદ્ધિ પરત્વે અહોભાવ જગાવે છે. હજી પણ એવાં ભવ્ય મંદિરો સતત બનતાં રહે છે, જેમાં પારંપરિક કલાવારસાને યથાતથ જાળવવામાં આવતો હોય છે. મંદિર રચનામાં પ્રતિમાવિધાન અને ચિત્રશૈલીને પારંપરિક રીતે જ આલેખવામાં આવે છે. દેવાલયનિર્માણ માટેના સ્થળની પસંદગીમાં પ્રાકૃતિક અને અન્ય સૌંદર્યમય અંગોનો ખ્યાલ રાખવામાં આવે છે. રળિયામણા પર્વતો, નદીનું સાન્નિધ્ય, લીલોતરીથી સભર પ્રદેશ, વિશાળ જગ્યા, શાંત વાતાવરણ એ જૈનમંદિરોની ખાસિયત છે, જે સૌંદર્યશાસ્ત્રનાં મૂળભૂત અંગો પણ છે. એમાં સુંદરતાનો અનેકસ્તરીય વિચાર કરવામાં આવેલો હોય છે. સાંપ્રતમાં દેશવિદેશ સાતત્યપૂર્ણ મંદિરોનું નિર્માણ થાય છે તેમાં જૈન મૂર્તિવિધાન શિલ્પશાસ્ત્રના નિયમો ચુસ્તપણે પાળવામાં આવે છે. આરસપહાણ ઈત્યાદિ પથ્થરો, સુવર્ણાદિ ધાતુ, કાષ્ઠકલા, સ્ફટિક, આરસનું જડાવકામ, કપચીકલા, કાચકામ વગેરે કલા અને કસબની અનેક પ્રયુક્તિઓથી ભવ્યતા સિદ્ધ કરવામાં આવે છે.



૨. મુષ્ટિલોચન, દીક્ષા, 'કલ્પસૂત્ર'

ગુજરાતી કલા અને સાહિત્યની ચર્ચા થાય તો જૈનોના પ્રદાનને અવશ્ય નતમસ્તકે યાદ કરવાં પડે. સાંસ્કૃતિક કટોકટીના કાળમાં જ્યારે અમૂલ્ય ખજાનો નાશ પામી રહ્યો હતો ત્યારે હસ્તપ્રતો અને



૩. આંબલી-પીપળીની રમત, 'કલ્પસૂત્ર'

કલાકૃતિઓને સંરક્ષવાનું, સંગ્રહવાનું, સાચવવાનું, સંવધર્ન કરવાનું અમૂલ્ય અને અજોડ કામ જૈન ધર્મ દ્વારા કરવામાં આવ્યું છે. જૈન સાહિત્ય તો ખરું જ, જૈનેતર સાહિત્ય પણ એટલું જ સચવાયું એ ગ્રંથભંડારોમાં. પાટણ, અમદાવાદ, ખંભાત, સુરત, ભરૂચના ગ્રંથભંડારો અને રાજસ્થાનના જેસલમેર, જોધપુર જેવા અનેક ગ્રંથ-ભંડારો સમગ્ર ભારતીય સાહિત્યની ભવ્ય વાઙ્મય-સમૃદ્ધિ છે. એ બધું ન સચવાયું હોય તો સાહિત્ય, કલા, પ્રાચ્યવિદ્યા અને વિવિધ શાસ્ત્રોના અનેક આયામો ઉપલબ્ધ ન થયા હોત. જૈનાચાર્યોની વિદ્યાપ્રીતિ, સૂઝ, આવડત અને વ્યવસ્થાતંત્રને જેટલું માન આપીએ એટલું ઓછું છે. વિદ્યાકીય કે સાંસ્કૃતિક કર્મ માટે શ્રેષ્ઠીઓ અને શ્રાવકોએ જે ઉદાર હાથે દાન આપીને ભગીરથ કર્મ કર્યાં છે તે પ્રશસ્ય છે તેમ વિરલ છે.

અજંતાનાં ભીંતચિત્રો અને કાગળ પરનાં લઘુચિત્રો ભારતે વિશ્વ કલાવારસાને અર્પેલી ખૂબ મહત્ત્વની સંપદા છે. વિદ્વાનો માટે પ્રશ્ન એ હતો કે અજંતાની સાતમી સદી સુધી ફાલેલી ભવ્ય કલાપ્રણાલીના બરની કલાપ્રવૃત્તિ છેક સોળમી સદીનાં લઘુચિત્રો (મિનિએચર પેઈન્ટિંગ્સ)માં જોવા મળે છે, તો વચ્ચેનાં આટલાં બધાં વરસો સુધી શું કલાયાત્રા ખોરવાઈ ગઈ હતી? ક્યાંય જવાબ મળતો નહોતો, તાળો મળતો નહોતો. પરંતુ, વીસમી સદીની શરૂઆતમાં ભારતીય કલા વિશે ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનોએ દધિમંથન કર્યું તેમાં અનેક નવા અંકોડા મળી આવ્યા અને ભારતીય કલાના સાતત્યની પ્રતીતિજનક સામગ્રી મળવા લાગી. ભારતમાંથી બૌદ્ધ ધર્મ પડોશના દેશોમાં વિસ્તરવા લાગ્યો તેથી અજંતાશૈલીની કલા શ્રીલંકા, બર્મા, તિબેટ ઈત્યાદિ દેશોમાં નવારૂપે પ્રસરવા લાગી હતી. ભારતમાં પણ તે આંશિક પરિવર્તનો સાથે ચાલુ જ રહેલી. બાઘ, ઈલોરાની ગુફાઓમાંનાં ભીંતચિત્રો અજંતાકાળ પછીનો તબક્કો દર્શાવે છે. દક્ષિણ ભારતની આ કલા પછીથી પશ્ચિમ ભારતમાં, તે વખતના વિશાળ ગુજરાત એવા ગુજરાત અને રાજસ્થાનમાં તાડપત્ર પરની કલારૂપે વિકસતી રહી. બારમી સદીની આસપાસના ગાળામાં નેપાલ અને બંગાળનાં તાડપત્ર પરનાં લઘુચિત્રોમાં પણ અજંતાની શૈલીના પડઘા જોવા મળે છે. આ વિશે બૌદ્ધ લેખક તારાનાથે છેક ઈ.સ. ૧૬૦૯માં લખ્યું છે કે ભારતીય કલાની ધારા પશ્ચિમ ભાગમાં સાતમી સદીમાં ખૂબ જાણીતી હતી, તેનો જ એક ફાંટો નેપાલ અને બર્મા ગયો અને બીજો ગુજરાતમાં વ્યાપક બની બહ્યો. આ રીતે અજંતાકલા અને મુઘલ-રાજપૂતકલાને જોડતી મહત્ત્વની કડી તે ગુજરાતી કલા છે.

બારમીથી સોળમી સદી સુધી મળતી લઘુચિત્રકલા મુખ્યતઃ જૈન ધર્મ સંલગ્ન છે, એટલે એ ગાળાની કલાને 'જૈનાશ્રિત' કહેવી ઉચિત છે. પાટણ, અમદાવાદ, ખંભાત, સુરત, જેસલમેર ઈત્યાદિનાં જ્ઞાનમંદિર કે ગ્રંથભંડારોમાં, દેશવિદેશનાં સંગ્રહાલયોમાં, દેરાસરોમાં, ઉપાશ્રયમાં, ખાનગી સંગ્રહોમાં જૈન ધર્મ સંલગ્ન લાખો પ્રતો સચવાયેલી છે. સંખ્યા અને ગુણવત્તાની દૃષ્ટિએ સમૃદ્ધ આ કલાવારસો જૈનો દ્વારા રચાયો, સંગ્રહાયો, સંવર્ધિત કરાયો એ સમગ્ર ભારતીય ચેતના માટે ગૌરવ લેવા જેવી બાબત છે.



૪. કાલિકુંડ પાર્શ્વનાથ, 'કલ્પસૂત્ર'

ચિત્રપોથી કે સ્વતંત્ર ચિત્રરૂપે જે અત્યંત સમૃદ્ધ ખજાનો પ્રાપ્ત થાય છે તે નાના પરિમાણમાં રચાતાં લઘુચિત્રો છે. ભારતમાં એની ખૂબ લાંબી અને સમૃદ્ધ પરંપરા છે. સમગ્ર વિશ્વમાં મિનિએચર પેઈન્ટિંગ્સ તરીકે એ સમૃદ્ધિની આગવી ઓળખ છે. ડૉ. આનંદ કુમારસ્વામીએ લઘુચિત્રોને 'મુઘલ' અને 'રાજપૂત' એમ બે શૈલીમાં વિભાજિત કર્યાં. રાજપૂતો દ્વારા સંવર્ધિત, પ્રોત્સાહિત એવી પહાડી તેમ જ રાજસ્થાની કલાને તેમણે સમગ્ર રીતે 'રાજપૂત ચિત્રકલા' તરીકે ઓળખાવી. જ્યારે રાય કૃષ્ણદાસ જેવા વિદ્વાનો સમય, સ્થળના તફાવતને કારણે રાજપૂત શૈલીને 'રાજસ્થાની' અને 'પહાડી' એવાં બે અલગ અલગ નામે ઓળખાવા કહે છે.

ગુજરાતમાંથી, પશ્ચિમ ભારતમાંથી પ્રાપ્ત થયેલ ચિત્રકલાના નમૂનાઓ માટે ડબલ્યુ. નૉર્મન બ્રાઉને 'વેસ્ટર્ન ઈન્ડિયન પેઈન્ટિંગ' નામાભિધાન શરૂઆતમાં પ્રયોજ્યું હતું. તે પૂર્વે આનંદ કુમારસ્વામી માનતા હતા કે જૈનચિત્રશૈલી ગુજરાતની છે. રાય કૃષ્ણદાસે આ જ શૈલી માટે 'અપભ્રંશ' નામ આપ્યું. સારાભાઈ નવાબે ઘણા બધા પૂરાવાઓ આપીને ગુજરાતની આ કલાને 'જૈનાશ્રિત' કલા

તરીકે ઓળખાવી. એન. સી. મહેતા અને મંજુલાલ મજમુદાર 'ગુજરાતી શૈલી'ને સ્થાપિત કરવા મથનારા મહત્ત્વના સંશોધકો રહ્યા છે. આ બન્ને સંશોધકોએ જૈનેતર એવી 'વસંતવિલાસ', 'બાલગોપાલસ્તુતિ', 'ગીતગોવિંદ' વિશે પણ સંશોધનો કરીને જૈનપરંપરાની સમાંતર વૈષ્ણવ અને અન્ય ચિત્રપરંપરા હતી તેમ પણ દર્શાવ્યું. ગુજરાતી ચિત્રકલા વિશે મહત્ત્વનું સંશોધન કરનારા ઉમાકાંત પી. શાહ પણ 'વેસ્ટર્ન ઈન્ડિયન પેઈન્ટિંગ્સ' સંજ્ઞા સ્વીકારીને ચાલે છે. કાર્લ ખંડાલાવાલા અને મોતી ચંદ્ર જેવા સંશોધકોએ આ જ સંજ્ઞા અપનાવી છે. રતન પારિમૂ ગહન સંશોધન પછી 'ગુજરાતી શૈલી' સંજ્ઞા સ્થાપિત કરે છે.

હવે સ્પષ્ટ થયું છે કે બારમી સદી પછીથી ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં વ્યાપક રીતે સ્થાપિત થયેલી કલાશૈલીનું મુખ્ય કેંદ્ર પાટણ હતું એટલે એ શૈલીને ગુજરાતી શૈલી કહેવી જોઈએ. મુઘલ શૈલી અને રાજપૂત શૈલી અસ્તિત્વમાં આવી તે પૂર્વે ગુજરાતમાં પોતીકી, આગવી લાક્ષણિકતા ધરાવનારી ગુજરાતી શૈલી બારમીથી સોળમી સદી સુધી ખૂબ સમૃદ્ધ બનેલી અને એમાં અનેક કલાકૃતિઓનું નિર્માણ થયું છે. મુખ્યત્વે જૈન ધર્મકેંદ્રી કૃતિઓ અને કેટલીક જૈન ધર્મેતર કૃતિઓથી ગુજરાતી શૈલી અત્યંત સમૃદ્ધ છે. હવેથી લઘુચિત્રની સમૃદ્ધ ધારાઓમાં 'મુઘલ શૈલી', 'પહાડી શૈલી'ની જેમ 'ગુજરાતી શૈલી' પણ સ્વીકૃત બનશે.



૫. કૃષ્ણ અને નેમિનાથની કુસ્તીક્રીડા, 'કલ્પસૂત્ર'

અનેક આધારો દ્વારા સ્થાપિત થયું છે કે ગુજરાતી શૈલી પછીથી મુઘલ શૈલી વિકસી છે. હુમાયુએ મુઘલ ચિત્રકલાનાં ભવ્ય બીજ રોપ્યાં. તે જ્યારે ઈ. સ. ૧૫૫૦માં કાબુલમાં હતો ત્યારે ત્યાંના ચિત્રકારોથી ખૂબ પ્રભાવિત થયો હતો અને જ્યારે ભારત પાછો ફર્યો ત્યારે શિરાઝના બે પર્શિયન ચિત્રકારો મીર સૈયદ અલી અને ખ્વાજા અબ્દુસ સમદને પોતાની સાથે લાવીને તેમની પાસે ચિત્રો દોરાવવાં શરૂ કર્યાં. હુમાયુ અને અકબરના સમયમાં ઈરાની ઉસ્તાદો પાસેથી દેશી કલાકારોએ સફાવીદ કલમની તાલીમ મેળવી. ચિત્રશાળાને 'કારખાનાં' કહેવાતાં ને ચિત્રકારને 'ઉસ્તાદ'. અકબરે ફતેહપુર સિક્રીમાં ચિત્રશાળા શરૂ કરી. અબુલ ફઝલ અનુસાર એ ચિત્રશાળામાં ૧૦૦ જેટલા પ્રતિભાશાળી ચિત્રકારો હતા. જેમાં બસાવન, તારાચંદ, સાંવલદાસ, કેશવ, જગન્નાથ જેવા ભારતીય ચિત્રકારો તેમ જ ખ્વાજા અબ્દુસ સમદ, મીર સૈયદ અલી, ફર્રુખ બેગ, આકા રિઝા જેવા ઈરાની-પર્શિયન ચિત્રકારો હતા. ગુજરાતી કલાકારોનું પણ તેમાં આગવું પ્રદાન હતું. સૂર ગુજરાતી, કેશુ ગુજરાતી, ભીમ ગુજરાતી, શંકર ગુજરાતી, સૂરજ ગુજરાતી અને પરમજીવ ગુજરાતી એ છ પ્રખ્યાત ચિત્રકારો અકબરની ચિત્રશાળામાં હતા. મુઘલ કલા આ સંદર્ભે ગુજરાતી અને ઈરાની શૈલીનો સમન્વય છે.

કલાસમૃદ્ધિ માટે ગુજરાત કાયમ અગત્યનું કેંદ્ર રહ્યું છે. ગુજરાતની રસિક અને ધર્મપ્રિય પ્રજા, કલાપ્રિય અને સમૃદ્ધ રાજાઓ, ઉદાર અને વિદ્યાપ્રિય શ્રેષ્ઠીઓ, વ્યાપક દર્શન ધરાવતા ધર્માચાર્યો, સાંસ્કૃતિક પ્રવાહોની અનેક ધારાઓનું મિશ્રણ, અનેક ધર્મનાં કે સંપ્રદાયનાં તીર્થસ્થાનો, વિશાળ દરિયાકિનારો, અનેક મહત્ત્વનાં વ્યાપારી કેંદ્રો, આર્થિક સમૃદ્ધિ ઈત્યાદિને કારણે ગુજરાતમાં પ્રાચીન કાળથી જ કલાપ્રવૃત્તિ અનેક સ્તરમાં વિકસતી રહી છે. સોલંકીકાળમાં અને ત્યાર પછીના કાળમાં કલાપ્રવૃત્તિ સતત ચાલુ જ રહી છે.

બારમી-તેરમી સદી દરમિયાન તાડપત્ર પર અને પછી ચૌદમી સદીથી કાગળપત્ર પર ચિત્રવિધાન થતું તેના અનેક નમૂનાઓ પ્રાપ્ત થાય છે. કાગળપત્રનું પ્રચલન વધતાં જૂની તાડપત્ર પરની પ્રતોને કાગળ પર પુનઃ અવતારવાની પ્રવૃત્તિ વ્યાપક બની. એક જ કૃતિની અનેક પ્રતો તૈયાર થતી અને સમગ્ર ભારતમાં તે પ્રતો પહોંચતી. સોળમી સદીથી ગુજરાતમાં જ પોણા ભાગના ચહેરા અને બે આંખોના આલેખનને બદલે એકપાર્શ્વીય અને એક આંખવાળા ચહેરાઓ દોરવાનું શરૂ થયેલું. ચિત્રફલક પણ પ્રમાણમાં મોટું થવા લાગેલું અને અલંકરણનું પ્રમાણ વધી ગયેલું. પહેલાં માત્ર જૈનાશ્રિત કલા હતી, જેમાં પાછળથી જૈનેતર ધાર્મિક અને સાહિત્યિક કલાની રચના પણ થવા લાગી હતી.

જૈનાશ્રિત ગુજરાતી ચિત્રોની કેટલીક ખાસિયતો છે, જે બીજી કલાઓથી ખાસ જુદી પડે છે. આ ચિત્રોમાં પોણા ભાગનો ચહેરો, તેમાં દેખાતી બીજી આંખ, અણિયાળી મોટી આંખો, તીણી નાસિકા, અણીદાર ચીબુક, ભરાવદાર વક્ષઃસ્થળ અને પાતળી કટી, ભાવવાહી ચહેરો, લયાત્મક અને જીવંત પાત્રાલેખન, સબળ રેખાંકન, શુદ્ધ રંગોનો વિનિયોગ, પ્રમાણસર પરિવેશ, લહેરાતાં વસ્ત્રો, પારદર્શક પરિધાન, પ્રાકૃતિક સૃષ્ટિનું સમ્યક્ આલેખન, પ્રતીકાત્મક કે રૂપકાત્મક નિરૂપણ જેવી લાક્ષણિકતાઓ વિશિષ્ટ છે.

ચિત્રોમાંની જીવંતતા જોતાં આપણને એમ અવશ્ય લાગે કે નાના પરિમાણમાં પણ દશ્યકલાની અનેક પ્રયુક્તિઓ વ્યક્ત કરી શકનારા ચિત્રકારો અવશ્ય પ્રતિભાશાળી હશે અને આગવી સમૃદ્ધ પરંપરા ધરાવતા હશે. એમનું શરીરશાસ્ત્ર-એનેટૉમીનું જ્ઞાન પણ પ્રશસ્ય છે. એક બાબત અવશ્ય સ્વીકારવાનું મન થાય છે કે આ રીતે જોવા મળતાં ચિત્રો કંઈ રાતોરાત અસ્તિત્વમાં નહિ આવ્યાં હોય પણ પૂર્વની સમૃદ્ધ કલાપરંપરાના ભાગરૂપે જ દેખા દે છે. છેક ઈ. સ. ૧૧૦૦માં તાડપત્ર પર રચાયેલ 'નિશીથચૂર્ણી' ગ્રંથ દ્વારા આપણને ચિત્રકલાના નમૂના મળે છે, પરંતુ તે પહેલાંની અત્યંત ભવ્ય કલાસમૃદ્ધિ હશે, જે કાળગ્રસ્ત થઈ છે એટલે એના વિશે કશું સ્પષ્ટ કહી ન શકાય.

જૈન ધર્મની કથા, કોઈક ચરિત્ર, કોઈ પ્રસંગ કે કોઈ ઉજવણીને ધ્યાનમાં રાખીને દોરાતાં ચિત્રોમાં કેન્દ્રમાં તો ધર્મચેતના જ છે. પરંતુ, માનવીય ઊર્જા અને જીવનની વિવિધાને પણ એટલું જ દશ્યરૂપ આપવામાં આવ્યું છે. દરેક લઘુચિત્ર એક સાદ્યંત ભાવખંડ, લયન્વિત ગીત કે હૃદ્ય કાવ્ય હોય એવી અનુભૂતિ થયા કરે છે. રેખા, રૂપ, રંગનું સુચારુ સામંજસ્ય નિરતિશય આનંદનું નયનપર્વ જ લાગે. ભારતીય ચિત્રકલામાં અજંતાનાં ચિત્રો પછી જો કોઈએ વ્યાપક પ્રભાવ પાડ્યો હોય તો તે આવાં લઘુચિત્રોએ. જીવનરસથી ધબકતાં કોમલાંગ પાત્ર, ભાવસમૃદ્ધ દેહસૌષ્ઠવ, નજાકતમય અંગભંગિ, નાજુક વદન, શુકસમાન નાસિકા, મીન અથવા કમલદલશી આંખ, તીણી પણછ સમ ભ્રમર, ઉન્નત ગ્રીવા, ઘેરદાર પારદર્શક વેશભૂષા, આલંકારિક કેશભૂષા, કમનીય આભૂષણ, પશુ-પક્ષીનું સયુક્તિક આલેખન, બહુધા ઉદ્દીપન વિભાવરૂપ નયનરમ્ય પ્રાકૃતિક પરિવેશ – ઠાંસી ઠાંસીને સૌંદર્ય ભર્યું છે આ લઘુચિત્રોમાં.


૬. કૃષ્ણ અને નેમિનાથની જલક્રીડા, 'કલ્પસૂત્ર'

અલંકરણ અને સુશોભન માટે વૃક્ષ, ફૂલવેલી અને શોભનભાતોનો વિશિષ્ટ વિનિયોગ થયો છે. રાજહંસ, ગજ, અશ્વ, હરણ, મોર જેવાં પશુપક્ષીઓની અનેકસ્તરીય ચિત્રણા થઈ છે. નૃત્ય અને વાદનનો યથાવકાશ ઉપયોગ કરાયો છે. જૈન ધર્મમાં અષ્ટમંગલ તરીકે ઓળખાતાં પવિત્ર આઠ પ્રતીકો અને ચૌદ સ્વપ્ન વારંવાર ચિત્રિત થયાં છે.

ગુજરાતી પ્રજાનો રંગરાગ, ભાતીગળતા અને જીવનરસ આ ચિત્રોમાં સુપેરે દશ્યમાન થાય છે. બારમીથી સોળમી સદી સુધીની ગુજરાતી સામાજિક-સાંસ્કૃતિક ગતિવિધિની ઝલક એમાંથી મળી રહે છે. જેમ કે, જૈન સાધુની ચિત્રણામાં એક ખભ્ભો ખુલ્લો રાખવામાં આવતો, જ્યારે સાધ્વીજીને પૂર્ણપણે વસ્ત્રાવૃત્ત કરવામાં આવતાં. રાજસમ્માન પ્રાપ્ત કરેલા આચાર્યને સિંહાસન પર સ્થાપિત કરવામાં આવતા. પુરુષો અને સ્ત્રીઓ બંને લાંબા વાળ રાખતાં. પુરુષો બહુધા દાઢીમૂછ રાખતા. પુરુષો કાનનાં ઘરેણાં પહેરતા અને અન્ય આભૂષણો પણ પહેરતા. સ્ત્રીઓ મસ્તક પર ઓઢતી નહિ. સ્ત્રીઓ ગોળ ચાંદલો કરતી, પુરુષો ઊર્ધ્વપુંડ્ર તિલક કરતા.


૭. લેખન અને ચિત્રનો સમન્વય, 'કાલકાચાર્યકથા' સચિત્ર પ્રત

ભારતીય કલામાં અનેરું સ્થાન ધરાવનાર લઘુચિત્રશૈલીની કેટલીય અગત્યની, મૂળભૂત સિદ્ધિ તો પ્રારંભિક એવી ગુજરાતી શૈલીએ હાંસલ કરી લીધી હતી. સાહિત્યકૃતિને દશ્યભાષા આપવી, કથનાત્મક વર્ણનને એક કરતાં વધારે દશ્યમાં સાંકળીને નિરૂપણ કરવું, ભાવની તીવ્રતા લાવવી, લયાત્મક અને જીવંત પાત્રોનું નિર્માણ કરવું, રૂપકાત્મક અને પ્રતીકાત્મક આલેખન કરવું, પ્રાકૃતિક અને સામાજિક પરિવેશનો ઉપયોગ કરવો, નાના ફલક પર એકાધિક સામગ્રીની રજૂઆત કરવી, રંગરેખા અને સંયોજનામાં એક કરતાં વધારે દશ્યાત્મક પરિભાષાનો વિનિયોગ કરવો ઈત્યાદિ કલાકીય અંગો તો પાટણના અને ગુજરાતના ચિત્રકારોએ સિદ્ધ કરી જ લીધાં હતાં. કથાને દશ્યરૂપ આપતી વખતે અનેકસ્તરીય સંયોજના કરવામાં આવતી. આને કારણે અનેક દશ્યમાં કૃતિ વિભાજિત થતી એમ એકબીજી દશ્યાવલિમાં સંયોજાતી પણ ખરી. નાના ફલક પર આવી નાટ્યાત્મકતા સિદ્ધ કરવામાં આવતી તે ખરેખર આશ્ચર્ય પમાડે તેવી બાબત હતી. છેક તેરમી સદીથી પ્રકૃતિચિત્રણા થવા લાગી હતી. વળી, મુઘલ કલામાં ચિત્રને ચારે બાજુ અલંકૃત કરવાનું શરૂ થયું એમ કહેવાય છે તે સત્ય નથી. ફૂલવેલ ઈત્યાદિનાં અત્યંત સુંદર અલંકરણો, સુશોભનોની શરૂઆત


ચૌદમી સદીથી થવા લાગી હતી. પરવર્તી ભારતીય શૈલીઓ વ્યાપક અને બહુઆયામી બની એ કહીકત છે, પરંતુ તેનાં દશ્યાત્મક અંગોનો દઢ પાયો નાખનારા તો ગુજરાતી કલાકારો છે એમ અવશ્ય કહી શકાય.



૮. લોકપુરુષ, 'સંગ્રહણીસૂત્ર'

પ્રારંભિક લઘુચિત્રો પોથીચિત્રો હતાં, હસ્તપ્રતોની વચ્ચે ચીતરાતાં. તેમનું કદ-પ્રમાણ ઘણું નાનું હતું. પશ્ચાદ્‌ભૂમાં ચિત્રણ ન થતું. યથાર્થતા કરતાં અલંકરણને પ્રાધાન્ય અપાતું. આલેખન બહુધા જૈન મૂર્તિશાસ્ત્ર પ્રમાણેનું હતું. વિષય તરીકે કલ્પસૂત્ર, જૈન ધર્મના પ્રસંગો, કાલકાચાર્યકથા વગેરે હતાં. પોથીચિત્રો કાવ્ય અને ચિત્રકલાનો સુભગ સમન્વય છે. આ પોથીચિત્રો સમગ્ર ઉત્તર-પશ્ચિમ ભારતમાં ખ્યાત હતાં, પરંતુ ગુજરાત અને રાજસ્થાનમાં તેનું પ્રચલન વધારે હતું. જૈન ધર્મની મુખ્ય ચિત્રિત કૃતિઓ તરીકે 'કલ્પસૂત્ર', 'કાલકકથા', 'ઉત્તરાધ્યયનસૂત્ર', 'સુપાર્શ્વનાથચરિત્ર' વગેરેનું પ્રાચૂર્ય રહ્યું છે. આ ઉપરાંત 'વસંતવિલાસ', 'બાલગોપાલસ્તુતિ', 'રતિરહસ્ય', 'રાજપ્રશ્નીયસૂત્ર' જેવી ધર્મેતર અથવા જૈનેતર કૃતિઓ પણ સારા એવા પ્રમાણમાં મળે છે.

લઘુચિત્રો પહેલાં તાડપત્ર, કાષ્ઠ કે વસ્ત્રપટ્ટ પર તૈયાર થતાં. તાડપત્રની કલાના કેંદ્ર તરીકે પાટણ અને ભરૂચની નામના હતી. ગુજરાતમાં ઇ. સ. ૧૧૦૦ આસપાસ રચાયેલી તાડપત્રની



૯. તાડપત્ર પરની સચિત્ર પ્રત

'નિશીથચૂર્ણિ' કૃતિમાં ચિત્રાંકન મળે છે તે લઘુચિત્રનો જૂનામાં જૂનો નમૂનો ગણાય છે. સારાભાઈ નવાબે વિ.સં. ૯૨૭માં લખાયેલી 'કલ્પસૂત્ર' પ્રત પરથી વિ.સં. ૧૪૨૭માં નકલ કરવામાં આવેલી એક તાડપત્રીય કૃતિનો ઉલ્લેખ કર્યો છે. તાડપત્રની ચિત્ર વગરની જૂનામાં જૂની પ્રત વિ.સં. ૧૧૩૯ની સાલની મળે છે. સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ

જેવા ગુર્જર નરેશોના સમયમાં તૈયાર થયેલી અનેક તાડપત્રીય કૃતિઓ મળે છે. વિ.સં. ૧૨૯૪માં તૈયાર થયેલી 'ત્રિષષ્ઠી શલાકાપુરુષ' કૃતિ કે વિ.સં. ૧૨૯૮માં તૈયાર થયેલી 'નેમિનાથચરિત્ર' કૃતિઓ સચિત્ર છે. તાડપત્રીય કૃતિઓની આ યાદી ઘણી લાંબી છે. ચૌદમી સદી સુધી એનું પ્રચલન રહ્યું છે.

તાડપત્ર અને કાગળની પ્રતોની સમાંતરે લાકડા પર અત્યંત કલાત્મક ચિત્રકામ થતું. હસ્તપ્રતના આધાર તરીકે ઉપર અને નીચે કાષ્ઠ વપરાતાં તેના પર કમનીય કલાકર્મ સિદ્ધ કરવામાં આવ્યું છે, જેને કંબિકા કહેવામાં આવે છે. લાકડા પરનાં જૂનામાં જૂનાં ચિત્ર વિ.સં. ૧૪૨૫માં 'પુષ્પમાલાવૃત્તિ'ની પ્રત પરનાં મળે છે. વિ.સં. ૧૪૫૪માં તાડપત્રીય કૃતિ 'સૂત્રકૃતાંગવૃત્તિ' પરની કંબિકાનાં ચિત્રો



૧૦. તાડપત્ર પરની સચિત્ર પ્રત

પણ નોંધનીય છે. આ પછીથી આ કલા ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ થતી ગઈ.

વસ્ત્ર પરનાં ચિત્રો ઈ.સ. ૧૩૫૩થી મળવા લાગે છે. વિ.સં.૧૪૦૮માં તૈયાર થયેલાં 'ધર્મવિધિપ્રકરણ અને કચ્છૂલીરાસ'નાં ચિત્રો તેમજ 'પંચતીર્થી પટ'નાં વિ.સં. ૧૪૯૦ની સાલનાં ચિત્રો મળે છે એ જૂના નમૂના તરીકે નોંધનીય છે.

કાગળનો પૂર્ણપણે વપરાશ ચૌદમી સદીથી થવા લાગે છે. વિ.સં. ૧૪૭૨માં 'કલ્પસૂત્ર'ની પ્રત કાગળ પર તૈયાર થઈ હતી. કાગળના વપરાશને કારણે તાડપત્રની ચિત્રણા ઓછી થવા લાગે છે. અમદાવાદના દેવશાના પાડાના દયાવિમલજી શાસ્ત્રસંગ્રહની 'કલ્પસૂત્ર'ની સુવર્ણાક્ષરી પ્રત કલાકારીગરીનો ઉત્કૃષ્ટ નમૂનો છે. તેમાં માનવાકૃતિઓની સુંદરતા તો છે જ, સાથેસાથે રાગ, રાગિણી, મૂર્છના, તાન તેમજ નાટ્યશાસ્ત્રસંગત વિવરણ પણ કરવામાં આવેલું છે. પંદરમી સદીમાં જૈન ધર્મ સંલગ્ન હજારો પ્રતો લખાઈ, ચિત્રિત થઈ. સોનારૂપા અને એનાં અલંકરણોનો ઉપયોગ વધવા લાગ્યો. કાગળને કારણે ચિત્રોમાં ચોકસાઇ આવી, રંગોમાં વૈવિધ્ય આવ્યું. માનવાકૃતિ વધારે સ્પષ્ટ બનવા લાગી. કદમાપમાં પણ વધારો થયો.

મોટે ભાગે સિયાલકોટી કાગળનો ઉપયોગ થતો. સૌપ્રથમ

રેખાંકન કરી, પાતળું આવરણ કરી લિસ્સા પથ્થર કે કોડી વડે ઘસી પીઠિકા ચકચકિત કરવામાં આવતી. ત્યાર બાદ જરૂરિયાત મુજબ રંગપૂરણી થતી. ચિત્ર અનુસાર રંગના બે કે ત્રણ થર લગાવાતા. ઘણી વાર ગુરુ અથવા મુખ્ય ચિત્રકાર શિષ્યો કે અન્ય ચિત્રકારોને પત્રની પાછળ સૂચનાઓ લખી આપીને રંગપૂરણીનું કાર્ય સોંપી દેતા. કીમતી પથ્થરો, વનસ્પતિઓ, ગૌમૂત્ર, કાજળ, હળદર, ગુંદર જેવા પદાર્થોના સંયોજન દ્વારા રંગો બનાવાતા. વિશેષ સુશોભન માટે સોનાનો અને ચાંદીનો ઉપયોગ થતો, સુવર્ણ-રૌપ્ય વરખ પણ વપરાતા હતા. પ્રારંભિક ચિત્રોમાં સોનેરી, લાલ, શ્વેત, શ્યામ રંગ વપરાતા, ક્વચિત્ લીલો રંગ વપરાતો. કાગળના



૧૧. કાષ્ઠપટ્ટ પરનું ચિત્રણ

વપરાશ પછી રંગોમાં અનેક પ્રકારની વિવિધા આવી.

લઘુચિત્રકલાની સમાંતરે સુલેખનકલા (કેલિગ્રાફી) વિકસી અને સમૃદ્ધ બની. બહુધા લેખનને ચિત્ર સહારો આપતું. જૈનાશ્રયે અનેક મરોડમાં, અત્યંત કલાત્મક રીતે લેખનકૌશલ્યનો વિકાસ થયો છે. પ્રાચીન નગર વલ્લભીપુર જૈન ગ્રંથલેખનનું મુખ્ય કેંદ્ર હતું. વીર સંવત ૯૮૦માં વલ્લભીપુરમાં સ્થવિર આર્ય દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના પ્રમુખપણા નીચે પુસ્તકલેખન અંગેનો સંઘસમવાય મળ્યો હતો. સિદ્ધરાજ જયસિંહે ૩૦૦ લહિયાઓ રોક્યા હતા. વળી, 'સિદ્ધહેમ શબ્દાનુશાસન'ની સવા લાખ નકલો તૈયાર કરાવી સર્વત્ર મોકલી હતી. કુમારપાળે ૭૦૦ લિપિકારોને પોષણ આપ્યું હતું અને ૨૧ ગ્રંથભંડારોની સ્થાપના કરી લેખનપ્રવૃત્તિને પ્રોત્સાહન આપ્યું હતું. જૈન આગમગ્રંથોનું છેવટનું સંકલન તેના રાજ્યકાળ દરમિયાન થયું હતું.

કેલિગ્રાફી માટે લિપિકાર-લહિયાનું કાર્ય કરનાર એક વિશિષ્ટ વર્ગ હતો. વારસાગત કે ગુરુ-શિષ્ય પરંપરા દ્વારા લેખનની શૈલી, અલંકાર, ચિત્રાંકન, શાહી બનાવવાની રીતિ વગેરે જીવંત રહેતાં, મુખ્યતયા આ વર્ગ બ્રાહ્મણ, નાગર, કાયસ્થ, ભોજક, નાયક વગેરે જાતિનો હતો.

લખવા માટે મુખ્યતયા કાળી કે લાલ શાહીનો ઉપયોગ થતો. ખાસ અલંકરણ માટે સોના અને ચાંદીમાંથી પણ સોનેરી-રૂપેરી શાહી બનાવવામાં આવતી. શાહી બનાવવાની પદ્ધતિના ઘણા ઉલ્લેખો મળે છે, પણ તેમાં ઉપયોગમાં લેવામાં આવતી સામગ્રીના પ્રમાણ વિશે સ્પષ્ટતા નથી. મુખ્યતયા બદામનાં ફોતરાંનો કોલસો બનાવી તેને ગૌમૂત્રમાં ઉકાળી તથા કાજળ, ગુંદર, લાખ, હીરાબોળ, હરડાંબેડાં, ભાંગરો વગેરેના મિશ્રણ દ્વારા કાળી શાહી બનાવવામાં આવતી. એ શાહી ખૂબ ટકાઉ હતી અને વર્ષો સુધી ઝાંખી પડતી નહીં. લાલ શાહી અળતા કે હિંગળોકમાંથી બનાવવામાં આવતી. શાહી બનાવવા માટેની અલગ અલગ પદ્ધતિઓના નિર્દેશો મળે છે, જેમકે –

सहवर-भृङ्ग- त्रिफलाः कासीसं लोहमेव नीली च।
समकज्जल - बोलयुता भवती मषी ताडपत्राणाम् ।।

રાજસ્થાનમાં નીચે પ્રમાણેની રીત પ્રચલિત હતી :

**काजल कत्था बीजा बोळ, उसमें पड़े गूंद को झोल।**
**बांगरिया भी जल पडे, अक्षर मोती जडे ।।**

તેનું ગુજરાતી સ્વરૂપ આ પ્રમાણે છે :

જિતના કાજળ ઉતના બોળ, તેથી દૂણા ગુંદ ઝકોળ,
જો રસ ભાંગરાનો પડે, તો અક્ષરે અક્ષરે દીવા બળે.

લેખન માટેની આવશ્યક સાધનસામગ્રીને 'ક' વર્ણથી શરૂ થતા શબ્દો દ્વારા નીચે પ્રમાણે ચાતુરીપૂર્વક દર્શાવવામાં આવી છે :

कुंपी कज्जल केश कंबलमबो मध्ये च शुभ्रं कुशं।
कांबी कल्म कृपाणिका कतरणी काष्ठं तथा कागलम् ।।
कीकी कोटरी कलमदान कमणे कटी स्तथा कांकरो।
एतै रम्यककाक्षरैश्च सहितः शास्त्रं त नित्य लिखेत।।

શાહીને મષી અને ખડિયાને કૂંપી કે મષીભાજન કહેવાતું. કલમ બરુની વપરાતી. છંદણ અને સાંકળ શાહીનો ખડિયો રાખવા માટે હતાં. કાંબી આંકણી કે માપપટ્ટીને કહેવાતી. તે માટે યુજવલ કે જૂજબળ શબ્દો પણ હતા. ઓળિયું કે રેખાપાટીના નામથી પ્રચલિત



૧૨. કાષ્ઠચિત્રણામાં અજંતાશૈલીનું પ્રતિબિંબ

લાકડાના પાટિયા પર કાગળ દબાવી સીધી લીટીમાં લખવા માટેની સમાંતર રેખાઓ ઉપસાવવામાં આવતી. પાટી નામે ઓળખાતા લાકડાના પાટિયામાં નમૂના માટેના મૂળાક્ષરો લખી રાખવામાં આવતા. પડકાલ કે પ્રાકાર વડે વર્તુળ-અર્ધવર્તુળ આકારો દોરવામાં આવતા. કલમદાનમાં કલમ ઈત્યાદિ સામગ્રી મૂકવામાં આવતી. પોથીના મુખ્ય આવરણને કંબિકા કહેવામાં આવતું જેના પર ચિત્રાંકન કે અલંકરણ કરવામાં આવતું. પોથી બાંધવા માટેની ફૂમતાંવાળી દોરીને ગ્રંથિકા કહેવાતી. પૂઠા નામે ઓળખાતા

સાધનમાં પ્રત રાખીને વાંચવામાં આવતી, તો થોડો સમય પ્રત રાખી મૂકવા માટે કવલી નામનું સાધન હતું. હસ્તપ્રત કે પોથીના જીવાત વગેરેથી રક્ષણ માટે કાળીજરી, ઘોડાવજ, સાપની કાંચળી, તમાકુ વગેરે વપરાતાં, કૂંપી, કલમદાન, કંબિકા, કવલી, પૂઠા ઇત્યાદિમાં કલાત્મકતા, અલંકરણ વગેરેનું વૈવિધ્ય સુપેરે જોઈ શકાય છે.

સુલેખનકારો-લહિયાઓએ હસ્તપ્રતોમાં પોતાનો પ્રાણ રેડ્યો હતો. દરેકે પોતાની સૂઝ, મૌલિકતાથી અવનવાં પરિણામો, પરિમાણો સિદ્ધ કર્યાં હતાં. વિવિધ રંગની શાહી, ચિત્ર-ફૂલવેલ-ભૌમિતિક આકારોનું અલંકરણ, વિવિધ લેખનરીતિ વગેરેનું વૈવિધ્ય અપાર હતું. સૂક્ષ્મ અક્ષરો, મોટા અક્ષરો, મરોડદાર અક્ષરો એવા અક્ષરાંકનના વૈવિધ્યને આધારે પ્રતોને સૂક્ષ્માક્ષરી, સ્થૂલાક્ષરી, મધ્યકુલ્લિકા, જિબ્ભા ઇત્યાદિ નામથી ઓળખવામાં આવતી. વળી, પ્રતમાં પાડવામાં આવેલ લેખનના આંતરિક ભાગ અનુસાર તેનાં ત્રિપાઠ, પંચપાઠ, શૂડા, ચિત્રપુસ્તક જેવાં નામો આપવામાં આવેલાં. પ્રતો કે પોથીના આકારને આધારે તેનાં ગંડી, કચ્છપી, મુષ્ટિ, સંપુટાફલક, છિવાડી જેવાં નામાભિધાન થયેલાં. દર્પણમાં જોઈને વાંચી શકાય તે રીતે ઊલટા અક્ષરે પણ લખાતું. પોથીચિત્રોમાં ચિત્રકલા અને સુલેખનકલાનો સુભગ સમન્વય થતો. આ બાબતો પરથી ખ્યાલ આવશે કે કેલિગ્રાફીમાં કેટલું વૈવિધ્ય હતું!

સમગ્રતયા એમ કહી જ શકાય જૈન ધર્મનું ગુજરાતી ચિત્ર અને સુલેખનકલા સંદર્ભે પાયાનું અને પ્રશસ્ય યોગદાન છે. ધર્મ સાથે વિદ્યા અને કલાને જોડવાને કારણે અનેક જૈન ગ્રંથો લખાયા, એની પણ અલગઅલગ સ્થળે અનેક નકલો થઈ. એમાં લહિયાઓની લેખનકલા અને ચિત્રકારોની જુગલબંધી છે, અથવા તો સિદ્ધહસ્ત કલાકારની ચિત્રકલા અને લેખનકલાનો સમન્વય છે. કલાનિષ્ણાત આચાર્યો અને કલાપ્રિય શ્રાવકોની દીર્ઘદ્રષ્ટિથી માત્ર જૈન ધર્મને નહિ, સમગ્ર કલાજગતને ફાયદો થયો છે. જૈન શ્રેષ્ઠીઓનાં દાનના અવિરત પ્રવાહને કારણે કલાકારોને પોષણ મળતું, અનેક પ્રતોનું સાતત્યપૂર્વક નિર્માણ થતું. આવો મધ્યકાળનો આશ્ચર્યજનક ખજાનો જોઈએ ત્યારે આપણને જૈનધર્મના પ્રદાન પ્રત્યે અવશ્ય અહોભાવ થાય છે. આવા ગ્રંથભંડારો અત્યારે ભારતીયતાના ભવ્ય સ્તંભરૂપે શોભે છે, પ્રાચ્યવિદ્યાની જ્ઞાનજ્યોત તરીકે ઝળહળે છે.

ચિત્રસૌજન્ય : એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજી, અમદાવાદ

સંદર્ભસૂચિ :


- નવાબ સારાભાઈ મણિલાલ, જૈનચિત્રકલ્પદ્રુમ, પ્રકા. સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, ૧૯૩૬
- નવાબ સારાભાઈ મણિલાલ, જૈનચિત્રકલ્પદ્રુમ ભાગ-૨, પ્રકા. સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, ૧૯૫૮
- Bassigli Mario, Indian Miniatures, Paul Hamlyn, London, 1966
- Chandra Moti, Studies in early Indian Painting, Asia Publishing house, Bombay, 1970
- Doshi Saryu, Dr., Edi., The iconic and the narrative in Jain Painting, Marg Publication, Bombay
- Parimoo Ratan, Gujarati School and Jaina Manuscript Paintings, Gujarat Museum Society, Ahmedabad, 2010
- Parimoo Ratan, Rajasthani, Central Indian, Pahari and Mughal Paintings, Gujarat Museum Society, Ahmedabad, 2013
- Parimoo Ratan, Treasures from The Lalbhai Dalpatbhai Museum, Lalbhai Dalpatbhai Museum publication, Ahmedabad, 2013
- Shah Umakant P., Dr., More ducuments of Jaina Paintings and Gujarati Paintings of sixteen and later centuries, L. D. Institute of Indology, Ahmedabad, 1976


❑❑❑



કેટલાક વર્ષોથી આપણા સાધ્વીજી મહારાજ સમુદાયની એક વિશિષ્ટ પ્રવૃત્તિ નજરે ચડી આવે એવી થઈ રહી છે, ખૂબ સરાહનીય કામ થતું દેખાય છે. આ છે બહેનો-દીકરીઓને ગહુલી શીખવવાની કળામાં માહિર કરવાની. દસેક વર્ષ પહેલાં નવસારીમાં સાધ્વીજી મહારાજે ખૂબ ઉલ્લાસથી ચાતુર્માસની શરૂઆતથી જ બહેનોને ગહુલી બનાવવાનું શીખવવાનું શરૂ કરેલ. તેનું પરિણામ દિવાળીના તહેવારોમાં જોવા મળ્યું. એક એકથી ચડે એવી ૧૦૦થી વધારે ગહુલી એક સાથે ત્યાં એક મોટા હૉલમાં સજાવી હતી. ખરેખર આ મોટી ઉપલબ્ધિ ગણાય. આ ઉપરાંત સાધ્વીજી મહારાજ પાસેથી બહેન-દીકરીઓ માટે બપોરના સમયમાં શીબીરો ગોઠવી રાગ-રાગિણીથી સ્તવન ગાતા શીખાવાતું હોય, રસોઈકળામાં શુદ્ધિ કેમ રાખવી, સચિત્ત-અચિત્તના ભેદ સમજાવાતું હોય છે. આ યુગમાં ડાયેટિશ્યનનો પ્રભાવ વધતાં તેઓ દોરે તે પ્રમાણે ખાણીપીણી બદલતા રહીએ છીએ; ત્યાં બહેનોને લાલબત્તી દેખાડી સાધ્વીજી મહારાજ આરોગ્ય સાથે ધર્મ પણ સાચવી લે છે. આ બધું સંસ્કાર પ્રેરક છે, સાત્ત્વિક જીવન જીવવાની આ પણ અદ્ભુત કળા છે! – સંપાદક

કલાવારસાનાં જતનની એક આગવી પ્રણાલિકા

# જૈન હસ્તપ્રતોમાં રહેલી ચિત્રકળા

**ભારતી દિપક મહેતા**

જૈનધર્મનાં સ્થાપત્યો તથા સાહિત્યમાં રહેલી વિશિષ્ટ ચિત્રકળાઓ વિશ્વકળા ક્ષેત્રે આગવું પ્રદાન કરેલું છે. કોઈ ખાસ વ્યક્તિ, વ્યક્તિ સમુહ, અવસર કે સમયખંડની ઓળખ અપાવવા ચિત્રો દ્વાર સુંદર અને વિસ્તૃત રીતે વર્ણન તથા અર્થઘટન કરાવવા માટે ઠેઠ પ્રાચીન અને મધ્યયુગનાં જૈનધર્મમાં લઘુચિત્રો (મીનીએચર), બૃહદ્ પટ્ટાવલીઓ, ભીંતચિત્રો ઉપરાંત તાડપત્ર-પત્થર-ધાતુ-કાપડ-કાગળ વગેરે ઉપર બનાવેલ હસ્તપ્રતોમાં કે જિનાલયોનાં સ્તુપ-ઘુમ્મટ આદિ સ્થાપત્યોમાં ચિત્રકળા અનુપમ રીતે નિખરી ઉઠી છે. આધુનિક યુગમાં પણ ચિત્રોમાં અનોખી ભાત પાડવા માટે જૈનધર્મ સ્થિત ચિત્રકળા જગમશહુર છે.



જૈન આગમોમાં દાનનાં સાત ક્ષેત્રોમાં (જિનમંદિર, જિનપ્રતિમા, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા) જિનાગમને હસ્તપ્રતોમાં લખાવવાનાં કાર્યને પણ સમાવી લઈને, જૈન સંપ્રદાયે સાહિત્ય એવાં ચિત્રકળા જતનની એક દઢ પ્રણાલિકા ઉભી કરી દીધી છે.

હસ્તપ્રતોનો આધાર છે શ્રુતિ ને સ્મૃતિ. હસ્તપ્રતોમાં આપણા ભવ્ય એવા શ્રુતવારસા તથા કલાવારસાને આવતી અનેક પેઢીઓ સુધી સાચવવાનું સામર્થ્ય છે. હસ્તપ્રતોની સફળતા છે લિપિ ને ચિત્રો ઉકેલવામાં અને શાસ્ત્ર સંશોધન કરવામાં. આપણા અસ્તિત્વનાં વિકાસનું મૂળ બીજ એટલે હસ્તપ્રતોમાં જળવાતો શ્રુતવારસો અને ચિત્રશૈલીનો વારસો કહી શકાય.

પ્રતિલિપિઓ માટે હસ્તપ્રતોની નકલો કરનાર લહિયાઓની પરંપરા પ્રાચીન છે. પાંચમીથી આઠમી સદી પર્યંત સૌરાષ્ટ્રનું વલ્લભીપુર બ્રાહ્મણ, જૈન અને બૌદ્ધ વિદ્યાઓનું વિશાળ કેન્દ્ર હતું. જૈન ગ્રંથો અને તેમાં રહેલી વિશિષ્ટ ચિત્રકળાની જાળવણી માટે ઈ.સ. ૪૫૩માં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણનાં અધ્યક્ષ સ્થાને મગધ તથા વલ્લભીપુરમાં જૈન પરિષદ મળી હતી. તે સમયે સમગ્ર જૈન શાસ્ત્રોને લિપિબદ્ધ કરીને તેની પ્રતિલિપિઓ દેશનાં વિવિધ ભાગોમાં મોકલવામાં આવી હતી.

૫ થી ૧૧મી સદીની વચ્ચે તાડનાં પત્રો ઉપર ચિત્રો થતાં. સૌથી પહેલાં તાડપત્રો ઉપરની હસ્તપ્રતોમાં રહેલ લઘુચિત્રો ૧૧ મી સદીનાં મળે છે, પછી પાટલી ઉપર પશુ-પક્ષીઓ, ગુજરાત-રાજસ્થાનની પશ્ચિમ ભારતીય ચિત્રકળાનાં ફૂલપત્તાઓ વગેરે પણ મળે છે. આરબોનાં આક્રમણ પછી વલ્લભીપુરની બચેલી હસ્તપ્રતોની નકલો કરીને પાટણ લાવવા માટે રાજા સિદ્ધરાજ જયસિંહે (ઈ.સ. ૧૦૯૪ થી ૧૧૪૩) એક સાથે ૩૦૦ લહિયાઓ પાસે લેખન કરાવ્યું હતું.

તેમાં રહેલી ચિત્રકળાને હેમખેમ રાખવાપૂર્વક રાજા સિદ્ધરાજ જયસિંહે 'સિદ્ધહેમ વ્યાકરણ'ની સવા લાખ નકલો તૈયાર કરાવીને વિવિધ વિદ્યાકેન્દ્રોમાં મોકલેલ.

ઘણાં જૈન આગમગ્રંથો કુમારપાળ રાજાનાં રાજ્યકાળે પૂ. શ્રી હેમચંદ્રાચાર્યાદિ મહાવિદ્વાન પંડિતોની નિશ્રામાં ઈ.સ. ૧૧૪૩ થી ૧૧૭૪માં પાટણમાં રચાયા, જેમાં રહેલી આગવી ચિત્રશૈલીને યથાતથ રાખવા એક મોટાં સ્થાનમાં શાહીની પડનાળ ભરેલી રહેતી, તેમાંથી અનેક લહિયાઓ ગ્રંથોની નકલો ઉતારે જતાં. લહિયાઓ મોટો ગ્રંથ એકસરખા અક્ષરે શ્લોકો કે પંક્તિઓનાં શબ્દોને અલગ પાડયાં વિના ભેગું ભેગું જ લખતા. તેમાં ફરતે રહેલ કિનારીઓની ભાત અને આકૃતિઓમાં વિધવિધ રંગોની પૂરણી કરી આકર્ષક દેખાતી હસ્તપ્રતોને કાપડમાં મજબૂત રીતે બાંધી રાખતા.

૧૨મી સદીમાં ઈરાનથી પશ્ચિમ ભારતમાં આવેલ કાગળની શોધ પછી લાપીઝ લાઝુલી રત્નોમાંથી બનાવેલી ક્રીમસન શાહી અને સોના-ચાંદીનાં વરખમાંથી બનાવાતાં ચિત્રોને કારણે ઈ.સ. ૧૩૫૦-૧૫૫૦ વચ્ચે ચિત્રકળામાં ફેરફાર આવ્યો. દિલ્હી-ગ્વાલિયર ક્ષેત્રમાં ચાંદી-સોનાની શાહીથી કાગળ, કાપડ, ભીંતો તથા હસ્તપ્રતો ઉપર અલગ ભાતનાં સુશોભિત-રમ્ય-મનોહર ચિત્રો બન્યા.

## કલ્પસૂત્ર અને કાલકાચાર્ય કથાની અંદર સૌ પ્રથમ અનોખી શૈલીનાં ચિત્રો દોરાયા.

સંવત્ ૧૩૩૬માં લેખન પામેલ એક તાડપત્રીય પ્રતમાં તીર્થંકરોનાં ચરિત્રો સંપૂર્ણપણે ચિત્રિત થયેલા મળે છે. હસ્તપ્રતોનાં

આવરણો ઉપર પણ સુંદર ચિત્રો જોવા મળે છે. આજે પણ પાટણનાં ભંડારમાં 'પ્રેમેયકલમ માર્તંડ' નામની તાડપત્રની પ્રત છે, જે ૩૦ ઈંચ લાંબી અને ઈ.સ.ની બીજી સદીની છે તથા તેમાં ય ચમકદાર ઉત્કૃષ્ટ ચિત્રશૈલી પ્રદર્શિત છે. વલ્લભીપુર, પાલીતાણા, અમદાવાદ, પાટણ, જેસલમેર, મહેસાણા આદિ જગ્યાઓએ આજે પણ જૈનોનાં એવા ગ્રંથભંડારો ઉપલબ્ધ છે, જેમાં જૈનોએ પોતાનાં હસ્તલિખિત કે મુદ્રિત સાહિત્યની તથા ચિત્રકળાની સાચવણીની એક સુદૃઢ વ્યવસ્થા ઉભી કરી છે, જેનાથી કુદરતી કે રાજકીય આપત્તિઓ તેમની ગ્રંથસંપત્તિઓ અને ચિત્રકળાને નુકશાન ન કરી શકે.


ઈ.સ. ૧૪૪૦-૧૭૫૦ વચ્ચે મોગલકાળનાં ગુફામાં-સ્તુપો-વિહારોમાં બૌદ્ધ ચિત્રકળા નિખરી. ઈ.સ.૧૪૬૫માં ઉત્તરપ્રદેશ જોનપુર મધ્યેથી મળેલ કલ્પસૂત્રની હસ્તપ્રતમાં ત્રિશલામાતાને આવેલા ૧૪ સ્વપ્નો લાપીઝ લાઝુલીમાંથી બ્લુ અને સુવર્ણાક્ષરે ચિતરેલા મળી આવ્યા છે. ૧૫-૧૬મી સદીમાં પર્શીયન ચિત્રકળામાંથી પ્રેરિત થઈને આકારેલ સમૃદ્ધ અલંકારોથી સુસજ્જ આરીસાભુવનમાં રહેલા ભરતમહારાજાનું ચિત્ર ખૂબ પ્રશંસા પામેલ. ચૌરા-પંચાશિકા શૈલી મુજબ ઈ.સ. ૧૪૨૫માં ઘાટા રંગો અને ઈમોશનલ વિષયો પણ ઉમેરાયા.

જૈન આચાર્યો, પ્રભાવકો, રાજાઓનાં મંત્રીશ્વરોએ બનાવડાવેલ ચિત્રોથી ભરપૂર જૈન કથાનકો પાટણ અને ખંભાતનાં ગ્રંથભંડારોમાં તાડપત્રીઓ રૂપે સચવાયેલ છે. ઈ.સ. ૧૫૫૬-૧૬૦૫ મધ્યે મોગલ બાદશાહ અકબરનાં રાજ્યમાં શ્વે. જૈન ગુજરાતી ચિત્રશાળાનું નિર્માણ થયું, જેમાં મુખ્ય ચિત્રકારો તરીકે ગુજરાતમાંથી ગયેલા ૪ સિતારાઓ કેશો ગુજરાતી, માધો ગુજરાતી, ભીમો ગુજરાતી અને સુરજી ગુજરાતીનાં નામ મશહૂર છે. તેઓએ સંગ્રહણી સૂત્ર, કલ્પસૂત્ર, કાલકાચાર્ય કથા તથા ઉત્તરાધ્યયનસૂત્રમાં આવતા પ્રસંગોને હસ્તપ્રતોમાં શાહી રીતે ઢાળ્યા.

રંગો ઉપરાંત જૈન હસ્તપ્રતોમાં રહેલા અમુક આકારો અને પ્રમાણ પણ અભ્યાસુઓ માટે આકર્ષણ રૂપ બની રહ્યાં છે. ગંડી પુસ્તક, કચ્છપી પુસ્તક, મુષ્ટિ પુસ્તક, સંપુટફલક, સૃપાટિ પુસ્તક, ત્રિપાઠ, પંચાપાઠ, સૂડ આદિનાં ખાસ નામ, આકાર અને પરિમાણો સંગે તેમાં સ્થિત ચિત્રકામ પણ સૌને વિશિષ્ઠ અને દર્શનીય લાગ્યા છે.

તીર્થંકરોનાં ચ્યવન-જન્મ-દીક્ષા-કેવળજ્ઞાન તથ નિર્વાણ કલ્યાણકો, તેઓનાં યક્ષ, યક્ષિણી, નેમિનાથની જાન જેવા તીર્થંકરોનાં જીવનમાં બનેલા વિશિષ્ઠ પ્રસંગો, ગણધરો, સમોવસરણ, યંત્રો-મંડલો, સૂરિમંત્ર ઈત્યાદી વિષયો ઉપર ચિત્રો બન્યા છે. વળી સુવર્ણશાહીથી દોરેલ અષ્ટમંગળપણ નયનમનોહર રૂપે નિખરી ઉઠ્યા છે.

પાટણનાં ચિત્રકારો પુરૂષોની દેહયષ્ટિ ચીતરવામાં નિપૂણ ગણાતા. સિદ્ધાર્થ રાજા મલ્લયુદ્ધમાં જતા પૂર્વે તેલમર્દન કરે છે, ત્યારે ત્રિશલા માતા ૧૪ સ્વપ્નની વાત કહેવા આવે છે તેવા ચિત્રો માટે તથા ઈન્દ્ર સભામાં અર્ધપર્યંકાસના સ્થિત ઈંદ્ર, તેના આયુધો-શસ્ત્રો, હરિણગમૈષી દેવનાં હાથમાં પ્રભુવીરનો ગર્ભ (કલ્પના મુજબનાં સુપરહ્યુમન જે આકાશમાં તરી શકે - અર્ધમાનવપશુ) વગેરે ચીતરવા માટે કળાકારોને ત્યારે ખાસ દૂર દૂરથી આમંત્રાતા. દાનધર્મ દર્શાવવા માટે કૌશાંબીનગરીમાં ચંદનબાળાએ આપેલું બાકુળાનું દાન, જીવદયા દર્શાવવા માટે કબૂતર-મેઘરથ-શાંતિનાથનાં ચિત્રો, વરદહસ્ત દર્શાવવા માટે હેમચંદ્રાચાર્ય અને કુમારપાળનાં ચિત્રો, ૧૦૮ ઘડા સાથે શેરડીનાં રસ થકી પ્રથમ પારણું દર્શાવવા માટે શ્રેયાંસ -આદિનાથનાં ચિત્રો, સાધુવેશ દર્શાવવા માટે પ્રભુવીરનાં કાયોત્સર્ગનાં ચિત્રો આદિ પૂર્વે ચિત્રકળાનાં મુખ્ય વિષયો રૂપ પસંદગી પામતા.



પૂર્વે આ રીતે તૈયાર થયેલ ચિત્રોનાં રંગો ઉડી ન જાય તેની ખાસ જાળવણી માટે તથા હસ્તપ્રતોને ઊધઈ કે અન્ય જીવજંતુઓથી બચાવવા અહિંસક ઉપાયો રૂપી દ્રવ્યો વપરાતા જેવા કેઃ ઘોડાવજ, કાળીજીરીની પોટલી, સાપની કાંચળી, તમાકુનાં પાન ઈત્યાદી. ભોજપત્રો, તાડપત્રો પછી ધીમે-ધીમે ધર્મની કૃતિઓ કાપડ, કાષ્ઠ, ચર્મ, ધાતુઓ. પથ્થર ઈત્યાદી પદાર્થો ઉપર પણ લખાવાની શરૂ થઈ, જેથી ઉપર ચિત્રકળા વધુ શોભાયમાન બનતી ગઈ.

## તાડપત્રોમાં રહેલાં રંગોનું સર્જન તથા જાળવણી

તે કાળે તાડપત્રો પ્રથમ પાણીમાં પલાળી, સૂકવી, શંખ કે લીસ્સા પથ્થરથી ઘસીને સુંવાળા બનાવી પછી ચિત્રકળા ઉપસાવવા તથા લખવામાં વપરાતા. લખવાની શાહી 'મષી' કહેવાતી. ચિત્રકળામાં શ્યામ રંગ પણ અધિક વપરાતો. તે માટે બદામનાં ફોતરાને બાળી, કોલસો બનાવીને, તેને ગોમૂત્રમાં ઉકાળાતા. કાજળ, ગુંદર, લાખ, હીરાબોળ, હરડાં, બેડા, ભાંગરો વગેરે વાટીને તેમાં ભેળવીને કાળી શાહી બનાવવામાં આવતી. લાલ શાહી

અળતો કે હિંગળોકમાંથી બનાવાતી. તે સૈકાઓ સુધી ઝાંખી ન થાય એટલી ટકાઉ બનતી. હરતાલમાંથી પીળી શાહી બનાવાતી. સોના-ચાંદીના વરખમાંથી સોનેરી અને રૂપેરી શાહી બનાવાતી. પથ્થર ધાતુ અને બીજા કોતરેલા પાત્રનાં અક્ષરોને સુવાચ્ય બનાવવા સિંદુર પૂરીને પણ રંગ આપવામાં આવતો. આપણને પ્રશ્ન થાય કે સુરક્ષા માટે બહુધા લાલ રંગ કેમ વપરાતો હશે? એના ઉત્તરમાં વૈજ્ઞાનિકોએ સંશોધન કર્યું છે કે જંતુઓ લાલ પૂંઠા કે લાલ કાપડથી દૂર ભાગે છે.

### લખવાના એવં રંગોને રાખવાનાં સાધનોનાં નામ

ખડિયાને લિપ્યાસન, મષીપાત્ર તથા વતરણું કહેતા. કલમને વર્ણતિરક, લેખિની કહેતા. ફૂટપટ્ટી કે આંકવાનાં ઉપકરણને ફાંટિયું કહેતા. બધાં તાડપત્રોને ઉપર નીચે આવરણ તરીકે જે લાકડાનાં બે પાટિયાંથી બાંધવામાં આવતા, તે પાટિયાંને પૂર્વે લોકો કંબિકા નામે ઓળખાવતા. હસ્તપ્રતોનાં પ્રત્યેક તાડપત્ર વચ્ચે અથવા બે બાજુ કાણાં પાડીને તેમાં દોરી પરોવીને, જે બે લખોટા જેવું બાંધવામાં આવતું તેને સૂત્રકારો ગ્રંથી કહેતા. આ બંધનનાં કારણે 'ગ્રંથ' નામ અસ્તિત્વમાં આવ્યું.

હસ્તપ્રતમાં સ્થિત જૈન સાહિત્ય પ્રકારો ફાગુ, રાસ, પ્રબંધ, પવાડો, હરિયાળી, ગઝલ, ગીતા કાવ્યો, અર્વાચીન ગીતો, પૂજા સાહિત્ય, હોરી ગીતો, કથા, બારમાસા, પદો, પદ કવિતા, જૈન ગીતા કાવ્યો, છંદ કાવ્યો વગેરેમાં ચિત્રો દ્વારા ખાસ પ્રસંગોનું નિરૂપણ કરવામાં ચિત્રકારોએ કોઈ પાછી પાની કરી નથી.

હસ્તપ્રતોની ભાષા ભલે મહદ્અંશે પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી, પંજાબી, બાંગ્લા, નાગરી, ઉર્દુ, તામિલ આદિ હોય, પરંતુ તે સૌમાં રહેલા ચિત્રોની ભાષા તો જાણે સર્વગમ્ય રહી છે. પૂર્વે રાજાઓ પોતાની રીતે રહસ્યમયી સાંકેતિક ભાષા કે કૂટલિપિ કે ગૂઢલિપિમાં પણ સંદેશાઓ મોકલતા, જેથી તેનું રહસ્ય અન્ય કોઈ સમજી ન શકે. દા.ત. ક ને પ વાંચવો, ખ ને ત વાંચવો, ઈત્યાદી. એ જ રીતે ચિત્રો દ્વારા પણ સાંકેતિક ભાષાની આપ-લે થતી જોવા મળી છે.

હસ્તપ્રતોની લેખનશૈલીમાં મંગલસૂચક પ્રારંભચિહ્ન ગ્રંથ કે પ્રકરણની આદિમાં  જેવા લખાણ હોય છે, તે લિપિકારે કરેલ ચિત્ર સાથેનું મંગલસૂચક પ્રારંભચિહ્ન હોય છે. તેનો ઉચ્ચારઃ 'બે દંડ, ભલે મીંડુ, બે દંડ' એવો થાય છે. પ્રાચીન લેખનશૈલીમાં મંગલસૂચક અંતિમ ચિહ્ન ગ્રંથ કે પ્રકરણ વગેરેના અંતમાં જેવું અંતિમ મંગલસૂચક ચિહ્ન મનાય છે. આ ચિહ્નો ચિત્રકારીનાં અપ્રતિમ ઉદાહરણો છે. કેટલાક સટીક ગ્રંથો પંચપાઠ પદ્ધતિએ લખાયા હોય, ત્યાં ગ્રંથપઠનની રીત મુજબ વચ્ચે મૂળગ્રંથ મોટા અક્ષરે હોય છે. ટીકાવાંચન  દિશા બતાવી છે તે પ્રમાણે ચિત્રકળાની સહાયથી કરાય છે.

તાડપત્ર, ભોજપત્ર, કાપડ, ચર્મ, અગરુ, પથ્થર, તામ્ર, કાગળ આદિમાં લખાયેલ હસ્તપ્રતોની સાચવણી ગુટકા, પોથી, પેટી, પટારા, પોટલાદિમાં થાય છે. ૬' થી ૮' પહોળી અને ૧૫' લાંબી પોથીનું શોધન થયું, કારણકે અનુભવાયું કે ભોજપત્રો તો ઉષ્ણ હવામાનમાં ચીરાઈ જાય છે, તેથી પૂર્વે બહુધા કાશ્મીર-નેપાળ જેવા પ્રદેશોમાં જ તે રાખવા પડતા.

જૈન ગુર્જર કવિઓની સામગ્રીમાં જૈનેતર હસ્તપ્રત સંચયોમાં ૯ તથા જૈન હસ્તપ્રત સંચયોમાં ૨૦૦ પ્રતો, પાટણનાં હસ્તપ્રત સંચયમાં ૨૦,૦૦૦ પ્રતો, ગુજરાત વિદ્યાસભામાં ૧,૫૦૦ ને ફાર્બસ ગુજરાતી સભામાં ૧,૦૦૦ પ્રતો જે પ્રાપ્ત થયેલી છે, તે દરેકમાં સમયકાળ મુજબ ચિત્રોની શૈલીઓ બદલાતી રહી છે. હસ્તપ્રતોનાં આકાર, લિપિ, લેખનમાં વપરાયેલ વસ્તુ, જેમાં સંગ્રહ કરાયેલ હોય તે વસ્તુ, વિષય વસ્તુ, પોથીની જર્જરીતતા  વગેરે ઉપરાંત ખાસ તો ચિત્રો અને તેમાં રહેલી ચિત્રશૈલી ઉપરથી હસ્તપ્રતો કેટલી પ્રાચીન છે તેનો ખ્યાલ આવે છે. હસ્તપ્રતો વાંચવા માટે ય પૂર્વે ગુણ તથા ચિત્રોને સમજવાનાં કૌશલ્ય પ્રમાણે અધિકાર અપાતો.

પટણાનાં મ્યુઝિયમમાં રહેલ ત્રીજી સદીનું શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચિત્ર, પૂર્વે કટકની ગુફાઓ તરીકે પ્રસિદ્ધ ઉદયગિરિ અને ખંડગિરિની અર્ધ પ્રાકૃતિક ગુફાઓમાં શિલ્પની સંગે જે ચિત્રકળા જોવા મળે છે તે અદ્ભુત છે. આમ ગુફાઓમાં પણ સુરૂચિપૂર્ણ ચિત્રકળાનો ઉપયોગ થયો છે.

બારમી સદીમાં જૈન વેપારી શ્રી જિજા ભાગેરવાલા પાસેથી જૈન સંસ્કૃતિની વાતો સુણીને અભિભૂત થયેલ રાજા રાવલકુમાર સિંઘે પરવાનગી અર્પતા બંધાવેલ ૨૨ મીટર ઊંચા કીર્તિસ્તંભ ઉપર પણ પૂર્વે ચિત્રકળા થકી જૈન યશોગાથા ગવાયેલ. ઔરંગાબાદ સમીપ સ્થિત પહેલી સદીની ગુફાઓમાં જે બૌદ્ધ, હિંદુ અને જૈન શિલ્પો છે, તેમાં હવે પ્રાયઃ ઝાંખા થઈ ગયેલા ભીંતચિત્રો દર્શાય છે.

પૂર્વે વહીવંચામાં જળવાયેલા વિષયો જોઈએઃ અધ્યાત્મ, વિજ્ઞાન, સાહિત્ય, વ્યાકરણ, કર્મકાંડ, જ્યોતિષશાસ્ત્ર, ખગોળવિજ્ઞાન, આયુર્વેદ, વિધિવિધાન, યંત્ર-મંત્ર-તંત્ર વિજ્ઞાન, કુળપરંપરા, વૈદકશાસ્ત્ર, ચિત્રકળા, રસશાસ્ત્ર, પ્રવાસવર્ણનો, વેદ-ઉપનિષદોનો ઉદેશ ને ઉપદેશ ઈત્યાદીમાં ચિત્રકળા એક જ વિષય એવો જોવા મળે છે કે જે ઉપર દર્શાવેલ દરેક વિષયોમાં સમાવિષ્ટ હોય.

૮ થી ૧૮મી સદીનાં મધ્યકાળમાં મુખ્યપણે રચાયેલ જૈન સાહિત્ય માટે તો ૨૦મી સદીમાં આગમ રત્નાકર શ્રી જંબુવિજયજી ગણિ સમા શાસ્ત્રધુરંધરોએ ગ્રંથભંડારો સમીપ ઉપસ્થિત રહી, હસ્તપ્રતો તથા તેમાં રહેલ ચિત્રકળાનાં સમાર્જન-સંવર્ધનમાં પોતાનો મહદ્ જીવનકાળ વ્યતીત કર્યો છે.

ઈતિહાસમાં ક્યારેય હસ્તપ્રતો ખરીદવાનો ઉપક્રમ જોવામાં આવ્યો નથી, તેમાં રહેલા જ્ઞાનવારસા તથા ચિત્રકળાનાં વારસાને જાળવવાનો જ ઉપક્રમ છે. યાવદ્ ચંદ્ર દિવાકરૌ આ ભવ્ય ઉદાત્ત ચિત્રકળા તથા સાહિત્યિક વારસાનું જતન થતું રહે, તે આવતી પેઢીઓની શ્રેણી માટે આવશ્યક જ નહીં, અનિવાર્ય છે.

સંદર્ભ સૂચિ :

(૧) માસ્ટર પીસીઝ ઑફ જૈન પેઈન્ટીંગ, લે, સરયુબેન દોશી (માર્ગ પબ્લીકેશન, ૧૯૮૫)

(૨) Peaceful conquerors, Jain Manuscript Paintings.

(૩) Textiles in ancient Jain Kalpsutras.

(૪) The Art Blog by wovensouls.com

જૈનશાસનનું સૌથી મહાન ધર્મજાગરીકા પર્વ પર્યુષણા મહાપર્વ. તેમાં ઉત્કૃષ્ટ મહાત્મ્ય ધરાવતો અંતિમ અષ્ટમ દિન એટલે સંવત્સરી. આ દિવસે ઉપાશ્રયોમાં મહાન કલ્પસૂત્ર ગ્રંથના એક ભાગરૂપ શ્રુતકેવલિશ્રી ભદ્રબાહુસ્વામી રચિત, પ્રાકૃતભાષામાં લખાયેલ ૧૨૦૦ ગાથાનાં 'બારસાસૂત્ર'નું પૂજ્ય મુનિભગવંતોનાં શ્રીમુખે પઠન અને શ્રાવકગણ થકી થાય શ્રવણ.


સામાન્યજનને સહેલાઈથી સમજમાં ન આવતી પ્રાકૃતભાષામાં રચેલ આ ૧૨૦૦ ગાથાનું જ્યારે પઠન થઈ રહ્યું હોય, ત્યારે તેમાં આવતા અનેક પ્રસંગોને હસ્તપ્રતોમાંના ચિત્રોની સહાય દ્વારા શ્રોતાજનોને દર્શાવાય છે.

**બારસાસૂત્રની ચિત્રાનુક્રમણિકામાં સ્હેજ નજર કરીએ :**

તીર્થંકરશ્રી વીરપ્રભુનું ચ્યવન કલ્યાણક, સૌધર્મેન્દ્રલોકમાં બિરાજેલ શક્રેન્દ્ર, શક્રસ્તવ, ત્રિશલામાતાની શૈયા, ૧૪ સ્વપ્નો, સિદ્ધાર્થ મહારાજા સ્નાનગૃહમાં, પ્રભુવીરનો જન્મ, મેરુશિખર ઉપર પ્રભુનો જન્માભિષેક, પ્રભુનાં જીવનમાં બનેલ મુખ્ય ઘટનાઓ, દીક્ષા માટે પ્રભુવીરને વિનંતી કરતા લોકાંતિક દેવો, પંચમુષ્ટિ લોચ, કટપૂતના વગેરેનાં ઉપસર્ગો, કેવળજ્ઞાન તથા નિર્વાણ કલ્યાણક, શ્રી અષ્ટાપદજી તીર્થ, શ્રી પાર્શ્વકુમાર, કમઠનો પંચાગ્નિતપ, પ્રભુપાર્શ્વનું નિર્વાણ, શ્રી ઋષભદેવનાં પૂર્વભવો, ઈક્ષુરસથી વરસીતપનું પારણું. યજ્ઞ કરતાં શ્રી શય્યંભવભટ્ટ તથા આર્યપ્રભસ્વામી, બાળક વજ્રકુમાર રાજસભામાં તથા આગમસૂત્રોને ગ્રંથારૂઢ કરતા આચાર્ય દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ ભગવંતશ્રી આદિ મુખ્ય પ્રસંગો મનોરમ્ય ચિત્રો દ્વારા નિરૂપિત થાય છે.

ચિત્રોની સંગીનકળાને તથા કથાનાં હાર્દને કેવી ઝીણી રીતે સમજવી તેનું થોડું વિહંગાવલોકન કરવા ત્રણ ચિત્રોનાં દ્રષ્ટાંતો લઈએ:

**ચિત્ર ક્રમાંક ૧ :**



ચિત્રનાં પ્રથમ ભાગમાં પોતાનાં મહારાણી સંગે સંપ્રતિમહારાજા ઝરૂખે બેસીને રાજમાર્ગ ઉપરથી પસાર થતી જે રથયાત્રા નિહાળ છે. બે ઘોડાવાળી ગાડી, તેમાં બિરાજેલ મહાનુભાવો, રથ-સારથિ, અધ્યાત્મભાવે રંગાયેલા સાધ્વીજી ભગવંતો, રંગબેરંગી વેશભૂષામાં સજ્જ શ્રાવિકાઓ, તે કાળે પ્રવર્તમાન ફાળિયાં-બંડી-ખેસવાળા રેશમી વસ્ત્રોમાં સજ્જ શ્રાવકો તથા તેઓનાં અલંકારોમાં ડોકિયાં કરતી આગવી શ્રીમંતાઈ, શિષ્યો સંગે રથયાત્રામાં નેતૃત્વ કરતાં આભામંડળ સહિતનાં આર્યસુહસ્તિસૂરિજી ભગવંત, આગળ ભેરી-ભૂંગળ-નગારા વગાડતાં વાજીંત્રકારો અને નેપથ્યમાં રાજમહેલનાં ઝરૂખાઓ, ઘુમ્મટોની વિધવિધ રંગશ્રેણી!

ચિત્રનાં બીજા ભાગમાં ચિતરાયું છે સંપ્રતિરાજાનું સમર્પિતપણું. પૂર્વજન્મની સ્મૃતિ પશ્ચાત્ મહેલની બહાર રાજમાર્ગ ઉપર જ ગુરુમહારાજનાં ચરણે થઈ રહેલું સંપ્રતિરાજા-રાણીનું રાજ્ય તથા સ્વયંનું સમર્પણ એવં તેઓનાં અસ્તિત્વમાંથી ઝમતું કૃતજ્ઞતાનું ઝળહળતું તેજ! સૂરિજીભગવંતની અભયમુદ્રા, સૌમ્ય સ્મિત અને આત્માની ઉન્નતિ ઈચ્છનાર રાજા સમા ભવિજીવનાં ધર્મમાર્ગજોડાણની કૃતાર્થતા! સાથે પાછળ ઉભેલ નગરજનોનાં મુખ ઉપરનો અચંબો દર્શાવીને ય ચિત્રકારે કમાલ કરી છે!

ચિત્રનાં તૃતિય ભાગે પશ્ચાદ્ભૂમાં ગગનચુંબી જિનાલયની ફરફરતા ધજાજી, ઉત્તુંગ સોપાનશ્રેણી, આગળનાં ભાગે રાજા

સંપ્રતિએ પોતાનાં જીવનકાળમાં જે સવા કરોડ જિનપ્રતિમાજીઓ ભરાવી, તેમાં સુંદર મંત્રોચ્ચાર સાથે શલાકા વડે પ્રતિમાજીમાં પ્રાણ પૂરતાં આર્યસુહસ્તિસૂરિજી અને પાછળ તેઓનાં સહાયક મહાત્માનાં મુખ ઉપર પણ છવાયેલી પરમ આનંદની લ્હેરીઓ!

ઘણીવાર વિચાર આવે કે તે સમયનાં ચિતારાઓ કેટલા બધા નિપુણ હશે કે જૈન શ્રેષ્ઠીઓ કે મુનિભગવંતો સમીપેથી પ્રસંગની કથા સુણીને તે કથાને યથાતથ ચિત્રોમાં અવતારિત કરી, ભાવકે અનુપમ ભાવોન્માદ જગાવી શકવા સમર્થ બનતા હતા!

**ચિત્ર ક્રમાંક ૨ :**



લીલ્લોછમ્મ મેરુ પર્વત, શિખર ઉપર ઈન્દ્રનું સિંહાસન, તેમાં આરુઢ થયેલ શકેન્દ્રનાં હીરાજડિત મુગટ-કર્ણકુંડળો-બાજુબંધ-કંઠહાર. ઈન્દ્ર તરીકેના વિશેષાધિકાર તરીકે પોતાના કરદ્વય-હસ્તસંપૂટમાં બિરાજીત તાજાં જ જન્મેલા, ત્રણ જ્ઞાનનાં ધણી શ્રી તીર્થંકર પરમાત્મા, બાલીવયનું એ ભોળું સ્મિત, તેઓની કુમળી આખી પલાંઠી તથા ઈન્દ્રમહારાજાની અર્ધપલાંઠી, પાછળ રહેલ આભાવલય, તેઓનાં અલંકારો, પ્રભુજીને સ્નાન કરાવવા ઉત્સુક અનેક દેવો, તેઓનાં વસ્ત્રાભૂષણો, હાથમાં કળશો, તેમાંથી વહી રહેલી જળધારાની શિકરો... ઉપરથી ઉતરી રહેલા અનેક દેવવિમાનો અને તેમાં વિરાજીત કળશાધારી દેવો, પોતાનો ક્રમ ક્યારે આવે તેની વાટ જોતાં અન્ય દેવો, પરિસરમાં ઉગેલાં રક્ત અને શ્વેત રંગી કમળપુષ્પો, નભના વાદળો, દૂરની ગિરિમાળાઓ અને દેવવિમાનોનાં આવાગમનથી થઈ રહેલું વિવિધરંગી પ્રસન્નતાચ્છાદિત આકાશ...

આ જ ચિત્રનાં અન્ય ભાગમાં દૂરે રહેલ નાનકડાં જિનાલયમાં શોભતું ધવલ જિનબિંબ, પ્રભુજીની અષ્ટપ્રકારી પૂજા કરવા જઈ રહેલાં અશ્વસેન રાજાનાં મહારાણીશ્રી અને અનાગત જન્મનાં માતા વામાદેવી, રાજસેવિકા, બંનેનાં હસ્તમાં રહેલ પૂજાની સામગ્રીના ઉપકરણો, હાથમાં પુષ્પપુજાર્થે તાજાં પુષ્પોની કાષ્ટની ટોકરી, તેઓનાં વૈવિધ્યપૂર્ણ, આભૂષણો-કંદોરો, ટીકો, દામણી, પાયલ, મુદ્રિકાઓ, કંઠાભરણ, કર્ણફૂલો તથા વસ્ત્રસજ્જામાં ચિત્રકારે રાખેલા બંનેના દરજ્જાનાં સ્તર પ્રમાણેનાં સૂક્ષ્મ ફેરફારો પણ ભાવકની નજરમાં નોંધાયા વગર રહેતા નથી. સામે જ મહાતેજસ્વી નાના બાળકનું સ્વરૂપ ધરીને દેવલોકથી ધરિત્રી ઉપર પધારેલ, પોતાના હવે પછીનાં જન્મમાં થનાર માતારૂપે વામાદેવીનાં દર્શન કરી પુલકિત થઈ વિસ્મય પામતા અને ધન્યતા અનુભવતા પ્રભુપાર્શ્વનાં મુખ ઉપરનાં વિભિન્ન ભાવો ઉપસાવતી રંગપીંછીને ધન્ય છે! બાળકની કુતુહલભરી દ્રષ્ટિમાં જ કેટકેટલાં અરમાન ઉતરી જાય તેવું ઉત્તમ ચિત્રકામ છે આ.

**ચિત્ર ક્રમાંક ૩ :**



ત્રીજા ચિત્રનું ટૂંકાણમાં નિરૂપણ સમજીએ તો: પ્રથમ ભાગમાં નજરે ચડે છે શ્રી નાભિરાજા દ્વારા ઈક્ષ્વાંકુ વંશની સ્થાપના, બીજા-ત્રીજા નાનકડા ભાગોમાં દર્શાવાયું છે ત્રીજા આરાનાં એ કાળે થયેલ નર યુગલિકનું અકાળ મૃત્યુ અને 'યુગલિકમાંની આ એકલી નારી સુનંદાનું હવે શું થશે?' તે પ્રશ્ન લઈને નાભિરાજા સમક્ષ રાજ્યસભામાં ઉપસ્થિત નગરજનો અને ચિત્રનાં અંતિમ ચોથાભાગમાં પુત્ર ઋષભ સાથે સુનંદા અને સુમંગલા એમ બંનેનાં વિવાહ કરાવતા નાભિરાજા તથા બ્રાહ્મણો, અતિથિઓ, નગરજનોનું આબેહૂબ ચિત્રિકરણ થયેલું છે.


ચિત્રો આપણને ઘણું કહી દેતાં હોય છે. અને આમ ચર્મચક્ષુ દ્વારા ચિત્રો જોતાં જોતાં દ્રષ્ટિ ખૂલતી જાય અને ભાવવાહી રસદર્શન કરતાં આંતરચક્ષુ ખૂલી જાય તો આપણું જીવન ધન્ય બની જાય! રાગ પીગળીને વિરાગમાં પરિવર્તિત થઈ જાય!

❑❑❑

# શ્રી શત્રુંજય તીર્થપટ

**સી. નરેન**

અપાર વિવિધતા ભર્યા આપણા ભારતમાં ભાતભાતનાં દેશ-પ્રદેશ પણ છે. ઠંડા હિમ શા હિમાલય અને દઝાડતાં બળબળતાં રણ છે; કરોડથી વધારે વસ્તીથી ખદબદતાં શહેર છે તો થોડાંક હજાર લોકોની વસ્તીવાળા, પણ, પોતાની આગવી સંસ્કૃતિ સાચવી રાખનાર નાનાવિધ ગામ-ગામો છે; અને ગામડાંઓ તો ગણ્યાં ગણાય નહીં એટલાં બધાં! વર્ષે વર્ષે નવા નવા પ્રદેશ ભમીએ તો પણ, આયખું ખૂટે; જોવા ફરવાનું ન ખૂટે! પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ દરેકની અલગ અલગ સંસ્કૃતિ. ચરૈવેતિ-ચરૈવેતિ અને'સાધુ તો ચલતા ભલા' -એ ન્યાયે જુદા જુદા નિમિત્તે લોકો ફરતાં રહે છે, પર્યટન કરતાં રહે છે અને વહેતાં પાણી નિર્મળાની જેમ મન નિર્મળ રહે છે.




આ કારણથી તીર્થો દૂર દૂર અને ઊંચે પહાડો પર નિર્માણ થયા હશે? નાનપણમાં પરિવાર આખો જાત્રાએ જવા નીકળતો. વળી 'દીઠાં દેવ અને પહોંચી જાત્રા' એવું નહીં. અઠવાડિયું-દસ દિવસ તો ખરાં જ! સિદ્ધગિરિની જાત્રા તો વારંવાર થતી. દાદાના દરબારમાં જતાં પહેલા નવટૂંકમાં તો અવશ્ય જતાં જ; ત્યાં એક એક ચૈત્યમાં પૂજારી-પોઠી માંડીને ઇતિહાસ કહે તે આજ સુધી યાદ રહ્યો છે. અને વેટીએ તો રમતાં ઊતરી જતાં!

આજનો સમય બદલાયો છે. જો કે કલાકની વીસ મિનિટ એ 'શિરસ્તો' હજુ સુધી બદલાયો નથી.

આવા સ્થળોએ (વિશેષ પાલીતાણા-ગિરિરાજ શત્રુંજય) ચાતુર્માસને લીધે તથા ઘણી ઉચિત બાધાઓ ને અગવડના કારણે યાત્રા 'બંધ' રહે છે. તેથી ચાતુર્માસ સમાપ્તિ થતાં કાર્તકી પૂર્ણિમાના દિવસે જૈનોની વસતી વિશેષ હોય તેવા ગામ-શહેરોમાં મોટો વરઘોડો કાઢી વાજતે-ગાજતે ગામને છેડે જ્યાં વિશાળ જગ્યા પર શત્રુંજય તળેટીથી લઈને યાત્રામાર્ગ તથા શિખર પરની બધી ટૂંકોના મંદિરોનો સમાવેશ કરીને બનાવેલા તીર્થપટની સ્થાપના કરી તીર્થયાત્રાના ભાવ સાથે વિધિ કરી વાસક્ષેપ પૂજા કરતાં હોય છે. પ્રતિકૃતિ પ્રત્યે પણ શુદ્ધ ભાવથી કલાકો સુધી રમમાણ રહેતા હોય છે. આવા એક અલગ અને કલાત્મક કાષ્ટપટની વિશેષતા કલાકાર સી. નરેનના શબ્દોથી જાણીએ.

**સુરતની શ્રાવક શેરીમાં**
**શ્રી કુંથુનાથ જિનાલયમાં**
**શત્રુંજય કાષ્ઠપટ**
**પરિચય કરાવનાર :**
**કલાકાર સી. નરેન**

બસો-અઢીસો વર્ષ પહેલા કોઈને એવો સુંદર વિચાર આવ્યો હશે કે, 'ભાઈ! હું તો શત્રુંજયની યાત્રા કરી ધન્ય થયો, પ્રભુનો સાક્ષાત સંન્નિધિભાવ થતાં જીવન સાર્થક થયું, પણ મારા સ્વજનો તેમજ સુવિધા ન હોય, અશક્ત હોય એવા બીજા અનેક ગુણિજનો, આબાલ-વૃદ્ધ ધર્મપરાયણ જીવોને મને જે લાભ મળ્યો છે તે તેમને સુલભ થાય એ માટે એક ચિત્રપટ નિર્માણ કરાવવું.'

તાબડતોબ તેમણે ચિતારાઓને બોલાવી, પ્રત્યક્ષ શત્રુંજયની યાત્રા કરાવી. નાનામાં નાની વિગત તે ચિત્રકારોએ ટપકાવી, સુંદર રીતે ગોઠવણી અને આયોજન કરી સુરતની શ્રાવક શેરીના આ દેરાસર માટે તૈયાર કરાવી.

આ પટચિત્રને બારીકાઈથી જોઈએ તો અહીં પૂરી શિસ્તબદ્ધતાથી અરાજકતામાં ઉભરેલો આ માનવ-મહેરામણ પૂરા ભક્તિભાવથી શિસ્તામાં ઝૂમી રહ્યો છે.

અહીં રાજા-મહારાજા પોતપોતાના હાથીઓને સજાવીને, શ્રેષ્ઠિઓ પોતપોતાની સુંદર પાલખીઓમાં, દૂર કોઈ ડોલીમાં તો બાકીના બધાં ચાલતાં-મહાલતાં ચાલ્યા જાય છે. ભિસ્તીઓ પખાલ લઈને તો હૂકબાબાઓ લઈને માલણો ચોકમાં ઊભી રહી છે. ચંદન ઉતારતા પૂજારીઓ અને પૂજાની રાહ જોઈ કતારમાં ઊભેલાં નર-



શ્રી શત્રુંજય મહાતીર્થ

નારીઓ ભીન્નભીન્ન પ્રાંતીય વંશ-પરિવેશ-રંગોમાં સજજ દેખાય છે.

રાજા શ્રીમંતો સાથે વળાવિયા સૈનિકો, દેશી-અરબી-ફિરંગી સૌ પોતાનાં હથિયાર-ડંકા નિશાનો લઈ આવી ગયા છે. દરેકના અલગ પોષાક, અલગ પાઘડીઓ છે. તત્કાલિન અગલ પોષાકોનો પણ અહીં મેળો છે.

હાથી, ઘોડા, ઊંટ થાકીને એકમેકની હૂંફ સેવે છે. ગાડેથી છૂટેલા ધોરી પણ સુંદર ચિત્ર રચે છે. હરણાં-સસલાં, વાઘ-સૂવર, કબૂતરોને ઉડતા ટોળાં, હંસલા-બગલાં, સર્પ, જાતજાતની વનરાઈ, વિવિધ પ્રકારના કૂંડાં, અલગ અલગ કૂંડોમાં નહાતા નર-નારીઓ : પટમાં ઘણું સરળતાથી સમાવી લીધું છે.

રંગ-આયોજન, ચિત્રની ગોઠવણમાં નાના-મોટા ચોરસ આકારો, વર્તુળ-અષ્ટકોણ-લંબચોરસ શંકુ(શિખર) આકાર અને આ બધાંની વચ્ચેથી આડી કપાતી ગઢની દીવાલ ચિત્ર-સંયોજનાનું મજબૂત પાસું છે. સંગેમરમરના દેવાલયમાં બિરાજેલા ભગવંતો પર ખૂબ જ મહેનત લેવાઈ છે. કેન્દ્ર પૂરેપૂરું સચવાયું છે. પ્રેક્ષકની આંખ પ્રથમ ત્યાં જઈ પછી સારા પટ પર ફરી વળે છે. ત્યાર બાદ સૂક્ષ્મ નિરીક્ષણ વડે વિનોદપૂર્ણ નાના નાના પ્રસંગો દેખાવા માંડે છે. બધું ફરી ફરી જોવા છતાં આંખોને અને અંતરને 'ધરવ' થતો નથી.

ooo

કાષ્ટ તેમજ આરસ પર પણ Bas Relief -ભાસ્કર્ય શૈલીથી પટ બનાવાતા હોય છે. કાપડના મોટી સાઈઝના પટ ઉપર બારીક ચિત્રકામથી પણ પટ બનાવાતા હોય છે. કપડાંના પટ બહાર લાવવા-લઈ જવા સરળ રહેતા હોય છે. પટના કાપડના માપ મુજબ તેને લાકડાની મોટી ફ્રેમમાં મઢી લેવાથી તે દર્શનીય બને છે.

આવા એક એકથી ચડે તેવા ઉત્તમ અને કળામય તીર્થપટો આપણને પ્રત્યેક શહેરોમાં જોવા મળે છે.



સમેતશિખર પટ

□□□

## નહીં પીંછી, નહીં રંગ
## તો યે થઈએ સૌ ઢંગ!



## ભૈયા રામપ્રસાદનું
## અદ્ભુત કલા-કૌશલ્ય





સફેદ જાડા કાગળ પર નખ કાપવાની નરેણી જેવા મામૂલી સાધન વડે કોતરેલા ચિત્રો કલાકાર રામપ્રસાદની અજબ શક્તિના ઉદાહરણો છે. જગતમાં વ્યાપી જતી તરંગરેખાઓ ક્રમબદ્ધ વિસ્તાર લેતી મુખ્ય આકૃતિને કાગળની બારીક રેખાઓ વડે આધાર આપી રહી છે. કાગળની કોતરણીની બારીક સુકુમારતા ને બારીકાઈની અદ્ભુતતાનો ખ્યાલ સફેદ લીટીઓથી આવે છે. કાદળ પર કોતરેલા નાજુક રેખાંકનો તો કોઈ ચિત્રકારની પીંછી સાથે સંપૂર્ણ સ્પર્ધા કુશળતાથી કરી બતાવે છે. ચિત્રો અને સુશોભનોની કોતરણીની બારીકાઈનો જાણે ચમત્કાર! પાટણના કલાકાર રામપ્રસાદની અનેક કલાકૃતિઓમાંથી આ ત્રણ ભાવવાહી નમૂના.

# જૈન ચિત્રકલામાં પુષ્પોનું આલેખન

ડૉ. થોમસ પરમાર

**પ્રકૃતિ પુષ્પ દ્વારા હસે છે.**

(વિશ્વની વિવિધ સંસ્કૃતિઓમાં ધાર્મિક અને સામાજીક પ્રસંગોએ વિશિષ્ટ કુસુમોનો ઉપયોગ થતો હોય છે. મોટે ભાગે તો પૂજા કે સન્માનાર્થે વપરાશમાં આવે છે.)

પ્રાચીન ભારતના ઋષિ મુનિઓને પુષ્પોનું તેની વિવિધ જાતોનું તેના અત્તરનું અને રંગોનું ઊંડુ જ્ઞાન હતું. ઋગ્વેદ (૧૦.૮૪.૩) માં જણાવ્યા પ્રમાણે યશ્વિનીકુમારો ગળામાં કમળની માળા ધારણ કરતા હતા. શ્રી દેવીનો જન્મ કમળમાંથી થયો હતો.



રામાયણના અરણ્ય કાંડમાં જુદાં જુદાં પુષ્પોનાં સૌંદર્યના વર્ણનો છે. પંચવટીના અરણ્યમાં વિવિધ પ્રકારના કમળોનો ઉલ્લેખ છે. માલતી, મલ્લિકા, વાસંતી, માધવી, ચંપક, કિમ્શુક, અંકોલ, કુરેલ, મુચકુન્દ, કોવિદર, પરિભદ્રક વગેરે ફૂલો ફિષ્કિન્ડના જંગલમાં ઉગતા હતા. ચંપાનું સરોવર કમળોથી ભરેલું હતું. મહાભારતના વનપર્વમાં અશોક, આમ્ર, ઈન્દીવર, ઉત્પલ, કર્ણિકાર, કટલર, કુન્દુ, કુમુદ, કુરબક, કોડાનદ, કોવિહાર, ખર્જુર, ચંપક, તમરવસ, નલિની, નીપ વગેરે પુષ્પોના ઉલ્લેખ છે. પુરાણોમાં દેવપૂજા માટે વપરાતા ફૂલોનું વર્ગીકરણ આપવામાં આવ્યું છે. પદ્મપુરાણમાં જણાવ્યા પ્રમાણે દુરા, રંભા, બીલા, તુલસી, શ્વેત અને લાલ પુષ્પો ગણપતિને પ્રિય છે. માલતી, કુંદ, મંદાર, કુમુદ પુષ્પો સરસ્વતી દેવીને પ્રિય છે. વિષ્ણુની પૂજામાં ચઢાવાતા પુષ્પોની લાંબી યાદી સ્કંદપુરાણ, વામનપુરાણ, અગ્નિપુરાણ અને નારદ પુરાણમાં આપવામાં આવી છે. શિવપુરાણમાં શિવને ચઢાવાનાં પુષ્પોની યાદી આપી છે. કાલિદાસના 'અભિજ્ઞાન શાકુંતલમાં' ઋષિ કણ્વની કુટીરની આસપાસ ખીલેલાં અનેક ફૂલોનું વર્ણન જોવા મળે છે. તેમાં કમળ માટે જુદાં જુદાં ત્રીસ નામોનો ઉલ્લેખ કર્યો છે. ઋતુ સંહારમાં પણ પુષ્પોનાં સુંદર વર્ણન છે. પુષ્પ વિશે સ્વતંત્ર ગ્રંથોની રચના પણ થઈ છે. 'પુષ્પ ચિંતામણી' નામનો ગ્રંથ તાડપત્રની હસ્તપ્રત સ્વરૂપે છે અને તે નેપાળમાં દરબારની લાઈબ્રેરીમાં સુરક્ષિત છે. તેમાં શિવ, વિષ્ણુ, દુર્ગા, દક્ષિણાકાલિને માટે શુભ અને અશુભ પુષ્પોની વિગત આપવામાં આવી છે. આ ઉપરાંત પુષ્પમહાત્મ્ય, પુષ્પરત્ના, કર તંત્રમ, પારિજાતમંજરી વગેરે ગ્રંથોમાં પુષ્પની ચર્ચા છે.

જૈન વિદ્વાન સુમંતભદ્ર સ્વામીએ ઈ.પૂ. (લગભગ) 'પુષ્પાયુર્વેદ' નામના ગ્રંથની રચના કરી છે. તેમાં ૧૮ હજાર પુષ્પોનો ઉલ્લેખ છે. 'ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત'ના પહેલા પર્વમાં હેમચંદ્રાચાર્યે કુસુમાંજલિનો ઉલ્લેખ કર્યો છે. ભગવંતના કલ્યાણકો વખતે મેરૂ પર્વત ઉપર જન્મ-અભિષેક મહોત્સવ થાય છે. ત્યાં પુષ્પાંજલિ પારિજાતની અપાય છે. પારિજાત, જૂઈ, જાઈ આ બધાં નાજુક અને મસ્ત-હળવી સુગંધવાળાં પુષ્પો કુસુમાંજલિ માટે જ છે. કુસુમ એટલે પુષ્પ અને અંજલિ એટલે ખોબો. આમ બે હાથે ખોબો ભરીને પ્રભુને વધાવવામાં આવે છે.

આપણે ત્યાં પચ્ચીસ કુસુમાંજલિની વાત છે. એક-એક કુસુમાંજલિના પાંચ શ્લોકો એટલે પચ્ચીસ કુસુમાંજલિના સવાસો શ્લોકો થાય. એના ઉપર ધર્મધુરંધરસૂરિજી મહારાજે સંસ્કૃતમાં વિવરણ લખ્યું છે. એમાં એક કુસુમાંજલિના બોલતાં પહેલાં પાંચ શ્લોકો બોલીને પ્રભુજીને વધાવવાના છે.

ભગવંતના સમવસરણ વર્ણનમાં કુસુમાંજતિથી વધાવવાની વાત આવે છે, પારિજાત એ કુસુમાંજતિનું દ્રવ્ય છે, પ્રભુજીનો બાજુમાં પગર ભરે. હિરવિજયજી મહારાજે આ વાત પુણિયા શ્રાવક માટે કરી છે. 'જિન પુણિયો શ્રાવક રે, ફૂલના પગર ભરે' પ્રભુજીને ચઢાવવામાં જે લાભ છે એ જ લાભ બાજુમાં પગર ભરવામાં છે. પ્રભુજીની આજુબાજુની ખાલી જગ્યામાં પુષ્પને કલાત્મક રીતે જાઈનો, જૂઈનો ઢગલો કરે અને ફરતાં લાલ ગુલાલ હોય, ઉપર

ગુલાલ હોય તો સુંદર લાગે, આને પગર ભરવા એમ કહેવાય છે.






બધી ઋતુઓના પુષ્પ પૂરેપૂરાં ખીલ્યા પછી સ્વયં નીચે ખરી પડે ત્યારે જમીન પર સ્વચ્છ કપડું પાથરી એ ફૂલો વીણી લેવાય અને પ્રભુજીને ચરણે ધરી શકાય. પ્રભુજીને ફૂલોની આંગિથી શણગારવામાં આવે છે. આમ જૈન ધર્મમાં ફૂલોનું અનેકગણું મહત્ત્વ છે.

જૈન ચિત્રકળામાં પુષ્પોનું આલેખન આકર્ષણ ઉપજાવે છે. ભિન્ન ચિત્રો અને લઘુ ચિત્રોમાં તે જોવા ગમે છે. ઈ.સ.ની ૭મી સદીની સિજન વાસલની ગુફામાં ફૂલ ચૂંટનારાઓનું આલેખન છે. તેમણે ધારણ કરેલ કમળમા પ્રફુલ્લિત પુષ્પો અને કળીઓના આલેખન વાસ્તવિક છે. આ ગુફામાંનાં ચિત્રો જૈન ધર્મના સૌથી જૂના ચિત્રો છે.મહાવીર સ્વામીના જન્મપૂર્વે તેમના માતા ત્રિશલા દેવીને ૧૪ સ્વપ્ન આવ્યા હતા.

તેમાં પાંચમું સ્વપ્ન પુષ્પમાળાનું છે. પુષ્પમાળા જુદાં જુદાં પચ્ચીસ ફૂલોની બનેલી હતી.

**तओ पुणो सरस - कुसुम - मंदार - दाम - रमणिज्ज - भूअं, चंपगासोगपुन्नाग - नाग - पिअंगुसिरीस - मुग्गर - मल्लिआ -जाइ - जूहि - अंपोल्ल - कोज्जकोरिट - पत्तदमणय - नवमालिका - षउलतिलय - वासंतिअ - पउमुप्पल - पाडल - कुंदाइमुत्त - सहफार - सुरभिगंधि**

અર્થાત્ (૧) મંદાર (૨) ચંપક (૩) અશોક (૪) પૂંનાગ (૫) નાગકેસર (૬) પ્રિયંગુ (૭) શિરીષ (૮) મુદ્દુગર (૯) મલ્લિકા (૧૦) જાઈ (૧૧) જૂઈ (૧૨) અંકોલ (૧૩) કોજ્જ (૧૪) કોરંટ (૧૫) દમનક (૧૬) નવમાલિકા (૧૭) બકુલ (૧૮) તિલક (૧૯) વાસંતિક (૨૦) પદ્મ (૨૧) ઉત્પલ (૨૨) પાડલ (૨૩) કુંદ (૨૪) અતિ મુક્ત અને (૨૫) સહકાર વગેરે ફૂલોથી એ પુષ્પમાળા શોભાયમાન હતી.

જૈન હસ્તપ્રતોમાં જ્યાં ૧૪ સ્વપ્નોનું આલેખન છે ત્યાં આ પુષ્પમાળા નું આલેખન પણ જોવા મળે છે. નવાબ સારાભાઈ ના દ્વારા સંપાદિત કલ્પસૂત્રનાં એક ગ્રંથના ચિત્રમાં સ્વપ્નનું આલેખન છે. મુનિશ્રી પુણ્યવિજયજી દ્વારા સંપાદિત 'જેસલમેરની ચિત્ર સમૃદ્ધિ' ગ્રંથમાં સ્વપ્નને લગતાં ચાર ચિત્રો છે. ઈડરના સંઘના ભંડારમાં સંગ્રહિત તાડપત્ર પર લખાયેલા એક હસ્તપ્રતમાં ૧૪ સ્વપ્નનું ચિત્ર જોવા મળે છે. 'કલ્પસૂત્ર' નામના ગ્રંથમાં સ્વપ્નને લગતા ચાર ચિત્રો છે.

અમદાવાદના પાલડી વિસ્તારમાં પરિમલ જૈન સંઘના પ્રભુ મહાવીર સ્વામીના જિનાલયમાં સ્તંભો પર ચૌદ સ્વપ્ન અંતર્ગત પાંચમા સ્વપ્ન - પુષ્પમાળાનાં પચ્ચીસ પુષ્પોના ચિત્રો સુપેરે સચવાયા છે. મુંબઈ - હાલ અમદાવાદ ભાવુક કલાકાર ભરત ભટ્ટની આ અતીવ સુંદર અને અનન્ય કલાકૃતિ છે. પરિમલ અને પુષ્પ! કેવો અજબ સુયોગ પુષ્પ હોય ત્યાં પરિમલ હોય અને પરિમલ હોય ત્યાં પુષ્પ હોય જ! અને પુષ્પ સમુ મહાવીર સ્વામીનું આ જિનાલય! મહાવીર સ્વામીના ઉપદેશની સુવાસ-પરિમલ આખાયે જગતમાં ફેલાશે એવું અર્થઘટન પુષ્પમાળાના પુષ્પોનું કરી શકાય.

સંદર્ભ :-

Sheshadri K. G.- 1. Classification of Flowers as Gleaned from Ancient Indian Literature and culture
Asian Agri History Vol.20 No. 3, 2016 (From Internet)

2. નવાબ સારાભાઈ- કલ્પસૂત્રના સોનેરી પાનાઓ તથા ચિત્રો
જૈન ચિત્રકલ્પદ્રુમ

3. મુનિશ્રી પુણ્ય વિજયજી - જેસલમેરની ચિત્રસમૃધ્ધિ
- કુસુમાંજલિ : ૨૯૧ : પાઠશાળા - (અંક : ૮૧)

4. પરમાર થોમસ - જૈન વિભાગનો ઐતિહાસિક પરિચય

❑❑❑



# તીર્થંકર ભગવંતોની માતાને આવેલા ચૌદ સ્વપ્ન

માલતીબેન કિશોરકુમાર શાહ

ચોવીસ તીર્થંકરોના જન્મ પહેલાં તેમની દરેક માતાઓને શુભ ફળ સૂચવતા એક સરખા ચૌદ સ્વપ્નો, આવેલા તે જૈન ધર્મમાં સ્વીકૃત હકીકત છે. આ સ્વપ્નાઓનો શુભ અર્થ એ થાય કે 'તમારો પુત્ર ચૌદ રાજલોકનો સ્વામી થશે.'

ભગવાન મહાવીર સ્વામીનું ચારિત્ર્યાલેખન 'કલ્પસૂત્ર' ગ્રંથમાં ત્રિશલા માતાને આવેલા ચૌદ સ્વપ્નોનો ક્રમ આ રીતે દર્શાવેલ છે : **गय वसह सीह अभिसेय दाम ससि दिणयरं झयं कुंभं। पउमसर सागर विमाणभवण रयणुच्चयं सिहिंच।।**

હાથી-વૃષભ-સિંહ-લક્ષ્મી-ફૂલમાળ-ચન્દ્રમા-સૂર્ય-ધ્વજ-કળશ-પદ્મસરોવર-ક્ષીરસમુદ્ર-દેવવિમાન-રત્નરાશિ-નિર્ધૂમ અગ્નિ.

'કલ્પસૂત્ર'ની ગાથા ૩૪થી૪૮માં તીર્થંકરના માતાએ જોયેલા સ્વપ્નના જ્યોતિષ દષ્ટિએ આપેલા ફળ સારરૂપ જોઈએ :

૧. હાથીના સ્વપ્નમાં મનોહર રૂપ ધરાવતા ઐરાવત હાથીનું વર્ણન છે. 'તમારો પુત્ર સમર્થ પુરુષોનો પણ ગુરુ થશે; ઘણા બળના એક સ્થાનકરૂપ થશે અને સંસારના કર્મરૂપ જંગલને મૂળમાંથી ઉખેડી નાખવા સમર્થ થશે.'




ત્રિશલા માતાને આવેલા ચૌદ સ્વપ્ના - કલ્પસૂત્રમાંથી

૨. વૃષભ. માતા સ્વપ્નમાં સુંદર અંગોવાળા, કદાવર, બળવાનને જુએ છે. 'તમારો પુત્ર સંસારના કાદવમાં ખૂંપી ગયેલા આત્માઓનો ઉદ્ધાર કરીને તેમને બહાર લાવી શકવાનું કામ કરશે.'

૩. સિંહ. માતા પ્રભાવક સિંહને જુએ છે. 'તમારો પુત્ર પુરુષમાં સિંહસમાન ધીર, નિર્ભય, શૂરવીર અને અસ્ખલિત પરાક્રમવાળો થશે.'

૪. લક્ષ્મીદેવી. ઉત્તમ કમલાસન પર બિરાજમાન, આભૂષણોથી શોભાયમાન લક્ષ્મીદેવી. 'તમારો પુત્ર ત્રૈલોક્યની સામ્રાજ્ઞિ લક્ષ્મીનો સ્વામી થશે અને લોકોનું દારિદ્ર્ય દૂર કરશે.

૫. ફૂલમાળ. છએ ઋતુમાં ખીલતાં મહેકભર્યાં વિવિધરંગી ૨૫ જુદી જુદી ભાતભાતના વિવિધ પુષ્પોની માળ.




'તમારો પુત્ર પુણ્ય દર્શનવાળો થશે. અખિલ જગત તેને ફૂલમાળની જેમ મસ્તક પર ધારણ કરશે અને તેમની આજ્ઞાનું પ્રેમથી પાલન કરશે.

૬. ચન્દ્ર. શુભ્ર અને પૂર્ણ ચન્દ્ર દર્શન. તમારો પુત્ર મનોહર અને નેત્રને આનંદ આપનાર થશે. પૂર્ણ ચન્દ્ર નિહાળીને શાતા વળે તેમ આપના પુત્રના દર્શનથી લોકો પ્રસન્નતા અનુભવશે.

૭. સૂર્ય. સહસ્ર કિરણોયુક્ત સૂર્યના દર્શન થાય છે. 'આપનોપુત્ર મોહરૂપી અંધકારનો નાશ કરી જગતમાં ઉદ્યોત કરનાર, પ્રકાશ ફેલાવનાર થશે.

૮. ધ્વજ. ફરફરતા ધ્વવજને સ્વપ્નરૂપે જોવાનો લ્હાવો માતાને મળે છે. અર્થાત્ જેમ ધ્વજથી મંદિરની શોભા વધે છે તેમ ધર્મરૂપી મહાલયનો શણગાર બનનાર આપનો પુત્ર મોટી પ્રતિષ્ઠાવાળો થશે.

૯. પૂર્ણ કળશ. શુદ્ધ ચોખ્ખા જળથી ભરેલ કળશ ઉત્તમ રત્નોથી જાડિત છે. અર્થાત્ આવનાર પુત્ર સર્વ અતિશયયુક્ત થશે ને ત્રણ જગતને કલ્યાણથી પૂર્ણ બનાવશે.

૧૦. પદ્મ સરોવર. સ્વપ્નમાં જેનું દર્શન થયું તે સરોવર સૂર્યકિરણથી ખિલેલા હજાર પાંખડીવાળા કમળોથી મનોહર બનેલું છે. તેનો અર્થ એ કે સૌ કોઈ આપના પુત્રને જોઈને પોતાના દુ:ખ ભૂલી જશે. તે સંસારરૂપી અટવીમાં પડેલા પાપરૂપી તાપને હરશે.

૧૧. ક્ષીરસમુદ્ર. જે સમુદ્રનું સ્વપ્નદર્શન થાય છે તે દૂધના દરિયા સરિખો અતિ ઉજ્જ્વળ છે; પવનથી તેનાં મોજાં ઉછળે છે. મગરમચ્છ વગેરેના પૂંછડા પાણી સાથે અથડાવાથી ઉજળા ફીણ થાય છે તો મહાનદીઓનો પ્રવાહ તેમાં ભળવાથી તેમાં ભમરી થાય છે, ઘુમરી થાય છે. આ સ્વપ્નનું ફળ એ છે કે સમુદ્ર જેમ સ્વચ્છ અને નિર્મળ જળ યુક્ત હોય છે તેમ આપનો પુત્ર સદ્‌ગુણોરૂપી રત્નોથી ભરેલા સમુદ્ર જેવો થશે.

૧૨. દેવવિમાન. સ્વપ્નમાં જે દર્શન થયું તે સોના અને મણિથી ચમકતું, ઝળહળતી શોભાવાળું તથા ભાતભાતના ચિત્રો યુક્ત સ્વપ્ન હતું. તેનું ફળ એ છે કે વૈમાનિક દેવો આપના પુત્રની રક્ષા કરશે.

૧૩. રત્નપૂંજ. રત્નોનો ઢગલો ભોંય ઉપર દશ્યમાન થાય છે અને તેનું ઝળહળ તેજ ગગનમંડળ સુધી પહોંચે તેટલું છે. સરસ રીતે ગોઠવાયેલ ઉત્તમ રત્નોનો ઢગલો સૂચવે છે કે જેમ રત્નોની જેમ આપનો પુત્ર જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી રત્નોથી મહિમાવંત થશે. કાંતિયુક્ત રત્નપુંજની જેમ તે સર્વ ગુણરૂપ રત્નોની ખાણ જેવો થશે.

૧૪. નિર્ધૂમ અગ્નિનું સ્વપ્ન ધગધગતી જ્વાળાઓથી સુંદરતમ લાગે છે; જાણે કે આ અગ્નિ આકાશને પકવતો હોય તેમ જણાય છે. આ નિર્ધૂમ અગ્નિ એમ સૂચવે છે કે દેવો કરતા પણ તેજસ્વી આપનો પૂત્ર અશુભ કર્મોનો નાશ કરી, પવિત્ર તેજ ફેલાવશે.

આમ ચોવીસેય તીર્થંકરોની માતાને ગર્ભાવસ્થા દરમ્યાન આવેલા આ ચૌદ સ્વપ્નો તેમની કૂખે જન્મ ધારણ કરનાર જગતના તારણહારના વ્યક્તિત્વની જાણે ઝાંખી કરાવતા હોય તેમ અનુભવાય છે.



❑❑❑

# શ્રી શત્રુંજય શાશ્વત ગિરિરાજ : ચિત્રકલા શિબિર

આચાર્ય શ્રી રાજહંસસૂરિજી મહારાજ

સર્વે તીર્થોમાં શિરોમણી છે ગિરિરાજ, વિશ્વમાં બીજા બધા તીર્થો પરમાત્માના કારણે તીર્થસ્વરૂપ બન્યા જ્યારે શત્રુંજય તીર્થ હતું માટે પ્રથમ તીર્થપતિ શ્રી આદીશ્વર ભગવાન વારંવાર ત્યાં પધાર્યા. આ ભૂમિ જ એટલી બધી પવિત્ર છે એ પાવનભૂમિના પ્રતાપે જ અનેક ભવ્યાત્માઓ આ તીર્થ ઉપર પધાર્યા અને પાપોની શુદ્ધિ કરીને પરમપદને પામ્યા. આ પવિત્ર તીર્થાધિરાજના કાંકરે કાંકરે અનંત આત્માઓ સિદ્ધિપદને પામ્યા છે માટે જિનાલયમાં જેમ પરમાત્મા પૂજ્ય હોય છે તેટલો જ પૂજ્ય આ સંપૂર્ણ ગિરિરાજ છે. શ્રી આદીશ્વર ભગવાનના દર્શનથી અને પૂજનથી જે ફળ મળે છે એટલું જ ફળ કે એથી પણ ઘણું વધારે ફળ શ્રી શત્રુંજય ગિરિરાજના દર્શનથી અને પૂજાથી પ્રાપ્ત થાય છે.

પરમાત્માના દર્શન કરનારને ભવ્યત્વની છાપ મળતી નથી જ્યારે તીર્થાધિરાજના દર્શન-સ્પર્શન-પૂજન કરનાર ભવ્ય કહેવાય છે.




















આવા પાવન-પવિત્ર તીર્થાધિરાજના આ મહિમાને-પ્રભાવને શ્રવણ કરીને, પ્રેરણા લઈને પાલિતાણા ધામમાં અનેક કલાકારોએ મળીને પોતાની કલ્પનાના ભાવા ભેળવીને, પીંછીને રંગોથી સજાવીને, પરોઢથી સંધ્યા સુધી મગ્ન રહીને મગન થઈને હૃદયંગમ ચિત્રો દોર્યા. ત્રણ દિવસમાં ત્રણસોથી વધુ ચિત્રો ચિત્રિત કર્યા. ૮૦ જેટલા ચિત્રકારોની મંડળીએ તળેટીથી લઈને શિખર સુધી ફેલાઈ જઈને સંપૂર્ણ ગિરિરાજ આપણી નજર સામે સાકાર કરી આપ્યો છે! એક એક ચિત્રકારને તીર્થની પવિત્રતા જાળવીને 'લાઈવ' ચિત્રો દોરતા જોવા એ લહાવો હતો.


ઘણા ચિત્રકારોએ દૃશ્યચિત્રોમાં પોતાની કલ્પનાના રંગો ઉમેરીને ગિરિરાજની અદ્‌ભૂત સજાવટ કરી છે. તળેટીથી શરૂ થતાં રસ્તા, યાત્રાપથ, મંદિરો, પગથિયા, દરવાજાની ભવ્યતા, વિસામા પાસેની પરબ, યાત્રીઓ... આ બધું જોવાની એક મજા છે. પ્રાયઃ શ્રી શત્રુંજય ગિરિરાજનું આવું કલાખચિત કાર્ય પ્રથમ જ વાર થયું! ❑❑❑













# THE SPIRITUAL EXTRAVAGANZAS ... JAIN PAINTINGS(PATTAS)!

Prachi Dhanvant Shah

A famous painter Picasso once said, "*Art washes away from the soul, the dust of everyday life*". A qualm and tranquil painting would certainly divulge the silence of acuities and the music of sight. I believe, it is much likely, that a vista on a portraiture may imprint a pictorial inscription on our soul to eternity. An art is the literature captured with colors in a frame. Just as literature encompasses words revealing paintings captured in a writer's thoughts, panting portrays words in the literature by means of colors and art of an artist. The most auspicious religion – Jainism, has been enriched with an exquisite heritage of Jain art and culture. Jain art refers to spiritual art related to Jainism. The opulent collection of Jain art has aided to an inordinate level towards Indian art and architecture. Jain art is a source of great inspiration for many artists, designers and calligraphers in the current epoch. Jain art beholds a long ancient history. Ancient venerable artists have given us the heritage of spiritual aesthetics in the form of marvelous paintings *(Pattas)* and manuscripts. Affluently these scholarly artists have been able to create a pictorial form of sacred spiritual scriptures and bestowed us with the assets of incredible manuscripts and paintings. The legacy continues till date with novel artists fabricating the epics of spirituality although the material used may differ.

During ancient era, this treasure was illustrated on Palm leaves, and eventually on paper, cloth and many other while today it has been replaced with canvas boards. Introduction of paper in around mid-era of the 14th century benefitted into a better depiction of larger composition along with its versatile and vibrant decorative form. It enabled artists to personify their artwork with exquisite borders and flamboyant colors, without mislaying its originality and legitimacy. Eventually, these paintings were enhanced with gold, silver, crimson and precious ultramarines. Researchers have acclaimed that the earliest illustrated Jain manuscript is ***Nishīthachūrnī*** which is beautifully portrayed on palm leaf. The painting majorly includes small floral and geometric patterned border and some figurative drawings in the margin. This idealistic of painting is probably just to enhance and decorate the manuscript. Eventually, in the mid-14th century, with the introduction of paper, the exemplified illustration was of "***Kalpa sutra***" in 1346. Although, use of palm leaf for producing manuscripts continued until 1450. During this century, manuscripts were manufactured with elaborated and lurid paintings enhancing the manuscripts, leading to the unique stylization of figures. These figures mainly constituted of Tirthankars, Jain monks, and lay devotees. Jain manuscripts of **"Kapla sutra"** is elaborated with paintings on the life story of Jain Tirthankars and the pedigree of seniors. Alongside, elaborated paintings of ***"Kālakāchāryakathā"*** portrays adventures of a Jain monk *Kalaka* bestowing astounding pictorial depiction of narratives. The figural style of Jain painting made its own remarkable history. During the 15th century, painting the manuscripts with stunning borders became more extravagant and luxurious. Jain manuscripts of the fifteenth century became predominant with the evolution of new colors such as ultramarine, lapis lazuli blue, and crimson red, along with the sporadic use of gold and silver leading to more expounded and exemplified manuscripts and paintings.

The chief centers of Jain manuscripts and paintings undertaking production and refurbishment of ancient art subsists in Ahemedabad and Patan in Gujarat, Cambay, Jaisalmer – India. When one parleys about Jain manuscripts and paintings, the initial thought emphatically flashes L.D. Institute of Indology – Ahemedabad, India. Lalbhai Dalpatbhai (L.D.) Institute of Indology is one of the largest reserves and treasure houses of Jain manuscripts and paintings beside the predominant Gyan Bhandar in Patan. Today several museums around the world behold such masterpieces of Pattas .. These paintings besides just depicting the longs history of Jain tradition also portrays the social and economic development within India of the time they were originated in. Just a painting and it reveals

history!! Isn't that nostalgic? It is like that one serene glance which edifies your soul to eternity.

One of the Jain paintings cherishes very close to my heart and reinstates memories of my childhood. The reason why L.D. institute flashes in my memory is my father Dr.Dhanvant Shah, being very closely associated with Jain literature, often visited Ahemedabad and also many times visited the institute. Whenever he visited L.D. institute, I would visit the museum of Jain manuscripts and Paintings. I did not understand much in my childhood besides the fact I was told that these are the paintings and manuscripts of ancient time and each painting reveals a unique story, message, and history. This fact was indeed fascinating at that time as to how such ancient paintings were restored and preserved for the world to foresee them and visualize the ancient time of Tirthankar Bhagwaan and decade after that. These paintings are called as Vastrapatas (Paintings made on cloth and paper). Out of all the painting, one of them caught my fascination. It looked like modern days game "Snakes & Ladders". My curious mind started wondering if in those days also kids played Snakes and Ladders? I went and asked my father about it and he told me with his fascinating smile "Yes my dear". He explained to me, it is called as "Gyaanbaaji Patta", i.e. game of Jain knowledge and studies, which can be called as Jain Snakes and ladders. Besides just the fact it is a game, its aesthetics were applauding and charismatic too. The bright vibrant colors, the patterned gorgeous border, the flamboyant figurative layout was just stunning. I was thrilled and amused. I wanted to know more about it and so I made sure I saw "Gyaanbaaji Patta" again the next day as I wanted to figure out how did they play this game at that time. Next day I straight away went to gaze this painting. I looked at it for nearly one hour to figure out how to play this game, but it seemed very complicated. I gave up and finally went back home. I asked papa about it and he did explain to me something but it all faded into fumes. The only thing I understood was it was a game that taught Jain religion to the children of the ancient era. But I couldn't really have understood how it was played. I gave up and the image with its story restored in the back of my reminiscences.



Gyanbaaji Patta

Today this article enthralled me again to refresh my memories. Just to summarize, this game of snakes and ladders called as ***"Gyanbaaji Patta"***, made on the cloth during early 14th century epitomizes a person's progress in life and is divided into 84 numerical squares. Each square contains writings in Devanagari language about rules of conduct stipulating good and bad results. The ladder moving upwards denotes virtuous behavior and leading the player to move up to a higher level. Whereas, the snakes, signifies a downfall descending the player to a lower level. As per Jain cosmology, every soul wonders around in four worlds ***"Gati"*** such as **Hell** *(Narak)*, **Flowers & Plants** *(Tiryanch)*, **Human** *(Manushya )* and **Divine beings** *(Dev)*. The 84 squares represent 84 lacs types of beings within which the soul wonders in these four worlds. When the soul acclaims good karmas, he progresses upwards but when this soul performs bad karmas, it faces a downfall. The first block numbered 1 is the ***"Nigod"*** from which the soul starts its journey and is an undeveloped stage. The blocks that illustrate Snake's mouth leading to downfall are the **Wrong beliefs** *(five Mithyatva)*, **Killing living beings**

*(Jiva-Hatya)*, **wrong addictions, dark aura or black karmic tints of life** *( Krishna Leshya)*, **sinful and non-religious thoughts** , *(Adharm and Ashubh Parinam)*, **Lack of self – confidence** *(Asamyam)*, **Lack of religious vows** *( Avrat – Dosh)*, **Egoism and pride** *(Rajas Ahankar)*, **Irate superiority** *(Taamas Ahankar)* , **Mistaken views and act** *( Mohaniya Karma)* which leads to downfall of your karmic cycle in life. The ladders that are represented in the form of fine lines begin in the blocks of good conducts. These are **Jain great vows** *(Mahavratas)*, **Good action** *( shubh kriya)*, **Penance** *(Tapa)*, **twelve contemplations** *(12 Anuvratas)*, **Meditation** *(Dhyan)*, **wisdom** *(Vivek)*, which leads to the upliftment of soul constituting a good karmic cycle. The elaborated patta of "**Gyanbaaji**" finally illustrates on top on either side two peacocks showering flowers on Devas. You can see ***Siddhashila*** right in the middle. Jain Snakes & Ladders **(Gyanbaaji)** is an epitome of learning the Jain way of life, keeping you cognizant of your deeds and conducts in your daily life with the aspects of delight and excitement. Gyanbaaji is a marvelous painting with spiritual lesson one must encounter in life-enriching your soul in every aspect.



JCNJ Jinalaya Chitrapat showing Bhagwaan Mahavir's life

Allow me to meander your attention to the other part of this world, to Franklin township Munisuvrat swami Jinalaya (temple) of Jain Center of New Jersey (JCNJ). When you visit this Jinalaya, I can assure you, what your eyesight and insight would captivate, would be an experience of tranquil exquisite and fascination. This Jinalaya pageant overwhelming and breathtaking illustrations of Bhagwaan Mahavira's life in the form of exceptional hand painted paintings (Chitrapat). JCNJ enthralls marvelous Jain paintings painted in the current era that would indeed remark history in near future.

Let me brief you with some history about these masterpieces that enthralls in New Jersey. It was that moment of yearning when the committee at JCNJ decided to undertake the project of embellishing Jinalaya with Jain art. Their primary motives were to educate upcoming generation thriving on this foreign land in a capitative form whenever they visited the Jinalaya, along with adding quintessence to the Jinalaya's aura enhancing its allure. The committee along with Himanshubhai Shah, Ashokbhai Shah and many more came up to the conclusion, to fabricate a chitrapat of Bhagwaan Mahavir's life. Bhagwaan Mahavir being the last Tirthankar, and generally very conversant to the youngest of generation, they thought portraying Bhagwaan Mahavir's life starting from scratch would be idyllic and most appealing to the upcoming generation. Although the project was challenging keeping in mind logistics as well as financial concerns. But the thought was affirmed and the volunteers of JCNJ committee were dedicated on conveying results to this proposal.

With the right faith and aura, they adopted the first step and that was to raise funds in 2009. Shri Askhokbhai Shah a member of JCNJ core committee willingly took the lead and along with Himanshubai shah and all the other committee members, initiated the administration. The source of stimulus concerning pictures was inspired from a book named ***"Tirthankar Bhagwan Shree Mahavir, 35 Chitro Ka Samput"*** (Collection of 35 painting on Bhagwan Mahavir). Ashokbhai visited India and the search begun on proficient and skillful artist. Several artists were shortlisted and given a picture to portray the same on canvas. Many good artists managed to replicate the pictures from the original picture given, but that was



JCNJ Jinalaya Chitrapat showing Bhagwaan Mahavir's life

not just the rationale and what the requirement expected. Forthe JCNJ jialaya, an innovation and unique acclamation were awaited. Some original pictures were in portrait form, so to prepare landscape layout, some addition and innovation in the painting was compelled, which not all painters could succeed in.

Finally, one artist, Mr. Dev Dusawar who was working on some project at Ashokbhai's nephew Mr. Asit Shah's workshop, was the personage! He was asked to prepare one painting for approval and that was an illustration of an episode from Bhagwaan Mahavira's life where he was receiving Bhiksha from *Chandanbala*. This layout needed a lot of deviations and erasure from the original picture provided to Mr.Duswar. But that was the challenge and purely his visionary, which he astonishingly accomplished in just three days, and his creation was on the way to New Jersey for approval from the committee at JCNJ, and it undoubtedly caught everyone's endorsement. The procession of creation commenced. Selection of pictures portraying important episodes of Tirthankar Mahavira's life, sending them across to India and communication with Mr. Duswar through series of emails, conversing conversions and excision of illustrious paintings, finally bequeathing masterpieces. Incredible paintings were ready. Asitbhai from India-Baroda encompassed these paintings into glorifying frames, adding garland to its beauty. But there was no end to challenges yet. Mailing these paintings by air was turning out to be very expensive and so the only option was shipping, which certainly would take longer time. Maintaining the color quality and the excellence of canvas for such a long time due to ocean weather, was another encounter to deal with. But Asitbhai, dealt with this challenge and packed framed paintings into specialized fabricated papers and bubble wrap, packing each of the painting separately into a 20 feet container, which certainly ensured ideal delivery of these masterworks to the Jinalay as anticipated.

Today New Jersey's Franklin Township Munisuvrat-swami Jinalaya beholds 16 magnificent chitrapat illustrating Bhagwaan Mahavir's life. Starting from ***Garbh Transplant,*** to ***Swapana Darshan, Pakshal by Indra , Bal Krida , Bhagwan with his Family , Diksha Kalyanak , Varshi Daan by Bhagwan Mahavir , Upsarg on Bhagwan in forest by animals – I , Upsarg on Bhagwan Mahavir II – Chandkausik – Snake bite , Upsarg on Bhagwan Mahavir III – Nail piercing in Bhagwan's ear , Upsarg on Bhagwan Mahavir IV – Tejolesya on Bhagwan , Chandanbala , Keyval Gyan , Samovasaran , Bhagwan with Gandharas*** and finally ***Bhagwan's Nirwan*** **.** The inimitable attribute of these paintings is that Bhagwaan's facial peculiarities are the same in all 16 paintings which makes them uncanny!

A shrawak, if visits NJ and oversights on an overwhelming experience of these Jain paintings, would certainly miscue relishing magnum opus of the world that certainly adds to the paragon of Jain Paintings. Because each painting beside just depicting the episodes of Bhagwaan's life communes a spiritual message that is indispensable, routing our soul to the path of tranquility and liberation! *"Better than a thousand hollow words, is one piece of art that brings serenity"*

*"Art exists only to communicate spiritual message"*

*Alphonse Mucha*

*"I do not intend to broadcast any organization herewith on this platform of Prabhudh Jeevan, unintentionally, if I did so, I seek your apology. I only desired to share occurrences that are close to my thoughts and articulate my spirits."*

❑❑❑

# ક્ષમાપના પહેલા પોતાના આત્માની, પછી સમષ્ટિની!

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

આત્મશુદ્ધિ અને આરાધનાના સાત દિવસનો સરવાળો ક્ષમાયાચનામાં છે. ક્ષમાના બોલથી અને પ્રેમના ચક્ષુથી સંસારને સંબોધવાની અને જોવાની શીખ આપનાર પર્યુષણ પર્વનો સંવત્સરી દિને પ્રતિવર્ષ સહુની સાથે હેત અને પ્રીત બંધાય તે માટે 'મિચ્છામિ દુક્કડમ્' કહેતા આવ્યા છીએ, પણ હકીકતમાં પહેલી ક્ષમા આપણે આપણા શુદ્ધ સ્વરૂપી આત્માની માગવાની છે.

આ આત્મા કેવો મહાન છે? એ તો સિદ્ધ ભગવાનના આત્મા જેવો છે, પણ એ આત્માની એવી બૂરી દશા કરી છે, તે તો જુઓ! એના પર એટલાં બધાં થીગડાં લાગેલાં છે અને એને એટલી બધી જગાએ સાંધેલો છે કે મૂળ કપડું કયું છે, એનો ખ્યાલ પણ નથી આવતો. એ આત્મા પર કષાયના એટલા બધાં આવરણ ચઢી ગયાં છે કે એને એના શુદ્ધ સ્વરૂપનો ખ્યાલ પણ નથી.

ભલે તમે તમારા એ આત્માને અનંત ગુણ, અનંત શાંતિ અને અનંત શક્તિમાન કહેતા હો, પરંતુ એ અનંત ગુણના ભંડારમાં એકેય ગુણ જીવનમાં ઉતાર્યો છે ખરો? અનંત શાંતિના સાગરમાં સ્નાન કરવાનું તો ઠીક, પરંતુ એના કિનારે રહીને પગની પાંચ આંગળીઓ ભીની કરી છે ખરી? કહો છો કે એ અનંતશક્તિઓનો સંગ્રહ ધરાવે છે, પણ એમાં તો આજે અશક્તિઓનું મ્યુઝિયમ ઊભું થઈ ગયું છે.

ભગવાન મહાવીરે કહ્યું કે નાનકડી ગોટલીમાં જેમ આંબાનું વિશાળ વૃક્ષ સમાયેલું છે, તેમ આત્મામાં પરમાત્મા છુપાયેલો છે. પરંતુ તમે હજી ક્યાં આંબાના વૃક્ષ રૂપે કે પછી આમ્રમંજરી રૂપે મહોર્યા છો? હજી ક્યાં આંબાના વૃક્ષ રૂપે કે પછી આમ્રમંજરી રૂપે મહોર્યા છો? હજી ભૂમિમાં એ જ ગોટલીના રૂપે કર્મરસથી મલિન, કષાયથી ઘેરાયેલા, દોષોથી ભરેલા યાચના કરતા ગોટલી જેવા પડ્યા છો. આથી જ આજે બીજા બધાની પછી, પણ પહેલી તમારા આત્માની માફી માગીએ કે મને ક્ષમા આપજે કે હું તારામાં વસેલા દયા, શાંતિ અને પવિત્રતાની સદૈવ ઉપેક્ષા કરતો રહ્યો. તારા પર એક પછી એક કર્મનાં આવરણ ઓઢાડતો ગયો. કષાયોની પારાવાર રમત ખેલતો ગયો અને પરિણામે હે આત્મા, તારા શુદ્ધ સ્વરૂપથી હું ઘણો દૂર ચાલ્યો ગયો છું. સ્થિતિ તો એવી આવી કે તારા શુદ્ધ સ્વરૂપને ભૂલીને કાવાદાવા, કલહ, કંકાસ અને કુટિલતામાં હું ખૂંપી ગયો છું.

આમ પહેલી ક્ષમા એ પોતાના આત્માની માનવાની અને પહેલો નિશ્ચય એમાંથી બહાર આવવા માટે કરવાનો. એને માટે મન, વચન અને કાયાથી સાચો પુરુષાર્થ જોઈએ. જ્ઞાન, દર્શન અને ચારિત્રની કેળવણી જોઈએ, એ બધું મળે તો જ પૂર્ણ શાંત સ્વરૂપની પ્રાપ્તિ થાય.

આ આત્માનો સહજ સ્વભાવ છે ક્ષમા, એનો સ્વાદ છે ક્ષમા. પણ તે ક્ષમાનું પરિણમન ન કરતાં એના વિભાવ સમા ક્રોધનો મહિમા કર્યો છે. હવે આજે તારા આત્માની ક્ષમા માગ. બીજાને અનંતવાર ક્ષમા કરી શકીશ, પરંતુ આત્માની ક્ષમા એ સૌથી પહેલી બાબત છે.

તારા આત્મામાં જોઈશ તો ખ્યાલ આવશે કે ક્ષમા તો એમાં પડેલી જ છે. જેમ સૂરજ પર વાદળાં છવાયાં હોય, પણ વાદળાં એ સૂરજ નથી, એમ તારા પર ક્રોધનાં વાદળ છવાયેલા છે. એને હટાવી તારા શુદ્ધ સ્વરૂપમાં આવીશ એટલે આપોઆપ ક્ષમા જાગશે. હવે જો ક્ષમા તારો સ્વભાવ હોય, તો એમાં લેવડ-દેવડ ક્યાંથી હોય! કારણ કે ક્ષમા પોતે જ ક્ષમા છે.

કામદેવ શ્રાવકની અડગ ધર્મશ્રદ્ધાને વિચલિત કરવા માટે સ્વર્ગના દેવે તોફાની હાથી, વિશાળ ફણાવાળા સર્પ અને હત્યા કરવા માટે ખડગ લઈને આવેલા હત્યારાનું રૂપ લઈને તેને ભયભીત કરવા પ્રયાસ કર્યો, પરંતુ કામદેવ શ્રાવક ધર્મમાર્ગમાં સ્થિર રહ્યો. ગર્વિષ્ઠ દેવ પરાજિત પામ્યો અને એણે કહ્યું, 'તમારા આવા સમકિતરૂપને જોવાથી મારું અનાદિકાળનું મિથ્યાત્વ નાશ પામ્યું છે. ચંદનના વૃક્ષની જેમ આપે કેટલાંય વાવાઝોડાં સહન કરીને સાહજિક ક્ષમાથી મને સમ્યક્ત્વરૂપી સુગંધ આપી છે' અને આ રીતે અનેક ઉપસર્ગો સહન કરનાર કામદેવ શ્રાવક સહજ ક્ષમા ધારણ કરે છે અને સ્વયં ભગવાન મહાવીર પૂર્ણભદ્ર ચૈત્યમાં ઉપદેશ આપતા આ શ્રાવકની ધર્મશ્રદ્ધાની અનુમોદના કરે છે.

ક્ષમા આપોઆપ થવી જોઈએ. બીજાને ક્ષમા આપતી વખતે અહંકારનો કોઈ સ્પર્શ થવો ન જોઈએ. અને હકીકતમાં ક્ષમા એ સંવાદ છે. તમે મને માફ કરો તેમ નહીં, પરંતુ તમને પણ માફ કરી દેવાનું કહે છે. અને એટલે સંવત્સરીએ પહેલાં પોતાની જાત પ્રત્યે કરેલા દુર્વર્તાવની ક્ષમા માગવાની છે. આ ક્ષમા ભલે સહજ ગણાતી હોય, પણ આપવી ઘણી મુશ્કેલ છે. ક્ષમા માગવી મુશ્કેલ અને આપવી તો એનાથીય કઠિન. પરંતુ સમય જતાં આ માગવાની અને આપવાની પ્રક્રિયા વિલીન થઈ જાય અને જીવનની ક્ષણેક્ષણમાં ક્ષમા વણાઈ જાય એજ સાચી ક્ષમા.

અને તેથી આજે પહેલું સોપાન છે ક્ષમા માગવાનું. અને તે પોતાની જાતથી માંડીને સમગ્ર સૃષ્ટિ સુધી. બીજું કામ છે ક્ષમા આપવાનું અને ત્રીજું કામ છે આ માગવાની અને આપવાની પ્રવૃત્તિ કે પરિસ્થિતિ સાવ ક્ષુલ્લક લાગે એવી સહજ સ્થિતિ પ્રગટાવવાની. આત્મા સતત ક્ષમામાં જ વાસ કરતો હોય. જેમ શ્વાસ લેવો એ

સ્વાભાવિક બાબત છે. એમ ક્ષમા પણ સ્વાભાવિક બનવી જોઈએ. જેમ શ્વાસ એ શરીરનો ધર્મ છે, એ રીતે ક્ષમા પણ જીવનનો ધર્મ બનવી જોઈએ.

આથી જ ક્ષમા તે તેજસ્વીઓનું તેજ અને તપસ્વીઓનો બ્રહ્મ કહી છે, પણ ખરેખર આપણે તપસ્વી રહ્યા છીએ ખરા? કે પછી દંભ, ડર કે કાયરતાનો અંચળો ઓઢીને બેઠા છીએ? આપણે જોઈએ છીએ કે ઘણાંને જૂઠનો ભય નથી પણ જૂઠાણું પકડાઈ જવાનો ભય છે; પાપનો ભય નથી પણ પાપ આચરતાં ઝડપાઈ જવાનો ભય છે; ચોરીની બીક નથી પણ ચોરી ઉઘાડી પડી જવાની ભિતી છે.

માનવી જ્યાં સુધી ભયભીત છે ત્યાં સુધી ક્ષમાપનાને પામી શકતો નથી. આપણે માત્ર બીજાનું જ મન દુઃખી નથી કરતા, માત્ર અન્યને જ કટુ વચન કહેતા નથી કે માત્ર સામી વ્યક્તિના જ આત્માને નથી દુભવતા, પરંતુ આપણા પોતાના આત્માને પણ દુભવીએ છીએ. મન, વચનથી તેને ત્રાસ આપીએ છીએ. ખુદ આપણે આપણા પર ગુસ્સે થયા છીએ. આમ માત્ર સામી વ્યક્તિ તરફ કરેલાં પાપોની જ નહીં, પણ સ્વ પ્રત્યેનાં આપણાં પાપોની પણ જાણ મેળવવી જોઈએ. એ એટલા માટે જરૂરી હશે કે તે પાપની માફી આપણે માગી શકીશું, કારણ કે માનવીએ પોતાના પાપનો એકરાર કરવો પણ જરૂરી છે. એણે કોઈ ગરીબનું શોષણ કર્યું હોય કે કોઈના શોષણમાં સાધનરૂપ બન્યા હોય, કોઈને લાંચ આપી હોય કે કોઈની લાંચ લીધી હોય, પરિગ્રહથી બીજાને પીડા આપી હોય કે હિંસાથી કોઈનું હનન કર્યું હોય ત્યારે માનવીએ પોતે પોતાની જાતના તાજના સાક્ષી બનીને અપરાધોનો એકરાર કરવો જોઈએ. ક્ષમાપનામાં આ નિખાલસ એકરાર ઘણો મહત્ત્વનો છે, આથી જ આચાર્ય ભદ્રબાહુસ્વામીએ કહ્યું છે :

જં દુક્કડં તિ મિચ્છા, તે ભુજ્જો કારણં અપૂરતો,
તિવિહેણ પડિહંતો, તસ્સ ખલુ દુક્કડં મિચ્છા.

(જે સાધક મન, વચન અને કાયાના ત્રણેય યોગથી પ્રતિક્રમણ કરે છે, જે પાપને મિચ્છામિ દુક્કડં દે છે અને પુનઃ તે પાપ કરતો નથી, તેનું દુષ્કૃત-પાપ મિથ્યા થઈ જાય છે. પાપને જાણીને, તેનો નિખાલસ એકરાર કરીને તેમ જ એ પાપો ફરી ન કરવાની કૃતનિશ્ચયી પ્રતિજ્ઞા લેવાય ત્યારે જ ક્ષમાપનાની નજીક પહોંચાય છે.)

મિચ્છામિ દુક્કડંનો અર્થ જ એ છે કે એક વાર જે ભૂલને માટે ક્ષમાપના કરી, જે દોષને માટે પશ્ચાત્તાપ કર્યો, જે પાપને માટે પ્રાયશ્ચિત કર્યું એવી ભૂલ, એવો દોષ કે એવું પાપ કરવાથી હંમેશને માટે દૂર રહીશું એવો સંકલ્પ કરવો.

જૈન ધર્મમાં તો શ્રમણને એવી આજ્ઞા કરવામાં આવી છે કે જ્યાં સુધી તારી ભૂલની ક્ષમા માગે નહીં ત્યાં સુધી થૂંક પણ ગળાથી નીચે ઉતારવું નહીં. પરંતુ કાંટા બિછાવનાર તરફ સ્નેહ રાખવો એ ક્ષમાની અગ્નિપરીક્ષા છે. એક વાર ભગવાન બુદ્ધના પોતાના જ શિષ્યે ઈર્ષ્યાના આવેશમાં ભગવાન બુદ્ધ પર એક મોટી શિલા ફેંકી. ભગવાન બુદ્ધના પગમાં ઈજા થઈ. ઘણા દિવસો સુધી તેઓ ચાલી શકતા નહોતા. આમ છતાં ભગવાન બુદ્ધને તેમના શિષ્ય તરફ સહેજે કટુતાનો ભાવ નહોતો. એથીય વધુ તેઓ કહેતા કે આપણે આવું સહન કરીશું તો તેમને અંતે તો ભૂલ સમજાશે.

ક્ષમા એ ધર્મઅનુષ્ઠાનનો માપદંડ છે. ધર્મના અનુષ્ઠાન કેટલે અંશે આત્મસાત્ થાય છે તેનો તાળો ક્ષમા પરથી મળી શકે, ક્ષમાવૃત્તિના વિકાસ પરથી મળી શકે. ક્ષમા ધર્મભાવનાનું બેરોમીટર છે. ક્ષમા ન હોય તો બધાં વ્રત, જપ, તપ, ધ્યાન, અનુષ્ઠાન સફળ થતાં નથી. આ ક્ષમા તે આત્માનો ગુણ છે, જે ક્રોધ અને કષાયથી વિકૃત થાય છે. જેમ પાણી સ્વભાવે શીતળ છે પણ અગ્નિનો સંયોગ થતાં ઉષ્ણ થાય છે. આમ ઉષ્ણતા એ જળનો સ્વભાવ નથી પરંતુ એનો વિભાવ છે. અગ્નિનો સંપર્ક દૂર થતાં જ એ જળ પોતાની સ્વાભાવિક શીતળતા પ્રાપ્ત કરી લેશે. પાણીમાં શીતળતા માટે કોઈ અન્ય સાધનની જરૂર પડતી નથી કારણ કે એ એનો સ્વાભાવિક ગુણ છે. એ જ રીતે ક્ષમા આત્માનો સ્થાયી ગુણ છે. એને માટે અન્ય કોઈ બાહ્ય સામગ્રીની જરૂર નથી. પણ પાણીમાં જેમ ઉષ્ણતા આવે છે એ રીતે આત્માનો સ્વાભાવિક ગુણ ક્ષમા ક્રોધ, કષાયના ઉદયથી વિકૃત થઈ જાય છે પણ એ વિકૃતિ સ્વાભાવિક હોતી નથી.

એ જ રીતે અગ્નિના સંપર્કના અભાવમાં ઉષ્ણતા શાંત થઈ જાય છે, એ જ રીતે ક્રોધ, કષાયના અભાવમાં વિકાર શાંત થઈ જાય છે. જ્યારે જીવ પોતાના નિજભાવ રૂપમાં પરિણમે છે ત્યારે સુખી થાય છે. કારણ કે સુખ એના આત્મસ્વભાવથી પ્રાપ્ત થાય છે. પોતાના સ્વભાવમાંથી ડગી જઈને પરભાવ અથવા વિભાવને પ્રાપ્ત કરે છે ત્યારે એ દુઃખી થાય છે. આમ ક્રોધભાવ એ આત્માનો સ્વભાવ નથી પરંતુ અન્ય પદાર્થના સંયોગથી ઉત્પન્ન થયેલો વિભાવ છે અને તેથી જ એ આત્માને અહિતકારક છે. આમ ક્રોધ જેવી કોઈ હાનિકારક વસ્તુ નથી અને ક્ષમા જેવી કોઈ ગુણકારક બાબત નથી. ક્રોધ માત્ર આલોકમાં જ નહીં, પરલોકમાં પણ દુર્ગતિ અપાવે છે. આથી જ ક્ષમા વિશે કહ્યું છે –

ઉત્તમ ખમ તિલ્લોયહ સારી, ઉત્તમ ખમ જમ્મોદહિતારી,
ઉત્તમ ખમ રયણત્તય ધારી ઉત્તમ ખમ દુગ્ગઈદુહહારી.

(ઉત્તમ ક્ષમા ત્રણે લોકમાં સારરૂપી છે. જન્મમરણરૂપ સંસારમુદ્રને તારનારી છે. રત્નત્રયને પ્રાપ્ત કરાવનારી છે તથા દુર્ગતિને હરણ કરનારી છે.)

❑❑❑

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.
ફોન ૦૭૯-૨૬૬૦૨૬૭૫
મો. ૦૯૮૨૪૦૧૯૯૨૫

# સર્વ જીવો મને ખમાવો (સવ્વે જીવા ખમંતુ મે)

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

खामेमि सव्व जीवे, सव्वे जीवा खमंतु मे,

मित्ती मे सव्वभूएसु वेरं मज्झ न केणइ.

(સર્વ જીવોની હું ક્ષમા માગું છું. સર્વ જીવો મને ખમાવો. સર્વ જીવોની સાથે મારે મૈત્રીભાવ છે. કોઈ પણ જીવ સાથે મારે વેરભાવ નથી.)

**આ** શ્લોકના આ એક જ સૂત્ર વિશે વિચારીએ તો ખ્યાલ આવશે કે એ નથી પ્રાચીન કે નથી અર્વાચીન, એ શાશ્વત છે. જ્યારે જ્યારે આ સૂત્રનું ઉચ્ચારણ કરું છું, ત્યારે આપણા વિખ્યાત નાટ્યકાર, ચિત્રકાર અને 'ગઠરિયાં'ના પ્રવાસલેખક શ્રી ચંદવદન મહેતાના હસ્તાક્ષરમાં લખાયેલું મારી પાસેનું એમનું 'ચકલીનાં બચ્ચાં' બાળકાવ્ય યાદ આવે છે. એમણે લખ્યું :

*એક પંખીની ટોળી,*
*એમાં ચકલી બોલી;*
*ચકલી કહે, હું નહાવા જાઉં,*
*ચકલો કહે, હું ફરવા જાઉં.*
*ચકલી બચ્ચાં રહી ગયાં,*
*ચકલો ચકલી ઊડી ગયાં.*
*ચકલી બચ્ચાં ચીં ચીં કરે,*
*ખાધા વિનાનાં ભૂખે મરે;*
*ચીંચીં ચીંચીં કીધું,*
*શિકારીએ સાંભળી લીધું.*
*શિકારીએ નાખી જાળ,*

અને ખરેખર હું વિચાર કરું છું કે માનવશિકારીએ માનવસહિત તમામ જીવો તરફ એવી શિકારી જાળ નાખી છે કે એ માટે એને તમામ જીવો પ્રત્યેના પોતાના અપરાધોની ક્ષમા માગ્યા સિવાય છૂટકો જ નથી. દસેક વર્ષ પહેલાંનો વિચાર કરીએ તો ઘરમાં ચકલીનો માળો હોય અને વહેલી સવારે ચકલીના ચીં... ચીં... અવાજો સાથે જાગવાનું થતું હતું. હવે આજે એ ચકલી જ અદૃશ્ય થઈ ગઈ છે. એ કાબર ખોવાઈ ગઈ છે અને હિંદુ ધર્મમાં શ્રાદ્ધ વખતે કાગડાને શોધવા જવું પડે છે.

આજે જીવોનો નિર્દયી મહાસંહાર ચાલી રહ્યો છે અને એનું કારણ છે જંગલોનો નાશ, પ્રાણી પ્રત્યે ક્રૂરતા, જમીનોનો ઉદ્યોગો અને રહેઠાણો માટે ઉપયોગ, ધીરે ધીરે જીવલેણ બની રહેલું પ્રદૂષણ, આતંકવાદ અને પરમાણુશસ્ત્રોનો ભય – એ બધાને કારણે આજે સર્વ જીવો પ્રત્યે ક્ષણે ક્ષણે ઘોર અપરાધ થઈ રહ્યો છે. એક સામાન્ય ગણતરી પ્રમાણે પહેલાં દસ હજાર વર્ષે પૃથ્વી પરથી પશુ-પંખીની એક મહત્ત્વની જાતિ કાયમી રીતે નષ્ટ થતી હતી. વિરાટકાય ડાયનોસોર આવી રીતે જ નષ્ટ થયા, જ્યારે આજે દર વીસ મિનિટે પશુ-પંખીઓની એક જાતિ નષ્ટ થઈ રહી છે, તે તમે જાણો છો? બે વિશ્વયુદ્ધોનો માનવજાતિએ અનુભવ કર્યો, પણ આજે છદ્મ રીતે કેટલાય દેશો વચ્ચે 'ત્રીજું વિશ્વયુદ્ધ' ખેલાઈ રહ્યું છે!

આપણાં આ સૂત્રોમાં માત્ર માનવ, પ્રાણી કે પ્રકૃતિની જ વાત નથી કરી, પરંતુ એમાં વૈશ્વિકદર્શન છે. એક અર્થમાં કહીએ તો એ Unity of Life જોતું Cosmic Vision છે અને તેથી જ જૈન ધર્મએ પશુ-પંખીનું અસ્તિત્વ, પ્રકૃતિનું અસ્તિત્વ અને માનવઅસ્તિત્વ – એ તમામનો સમાવેશ કરતા બ્રહ્માંડને પોતાના વ્યાપમાં લીધું છે. સંસારી જીવો, સ્થાવર જીવો, વનસ્પતિકાયના જીવો, ત્રસકાયના જીવો, પંચેન્દ્રિયના જીવો, નરકના જીવો, તિર્યંચ પંચેન્દ્રિયના જીવો, સ્થળચરના જીવો, મનુષ્યના જીવો અને દેવોના જીવો – એ તમામની આ સંદર્ભમાં એના જુદા જુદા ભેદ અને ઉત્તરભેદ સાથે ચર્ચા કરી છે.

પ્રતિક્રમણ સમયે 'ઈરિયાવહી સૂત્ર' બોલાય છે, સામાયિક, પ્રતિક્રમણ અને ચૈત્યવંદન પૂર્વે બોલાતું આ સૂત્ર વાસ્તવમાં અધ્યાત્મજગતનું અને વ્યવહારવિશ્વનું એક મહાન સૂત્ર છે. આ 'ઈરિયાવહી સૂત્ર' સંસ્કૃતમાં 'ઈર્યાપથિકી સૂત્ર' તરીકે ઓળખાય છે. આત્મશુદ્ધિના પ્રયાસ કરનારને માટે આ સૂત્ર પ્રથમ સોપાનરૂપ છે, આથી જ જૈન ધર્મના આરાધક સ્ત્રી-પુરુષો જ્યારે ઉત્તમ ધર્માનુષ્ઠાનો કરે છે, ત્યારે આ સૂત્રનું ઉચ્ચારણ કરે છે. પ્રાકૃત ભાષામાં લખાયેલું આ સૂત્ર અહિંસાની સૂક્ષ્મ ભાવના દર્શાવનારું છે.

જૈન ધર્મ એ અહિંસા ધર્મ છે અને તેથી જ ઈરિયાવહી સૂત્ર એ એનું પ્રવેશદ્વાર છે. આ પ્રવેશદ્વારમાં પ્રવેશો પછી જ ધર્મારાધનાની ઈમારત સુધી પહોંચી શકો. ધર્મની આરાધના વખતે આરાધક એક સ્થાનેથી બીજા સ્થાને જતો હોય છે. આવા સમયે એનાથી જાણતાં-અજાણતાં જીવોની હિંસા થવાનો સંભવ છે. આરાધનાના પ્રારંભે જાગૃત આરાધક આ સૂત્ર દ્વારા ક્ષમા માગે છે.

આ બાબત એ દર્શાવે છે કે ધર્મક્રિયા કરનારે પૂર્વે આવી જે કોઈ હિંસા થઈ હોય, તેની ક્ષમા માગવી. આત્મશુદ્ધિ પામવા માટે હૃદયનું આંગણું પાવન અને ચોખ્ખું હોવું જોઈએ. મહાન સૂત્રોના રચનાકારોએ આરાધનાનો કેટલો ઊંડો વિચાર કર્યો હશે. સામાયિક – પ્રતિક્રમણનું આ સૂત્ર માનવીના 'માંહ્યલા'ને જગાડે છે. આત્માના હિત માટે જાગૃતિ અને સાધક માટે સાવધાની બંનેને આમાં તાણાવાણાની માફક ગૂંથી લેવાયા છે. તદ્દન સરળ અને પ્રાથમિક

જણાતું સૂત્ર સાધકને માટે અત્યંત મૂલ્યવાન માર્ગદર્શન આપનારું બની રહે છે.

શિષ્ય ગુરુ પાસે પોતાના પાપની ક્ષમા કરવા માટે રજા માગે છે. અને કહે છે કે આપની ઈચ્છા હોય અને આપ આજ્ઞા આપો તો હું ઈર્યાપથિકી વિરાદનાનું પ્રતિક્રમણ કરવા માગું છું. અહીં 'ઈચ્છાકારેણ' શબ્દ પ્રયોજાયો છે. સામાન્ય રીતે જે કાર્ય પોતાની ઈચ્છાથી કે પોતાની મરજીથી થયું હોય એ 'ઈચ્છાકાર' કહેવાય છે. અહીં આ ઈચ્છા શબ્દ એ ગુરુની ઈચ્છાના અર્થમાં વપરાયો છે. તેની પાછળ હેતુ ગુરુની આજ્ઞા માગવાનો છે.

જૈન દર્શનની સૂક્ષ્મતા એ છે કે એમાં સાધનાના પ્રત્યેક સોપાન વિશે ઊંડાણથી વિચારવામાં આવ્યું છે. માત્ર ક્ષમાના શબ્દોનું ઉચ્ચારણ કરવાથી ક્ષમા મળે તેવું આલેખન આ સૂત્રમાં નથી, કિંતુ એ ક્ષમા કઈ રીતે માગી શકાય એની સમગ્ર પ્રક્રિયા પણ સૂત્રોમાં પ્રગટ કરી છે. જેને આત્મસાધનાના માર્ગે ચાલવું છે એની આંગળી પકડીને આવાં સૂત્રો એક પછી એક સાધનાના ઊંચા પગથિયાં પર લઈ જાય છે.

પાપની ક્ષમા માગવાની ગુરુજી પાસેથી રજા મળ્યા બાદ સાધક પોતાનાથી થયેલી હિંસાની શક્યતાઓ જાગૃત બનીને શોધે છે અને એ તમામ શક્યતાઓની ક્ષમા માગવાનો ભાવ સેવે છે. એ વિચારે છે કે ક્યા ક્યા જીવો મેં હણ્યા હશે. અને એ પછી એ કેવી રીતે હણ્યા હશે તેની પણ એ વાત કરે છે. અને અંતે આ સર્વ હિંસક ક્રિયાની ક્ષમાની વાત કરે છે. માત્ર પોતાનાથી થયેલી હિંસાને કારણે આટલા જીવોની હિંસા થઈ હશે એમ કહીને વાત પૂરી કરી નથી, કિંતુ કઈ રીતે એ હિંસા થઈ હશે એ દર્શાવીને આત્મસાધકને ભવિષ્યમાં એવી હિંસાથી વેગળા રહેવાનો સંકેત કરે છે. ગુરુ પાસે એની ક્ષમા માગે છે, પરંતુ આ સૂત્રના શબ્દે શબ્દે પસ્તાવાનો ભાવ પ્રગટે છે. જાણતાં-અજાણતાં થયેલી હિંસાના કારણે આરાધકની ક્ષમા મેળવવાની ઈચ્છા ગુરુજીની ઉપસ્થિતિમાં પ્રગટ થાય છે, ત્યારે એમાં સાધકની આત્માના હિત માટેની જાગૃતિ જોવા મળે છે.

આરાધનાનો પ્રારંભ કરતાં પૂર્વે અગાઉ થયેલી વિરાધનામાંથી મુક્તિ મેળવવી જોઈએ. પ્રતિક્રમણની આંતરયાત્રા કરનાર આથી જ 'ઈરિયાવહિય સૂત્ર'થી ધર્મક્રિયાનો પ્રારંભ કરે છે. માનવીના જીવનમાં કુદરતી રીતે જ કેટલીક હિંસા થતી હોય છે, આથી પોતાના ગમન-આગમનથી થયેલી હિંસાની વાત કરી છે. પ્રાણીઓ મારાથી વિરાધાયા હોય કે મારાથી દુઃખ પામ્યા હોય, તે સહુની ક્ષમા માગું છું.

એક સવાલ એ જાગે છે કે શા માટે કીડી, મકોડા અને કરોળિયાની ચિંતા કરવામાં આવી છે? આવી સૂક્ષ્મ અહિંસાની ભાવનાનો કેટલાક મજાક કે ઉપહાસ કરતા હોય છે, કિંતુ એને આના મર્મની ખબર નથી. હિંસાનું પ્રભવસ્થાન માનવીનું ચિત્ત છે. એ ચિત્તમાં હિંસા પ્રહાર, આક્રમણ કે યુદ્ધમાં પરિવર્તિત થતાં હોય છે. મનમાંથી જ એ હિંસાને અળગી કરવા માટે અહિંસાની જાગૃતિ જોઈએ. આવી સૂક્ષ્મ અહિંસક ભાવના વ્યક્તિના ચિત્તમાં હિંસાના પ્રાદુર્ભાવને અટકાવે છે, આથી આ સૂત્રોની ગહનતા પામવા માટે મનન-મંથન જોઈએ.

આ સંદર્ભમાં જોઈએ તો હિંસા બે પ્રકારે થાય છે : એક આક્રમણથી અને બીજી સંક્રમણથી. આક્રમણથી એટલે પગની નીચે જંતુઓ કચડાઈ જાય અને સંક્રમણ એટલે જીવજંતુ ઉપર થઈને જવાયું હોય - આ બંને પ્રકારે જે જંતુઓ મારાથી વિરાધના પામ્યા હોય, મારાથી દુઃખ પામ્યા હોય તેની ક્ષમા માગવાની વાત છે, વિરાધનાનો એક બીજો પણ અર્થ છે અને તે એ કે જેના વડે પ્રાણીઓમાં દુઃખ મુકાય અર્થાત્ દુઃખ ઉપજાવાય તે વિરાધના છે.

આ સૂત્રમાં એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય અને પાંચ ઈન્દ્રિયવાળા જીવની વાત કરે છે. અને એ વિશે હિંસાની શક્યતાઓ જોઈને તેની સૂક્ષ્મ સમજ આપે છે. કઈ રીતે આ જીવો હણાયા હશે તેની શક્યતાઓ દર્શાવતાં કહે છે કે લાત મારવામાં આવી હોય, ધૂળ વડે ઢંકાઈ ગયા હોય, જમીન સાથે ઘસડાયા હોય, અરસપરસ શરીરો દ્વારા અફળાવાયા હોય અથવા તો ખેદ પમાડાયા હોય, ડરાવવામાં આવ્યા હોય, એક સ્થાનથી બીજે સ્થાન ફેરવાયા હોય અને જેને મારી નખાયા હોય તે સર્વને કારણે થયેલા અતિચારનો નિર્દેશ કર્યો છે.

'આવું મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ.' એવી સાધક અરજી કરે છે. આ રીતે આત્મનિરીક્ષણ, જીવનનું અવલોકન અને ભાવશુદ્ધિ માટેની ક્રિયા જેમાં નિહિત છે એવા પ્રતિક્રમણ દ્વારા વ્યક્તિ જીવવિરાધના અંગે પશ્ચાતાપ કરે છે અને અધ્યાત્મસાધનાની દુનિયામાં અહિંસાની પરમ ભાવના સાથે પ્રવેશ પામે છે.

'શ્રી ઈરિયાવહી સૂત્ર' દ્વારા અઢાર લાખ ચોવીસ હજાર એકસો ને વીસ પ્રકારની ક્ષમાપના માગવામાં આવે છે. આ સર્વ જીવોને અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરુ અને આત્મા - આ છની સાક્ષીએ ખમાવવાના છે. અને 'ઈરિયાવહી કુલક' ગ્રંથ તો કહે છે કે 'જેઓ શુદ્ધ અંતઃકરણથી, અખિલ બ્રહ્માંડના તમામ જીવો પ્રત્યે કરેલા પોતાના અપરાધોની ક્ષમા માગે છે, મિચ્છામિ દુક્કડમ્ દે છે, તે ભવદુઃખ છેદીને કાળક્રમે મોક્ષનું અક્ષય અને અવ્યાબાધ સુખ પામે છે.'

જૈન ધર્મનો સમગ્ર જીવવિચાર વિશિષ્ટ છે. બી.બી.સી.ના Natural History Unitના દિગ્દર્શક જ્હોન ગાયનરે 'મૅન ઍન્ડ ઍનિમલ' નામની બી.બી.સી. માટે ચાર ભાગમાં દસ્તાવેજી ફિલ્મ તૈયાર કરી. આને માટે ચાલીસ દેશોમાં ફરીને એણે માનવી અને પ્રાણીઓના સંબંધો વિશે ચાર ભાગમાં દસ્તાવેજી ચિત્ર તૈયાર કર્યું. ભારતમાં આવ્યા પછી એણે મને કહ્યું કે 'મારે જીવાતખાતાનું ફિલ્મિંગ કરવું છે.' એણે લખ્યું કે શહેનશાહ અકબરે જૈનોને આપેલાં ફરમાનમાં આ જૈન કોમનો 'જીવાતખાનાવાળી કોમ' તરીકે ઉલ્લેખ

કર્યો છે. અમદાવાદમાં આજે તે વળી આવું જીવાતખાનું મળે ક્યાંથી? અમદાવાદના રિલીફ રોડ પર આવેલી રૂપમ સિનેમા પાછળ એક જીવાતખાનું હતું તે સાફ કરાવીને તેનું ફિલ્મિંગ કરાવ્યું. નોંધપાત્ર બાબત એ છે કે જોન ગાયનરે આ કામ પૂર્ણ થતાં નોંધ કરી, 'માનવ અને પ્રાણી વચ્ચેના સંબંધોનો શ્રેષ્ઠ ઉકેલ જૈન ધર્મએ આપ્યો છે.'

વિ.સં. ૧૬૩૯ના જેઠ વદ તેરસને શુક્રવારે આચાર્ય શ્રી હીરવિજયસૂરિજી શહેનશાહ અકબરને મળે છે, ત્યારે એ મહેલના કીમતી ગાલિચા પર ચાલવાની ના પાડે છે, કારણ કે એની નીચે કોઈ જીવજંતુ હોય તો કચડાઈ જાય. સાઠ વર્ષની વયે છેક ગુજરાતથી પાદવિહાર કરીને આવેલા આચાર્યશ્રીને શહેનશાહ અકબર સુવર્ણ-રજત સ્વીકારવાનું કહે છે, ત્યારે આચાર્યશ્રી કહે છે કે જો આપવું હોય તો તારા નગરના પાંજરામાં પૂરેલાં પશુ-પંખીને મુક્ત કર, ડાબર નામના બાર કોશના વિશાળ તળાવમાં હજારો જાળો નાખીને થતિ માછીમારી બંધ કર અને પર્વાધિરાજ પર્યુષણના દિવસોમાં કોઈ પણ માનવી કોઈ પણ પ્રકારની હિંસા ન કરે એવું ફરમાન કર. આ છે જૈન ધર્મના જીવવિચારનું સક્રિય રૂપ. અહીં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના સમયમાં સમ્રાટ કુમારપાલે કરેલી 'અમારિ ઘોષણા'નું પણ સ્મરણ થશે.

એક બાજુ આજે હિંસાનો પ્રસાર વધી રહ્યો છે, સૌંદર્ય પ્રસાધનોમાં, આહારમાં, મનોરંજનમાં અને વૈજ્ઞાનિક પ્રયોગોમાં પ્રાણીઓનો દયાહીન બનીને નાશ કરવામાં આવે છે. હકીકતમાં અહિંસા એ માત્ર આચારની નહીં, પરંતુ માનવીના જીવનસમગ્રને આકાર આપતી જીવનશૈલી છે. એ જશે તો જીવનમાંથી સંવેદના, સમભાવ અને સમાનતા દૂર થશે.

'સર્વ જીવોને ક્ષમા આપવી એ જ મારો શુદ્ધાત્માનો સ્વભાવ છે અને ક્ષમા નહીં આપીને જીવંત રખાતો વેરભાવ એ આત્માનો રિપુ-શત્રુ ગણાય.'

આચાર્ય ઉમાસ્વાતિજીએ લખેલી 'તત્ત્વાર્થસૂત્ર'ની પહેલી ગાથા 'પરસ્પરોપગ્રહો જીવાનામ્'ની મહત્તાનો તમને ત્યારે જ ખ્યાલ આવે જ્યારે આજના પર્યાવરણ-વિજ્ઞાનનો ઊંડો અભ્યાસ કર્યો હોય.

ઈંગ્લેંડના બકિંગહામ પેલેસમાં ૧૯૯૦ ની ૨૩મી ઑક્ટોબરે ડ્યૂક ઑફ એડિનબરો પ્રિન્સ ફિલિપને જૈન ધર્મમાં પર્યાવરણ વિશેનું પુસ્તક આપ્યા બાદ જૈન ધર્મની પર્યાવરણની વિભાવનાની વાત કરી. 'વર્લ્ડ વાઈડ ફંડ ફૉર નેચર'ના અધ્યક્ષ પ્રિન્સ ફિલિપને અપાર આશ્ચર્ય થયું કે હજારો વર્ષ પહેલાં જૈનદર્શનને કઈ રીતે ખ્યાલ આવ્યો કે વનસ્પતિમાં જીવ છે? ત્યારે અમે કહ્યું કે For us, ecology is religion and religion is ecology. આપણે જૈનદર્શનની જયણાની ભાવના જોઈએ, એટલે સઘળું સમજાઈ જશે.

ઈ.સ. ૧૮૫૯ માં ચાર્લ્સ ડાર્વિને On the Origin of Species નામનો જગતની વિચારધારામાં ક્રાંતિ સર્જતો ગ્રંથ લખ્યો. એમાં એણે મનુષ્યજાતિના પ્રારંભની વાત કરતાં એમ કહ્યું કે બધી જાતિઓ એક 'ફેમિલી ટ્રી' સાથે જોડાયેલી છે. જ્યારે વિખ્યાત અંગ્રેજ નાટ્યકાર જ્યોર્જ બર્નાર્ડ શૉએ બહુ માર્મિક રીતે કહ્યું કે 'મારું પેટ એ કોઈ પ્રાણીઓનું કબ્રસ્તાન નથી.' હકીકત એ છે કે આજે વિશ્વમાં નીતિશાસ્ત્રને બદલે ભોજનશાસ્ત્ર નિર્ણાયક બની ચૂક્યું છે. કોઈ પણ પ્રજાનું આરોગ્ય, જીવનશૈલી અને વૈચારિક સંસ્કૃતિમાં એની ભોજનશૈલી નિર્ણાયક બને છે. પ્રજાનો નાશ કરવાનો ગળચટો ઉપાય એ એની ભોજનશૈલીને નષ્ટ-ભ્રષ્ટ કરી નાખવાનો છે.

આજથી એકસો ચોવીસ વર્ષ પૂર્વે અમેરિકાનો પ્રવાસ કરનાર વીરચંદ ગાંધીએ ભારતીય ભોજન અને પીણાં વિશે અમેરિકાના શ્રોતાજનોને 'Science of Eating' વિશે પ્રવચન આપ્યું હતું.

એમણે સૂર્યાસ્ત પહેલાં ભોજન કરવાની અને જમતાં પૂર્વે હાથ ધોવાની ભારતીય પદ્ધતિની વૈજ્ઞાનિકતા બતાવી. અમેરિકામાં રહીને અમેરિકાને એની રાંધવાની પદ્ધતિના દોષો સમજાવ્યા અને કહ્યું, 'માત્ર કેલિફોર્નિયા રાજ્યમાંથી જ આખા અમેરિકાને પૂરતું અનાજ મળી શકે તેમ છે. એને માંસાહાર કરવાની કશી જરૂર નથી.'

આ સંદર્ભમાં તેઓ કહે છે, 'માણસ એ મૂળભૂત રીતે માંસાહારી પ્રાણી નથી. 'ઍનિમલ ફૂડ'થી માણસમાં 'ઍનિમલ નેચર' જાગે છે અને એનાથી અનેક પ્રકારના રોગો થાય છે. કૅન્સર જેવા રોગોમાં પણ આ ખોરાક કારણભૂત છે અને વળી માંસાહારી ખોરાક સાથે ઉત્તેજનાત્મક પીણું માગે છે. કોઈ કહે છે કે મારે ભૂખ્યા રહીને મરી જવું કે પછી માંસ આરોગવું? તો વીરચંદ ગાંધી ઉત્તર આપે છે કે તો ભૂખ્યા રહીને મરવું બહેતર છે.'

એમણે કહ્યું કે ભારતમાં બ્રિટિશ રાજ્ય આવ્યું તે પહેલાં ચાનો પણ પ્રચાર ન હતો. ભારતમાં સૌથી મોટું પીણું તે પાણી છે. એમણે એ આશ્ચર્ય પ્રગટ કર્યું કે જર્મન લોકોને પીવા માટે પાણી પૂરતું નથી, માટે બિયર પીએ છે. જ્યારે ભારતમાં કોઈ બિયરને અડે તો સ્નાન કરે છે. ભારતની ભોજન-પદ્ધતિ વૈજ્ઞાનિક છે.

જૈન ધર્મના ધાર્મિક અભ્યાસમાં જીવવિચાર શીખવવામાં આવે છે અને તેમાં દેખાતા અને નહીં દેખાતા જીવો વિશે વિચારણા કરવામાં આવી છે.

કલ્લાણકોડિજણણી, દુરંતદુરિયાવરિવગ્ગણિટ્ઠવણી।
સંસારજલહિતરણી, એકચ્ચિય હોઈ જીવદયા।।

'કરોડો કલ્યાણને જન્મ આપનાર, વિવિધ પ્રકારના દારુણ દુઃખોને નાશ કરનાર અને સંસારસમુદ્રને તારનાર એક જીવદયા જ છે.'

અઢાર પાપસ્થાનકોમાં પ્રાણાતિપાતને પહેલે સ્થાને મૂક્યું છે. પ્રાણાતિપાત એટલે પ્રાણનો અતિપાત જીવહિંસા. પોતાનું હિત ઈચ્છનારે જીવહિંસા છોડવી જોઈએ. જીવહિંસાની સાથે અભયદાનનો

મહિમા કરીને પૉઝિટિવ બાજુ બતાવે છે. આ જગતમાં જીવોનો જે સમૂહ વ્યાપેલો છે તેને જીવરાશિ કહેવાય છે. હવે જે જીવરાશિના સ્વરૂપનું જ જ્ઞાન ન હોય, તો જીવોની દયા કઈ રીતે પાળી શકાય?

પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિ, કીડા, જંતુ, પશુ, મનુષ્ય વગેરેને જીવ માનવાનો અને તેના આરંભ-સમારંભથી દૂર રહેવાનો વિચાર કરવામાં આવે છે. આચાર્ય શ્રી શાંતિસૂરિજી મહારાજે આને વિશે ખૂબ વ્યાપક વિચારણા કરી છે. આચાર્ય શ્રી ઉમાસ્વાતિજીએ કહ્યું કે જીવોનું જીવન એકબીજાના સહકારથી ચાલી શકે છે અને એનું એક ઉત્તમ ઉદાહરણ મોરેશિયસ ટાપુમાં એક સમયે જોવા મળતું આપણા બતક જેવું ડોડો નામનું પક્ષી છે. આજે તો માત્ર એનું ચિત્ર જોઈને સંતોષ માનવો પડે છે!

વર્ષો પહેલાંનું મોરેશિયસ ટાપુનું ચિત્ર જુઓ તો એ આખોય ટાપુ અને એનો દરિયાકિનારો પુષ્કળ કૅલ્વેરિયા વૃક્ષોથી ભરેલો હતો. આ વૃક્ષો પર બહુ ઓછું ઊંચે ઊડી શકતાં એવા ડોડો પક્ષી બેસતાં. એ મેદાન પર પોતાનો માળો બાંધતાં. પણ બન્યું એવું કે ડોડો પક્ષીના માંસની વાનગી પાછળ ફ્રાન્સની પ્રજા ઘેલી થતાં એનો નિર્દય રીતે સંહાર કરવામાં આવ્યો. બીજી બાજુ ઊંચા તાડ જેવા કૅલ્વેરિયા વૃક્ષનું આયુષ્ય ઘણું લાંબુ હતું, પણ અત્યારે માત્ર તેર જ કૅલ્વેરિયા વૃક્ષ રહ્યાં છે. કોઈ નવાં વૃક્ષો ઊગતાં નથી. કૅલ્વેરિયા વૃક્ષ પર ઊગતા ફળને જમીનમાં નાખવામાં આવ્યું, છતાં કોઈ વૃક્ષ ઊગતું નથી. સમય જતાં ખ્યાલ આવ્યો કે ડોડો પક્ષી આ વૃક્ષ પરનાં ફળ ખાતું અને એની અઘારમાંથી (શૌચમાંથી) આ વૃક્ષનું ફળ બહાર પડતું અને એ ફળ જ્યાં પડતું ત્યાં કૅલ્વેરિયા વૃક્ષો ઊગતાં હતાં. આજે હવે આ તેર કૅલ્વેરિયા વૃક્ષોને બચાવવાનું અભિયાન ચાલે છે.

કેટકેટલી ક્ષમા માગશો આ જીવોની અથવા તો ક્યારે વિચારીશું કે આ જીવો સાથે આવું વર્તન કરીને આપણે આપણા પૃથ્વીના ગ્રહને અને આ માનવજાતને જેટલું નુકશાન કરીએ છીએ. જો જગતમાં બધે અનાજ ઉગાડવામાં આવે, તો આ જગતમાંથી ભૂખમરો દૂર થાય. આથી તો મહાન માનવતાવાદી આલ્બર્ટ સ્વાઈત્ઝરે કહ્યું, Any religion which is not based on a respect for life is not true religion... Until he extands his circle of compassion to all living things, man will not himself find peace.

જીવો પ્રત્યે માત્ર ભાવના કે લાગણીથી નહીં, પણ સક્રિય રીતે એમની ખેવના, જયણા, ચિંતા અને જાળવણી કરવાનું જૈન ધર્મ કહે છે. એક સમયે કૂતરા માટે રોટલાઘર રાખવામાં આવતું, ગામડામાં ગાય ને કૂતરાને ખાવા માટે દરેક ગલીમાં ચાટ રાખવામાં આવતી. ઘરની પહેલી રોટલી ગાય-કૂતરાને ખાવા માટે રખાતી અને ઘરની વધેલી રસોઈ ચાટમાં નંખાતી.

કીડીનાં દર હોય ત્યાં લોટથી કીડિયારું ભરાવતા હતા. તળાવમાં માછલીને લોટની ગોળી આપતા હતા, તળાવ સુકાઈ જાય તો પાણીનું ટેન્કર નખાવતા હતા, જેથી માછલાં મરી ન જાય અને એથીય વિશેષ તો એક સમયે ઘરના મકાનના બહારના ભાગમાં ઊંચે નાની બખોલ રાખવામાં આવતી; જેમાં પોપટ, ચકલી, કાબર વગેરે પંખી માળો કરીને રહી શકે અને એને કૂતરા કે બિલાડાનો ભય રહે નહીં. એ જ રીતે પાણી ગાળીને એમાં ચૂનો રાખવામાં આવતો. અને એમાં જ કપડું ધોવામાં આવતું, જેથી જીવો મરી જાય નહીં. પચ્ચક્ખાણ, અપરિગ્રહ જેવી ઘણી બાબતો અંતે તો જીવો તરફની સક્રિય અહિંસા માટેનું સોપાન છે.

અદ્યતન વિશ્વમાં જુદાં જુદાં દેશો ભૂતકાળમાં અન્ય દેશ પર કરેલા અત્યાચારોની ક્ષમા માગે છે. અમેરિકાના પ્રમુખે વિશ્વયુદ્ધ સમયે નાગાસાકી-હિરોશિમા જેવાં શહેરો પર વીંઝેલા અણુબૉંબની થયેલા વિનાશ માટે જાપાનની ક્ષમા માગી. લંડનના મેયર સાદિક ખાને અમૃતસરમાં શહીદોને શ્રદ્ધાંજલિ આપ્યા પછી કહ્યું કે બ્રિટિશ સરકારે જલિયાનવાલા બાગના હત્યાકાંડ માટે ભારતની માફી માગવી જોઈએ. આ ભાવને વધુ વ્યાપક બનાવીને અને માનવહૃદયને વધુ સંવેદનશીલ અને સમજદાર બનાવીને 'સવ્વે જીવા ખમંતુ મે'ની ભાવના વિશ્વમાં ફેલાવવી જોઈએ.

આજે જગત હિંસાની ટોચ પર બેઠું છે, ત્યારે આ સૂત્ર જગતને માટે લાંબા ગાળાની વિશ્વશાંતિ, માનવઅસ્તિત્વનો આધાર અને વ્યાપક કલ્યાણની આધારશિલા બની રહે તેમ છે.

❑❑❑

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.
ફોન ૦૭૯-૨૬૬૦૨૬૭૫
મો. ૦૯૮૨૪૦૧૯૯૨૫

## અષ્ટ પ્રકારી પૂજા ગ્રંથનું અમદાવાદમાં વિમોચન થયું

પ.પૂ.આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરિજી મ. લિખિત-સંપાદિત 'અષ્ટપ્રકારી પૂજા' ગ્રંથનું વિમોચન શેઠ શ્રી વૈભવભાઈ શાહનાહસ્તે નારણપુરા,અમદાવાદમાં થયું. આ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠ ના કુલપતિ ડો.અનામિકભાઈ શાહ,પ્રસિધ્ધ ડો.સુધીરભાઈ શાહ, શ્રી ભીખુભાઈ શાહ,શ્રી સુરેશભાઈ શાહ અને અનેક જૈન સંઘના અગ્રણીઓ,વિદ્વાનો,સાહિત્યકારો અને મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા અને શ્રુત ભક્તિનો લાભ લીધો.સંચાલન સંજય દત્તાણીયાએ કર્યું.

# ઉપનિષદમાં બ્રહ્મચક્ર વિદ્યા

ડૉ. નરેશ વેદ

ઉપનિષદના સ્રષ્ટાએ બ્રહ્મતત્ત્વ અને બ્રહ્માંડને સમજાવવા માટે જુદા જુદા ઉપનિષદોમાં જુદાં જુદાં રૂપકો યોજીને વાત રજૂ કરી છે. એવી એક અગત્યની વિદ્યા-વાત 'શ્વેતાશ્વતર ઉપનિષદ'માં રજૂ થઈ છે. આ વિદ્યાનું નિરૂપણ તેના પહેલાં અધ્યાયના શ્લોક ૪ થી ૧૨ સુધીમાં થયું છે. એ ઉપનિષદના આરંભમાં કોઈ જિજ્ઞાસુ શિષ્ય કોઈ બ્રહ્મજ્ઞાનીને પ્રશ્ન પૂછ્યો હોય એ રીતે આ વિદ્યાની વાતની માંડણી કરવામાં આવી છે.

શિષ્ય આવા બ્રહ્મજ્ઞાનીઓને પૂછે છે : આ જગતના કારણરૂપ બ્રહ્મ શું છે? આપણે શામાંથી ઉત્પન્ન થયા છીએ? શા વડે જીવીએ છીએ? ક્યાં આપણી સ્થિતિ છે? અને કોના નિયમ તળે રહીને, આપણે સુખ-દુ:ખરૂપ વ્યવસ્થાને અનુસરીએ છીએ? જીવ, જગત, જીવન અને બ્રહ્માંડની ઉત્પત્તિ કોના વડે થઈ, શા માટે થઈ? કેવી રીતે થઈ? એ બધાં વચ્ચે શો સંબંધ છે? ક્યાં ધારાધોરણોને અનુસરીને આ સૌનો પારસ્પરિક વ્યવહાર ચાલે છે? આ બધું જાણવાની ઇંતેજારી આપણને સૌને હોય એ સ્વાભાવિક છે. આ પ્રશ્નોના ઉત્તરો કાળાન્તરે જુદી જુદી રીતે જુદા જુદા જ્ઞાનીઓ દ્વારા અપાયા છે. પરંતુ એમાં મતમતાંતર ઘણા છે.

જેમકે કોઈ કહે છે આ જગતનું કારણ કાળ છે. કોઈ કહે છે કે નિયતિના નિયમ અનુસાર આ બધું ઉત્પન્ન થાય છે. કોઈ કહે છે કે, જગતની ઉત્પત્તિ સ્વાભાવિક રીતે કુદરતીપણે થાય છે. કોઈ કહે છે કે જગત અને જીવન યદચ્છાથી (મનસ્વીપણે) અથવા અકસ્માત ઉત્પન્ન થાય છે. કોઈ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ જેવાં પંચમહાભૂતને જગતનું કારણ માને છે, તો કોઈ પ્રકૃતિને તો કોઈ પુરુષને, તો કોઈ આ બધાંના સંયોગને જગતનું કારણ માને છે. વળી આત્મા તો આ બધાથી જુદો છે જ. કદાચ એ જ કારણરૂપ ન હોય? પરંતુ જીવાત્મા તો સુખ-દુ:ખ બંને અનુભવે છે, અને તેથી એને પણ આ બધાંને ઉત્પન્ન કરવા માટે કારણરૂપ કેમ માની શકાય? આ પ્રશ્નોના ઉત્તરો શોધીને પોતાનો મત રજૂ કરનારા દાર્શનિકોએ જે ખ્યાલો રજૂ કર્યા છે તેમનું વર્ગીકરણ કરતાં ખ્યાલમાં આવે છે કે આ પ્રશ્નોના ઉત્તરરૂપે દશ પ્રકારની અવધારણાઓ રજૂ થઈ છે, જે આ મુજબ છે : (૧) બ્રહ્મવાદ (૨) કાળવાદ (૩) સ્વભાવવાદ (૪) નિયતિવાદ (૫) ભૂતવાદ (૬) યોનિવાદ (૭) પુરુષવાદ (૮) એતત્-સંયોગવાદ (૯) આત્મવાદ (૧૦) દેવાત્મવાદ.

આ બધી વિચારસરણીઓનું અધ્યયન કરનાર ઋષિમુનિને જણાયું છે કે આ બધાં કારણોનું કારણ, એટલે કે આ બધાં કારણોની ઉપર જેનો અમલ ચાલે છે. તે બ્રહ્મતત્ત્વ છે. એ જ આ બધાનું નિમિત્તકારણ અને ઉપાદાન કારણ છે અને એ જ માધ્યમ છે. આ વાત વિગતે સમજાવવા ઋષિએ એ બ્રહ્મ રથરૂપે કલ્પના કરી તેના રથના ચક્રનું રૂપક યોજી, એ સમયની ભાષામાં આ વિદ્યા રજૂ કરી છે, કેવી રીતે તે હવે આપણે જોઈએ.

એ બ્રહ્મરૂપ રથનું ચક્ર એક નેમિ (પરિધિ) વાળું છે, ત્રણ પાટાવાળું છે, સોળ છેડાવાળું છે, પચાસ આરાવાળું છે, વીસ નાના આરાવાળું છે, છ અષ્ટકોવાળું છે, વિશ્વરૂપ એક પાશવાળું છે, ત્રણ જુદા જુદા માર્ગવાળું છે, અને બે નિમિત્તથી ઉત્પન્ન થયેલા એક મોહવાળું છે. પાંચ યોનિ (મૂળ) વાળી, પાંચ ઝરણોવાળી, ભયંકર અને વાંકીચૂંકી, પાંચ પ્રાણોરૂપ તરંગોવાળી, પાંચ જ્ઞાનેન્દ્રિયથી ઉત્પન્ન થતા જ્ઞાનના પ્રથમ મૂળરૂપ, પાંચ ઘૂમરીઓવાળી, પાંચ ક્લેશરૂપ વેગવાન પ્રવાહવાળી - આમ આ છ પંચકોશી યુક્ત એવી પાંચ વિભાગવાળી આ બ્રહ્મરૂપ નદી છે, એનું જ્ઞાન મેળવવું જરૂરી છે.

આમ, અહીં બે રૂપકો રજૂ થયાં છે : (૧) બ્રહ્મરૂપ રથના ચક્રનું અને (૨) બ્રહ્મરૂપ નદીનું. ઋષિએ જે વાત સંક્ષિપ્તરૂપે લાઘવથી કરી છે, તે કાળનો વિદ્વત્સમાજ એનો અર્થ સમજતો હશે. આપણા માટે એ સમજવો અઘરો છે. માટે પહેલા આ રથચક્ર અને બ્રહ્મરૂપ નદીના રૂપકમાં જે વિગતો રજૂ થઈ છે તે સમજીએ.

જેમ કે બ્રહ્મરૂપ રથનું ચક્ર એક નેમિ એટલે એક અવ્યય પુરુષ. ત્રણ પાટા એટલે ક્ષર, અક્ષર અને અવ્યય પુરુષ. સોળ છેડા એટલે આંખ, કાન, નાક, જીભ અને ત્વચા જેવી પાંચ જ્ઞાનેન્દ્રિયો, હાથ, પગ, મુખ, પાયુ અને ઉપસ્થ જેવી પાંચ કર્મેન્દ્રિયો, મન તથા પૃથિવી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ જેવા પાંચ મહાભૂત, એમ સોળ છેડા. બીજી રીતે જોઈએ તો અન્ય એક ઉપનિષદ 'પ્રશ્નોપનિષદ'માં વર્ણવામાં આવી છે તે પ્રાણ, શ્રદ્ધા, આકાશ, વાયુ, જ્યોતિ, જળ, પૃથિવી, ઈન્દ્રિય, મન, અન્ન, વીર્ય, તપ, મંત્ર, કર્મ, લોક અને નામ એવી સોળ કળાઓ. પચાસ આરા એટલે પાંચ વિપર્યય (૧) તમ (૨) મોહ (૩) મહામોહ (૪) તમિસ્ર (૫) અંધ તમિસ્ત્ર, અઠયાવીસ અશક્તિઓ એટલે અગિયાર ઈન્દ્રિયોની (બહેરાપણુ, મૂંગાપણું, આંધળાપણું, બોબડાપણું, ગૂંગળાપણું, ઠૂંઠાપણું, લંગડાપણું, કદ્રૂપાપણું. નિવીર્યપણું, અર્શપણુ અને મૂઢપણું) જેવી અશક્તિઓ. નવ તુષ્ટિના પ્રતિબંધરૂપ નવ અશક્તિઓ એટલે પ્રકૃતિતુષ્ટિ, ઉપાદાનતુષ્ટિ, કાલતુષ્ટિ, ભાગ્યતુષ્ટિ, અર્જનતુષ્ટિ, રક્ષણતુષ્ટિ, ક્ષયતુષ્ટિ, ભોગતુષ્ટિ અને હિંસાતુષ્ટિ. આઠ સિદ્ધો એટલે અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ

અને વશિત્વ. મોટા આરાને દૃઢ કરવા માટે દસ નાના આરા એટલે દસ ઈન્દ્રિયો અને તેના દસ વિષયો. છ અષ્ટકો એટલે આઠ આઠના છ સમુદાયો, જેમ કે, પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર જેવા આઠ પ્રકૃતિ અષ્ટકો. ત્વચા, ચામડી, માંસ, લોહી, ચરબી, હાડકાં, મજ્જા અને વીર્ય જેવી આઠ ધાતુઓનું અષ્ટક. ઉપર જણાવી તે આઠ સિધ્ધિઓ એટલે ઐશ્વર્ય અષ્ટક. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, અભિનિવેશ, મોહ, આસક્તિ અને અસ્મિતા જેવા આઠ ભાવઅષ્ટકો, બ્રહ્મા, પ્રજાપતિ, દેવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, પિતૃ અને પિશાચ જેવા દેવઅષ્ટક. દયા, શાંતિ, શૌચ, અનાયાસ, મંગલ, અકાર્પણ્ય, અનસૂયા અને અસ્પૃહા જેવું ગુણ અષ્ટક. વિશ્વરૂપ એક પાશ એટલે ક્ષર પશુને બાંધવા માટે અક્ષર બ્રહ્મરૂપ એક પાશ. આ વિશ્વના ત્રણ માર્ગો એટલે કર્મમાર્ગ, ઉપાસનામાર્ગ અને જ્ઞાનમાર્ગ. એ જે બે નિમિત્તથી ઉત્પન્ન થયેલ છે તે બે નિમિત્તો એટલે તમોમય અવિદ્યા અને કામમય મન અને એક મોહવાળું એટલે વિશ્વરૂપ મોહવાળું.

બીજુ રૂપક બ્રહ્મરૂપ નદીનું છે, તેની વિગતોમાં જઈએ તો આ નદી પાંચ ઝરણો (પ્રવાહો) વાળી એટલે આનંદ, વિજ્ઞાન, મન, પ્રાણ અને વાક એમ પાંચ પ્રવાહોવાળી. એની પાંચ યોનિ એટલે આનંદ, વિજ્ઞાન, મન, પ્રાણ અને વાક એમ પાંચ પ્રવાહોવાળી. એની પાંચ યોનિ એટલે બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્ર, અગ્નિ અને સોમ-એમ પાંચ મૂળવાળી. પાંચ પ્રાણ એટલે પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન એમ પાંચ અથવા પ્રાણ, આપ, વાક, અન્ન અને અન્નાદ એમ પાંચ પ્રાણરૂપ. પાંચ ધૂમરીઓ એટલે પાંચ તન્માત્રો - શબ્દ, સ્પર્શ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધરૂપ અને પાંચ ક્લેશો એટલે અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશથી ભરેલી.

આ બે રૂપકો દ્વારા ઋષિએ જીવ, જગત, જીવન અને જગદીશ્વરથી આવૃત બ્રહ્માંડ અને બ્રહ્મતત્ત્વને સમજાવ્યાં છે. બ્રહ્મરૂપ રથચક્રની નવ લાક્ષણિકતાઓ અને બ્રહ્મરૂપ નદીની છ પંચકો અને પાંચ વિભાગવાળી રૂપરચનાની વાત કરી વ્યષ્ટિ અને સમષ્ટિની, સચરાચર સૃષ્ટિની, એનાં સ્વરૂપ અને સ્વભાવની માહિતી આપી છે. એ માહિતી મુજબ બ્રહ્મનાં ત્રણ રૂપો છે. એની સોળ કળાઓ છે. એમાં પાંચ વિપર્યયો છે, અઠ્ઠાવીસ પ્રકારની અશક્તિઓ છે, નવ પ્રકારની તુષ્ટિઓ અને આઠ પ્રકારની સિદ્ધિઓ છે. દસ ઈન્દ્રિયો અને તેના દસ વિષયોની પ્રવૃત્તિ છે. એમાં આઠ આઠના સમુદાયવાળા છ અષ્ટકો છે. એક પાશ છે, બે નિમિત્તો છે, ત્રણ માર્ગો છે, એક મોહ છે અને એક પરિધિ છે. વળી આ બ્રહ્મરૂપ નદી કયા પાંચ પ્રવાહોવાળી, પાંચ મૂળવાળી, પાંચ તરંગોવાળી, પંચેન્દ્રિયથી ઉત્પન્ન થતા પંચજ્ઞાનવાળી પાંચ ધૂમરીવાળી, પાંચ વિભાગવાળી કેવી વેગવાન, વાંકીચૂંકી અને ભયંકર છે તેનો ખ્યાલ આપ્યો છે.

આ વિદ્યામાં રજૂ થયેલાં રૂપકો અને એમાં પ્રયોજાયેલી ભાષા તત્કાલીન છે એટલે આજે આપણને સમજવી અઘરી જણાય છે. પરંતુ ઋષિનો આશ્રય જીવ, જગત, જીવન, અને જગદીશ્વરનાં ઉદ્ભવ, સ્વરૂપ અને સ્વભાવને સમજાવવાનો છે. ઋષિનું પ્રતિપાદન છે કે સર્વના જીવનરૂપ, સર્વમાં રહેલા અને મહાન એવા આ બ્રહ્મરૂપ ચક્રમાં, પોતાને અને પોતાને પ્રેરનારા પરમ આત્માને જુદા માનનારો જીવ ભમ્યા કરે છે. પરંતુ પછી તે પરમ આત્માને જાણીને અમરપણું મેળવે છે. ઈશ્વર વિશ્વનો આધાર છે. વળી તે વ્યક્ત એવા ક્ષર બ્રહ્મનો અને અવ્યક્ત એવા અક્ષર બ્રહ્મનો-એમ બંનેનો એકી સાથે આધાર છે. અસમર્થ જીવ વિષયભોગમાં બંધાય છે, પણ એ જીવ પરમ આત્મા અથવા પરબ્રહ્મને જાણીને બંધાય બંધનોમાંથી મુક્ત બને છે. જ્ઞાનયુક્ત ઈશ્વર અને અજ્ઞાનયુક્ત અસમર્થ જીવ એ બંને જન્મરહિત છે અને એક જન્મરહિત માયા ભોક્તા (જીવ)ના ભોગ માટે યોજાઈ છે. અવ્યય આત્મા અનંત અને સર્વરૂપ છે. મનુષ્ય જ્યારે અવ્યય, અક્ષર અને ક્ષર એ ત્રણેય બ્રહ્મને એક સાથે જાણે છે. ત્યારે જ તે બ્રહ્મને બરાબર જાણે છે. ક્ષર બ્રહ્મ સૃષ્ટિને ઉત્પન્ન કરનારું પ્રકૃતિરૂપ છે. અક્ષર બ્રહ્મ અમૃત અને હર નામથી ઓળખાય છે. હર એટલા માટે કહેવાય છે કેમકે તે સૃષ્ટિનું સંહાર કરનાર પણ છે. આ ક્ષર અને અક્ષર બ્રહ્મની ઉપર એક અવ્યય નામનો પરમાત્મા અમલ ચલાવે છે. એ પરમાત્માના ધ્યાન વડે, બુદ્ધિયોગ વડે અને તેના તત્ત્વના ચિંતન વડે છેવટે વિશ્વરૂપી (સંસારરૂપી) માયા દૂર થાય છે. એ અવ્યય બ્રહ્મને જાણીને મનુષ્યનાં બધાય બંધનો નાશ પામે છે, તેમજ રાગ-દ્વેષ, અવિદ્યા-અસ્મિતા અને અભિનિવેશ જેવા બધા ક્લેશોનો પણ નાશ થાય છે. પરિણામે મનુષ્યનાં જન્મ અને મૃત્યુનો પણ નાશ છે. તે ત્રીજા અવ્યયરૂપ બ્રહ્મના ધ્યાનથી મનુષ્યને પણ અવ્યય રૂપ મળે છે. તે બ્રહ્મરૂપ સાથે એકરૂપ થાય છે, તેની બધી કામનાઓ પૂરી થાય છે. તે બધું ઐશ્વર્ય મેળવે છે. માટે મનુષ્યે સમજવાનું એ છે કે આ અવ્યય તત્ત્વ નિત્ય એના પોતાનામાં જ રહેલું છે અને તેણે તેનું જ જ્ઞાન મેળવવું જોઈએ. સૃષ્ટિના ઉપાદાન કારણરૂપ ક્ષર બ્રહ્મ છે, નિમિત્ત કારણરૂપ અક્ષર બ્રહ્મ છે, માધ્યમરૂપ માયા છે, અને આ માયાસૃષ્ટિથી અસંગ એવું અવ્યય અથવા પરબ્રહ્મ છે. બીજી રીતે કહીએ તો ભોગ્યક્ષર પુરુષ છે, ભોક્તા અક્ષર પુરુષ છે અને ભોગ માટે પ્રેરનાર અવ્યય પુરુષ છે. આ ત્રણ રૂપે રહેલા એક બ્રહ્મને જાણ્યા પછી જીવાત્માને એનાથી પર એવું બીજું કાંઈ પણ જાણવાનું રહેતું નથી. આ બ્રહ્મરૂપે બ્રહ્માંડ (સમષ્ટિ)માં અને આત્મારૂપે વ્યક્તિમાં રહેલું તત્ત્વ જ મૂળ ચૈતન્યતત્ત્વ છે. આ સચરાચર સૃષ્ટિમાં, એટલે કે વ્યષ્ટિ અને સમષ્ટિમાં સર્વત્ર રહેલ એ વ્યાપક તત્ત્વને ઓળખવું એમાં જ મનુષ્ય જીવનની કૃતકૃત્યતા છે.

આ વિદ્યા દ્વારા બ્રહ્માંડરૂપે રહેલ વ્યષ્ટિ અને સમષ્ટિમાં રહેલી

ચૈતન્યશક્તિના આર્વિભાવ દ્વારા જીવ, જગત, સંસાર, જીવન અને જગન્નાથનાં સ્વરૂપ અને સ્વભાવ બંધારણ કેવું છે, એ સૌનો પારસ્પરિક સંબંધ કેવો અવિનાભાવિ છે, મનુષ્યે આ સત્ અને ઋત્‌નો બોધ પામીને જીવનને કેવી રીતે સફળ અને સાર્થક કરવાનું છે - તે વાત આ વિદ્યા સમજાવે છે. આ વિદ્યામાં જીવનનું વ્યાકરણ અને વિજ્ઞાન કેવાં સુંદર રીતે પ્રગટ થયાં છે એ સૌના ધ્યાનમાં આવશે.

આ વિદ્યામાં રથચક્ર અને નદીનાં બે રૂપકો દ્વારા મનુષ્યજીવન અને એના સંસારને સમજાવવાનો પ્રયત્ન થયો છે. આ સંસારચક્રમાં મનુષ્ય આઠ પ્રકારની પ્રકૃતિવાળા, આઠ ધાતુવાળા, આઠ માનસિક શક્તિઓ (ઐશ્વર્યો)વાળા, આઠ મનોદશા (mental state) વાળા, આઠ દેવતાઓ (શક્તિઓ) વાળા અને આઠ ગુણોવાળા હોય છે. એનું સંસારચક્ર કર્મ, ઉપાસના અનને જ્ઞાનના માર્ગ ઉપર ચાલતું રહે છે. આ ચક્રને ઘૂમાવતો પટ્ટો (belt) અનેકવિધ પાસાઓવાળો પણ એક જ છે. એ પાટો આસક્તિ (desire)નો છે. કામના એક જ હોય છે પરંતુ કામનાના પદાર્થો અસંખ્ય હોય છે. આ ચક્રનું પ્રત્યેક પરિક્રમણ બે અસરો પેદા કરે છે. એક ભ્રમણાની અને બીજી દ્વિવિધ વિરોધ (pairs of opposites)ની. આ ભ્રમણા અને દ્વિવિધ વિરોધ એટલે સુખ અને દુઃખ, હર્ષ અને શોક, જય અને પરાજય, આશા અને નિરાશા એવા ખ્યાલો.

વળી, આ વિશ્વને નદીનું રૂપક આપ્યું છે એ પણ ઘણું અન્વર્થક છે. કેમકે બંને વચ્ચે ઘણી સમાનતાઓ છે. જેમ નદીનો ઉદ્‌ભવ અને વિલય સમુદ્રમાં છે, તેમ વિશ્વનો ઉદ્‌ભવ અને અંત બ્રહ્મમાં છે. નદી જો સમજપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો લાભદાયી અને ઘોડાપૂર આવે તો હાનિકારક છે, તેમ જો મનુષ્ય સમજપૂર્વક જીવે તો આ વિશ્વ લાભદાયી છે કેમકે એમાંથી એ મુક્ત થઈ શકે છે. પરંતુ એ અજ્ઞાની રહે તો પોતાનાં મૂર્ખ કૃત્યોથી એમાં એ તણાતો રહે. હમેશાં વહેતી રહેતી નદીનું પાણી એ જ જણાય છે, પરંતુ ખરેખર તો એ રોજ બદલાતું રહે છે, તેમ હંમેશા પરિક્રમણ કરતો રહેતો આ સંસાર અને આ વિશ્વ એકસમાન જ લાગે છે, પણ તત્ત્વતઃ એ પણ સરકતો અને બદલાતો રહે છે. સમજવાનું એ છે કે જેમ પાણીને બે નામો અપાયાં છે. નદી અને સમુદ્ર, પણ છે તો એ પાણી જ. તેમ આ બ્રહ્મને બે નામો અપાયાં છે જીવ અને જગત અથવા વ્યષ્ટિ અને સમષ્ટિ, પરંતુ એ બંને છે તો બ્રહ્મતત્ત્વ જ. જેમ નદી અને સમુદ્ર પાણીનાં જ રૂપાંતરો હોવાથી એ બે વચ્ચે ભેદ નથી અભેદ છે, તેમ બ્રહ્મ અને આત્મા, વ્યષ્ટિ અને સમષ્ટિ બ્રહ્મનાં જ રૂપાંતરો હોવાથી એ બે વચ્ચે દ્વૈત નથી, અદ્વૈત છે. આ વાત સમજનાર અમરતા પ્રાપ્ત કરે છે. આ વિદ્યા દ્વારા શીખવા મળતો આ બોધપાઠ (lesson) છે.

❑❑❑

કદમ્બ બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી
મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦
ફોન નં. ૦૨૬૯૨ ૨૩૩૭૫૦ | મો. ૯૭૨૭૩૩૩૦૦૦

**પંથે પંથે પાથેય**

# પ્રકૃતિના પરમમૂર્તિ : સાધક નલિનમામા

ગીતા જૈન

ચિર સૌંદર્યનો સ્વામી એવો હિમાલય પ્રથમથી જ મારા આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. બરફાચ્છાદિત પર્વતો, ઊંચા તોતીંગ વૃક્ષો, ફુલોની ક્યારીઓ ને ખળખળ વહેતાં ઝરણા, ધસમસતી નદી મને જાણે ખેંચતા રહે છે. જ્યાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી હોય એવા પ્રદેશનું આકર્ષણ તો કોને ન હોય? સદ્‌નસીબે મને હિમાલયની નૈસર્ગિક સૌંદર્યશ્રીને માણવાની અને એ તપોભૂમિને પોતાના ઉત્તમકાર્યો અને સાધનાથી વધુ તેજસ્વી બનાવનાર નોખી માટીના સાધુજનોની સંગતિ માણવાનો પણ અવસર પ્રાપ્ત થયેલ છે. 'અમીના ધ્રો ન હોય' એ કહેવત જેમના સંગાથે રહી, જેમના અનુભવોનું રસપાન કરી વધુ સમજાયેલી એવા પરમ આદરણીય શ્રી નલીનભાઈ ધોળકિયા સાથે સત્સંગ કરવાનો ફરી એકવાર મોકો મળ્યો.

સોનીપત હરિયાણામાં વિપશ્યનાની વીસ દિવસની શિબિરની પૂર્ણાહુતિ પછી તરત જ મુંબઈ પહોંચવાની ઇચ્છા નહોતી. પગ વળી ગયા સૌંદર્યધામ નૈનીતાલની એક ઊંચી ટેકરી પર સ્થિત અરવિંદ આશ્રમ ભણી. એ દિશાના ખેંચાણનું એક મુખ્ય કારણ તે નલીનભાઈ, જેમને હું 'નલીનમામા' કહું છું.

આશરે ૧૯૮૮ થી નૈનીતાલ અવારનવાર જતી હોઉં છું પણ વન નિવાસ- અરવિંદ આશ્રમમાં રોકાવાનું બન્યું ન હતું. સૌ પ્રથમ ડૉ. રમેશ બીજલાની દ્વારા સંચાલિત 'માઈન્ડ બોડી, મેડીસીન એન્ડ બીયોન્ડ' વિષય પરની શિબિરના ઉપક્રમે આશ્રમમાં જવાનું થયેલું. ડૉ. હરિભાઈ પમનાનીએ નલીનભાઈનો પરિચય કરાવેલો. બીજીવાર મામાના સ્નેહભાવથી ખેંચાઈને ઝાલાસાહેબ સંચાલિત 'સાવિત્રી' મહાકાવ્ય પરની શિબિરમાં જવાનું થયેલું. એ દિવસોમાં મામા સાથે નિકટતા ઓર વધી. ત્રીજીવાર 'સ્વયં સ્વસ્થ બનો અભિયાન' સાથે સંકળાયેલા ૬૦ સહસાધકો સાથે 'સ્વાસ્થ્યોત્સવ' નું આયોજન જ ત્યાં ગોઠવેલું. ભારતના વિવિધ રાજ્યોના

સહસાધકોએ મામાનું સાંનિધ્ય માણેલું. ને વળી પાછા નૈનીતાલ! સામાન્ય રીતે ભારતના વિભિન્ન સૌંદર્યધામોને ફરી વળવાના મનોરથ સાથે નીકળેલા હોઈએ ત્યારે એક જ જગ્યાએ વારંવાર જવાનું ન વિચારીએ પરંતુ કદી ઋણાનુબંધ અહીં અધિક વખત ખેંચી લાવતો હતો, તેનું પગેરૂં પણ શોધવું રહ્યું!

નલીનભાઈ સાથેની પ્રત્યેક મુલાકાતે - સંતસંગત્તિએ મને પુર્ણતાથી ભરી દીધી છે. દર વખતે નવું ભાથું પ્રાપ્ત થાય છે. જીવન જીવવા માટેનો આવશ્યક જીવનરસ મેળવી ધન્યતા અનુભવું છું.

છેલ્લા ત્રીસ વર્ષથી તેઓ જાણે આ આશ્રમમાં સમાઈ ગયા છે, એ આશ્રમના અવિભાજ્ય અંગ છે. આશ્રમની ગતિવિધિઓમાં પ્રાણ પૂરતા નલીનભાઈ સફળ સંચાલક, વ્યવસ્થાપક તો છે જ પણ એ તો છે તેમનું બાહ્ય પાસું. ભીતરથી તો તેઓ નીરવતાના સાધક છે. સંગીત એમની નસેનસમાં વહે છે. એમની સંગીતની સાધનાના તાર જાણે પરમ ચેતના સાથે સૂર મેળવતા હોય તેવું અનુભવાય. આશ્રમમાં એમની પાસે રહીને સંગીત સાધના કરતા યુવાનોને જ્યારે એ શીખવતા હોય અને આલાપ લેતા હોય ત્યારે જે ઝીણી ઝીણી સૂચના/ સમજ આપતા હોય ત્યારે ખરેખર અદ્દભૂત લાગે. મીતભાષી મામાને તાલીમ આપતી વખતે જોઈએ ત્યારે સંગીતજ્ઞોની ગુરુ-શિષ્ય પરંપરાનો ખરો પરિચય થાય છે. એમને ગાતા સાંભળીએ ત્યારે લાગે કે જાણો સંગીતકારને કલાકારને ઉંમરની મર્યાદા નડતી નથી. આ ઉંમરે પણ તેમનું ગાયન એટલું જ મધુરૂં છે. તેમની પાસે ઘડાયેલા વિદ્યાર્થીઓ ઉત્તરાખંડ અને તેની આસપાસના વિસ્તારમાં જાઈ સંગીતના કાર્યક્રમો દ્વારા શાસ્ત્રીય સંગીતનો પ્રસાર કરે છે.

ચારે તરફ પુસ્તકોથી ઘેરાયેલા વિદ્યાપ્રેમી નલીનભાઈને માત્ર નીરખવા એ પણ એક લ્હાવો છે, ત્યાં એમની અનુભૂતિથી નિખરતી વાણીનું રસપાન કરવા મળે એ ખરે જ મારૂં સૌભાગ્ય છે. નિતીશાસ્ત્ર એમનો પ્રિય વિષય છે. મહર્ષિ અરવિંદ અને માતાજીની સાથોસાથ કાલીદાસ, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, જે. કૃષ્ણમૂર્તિ, આલ્બેર કામુ, ફ્રોઈડ, શેક્સપિયર, શૈલી, બાયરન, દોસ્તોવસ્કી, સોક્રેટીસ, જેવા પ્રખર, વિદ્વાન, શાસ્ત્રજ્ઞ વિદ્યાપુરુષોના ગ્રંથોનો એમનો અભ્યાસ એમની વાણીમાં સહજ રીતે સરળતાથી પ્રગટ થઈ જાય છે. એમની વિદ્વતાનો ન તો આપણને ભાર લાગે ન આપણે અસહજ થઈ જઈએ... કશુંક અદ્વિતીય જણાવા/શિખવાના આનંદની અનુભૂતિ થાય! દર વખતે નવું નવું 'પાથેય' ઉમેરાતું જાય!

ચાર ઓગસ્ટ ૧૯૩૮માં કચ્છ-ગુજરાતમાં એમનો જન્મ. માત્ર આઠ વર્ષની નાની ઉંમરે પોતાનું વતન છોડ્યું- કે છૂટ્યું! પણ બધી યાદી અકબંધ! રીવાના મહારાણી કચ્છના રાજકુંવરી હતા. નલીનમામાના પિતાશ્રી રાજકુંવરીને સંસ્કૃત શીખવતા હોઈ તેમની સાથે રીવા ગયા. પિતાની સાથે તેમને પણ બાળપણથી રાજવી કુટુંબ સાથે નિકટનો ઘરોબો રહ્યો. મહારાણીના સંગીત ગુરુ, પંઢરીનાથ કોલ્હાપુરી પાસેથી સંગીતની શિક્ષા પણ મેળવી મેટ્રીકનો અભ્યાસ પૂર્ણ કરી બનારસ ગયા જ્યાં બહુખ્યાત સંગીતજ્ઞ પંડિત ઓમકારનાથ ઠાકુર પાસે બે વર્ષ સંગીત—સાધના કરી રીવા પરત આવી. પુનઃ ભણવાનું આરંભ્યુને હિન્દી-અંગ્રેજી સાહિત્યમાં B.A. કર્યું. તેમની અભિરુચિ તેમને સંગીત ભણી ખેંચી રહી હતી, જેથી વિશેષ અભ્યાસ માટે પંડિત કુમાર ગંધર્વ પાસે દેવાસ મધ્ય પ્રદેશમાં પણ એકાદ વર્ષ રહ્યા. સંગીતમાં ઊંડુ જ્ઞાન મેળવ્યું.

'પામવા કરતાં મૂક્યું વધારે સંતોષ આપે છે' - એ પ્રત્યેની અનુભૂતિ વધતાં એમણે ઘણું બધું મૂકી દીધું - રીવામાં રહેવા કરતાં નીકળી જવું યોગ્ય માન્યું - એમનું મંથન એમને પ્રેરી રહ્યું - નોકરી, પરણવું, બાળક - એમાં પરિણામની સ્થિરતા આવે છે, ભવિષ્ય અતીતમાં બદલાઈ જાય છે - ઝરણું પણ પછી એ જ માર્ગે આગળ વધે છે! હિમાલય તેમના પણ આકર્ષણનું કેન્દ્ર. નૈનીતાલ એક કેમ્પમાં આવેલા ને જંગલમાં, શિખરોની વચ્ચે આવેલા આ આશ્રમમાં તેમને ખૂબ ગમી ગયું ને જાણે તેમની ચેતના ત્યાં જ સ્થિર થઈ ગઈ. એઓ કહે જેટલી જવાબદારી લેશો એટલી વધુ સ્વતંત્રતા મળે છે એવો એમનો અનુભવ છે!

૮૦ વર્ષની આયુએ પહોંચેલ આ સાધુજન હિમાલયનો એક ખૂણો અજવાળતાં બેઠા છે. છેલ્લા ત્રીસ વર્ષથી એકાદ વખત માંદગીના કારણને બાદ કરતાં તેઓ આશ્રમ છોડીને ક્યાંય ગયા નથી. આજે પણ તેઓને જે આશ્રમના બેંક આદિ વહીવટી કામ અર્થે નૈનીતાલ શહેરમાં જવું પડે તો તેઓ પહાડી રસ્તામાં આરામથી ચાલીને જાય છે. પ્રકૃતિના ખોળામાં રહીને પ્રકૃતિ સાથે જાણે એવું તાદાત્મ્ય સધાઈ ગયું છે કે તેઓ પ્રકૃતિના જ એક અંગ બની ગયા છે. એક વ્યવસ્થાપક તરીકે તેમની કડક અને રૂઆબદાર વ્યક્તિની છાપ પ્રથમ નજરે પડે, પણ અંદરથી તો તેઓ અત્યંત ઋજુ સાધક છે. વાતો કરે ત્યારે તેમના ચહેરા પર વાત્સલ્યનો ભાવ છલકાતો દર્શાય. આશ્રમના નાનામાં નાના કાર્યકરની ચિંતા કરે, તેમના બાળકો ભણે, આગળ વધે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહે ને તે માટે પોતાની જમાપુંજી પણ ખર્ચી દે.

પોતાની રસોઈ જાતે કરતાં, પોતાનાં કપડાં પણ જાતે જ ધોતા આ મામા જ્યારે વિવિધ રંગના ફુલોના કુંડા સાથે ગોષ્ઠી કરતાં માળીકર્મ કરતાં હોય, તડકાનો આનંદ લેતાં લેતાં કૂતરાને વ્હાલ કરતાં હોય ત્યારે ખરેખર વ્હાલાં લાગે! પુષ્કળ ઠંડીમાં ક્યારેક તો બરફ વર્ષા થતી હોય એવી ઠંડીમાં આશ્રમમાં સાધકો ના હોય પણ મામા એમની મૌન એકાંત સાધનામાં નિમગ્ન હોય. કંઈ કેટલાય મારા જેવા લોકો એમના સાનિધ્યમાં શાંતિ પામી રહ્યા છે.

ઉત્તુંગ શિખર પર બિરાજમાન આ સાધુજન સાથે રચાયેલા ઉપનિષદે મને લાધ્યાં, તેમના અનુભવના કેટલાક મોતીઓ ખરે જ યાદગાર છે.

- જર્મન બૌદ્ધ સાધુ લદાખથી નૈનીતાલ ચાલીને આવ્યા ત્યારે. નલીનમામાએ પુછ્યું. તમારું ખાવા-પીવાનું શું?
  સાધુનો જવાબ :- તમારા દેશની સંસ્કૃતિ અને પરંપરામાં ખાવાપીવાની ચિંતા હોય નહીં. જંગલમાં ભરવાડના છોકરાઓ પણ બે રોટલી આપવા તૈયાર છે. 'ભલે પધારો' દરેક ઘર પર લખ્યું છે. શહેરીકરણ અને હોટલ કલ્ચરને લીધે સાધારણ/ સામાન્ય લોકોના આતિથ્ય સત્કારમાંથી આપણે વંચિત થતાં જઈ રહ્યા છીએ.
- યહુદી દાર્શનીક માર્ટિન બ્યુબરને આત્મસાક્ષાત્કાર થયો ત્યારે એ એટલા આનંદમાં હતાં કે પ્રશ્નકર્તા યુવાનને પૂર્વાતાથી ઊંડાણાથી જવાબ ન આપ્યા અને બીજે દિવસે સમાચાર મળ્યા કે એણો આપઘાત કર્યો. ઉપદેશ આપવા કરતાં માણસ તરીકે જે થતું હોય તે વિષે પૂછ્યું - સહાનુભૂતિ આપી એના જીવનમાં પ્રકાશ લાવી શકાય. મનમાં મુંઝવણ હોય, જીવન મરણનો પ્રશ્ન હોય તો  તરત જ જવાબ આપવો જોઈએ. પછી એમને અફસોસ થયો કે પોતાના આનંદ આગળ છોકરાની સમસ્યા સમજવાની વિશેષ ન કરી.
  સ્વામી સચ્ચિદાનંદજી હમેંશા જણાવે કે 'સમસ્યાને/ પ્રશ્નોને ઉકેલે/ હલ કરે તે જ સાચો ધર્મ.'
- આશ્રમમાં એક સ્વીસ યુવાન આવ્યો હતો. તેને હિમાલયનું ખૂબ ઘેલું. નૈના પીક ૮૫૦૦ ફુટની ઊંચાઈ છે ત્યાંથી બદ્રીનાથથી નેપાળ અને નંદાદેવા સુધીની ટોચ દેખાય છે. ત્યાં જઈને કલાકો બેસે. મામાએ કુતુહલવશ પૂછ્યું તમારા દેશમાં તો વિશ્વ વિખ્યાત આલ્પસ છે ત્યારનો એનો જવાબ - આલ્પસ ખુલ્લી આંખે જોવાય, ફઓટા પડાય પણ હિમાલય તો બંધ આંખોએ ધ્યાનસ્થ થઈને જોવાય. જાણે ભીતરની દૃષ્ટિ એને નીરખે!
  મામા પાસે કલાકો બેસીને સંગીત, સાહિત્ય અને હિમાલય વિશે વાતો કરવી એ પણ જીંદગીનો અમૃતમય લ્હાવો!

❑❑❑

૧૨, હીરા ભુવન, કુણાલ જૈન ચૌક,
વી.પી. રોડ, મુલુંડ (પ), મુંબઈ - ૪૦૦૦૮૦.
ફોન નં. ૯૯૬૯૧૧૦૯૫૮

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ એડ્રેસ લીસ્ટ અપડેટ કરી રહ્યા હોવાથી, વાચકોને વિનંતી છે કે આપનું નામ, નંબર, અને ગ્રાહક નંબર અમને જાણ કરશો. જેથી અમે આપના સંપર્કમાં આવી શકીએ. આપ અમને અમારા નવા મોબાઈલ પર મેસેજ અથવા ફોન કરીને તમારી વિગત જાણ કરી શકો છો.**

**મો. ૯૧૩૭૭૨૭૧૦૯**

## આજે સંવત્સરી! કરજો ક્ષમાનુ આદાન પ્રદાન

આદેશ્વર દાદાની માતાનું નામ..
પાર્શ્વનાથ પ્રભુની માતાનું નામ..
વીર પ્રભુની માતાનું નામ..
કદાચ તમને ખબર હશે.. પણ
હાયકોર્ટની માતાનું નામ ને
હૉસ્પિટલની જનેતાનું નામ
ખબર ન હોય તો સાંભળી લો...
આ બે જોડિયા ભાઈ છે
એની જન્મદાત્રી છે 'જીભ'
જેટલી હૉસ્પિટલો વધી
કોર્ટ કે હાયકોર્ટ વધી
એ બધાનાં મુળમા આ 'જીભ' છે
આહારની ભૂલે હૉસ્પિટલ ને
ઉચ્ચારની ભૂલે હાયકોર્ટ સર્જાઈ છે...
મહાભારતના યુદ્ધનો જન્મ પણ
દ્રૌપદીની જીભથી થયો હતો, તો
શીલવંતા સીતાનો વનવાસ પણ
જીભને આભારી હતો...
બરછટ શબ્દો અને આકરી ભાષા
આગ્રહી અને આક્રમણ બનાવી દેશે...
માટે સાવધાન...
વચન વાત્સલ્ય સભર બનો...
ટૂંકમાં એટલુજ
સંપત્તિ એ જો સંસારનો પ્રાણ છે.
તો ક્ષમાપના એ પર્વાધિરાજનો પ્રાણ છે...
સાકર વિના જો મીઠાઈ જામતી નથી.
તો ક્ષમાપના વિના પર્યુષણ જામતા નથી..
શ્વાસ એ જીવનની આધાર શિલા છે,
તો ક્ષમાપના એ પર્વાધિરાજની આધાર શિલા છે..

❑❑❑

પ્રવચન પ્રભાવક, પ.પૂ. ગુરુદેવશ્રી દેવરત્નસાગરજી મ.સા ના
પરમ શિષ્ય મુનિ ચૈત્યરક્ષિતસાગર

**સ્થળાંતર થયેલ ઑફીસ**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
**૯૨૬, પારેખ માર્કેટ,**
**૩૯, જે. એસ. એસ. રોડ, કેનેડી બ્રિજ,**
**ઑપેરે હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.**
**મોબઈલ : ૯૧૩૭૭૨૭૧૦૯**
**પત્ર વ્યવહાર ઉપરોક્ત ઑફીસ પર જ કરવો.**

# ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૧૧

**કિશોરસિંહ સોલંકી**

(ગતાંકથી ચાલુ...)

### ૧૫. રીનપુન્ગ જૉન્ગ

હવે અમે પારો જૉન્ગ જઈએ છીએ.

પારો જૉન્ગનું આખુ નામ 'રીનપુન્ગ જૉન્ગ' (Rinpung Dzong) છે. જેનો અર્થ થાય છે 'રત્ન ભંડારનો કિલ્લો'

૧૫મી સદીમાં ગ્લેયચૉક અને ગ્યેલચૉમ નામના બે ભાઈઓ પારો વેલીમાં રહેતા હતા. તે બંને ભુતાનમાં પ્રચલિત ધાર્મિક સંપ્રદાય ડ્રુકપા કાગ્યુપાના સ્થાપક ફાજો ડ્રુગોમ શીગ્યોના વંશજ હતા, સમય જતાં ગ્યેલચૉમે ગાન્તાખા મઠની સ્થાપના કરી. તેનો ભાઈ ગ્યેલચૉક અધ્યાત્મ વિદ્યાના વધુ અભ્યાસ માટે તિબેટ ગયો. ત્યાં તેણે તિબેટના મહાન ગુરૂઓ પાસેથી જ્ઞાન મેળવ્યું અને જ્યારે તે પારો પાછો આવ્યો ત્યારે તેના ભાઈએ આવકારવાનો ઈન્કાર કર્યો કારણ કે ગ્યેલચૉક પાસે એક પૈસો પણ નહોતો. તેના ભાઈએ તેને કડક રીતે કહ્યું કે, તેમના કુટુંબમાં ભિક્ષુકોને કોઈ જ સ્થાન નથી.

અત્યંત દુ:ખી અને નિરાશ થઈને ગ્યેલચૉક હમરેલ્બા નામના સ્થળે નદી કિનારે રહેવા લાગ્યો. આ સ્થળનું નામ પારોના રક્ષણ માટેના દેવતા હમરેલ ગોમ્પો પરથી પડ્યું છે. ત્યાં ગ્યેલચૉકે એની નાની કુટિર બનાવી કે જે સમય જતાં પારો જૉન્ગ તરીકે ઓળખાઈ. ગ્યેલચૉકના વંશજો ભુતાનના ઈતિહાસમાં હમરેલના રાજવી તરીકે ઓળખાય છે. પારો વેલીનો વિશાળ પ્રદેશ તેમના તાબામાં હતો. ઈ.સ. ૧૬૪૫માં હમરેલના રાજવીઓએ પોતાની આ નાની ઈમારત શાબ્દુન્ગ ગવાન્ગ નામગ્યેલને સોંપી દીધી. તેણે ત્યાં એક વિશાળકાય કિલ્લાનું નિર્માણ હાથ ધર્યું અને ઈ.સ. ૧૬૪૬માં પારો જૉન્ગ અસ્તિત્વમાં આવ્યું.

ઓક્ટોબર ૧૯૧૫માં આગમાં તે મોટા ભાગે નાશ પામ્યું હતું. પરંતુ દાવા પેન્જોએ ભુતાનની પ્રજા પર એક ખાસ કર નાખી પૈસા ઉઘરાવીને પારો જૉન્ગનું પહેલા જેવી સ્થાપિત શ્રેણી પ્રમાણે પુન:નિર્માણ કર્યું. આજે પારો જૉન્ગ એ પારો ડિસ્ટ્રીકનું વહીવટી મથક છે. એમાં ૨૦૦ જેટલા સંતો પણ નિવાસ કરે છે.

આ પારો જૉન્ગની અંદર પ્રવેશતાં પહેલાં પ્રાંગણમાં વહીવટી કાર્યાલયો છે. પ્રવેશ દ્વારની બે બાજુએ પરંપરાગત બે મૂર્તિઓ છે. એકમાં વાઘને દોરડા વડે પકડીને ઊભેલો એક મૉગોલ વ્યક્તિ અને બીજો એક કાળા રંગના યાકને લઈને ઊભો છે. જૉન્ગની મધ્યમાં આવેલો ટાવર એ કાષ્ટકલાનો અદ્ભુત નમૂનો છે. આ ટાવર વિવિધ લામાઓને સમર્પિત છે.

અહીં એક હયગ્રેવનું મંદિર અને બીજું મંદિર વિવિધ તાંત્રિક દેવી-દેવતાઓને સમર્પિત છે. આ ગેલેરીની નીચે ઘણાં પ્રાચીન ચિત્રોનું આલેખન છે જેમાં મુખ્યત્વે ચાર મિત્રો અને લાંબુ આયુષ્ય ભોગવનાર વૃદ્ધ વ્યક્તિનાં ચિત્રો છે.

આ ચાર મિત્રો એ ભુતાનની લોકકથા પર આધારિત છે. એક પક્ષી, એક સસલુ, એક વાંદરો અને એક હાથી ભેગા થઈને એક વૃક્ષ ઉગાડે છે અને તેના ફળનો આનંદ માણે છે. પક્ષી બીજ લાવે છે, સસલુ પાણી પીવડાવે છે, વાંદરો કુદરતી ખાતર પૂરું પાડે છે અને હાથી સૂર્યના તાપથી વૃક્ષનું રક્ષણ કરે છે. સમૂહ ભાવના અને સહકારનો બોધ આપતી આ લોકકથાનું આલેખન ભુતાનમાં ઘણી જગ્યાએ જોવા મળ્યું.

બીજું ચિત્ર છે લાંબુ આયુષ્ય ભોગવનાર વૃદ્ધ વ્યક્તિ એ ચીનના તાઓ સંપ્રદાયની વિચારધારા પર આધારિત છે. તેનો સાર એ છે કે, ધર્મનું યોગ્ય આચરણ કરીને નિરામય આયુષ્ય પ્રાપ્ત કરી શકાય છે. - ઝરણાં, પર્વતો અને વૃક્ષો અમરત્વનાં પ્રતીક છે. હરણ એ બુદ્ધના પ્રથમ ધર્મ પ્રવચનનું પ્રતીક છે કારણ કે, બુદ્ધે હરણ ઉદ્યાનમાં સૌ પ્રથમ ધર્મ પ્રવચન કર્યું હતું.

પગથિયાં ચડીને ઊપર જતાં બીજા પરિસરમાં ધાર્મિક વ્યક્તિઓનો નિવાસ છે. તેની ડાબીબાજુએ વિશાળ સભાખંડ જ્યાં સંતો અભ્યાસ અને ભોજન પણ કરે છે. આ ગેલેરીની નીચે બ્રહ્માંડમાં વિવિધ મંડળોનું આલેખન કરવામાં આવ્યું છે. ડાબીબાજુ આવેલાં બે મંડળો કાલચક્રમાં જણાવ્યા મુજબનાં છે. પહેલા મંડળમાં ચાર ભાગ જોવા મળે છે. હવા, અગ્નિ, પાણી અને પૃથ્વી તત્ત્વ. આ ચાર પછી અઢાર વર્તુળો છે. આ અઢાર એટલા માટે કે પૃથ્વી, સમુદ્ર અને પર્વતને છ વાર પુનરાવર્તિત કર્યાં છે.

આમાં જે મધ્યભાગ છે તે અતિ અગત્યનો છે. એ સુમેરૂ પર્વત છે. દંતકથા પ્રમાણે સમગ્ર વિશ્વ તેની ટોચ ઉપર ટકી રહ્યું છે. પછી ચાર વિવિધ રંગનાં વર્તુળો વર્ષના ૧૨ મહિના દર્શાવે છે.

જમણી બાજુનું મંડળ પ્રખ્યાત ભારતીય વિદ્વાન વસુબંધુ દ્વારા પાંચમી સદીમાં લખાયેલ પુસ્તક 'અભિધર્મ કોશ' આધારિત છે. અહીં પણ મધ્યમાં સુમેરુ પર્વત જોવા મળે છે. સુમેરુ પર્વતની આજુબાજુ સાત સુવર્ણ પર્વતમાળાઓનું આલેખન કરવામાં આવ્યું છે.

વિવિધ ખંડો દરિયા પર તરતા બતાવવામાં આવ્યા છે. એ વખતે એવી માન્યતા હતી કે પૃથ્વી સપાટ છે એટલે તેની બંને બાજુની સરહદો લોખંડના પર્વતોથી સુરક્ષિત છે.

પારો જૉન્ગમાંથી નીકળીને ઉતારા તરફ અમારી સવારી ઉપડી

કારણ કે આજે અમારો પ્રવાસ પૂરો થતો હોવાથી સવારે પાછા જવા માટે નીકળવાનું છે.

••••••

પારો જૉન્ગના પુલથી પારો વિલેજ તરફ જતાં ગલીમાં ભવ્ય ચોરટન આવેલા છે. જમણીબાજુએ ઉગ્યેન પેલરી રાજવી મહેલ આવેલો છે જેનું નિર્માણ ૧૯૩૦માં શેરીંગ પૅન્જોએ કર્યું. હતું. ડાબીબાજુએ તિરંદાજી માટેનું મેદાન છે, જ્યાં અમારામાંથી ઘણાએ હાથ અજમાવ્યો. એની પાસે ત્યાંના રાજવી ડ્રેસની દુકાન હતી. જેમાં તમે ડ્રેસ પહેરીને રાજા બનીને ફોટા પડાવી શકો. ઘણા રાજવી બન્યા. બહેનો રાણીઓ બની અને ફોટા પાડ્યા.

પારો વિલેજમાં પ્રવેશતા ડુક કોર્ડિંગનું મંદિર આવે છે જેની સ્થાપના ઈ.સ. ૧૫૨૫માં ગબાંગ કાંગ્યેલે કરી હતી. પારો વિલેજની સ્થાપના ૧૯૮૫માં જ કરવામાં આવી છે. પારો જૉન્ગની આજુબાજુ કોઈ માનવ વસતી નહોતી. આ નગરની રચના હમણાંની જ છે. પરંપરાગત શૈલીમાં બાંધવામાં આવેલાં મકાનો-દુકાનો મુખ્ય માર્ગ પર જ જોવા મળે છે. પારોના અતિ ભયાનક ઍરપોર્ટનું ઉદ્ઘાટન ૧૯૯૯માં કરવામાં આવેલું છે. આ નગરમાં પોસ્ટ ઑફિસ, બેન્ક, ડ્યુટી - ફ્રી, દુકાન, પુસ્તકોની શૉપ, વગેરે પણ છે. પારો વિલેજથી ઍરપોર્ટ અડધા કલાકના અંતરે આવેલું છે.

અમે આખુ પારો નગર અને પારો વેલી, પારો ચુને હૈયામાં ભંડારીને આવી ગયા અમારા નિવાસ સ્થાને. જ્યાં રાત્રે ભુતાનનો સાંસ્કૃતિક કાર્યક્રમ જોઈને ઠંડીમાં ઢબૂરાઈ ગયા પલંગમાં તે ઊગજો સવાર વહેલી..

••••••

**(વાચક મિત્રો, આ સાથે 'ભૂતાન પ્રવાસના સંસ્મરણો' લેખમાળા પૂરી થાય છે. ભૂતાનનો આ પ્રવાસ ખૂબજ સુખદ અને સ્મરણીય રહ્યો. આનંદની વાત છે કે તે પુસ્તકરૂપે ઉપલબ્ધ થયું છે. લેખકને પુસ્તક પ્રાગટ્યની ક્ષણે અનેકાનેક અભિનંદન.**

**પુસ્તક પ્રાપ્તિ માટે સંપર્ક કરો - પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, ૦૭૯ - ૨૬૪૨ ૪૮૦૦)**

❑❑❑

'ઋત' ૪૩, તીર્થનગર, વિ.૦૧, સોલા રોડ,
ઘાટલોડીયા, અમદાવાદ - ૩૮૦૦૬૨.
મો. ૯૮૨૫૦૯૮૮૮૮

## ધ્યાનના પ્રકાર

**સુબોધીબેન સતીશ મસાલીઆ**

**સા**માન્ય રીતે આપણે 'ધ્યાન' શબ્દથી એટલું જાણીએ છીએ કે બસ આંખ બંધ કરી ધ્યાન મૂદ્રામાં બેસી જવાનું પણ એવું નથી. ધ્યાન શુભપણ હોઈ શકે... ધ્યાન અશુભ પણ હોઈ શકે....

એકજ વસ્તુમાં એકાગ્ર બનેલી મનની અવસ્થાને 'ધ્યાન' કહેવાય છે. જગતના કોઈપણ જીવની ચિત્તવૃત્તિ જ્યારે એકાગ્ર બને પ્રવૃત્તિ શીલ હોય છે ત્યારે તે ચિંતા-ભાવના કે અનુપ્રેક્ષાના રૂપમાં હોય છે. આત્મસાધનામાં ધ્યાનનું અત્યંત મહત્વ છે. કલિકાલ સર્વજ્ઞશ્રીએ યોગશાસ્ત્રમાં કહ્યું છે કે : ''આત્માનો સંસારથી મોક્ષ કર્મક્ષય થવાથી જ થાય છે. કર્મક્ષય આત્મજ્ઞાન વિના શક્ય નથી. ને આત્મજ્ઞાનની પ્રાપ્તિ ધ્યાન દ્વારાજ થાય છે. માટે ધ્યાન આત્મા માટે હિતકર છે.''

ધ્યાનના મુખ્ય ચાર પ્રકાર છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન ને શુક્લધ્યાન. તેમાં આર્ત અને રૌદ્ર આ બંને અપ્રસસ્ત એટલે કે અશુભ ધ્યાન છે. જ્યારે ધર્મ અને શુક્લ બંને પ્રસસ્ત એટલે કે શુભધ્યાન છે. એમાંપણ શુક્લધ્યાન શ્રેષ્ઠ છે, કેમકે તેનાથીજ સર્વકર્મનો ક્ષય થાય છે. આવા સર્વશ્રેષ્ઠ શુક્લધ્યાન ને સિધ્ધ કરીને જ ભગવાન મહાવીર સ્વામીએ સર્વકર્મનો ક્ષય કર્યો છે ને જગતને સર્વકર્મ ક્ષય કરવાનો માર્ગ બતાવ્યો છે. તેમાં આત્મા જ મુખ્યપણે વર્તે છે. જ્ઞાનીઓએ ધ્યાનને અગ્નિની ઉપમા આપી છે. કર્મરૂપી ઈંધણને બાળવા માટે ધ્યાન અગ્નિનું કામ કરે છે. ચાર ધ્યાનમાં આર્તધ્યાન નિર્યંચ ગતિનું કારણ છે, રૌદ્ર ધ્યાન નરકગતિનું કારણ છે. ધર્મધ્યાન મુખ્યપણે દેવગતિ અને મનુષ્યગતિનું કારણ છે, જ્યારે શુક્લધ્યાન એ મોક્ષનું કારણ છે.

**ચિંતા-ભાવના-ધ્યાન અને અનુપ્રેક્ષા આચાર પગથિયા**

આર્ત-રૌદ્રના પાયારૂપ અશુભ વિચારણા તે ચિંતા વિચારણાથી આત્માને વારંવાર ભાવિત કરવો તે ભાવના. એમાં પણ જ્યારે આજુબાજુનું બધુંજ ભુલાઈ જાય તેવી ચિત્તની એકાગ્રતા હોવી તે ધ્યાન અને ધ્યાનમાંથી બહાર આવ્યા પછી એજ વિચારણામાં ઉંડા ઉતરી જવું વધુ વિસ્તૃત ચિંતન કરવું એને અનુપ્રેક્ષા કહેવાય છે.

(૧) પ્રિય વસ્તુની અભિલાષા કરવી (૨) અપ્રિય વસ્તુનો વિયોગ ચિંતવવો (૩) રોગ આદિ અનિષ્ટનો વિયોગ ચિંતવવો (૪) પરભવના સુખ માટે નિયાણું કરવું.

આ ચાર પાયા પર આર્તધ્યાન ઉભું થાય છે.

મનને ન ગમતી વસ્તુ, વ્યક્તિ, ન ગમતાં સંયોગથી બચાવની ઈચ્છા. આ પ્રતિકુળતા ન જોઈએ, એનો પડછાયો પણ ન જોઈએ, એ ક્યારે અને કઈ રીતે દૂર થાય, તેનાથી ઉલટું અનુકૂળ વ્યક્તિ, વસ્તુ, સંયોગ ક્યારેય મારાથી દૂર ન થાય. અનુકૂળતા મળે એમાં 'હાશ' થાય, અનુકૂળતાજ જોઈએ, પ્રતિકૂળતા નહિં એ રુચિ, એ વિચારો, એ વર્તન આર્તધ્યાનનું કારણ છે. પ્રતિકૂળ સંજોગો અનેક

પ્રકારના હોય. પ્રતિફળ પાડોશીના રૂપમાં, પત્ની પુત્રના રૂપમાં, ખાવાની વાનગીના રૂપમાં, કપડાનાં રહેઠાણના રૂપમાં આવી કોઈપણ પ્રકારની પ્રતિકૂળતા મળતા જ તેના પ્રત્યેનો અણગમો અરુચિ, તેને દૂર કરવાની વૃત્તિ કે એનાંથી દૂર થવાની વૃત્તિ આ બધામાંથી આર્તધ્યાનનું સર્જન થાય છે.

પ્રિયવસ્તુની અભિલાષા અને અપ્રિય નો વિયોગ ચિંતવવો એ આર્તધ્યાનનો પહેલો ને બીજો પાયો થોડાક ઉદાહરણ સાથે સમજીએ દા.ત. બસમાં બેઠા ને બાજુની બેઠકમાં મુસાફર અણગમતો આવ્યો એના શરીરમાંથી ગંધાતી વાસ આવી, બેઠક ફાટેલી નીકળી, કોઈક વિચિત્ર સ્વભાવ ની વ્યક્તિ મળી, ત્યારે જે અણગમાના, અરુચિના ભાવ થાય છે તે આર્તધ્યાનને પેદા કરનારા છે.

સંસાર જેની સાથે માંડયો, તે પાત્ર અનુકુળ ન લાગ્યું અને થાય કે, 'ન જાણે આ પાત્ર મનેજ કાં ભટકાણું? મારો તો ભવ બગડી ગયો,' પોતાના સ્વજનો, ભાઈ-બહેન, મા-બાપ, સાસરિયા, પિયરીયા મોસાળીયા વગેરે પણ અનુકૂળ ન લાગે, એમના પ્રત્યેનો અણગમોને એનાથી બચવાની ઈચ્છા આવા બધાજ વિચારો આર્તધ્યાનનું કારણ છે. સાધુજીવન સ્વીકાર્યા પછી પણ આર્તધ્યાન થવાની પૂરી શક્યતા છે. ગુરૂ અનુકૂળ ન લાગે, ગુરૂભાઈ કે ગુરૂબેન ન ગમ્યાં, તો થાય કે ''હવે આમની સાથે જ રહેવાનું?'' તેનાથી બચવાની - છૂટવાની ઈચ્છા થાય, અણગમતી કામળી આવી તો થાય કે ''બારે મહિના આંજ ઓઢવાની? ભગવાન જાણે ક્યારે ફાટશે?'' આવા બધા વિચારો આર્તધ્યાનને ખેંચી લાવે છે.

ઠંડી ન જોઈતી હોય છતાં ઠંડી આવે, ગરમી ન જોઈતી હોય છતાં ગરમી આવે, કોઈ અવાજ સાંભળવો ન ગમતો હોય છતાં એજ સાંભળવાનો આવે, એવી જગ્યાએ રહેવાનું થાય જ્યાં બધું અણગમતુંજ ઘેરી વળે, આવી ઢગલાબંધ બાબતો હોવાની. જે અનુકુળ નહોય તે વખતે તેના પ્રત્યે અણગમો, અરુચિ, અભાવ, દ્વેષ, દુર્ભાવ, ઘૃણા, જુગુપ્સા થાય અને થાય કે ''મારે આ ન જોઈએ. મારે આ સ્થિતિ હવે ક્યારે પણ ન જોઈએ,'' આવા વિચારો આર્તધ્યાન ને પેદા કરે છે. પ્રતિકુળતા ગઈ ને અનુકુળતા આવી એમાં પણ ગમો કે રૂચિ થઈ તો પણ આર્તધ્યાન ને ખેંચી લાવે છે.

તમને થશે કે...

અનુકુળતા ગમે તેમાં પણ આર્તધ્યાન ? હા... ઠંડી પડે ને બચવા માટે ઓઢવાની સામગ્રી જોઈએ તેવી ઈચ્છા થાય તેનાથી પણ આર્તધ્યાન થઈ શકે છે ને ઓઢવાની સામગ્રી મળ્યા પછી ''હાશ'' થાય તેનાથી પણ આર્તધ્યાન થઈ શકે છે. એમાં કોઈએ સામગ્રી લઈ જાય તો તે લેનાર ઉપર અણગમો થાય તો તેનાથી પણ આર્તધ્યાન થઈ શકે એમાં કોઈ એ સામગ્રી લઈ જાય તો તે લેનાર ઉપર અણગમો થાય તો તેનાથી પણ આર્તધ્યાન થઈ શકે છે ને છે ને લેનાર વ્યક્તિને ખતમ કરવા સુધીનો જો ભાવ જાગે તો તેમાંથી રૌદ્રધ્યાન પણ થઈ શકે છે. જેમ પ્રતિકૂળ વ્યક્તિ, વસ્તુ કે સંયોગ નથી ગમતા તેથી તે સમયના વિચારો વગેરે આર્તધ્યાનનું કારણ છે તેમ અનુકૂળ વ્યક્તિ, વસ્તુ કે સંયોગ ગમે છે તો તે સમયના વિચારો વગેરે પણ આર્તધ્યાનનું જ કારણ છે. પ્રતિકુળ કે અનુકૂળ વ્યક્તિ, વસ્તુ કે સંયોગ આર્તધ્યાનનું કારણ નથી પણ એના પ્રત્યેનો ગમો, અણગમો, રુચિ-અરુચિ, રાગ-દુર્ભાવ એ આર્તધ્યાનનું કારણ છે. એટલે પ્રતિકૂળ સંયોગો દૂર થતાં જે જે પણ અનુકૂળતા મળે છે, તેમાં જે ''હાશ'' થાય છે, તે પણ અનુકૂળતાનો ગમો રૂચિ છે, એ ગમા, રુચિના વિચારો આર્તધ્યાનનું કારણ છે. પ્રતિકુળતા ન ગમી ''તે જાય'' એ વિચારણા જેમ આર્તધ્યાનનું મૂળ છે તેમ અનુકૂળતા ગમી ને ''એ કાયમ રહે'' એ વિચારણા પણ આર્તધ્યાનનું મૂળ છે.

તમને થશે કે મનમાં આવી વિચારધારા તો ચાલ્યા જ કરતી હોય, તો આર્તધ્યાન કે રૌદ્રધ્યાનમાં ગરકાવ થયા ક્યારે કહેવાય?

જુઓ મનમાં વિચાર સતત ચાલ્યાજ કરતાં હોવા છતાં જ્યાં સુધી તેમાં તન્મયતા કે સ્થિરતા ન આવે ત્યાં સુધી ધ્યાન આવતું નથી. ધ્યાન આવ્યા પછી તો કોઈ બૂમો પાડીને બોલાવે કે જોરશોરથી ઢોલ વાગે તો પણ ખબર પડતી નથી, એવી ચિત્તની સ્થિરતા હોય છે. સાધકનો ઉપયોગ જે વિષયમાં સ્થિર થઈ ગયો હોય, તે વિષયમાં તે ગરકાવ થઈને એવો ઊંડો ઊતરી જાય કે બહાર શું વીતે છે, તેની તેને કાંઈ ખબર જ ન પડે. યુદ્ધમાં રૌદ્ર ધ્યાનની તીવ્રતામાં શરીર પર તલવારના ઘા પડે તો પણ તેની ખબર ન પડે. એવી એકાગ્રતા આવી જતી હોય છે. એવી એકાગ્ર સ્થિતિ ન હોય ત્યારે ચિત્તની વિચારોમાં - ભાવનામાં રહેલી અસ્થિર ચલાયમાન અવસ્થાને ચિંતા-ભાવના કે અનુપ્રેક્ષા કહેવાય છે. જ્યારે ચિત્તની સ્થિર અવસ્થા ને 'ધ્યાન' કહેવાય છે. અશુભ માં થયેલી ચિત્તની સ્થિરતા તે આર્તધ્યાન, આર્તધ્યાનમાં તીવ્રતા ને રૌદ્રધ્યાન. શુભમાં થયેલી ચિત્તની સ્થિરતા તે ધર્મધ્યાન, શુધ્ધમાં થયેલી ચિત્તની સ્થિરતા તે શુક્લધ્યાન. સામાન્ય રીતે આપણા બધાની માન્યતા એવી હોય છે કે પ્રતિકૂળ વસ્તુ, વ્યક્તિ કે સંયોગોને દૂર હટાવી દઈએ અથવા આપણે એનાથી દૂર હટી જઈએ તો આર્તધ્યાનથી બચી જવાય.

પણ વિપરીત સંજોગોથી બચવું એ આર્તધ્યાનથી બચવાનો માર્ગ નથી, પણ એનો સ્વીકાર કરી સ્વસ્થ રહેવું તે આર્તધ્યાનથી બચવાનો માર્ગ છે. આર્તધ્યાનનું મૂળ વિપરીત સંયોગ નથી પણ મનની વિકૃતિ છે. આ નહિ સમજનાર પોતાના મનને ઘડવાનો પ્રયત્ન નહી કરતાં વિપરીત સંયોગોથી છૂટવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તેનાથી નથી છૂટાતું ત્યારે વિચારે છે કે, ''આ બધાને કારણે મને આર્તધ્યાન થાય છે, આ બધું ક્યારે છૂટશે?'' પણ એને એ વાત નથી સમજાતી કે આ વિપરીત સંયોગોથી છૂટવાની ઈચ્છા એજ આર્તધ્યાન છે. અણગમતી

વસ્તુ વ્યક્તિ કે સંયોગ પ્રત્યે અણગમો થતાંજ આર્તધ્યાનનું બીજ રોપાય છે. આર્તધ્યાનથી બચવા માટે શું કરવું?

આર્તધ્યાનથી બચવું હોય તો તેણે દરેક વિપરીત પરિસ્થિતિ નો સહજતાથી કે સમજપૂર્વક સ્વીકાર કરવો જોઈએ. પરિસ્થિતિને પલટવી પોતાના હાથની વાત નથી, પણ મનને પલટવું તે પોતાના હાથની વાત છે.

અનુકૂળતા મળવી કે પ્રતિકૂળતા મળવી એ તો કરેલા પુણ્ય-પાપના પરિણામો છે. જ્યારે પુણ્યોદય ચાલુ હોય ત્યારે બધું અનુકૂળ મળે અને જ્યારે પાપોદય ચાલુ હોય ત્યારે બધું પ્રતિકૂળ મળે. પુણ્યોદય કે પાપોદય એ ભૂતકાલિન સારી-ખરાબ વૃત્તિ કે પ્રવૃત્તિમાંથી પેદા થયેલ કર્મનું ફળ છે. એને દૂર કરવી કે તેનાથી દૂર રહેવું તે કોઈનાય હાથની વાત નથી. એમાં ન લેપાવું, ન મુંઝાવું એજ પોતાના હાથની વાત છે. જે પોતાના હાથમાંનથી તેનો વિચાર શા માટે? અનુકૂળ કે પ્રતિકૂળ બંને પરિસ્થિતિનો રાગ-દ્વેષ વગર ગમા-અણગમા વગર સ્વીકાર કરવો તે આર્ત-રૌદ્રથી બચવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

પોતાના વિચારો પર સતત ચોકી રાખવી. સતત પોતાના વિચારોને જોતા રહેવું. વિચારોને જોવાથી અશુભ વિચારોને રોકી શકાય છે. ઘરમાં પહેલા ચોરને ખબર પડે કે ઘરનો માલિક મને જોઈ ગયો છે, તો તે અડધો ઢીલો પડી જાય છે. ધર્મ સિવાયની વાતો કરવી, શું રાંધ્યું? શું ખાધું? ક્યાં ગયા? વગેરે ધર્મ સિવાયની બધીજ વાતો-વિકથા-આર્તધ્યાનની ભૂમિકા છે. નાટક-ટીવી-સિનેમા-ક્રિકેટ મેચ જોવી-તેનાજ વિચારો કરવા તે આર્તધ્યાન છે. ત્યારે મન સજાગ હોવું જોઈએ કે હું તિર્યંચ ગતિનો આશ્રવ કરી રહ્યો છું. મને મારા આત્માને તિર્યંચ ગતિમાં લઈ જવા માટે આભવ નથી મળ્યો પણ મારા આત્માને કર્મથી મુક્ત કરી કાયમી સુખ મેળવવા માટે આ માનવ ભવ મળ્યો છે. હું કેટલો મૂર્ખ છું કે હું પોતેજ પોતાનું ખરાબ કરી રહ્યો છું. વળી આ બધામાં ક્યાંય ખૂબ ખુશ થઈને તાળીઓ પાડતાં પાડતાં નાચી ઉઠાય, તેમાંજ ચિત્ત સ્થિર થઈ જાય, જે અથવા હાર-જીતમાં ક્યાંક મન ખૂબ દુઃખી થાય આંખમાં આંસુ આવી જાય-ચેન ન પડે. તેમાંજ ચિત્ત સ્થિર થઈ જાય તો તરત મનને જાગૃત કરવું કે હે આત્મન-એ જીતે કે હારે પણ તારૂં તો નરકમાં જવાનું નક્કી થઈ ગયું. આમ ક્ષણે ક્ષણે આત્મા જાગૃત રહી મન પર ચોકી કરે કે શું કરી રહ્યા છો? અને તેનું શું પરિણામ મારાજ આત્માને ભોગવવું પડશે અને ત્યાંથી પાછા વળો તો જરૂર આર્ત-રૌદ્ર ધ્યાનથી બચી શકાય.

સામાયિક જેવી અતિમહત્વની સાધના પ્રસંગે પણ બારી ક્યાં છે? પવન ક્યાંથી આવશે? ટેકો ક્યાં મળશે? એજ વિચાર્યા કરે. પોતાની એ જગ્યા કાયમી બને, બીજો કોઈ ત્યાં બેસી ન જાય, આ બધી ચિંતા અનેને બેચેન બનાવી જાય, આ બધી ચિંતા એને બેચેન બનાવી જાય. પરિણામે સામાયિકમાં સમતાની સાધના થવાને બદલે આર્તધ્યાન થઈ જાય જેને બંધુજ અનુકૂળ જોઈએ છે તે ક્યારેય સાચી સાધના કરી શકતો નથી.

**તમે કહેશો કે ધર્મધ્યાન માટે અનુકૂળતા તો જોઈએ ને?**

ધર્મધ્યાન એવી વસ્તુ છે કે જો સાધક યોગ્ય બને તો તેને કોઈપણ સ્થાનમાં કે કોઈપણ સ્થિતિમાં ધર્મધ્યાન આવી શકે છે. મહાપુરૂષો પર્વતની ગુફામાં કે પર્વતની ટોચ પર પણ ધ્યાન ધરતા. સ્મશાનમાં પણ ધ્યાન કરતા ને ઉદ્યાન માં પણ કરતાં. સુંવાળી રેતી પર પણ કરતાં ને અગ્નિ ધખતી શીલા પર ધ્યાન કરતા ઘાણીમાં પિલાતા કે ભાલાથી વીંધાતા પણ ધ્યાન કરતા. હા.... કદાચ આપણા જેવા પ્રાથમિક કક્ષાના સાધકો અતિ વિકટ પરિસ્થિતિમાં શુભ ધ્યાનમાં સ્થિર ન રહી શકે, પણ ધીમે ધીમે બાવીસ પરિસહો ને સહન કરીને એ ક્ષમતા ઊભી કરવાની છે.

જો અનુકૂળતામાં જ ધર્મ થતો હોત તો ભગવાને ઘરમાં એસી માં બેસીને ધર્મ કરવાનો કહ્યો હોત પણ જેનાથી ધર્મધ્યાન ન આવે તેવો માર્ગ ભગવાન બતાવતા નથી. અનુકૂળતા હોય તો જ આરાધના સારી થાય તે માન્યાતા પણ મિથ્યાત્વ છે. પરિસ્થિતિ સુખદ હોય કે દુઃખદ મનને અલિપ્ત જ રાખવાનું છે. સમભાવે બધું સહેવાનું છે.

નિયાણું સામાન્યરીતે ત્રણ પ્રકારનું છે. (૧) રાગગર્ભિત (૨) દ્વેષ ગર્ભિત (૩) મોહગર્ભિત.

**રાગગર્ભિક નિયાણું** - પોતે કરેલા ધર્મના ફળરૂપે દુન્યવી સુખોની ઈચ્છા કરવી, સત્તા ધન-સમૃદ્ધિ, શ્રીમંતાઈ, રાજા-ચક્રવર્તી, દેવેન્દ્રનું સુખ માંગવું, મનગમતી વસ્તુ કે વ્યક્તિ કે સ્ત્રી કે સુંદર સંતાનો મળે, શરીર આરોગ્ય મજબૂત બાંધો, ઉત્તમ ભોગ સામગ્રી મળે. આ બધું મળે પછી હું આમ જીવીશ, તેમ જીવીશ વગેરે વિચારણા તે રાગગર્ભિત નિયાણું છે.

**દ્વેષ ગર્ભિત નિયાણું** - દુન્યવી કોઈપણ સ્વાર્થ હણાતા કે પોતાના દુઃખમાં નિમિત્ત બનનાર વ્યક્તિનું ખરાબ ઈચ્છવું, ભવોભવ તેનું ખરાબ કરવાની શક્તિ મળે કે ભવોભવ તેને મારનારો બનું આ બધું પોતે કરેલા ધર્મના પ્રભાવે ઈચ્છવું તે દ્વેષગર્ભિત નિયાણું છે.

**મોહગર્ભિત નિયાણું** - જેનાથી મોહ તગડો થાય એવું મંગાય તો એ મોહગર્ભિત નિયાણું છે. વિતરાગના ધર્મની આરાધના વગર સંસારના ઉંચા સુખો નહિ મળે એવી ખાતરી થતાં. આવતા ભવોમાં મને જૈન ધર્મ મળે તેમ ઈચ્છવું તે મોહગર્ભિત નિયાણું છે.

નિશ્ચય નય પ્રમાણે મોક્ષની ઈચ્છા પણ નિયાણું જ છે. પણ આપણે હજી પ્રારંભિક કક્ષા ના સાધકો કહેવાઈએ. મોક્ષ અને ભવ પ્રત્યે સમાનભાવ, મધ્યસ્થભાવ, નિસ્પૃહભાવ રાખી શકવાની ક્ષમતા

આપણામાં નથી. આપણા જેવા જીવો માટે મોક્ષનો આશય રાખવો તે વ્યવહાર નયના મતે યોગ્ય છે. કેમકે આ રીતે મોક્ષનો આશય રાખવાથી બીજા બીજા સંસારિક મલિન આશયો દૂર થાય છે. અને ચિત્તની શુદ્ધિ થાય છે. આ રીતની વિત્તશુદ્ધિ થતાં છેવટે મોક્ષ અને ભવ (સંસાર) પ્રત્યે મધ્યસ્થ ભાવના જરૂર પ્રગટે છે. માટે પ્રારંભિક કક્ષાના જીવો માટે મોક્ષનો આશય લઈ આગળ વધવું પણ મનમાં એ નિશ્ચય કે આગળ વધતાં આ આશય પણ છોડવાનો જ છે કે છૂટી જ જવાનો છે. નિશ્ચય નય સિવાય મોક્ષ નથી.

હું સત્તા પર આવીશ તો આમ કરીશ, એની જગ્યાએ હું હોઉં તો આમજ કરું. આ બધા વિચારો આર્તધ્યાન ની ભૂમિકા છે. તેનાથી ઘણા કર્મોનો આશ્રવ થાય છે. તિર્યંચ ગતિનો બંધ પડે છે અને સંસારની મુસાફરીનું સર્જન થાય છે માટે જેટલું બચી શકાય તેટલું બચો.

(ધ્યાનના પ્રકાર વિષે આગળ જાણો આવતા અંકે...)

❑❑❑

મો. ૮૮૫૦૦૮૮૫૬૭

## જીવનપંથ : ૧૦

# પ્રેમના સ્પર્શ પાસે સંકટ પાણી ભરે...

**ડૉ. ભદ્રાયુ વછરાજાની**

બન્ને યુવાન હતાં, શિક્ષક હતા, વિચારશીલ-સંસ્કારી કુટુંબના સભ્ય હતાં. પરિચય થયો, રસ ઐક્ય સધાયું, મૈત્રી થઈ, પરિણયમાં પરિણમે તેવી નિયતિની ઈચ્છા થઈ. બન્નેની જ્ઞાતિ એક, બન્ને શિક્ષકત્વની ઝંખનાવાળા,.. પણ યુવાન યુવતિ કરતાં ચાર વર્ષ ઉંમરમાં નાનો! યુવાનના માતા-પિતાને બધું સ્વીકૃત, પણ યુવતિના પક્ષે વિરોધ.! કારણ એટલું કે યુવાન માત્ર શિક્ષક અને તે પણ પ્રાથમિક શિક્ષક, સનદી અધિકારી નહીં. યુવાન પાછો બેન્કની કાયમી નોકરી છોડી પ્રાથમિક શિક્ષક થયેલો,.. નદીનાં વ્હેણ ઊંધા વાળવા મથે તેવા ખ્યાલોનો.! યુવતિનું કુટુંબ પુરુષપ્રધાન, દિવાની વારસામાં મળેલી. 'દીકરી ધાર્યું કરે' એ તે વળી ચાલે? અને તે ય ક્લાસ વન ઑફિસર હોય તો હજીય ચલાવી લઈએ,.. આ તો માસ્તર છોકરો, એની સાથે સંબંધ બંધાય?.. બન્ને વિચારમાં મક્કમ હતા. યુવતિએ ઘર છોડ્યું અને બન્ને ટૂંકીને ટચ વિધિથી પરણી ગયા..પરણવા માટે બન્નેએ સ્કૂલમાંથી અડધા દિવસની સી.એલ.લીધેલી એટલે બન્ને પરણીને તરત રિસેસ પછી સ્કૂલમાં હાજર!. ઉત્સાહ-ઉમંગ-જીવન સ્પપ્નો એટલાં પ્રબળ હતાં કે દિલ ભર્યાં ભર્યાં રહેતાં બન્નેના..યુવાનના પિતાના ઘરે બન્નેએ નવજીવન આરંભ્યું.. બન્ને પ્રાથમિક શિક્ષક, એકજ શાળામાં, એક જ સમય. ખાનગી શાળા, નામધારી શાળા, બાંધ્યો-નિયમિત પગાર પણ, ટૂંકો.. એટલે દિલ ભરચક્ક ને ખિસ્સાં-પર્સ ખાલી ખાલી!..

એક વર્ષ તો સાથે રહ્યા સૌની.. પણ પછી બન્નેએ વિચાર્યું કે પ્રેમલગ્ન કરવાં હોય તો શૂન્યમાંથી સર્જન કરવું જોઈએ., આપણે તો પ્રેમથી સાથે જીવનયાત્રા શરૂ કરી અને ભરે ભાણે પાટલા પાથરી દીધા!. આ ખોટું કહેવાય. બહાર નીકળો આ મળેલી વ્યવસ્થામાંથી ને પગભર ઊભા થવા સંઘર્ષ કરો તો સમજાશે જીવનનું મૂલ્ય, પ્રેમનો પ્રભાવ અને સહજીવનની સુગંધ..યુવાને પિતાશ્રીને પત્ર લખ્યો, આ બધી વાતો - જે આદર્શ લાગતી હતી - જણાવીને બન્ને શૂન્યમાંથી જીવન શરૂ કરવા અલગ રહેશે તેવું જણાવ્યું.. દરખાસ્તનો સ્વીકાર થયો અને પરણ્યાનાં એક વર્ષે બન્ને જીવનસાથીઓએ ખરેખર જીવન શરૂ કર્યું. ભાડે રૂમ, કૉમન લેટ્રિન-બાથરૂમ, બન્નેની નોકરી-વ્હેલીસ્વારથી રાત સુધીની દોડાદોડી;.. વરના માર્યા કશું જ સાથે લઈને નહોતા નીકળ્યા ઘરમાંથી.! કાચની ડીશો ખરીદી ખાડા વાળી એટલે જમવામાં ય ચાલે ને પછી વસ્તુ ભરવામાં ય ચાલે ને પછી વસ્તુ ભરવામાં ય ચાલે. ઊંચા ઢાંકણવાળું કુકર લીધું, સાદું એટલે એમાં ન્હાવાનું ગરમ પાણી પણ થાય અને પછી તેમાં જ દાળ-ભાત પણ થાય.! એક શેટ્ટી, એક ગાદલું, એક ઓશિકું..એક થઈને જીવવું હતું એટલે વળી બેની શી જરૂર? ગોઠવાતું ગયું બધું, ધીમે ધીમે, થોડું થોડું.

(ક્રમશઃ)

❑❑❑

મો. ૦૯૮૯૮૯૨૦૩૩૩ /ફોન : (૦૨૮૧)૨૫૮૮૭૧૧
ઈમેલ : bhadrayu2@gmail.com
સરનામું : પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪,
અમીન માર્ગ, રાજકોટ.

તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.
**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**
વાર્ષિક લવાજમ આપશ્રી $ (ડોલર) માં મોકલાવો તો $ પાંચ બેંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂ. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂ. ૨૫૦૦**
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260. IFSC:BKID0000039

## જૈન પરંપરાના પુનરુધ્ધારકો-૧૭

### ક્રાન્તિની મૂળભૂત પરંપરાના પોષક અને જૈનધર્મના પ્રખર વિદ્વાન ધર્મપ્રેમી !

# મહાન પુરાતત્વાચાર્ય શ્રી જિનવિજયજી

આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી

મહાત્મા ગાંધીજીએ જેમને 'પુરાતત્વાચાર્ય' તરીકે પ્રતિષ્ઠિત કર્યા તે જિનવિજયજી (ઈ.સં. ૧૮૮૮-ઈ.સં.૧૯૭૬) ભારતીય વિદ્યા અને જૈન વિદ્યાની પરંપરાના શ્રેષ્ઠ વિદ્વાન હતા. પંડિત સુખલાલજીએ તેમના 'દર્શન અને ચિંતન' ગ્રંથમાં જિનવિજયજીની ખૂબ પ્રશંસા કરી છે.

રાજસ્થાનના ભીલવાડા જિલ્લામાં રૂપાહેલી ગામમાં ક્ષત્રિયવંશમાં જન્મેલા કિશનસિંહ નામના બાળકે સ્કૂલ પણ જોઈ નહોતી. અને દેશ-વિદેશના શ્રેષ્ઠ વિદ્વાનોના તેઓ આદરણીય બની ગયા.

જિનવિજયજીએ જીવનમાં અનેક પરિવર્તનો જોયા છે. પહેલા તેમણે શીવપંથમાં સંન્યાસ લીધો ત્યાં સંતોષ ન થયો તેથી તેનો ત્યાગ કર્યો તે પછી તેમણે સ્થાનકવાસી પરંપરામાં દીક્ષા લીધી ત્યાં પણ તેમને સંતોષ ન થયો તેથી તેનો ત્યાગ કર્યો. તે પછી તેમણે શ્વેતામ્બર મૂર્તિપૂજક પરંપરામાં દીક્ષા લીધી અને નામ પડ્યું 'જિનવિજયજી.' કિન્તુ આ સમગ્ર યાત્રામાં તેમણે અભ્યાસ કર્યો, શાસ્ત્ર વાંચન કર્યું. જિનવિજયજીને શ્રી વિજયવલ્લભસૂરિજીનો ગાઢ સંપર્ક થયો. તે સમયે તેમને મુનિશ્રી કાંતિવિજયજી, ચતુરવિજયજી, પુન્યવિજયજી વગેરેનો સંપર્ક થયો. સૌ સાથે રહ્યા. જિનવિજયજીને તે સમયે ઉત્તમ વાંચન દ્વારા સંશોધન અને લેખનની દિશા ખુલી ગઈ. તેમણે શ્રી કાંતિવિજયજી સાથે રહીને જૈન ઐતિહાસિક ગ્રંથમાળાનો પ્રારંભ કર્યો. આ ગ્રંથમાળા માટે તેમણે કૃપારસ કોષ, શત્રુંજય તિર્થોદ્ધાર પ્રબંધ, જૈન શિલાલેખ સંગ્રહ ભાગ-૧, જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્યો, દ્રૌપદી સ્વયંવર નાટક વગેરે ગ્રંથોનું સંપાદન કર્યું. ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝ (વડોદરા) માટે તેમણે 'કુમારપાળ પ્રતિબોધ' ગ્રંથનું સંપાદન કર્યું. આ ગ્રંથોએ જિનવિજયજીને દેશભરના વિદ્વાનોમાં યશ આપ્યો.

તે સમયે તેમને પૂનાની પ્રાચ્યવિદ્યા સંશોધન સંસ્થાનું નિમંત્રણ મળ્યું. તેઓ પૂના ગયા અને ત્યાં રોકાયા. તેમણે ભાંડારકર ઈન્સ્ટીટ્યૂટના ભવન માટે ૫૦ હજારનું તે સમયે ફંડ પણ કરાવી આપ્યું.

તે સમયે તેમણે પ્રો. સતીષચંદ્ર વિદ્યાભૂષણ અને બીજા વિદ્વાનો સાથે રાખીને જૈન સાહિત્ય સંશોધન નામની સંસ્થા બનાવી અને તે સંસ્થાની ત્રિમાસિક પત્રિકા અને ગ્રંથમાળાનો પ્રારંભ કર્યો.

પૂનામાં લોકમાન્ય તિલક તેમને મળવા આવ્યા. તે સમયે પૂનાની ફર્ગ્યુશન કોલેજના પ્રો. રાનડે, પ્રો. ડી. કે. કર્વે વગેરે મળ્યા. તે સમયે તેમને ગાંધીજી મળ્યા. જિનવિજયજીના જીવનમાં પરિવર્તનની એ સૌથી મોટી ક્ષણ હતી. ગાંધીજીએ તેમને ગુજરાત વિદ્યાપીઠમાં પધારીને ગુજરાત પુરાતત્વ મંદિર સંભાળવાની વિનંતી કરી. જિનવિજયજી આઝાદીના સમયમાં ફેલાયેલા ક્રાંતિના વાવાઝોડાથી દૂર ન હતા. તેમણે વર્તમાન પત્રોમાં જાહેર લેખ લખીને દીક્ષાનો ત્યાગ કર્યો. ગાંધીજીએ તેમને ગુજરાત પુરાતત્વ મંદિરના સર્વપ્રથમ આચાર્ય તરીકે સ્થાપ્યા. અને જિનવિજયજી 'પુરાતત્વાચાર્ય' તરીકે વિખ્યાત થઈ ગયા.

જિનવિજયજીએ ભારતીય વિદ્યાની અનેક શાખાઓ અને જૈન વિદ્યાની તમામ શાખાઓ માટે એટલું બધું કામ કર્યું છે કે તે સર્વનો વિચાર કરીએ ત્યારે આપણું હૃદય ભાવવિભોર થઈ જાય છે. તેમણે ગાંધીજીના કહેવાથી સન ૧૯૨૧માં નાગપુરમાં કોંગ્રેસ અધિવેશનમાં જૈન પોલિટીકલ કોન્ફરન્સનું સંચાલન કર્યું. એ પછી કલકત્તાના સંઘે તેમને સન્માનપત્ર અર્પણ કરીને બહુમાન કર્યું. જિનવિજયજી હૃદયથી ધર્મપુરુષ જ હતા. તે સમયે તેઓ સમ્મેતશિખર તીર્થની યાત્રા કરવા ગયા.

ત્યાંથી તેઓ ગુજરાત આવ્યા. તે સમયે ગુજરાત યુનિવર્સિટીએ તેમને નિમંત્રણ આપ્યું કે તમે અહિં આવીને જૈનધર્મ વિભાગ શરૂ કરો. પરંતુ ત્યાંનો વહીવટ જોઈને જિનવિજયજી સ્તબ્ધ થઈ ગયા. તેમણે ડો. કનૈયાલાલ મુનશીને પત્ર લખીને જાણ કરી કે તમે અમદાવાદ આવો અને યુનિવર્સિટીનો વહીવટ સંભાળી લો.

એ જાણીને આશ્ચર્ય થશે કે શ્રી ઝવેરચંદ મેઘાણીને 'ગુજરાતનો જય' નવલકથા માટે વિચાર, પાઠ અને કથાબિંદુ જિનવિજયજીએ આપ્યા હતા.

જિનવિજયજી યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર-સૂરીશ્વરજી મહારાજના મિત્ર હતા. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ જિનવિજયજીને લખેલો એક અપ્રગટ પત્ર મારી પાસે છે તે આ મુજબ છે.

સાણંદથી લિ. બુદ્ધિસાગર સહૃદય સાક્ષર મુનિવર્ય શ્રી જિનવિજયજી યોગ્ય અનુવંદના સુખશાતા.

વાંચ્યું વાંચ્યું હૃદયગતનું જે લખ્યું પત્રમાં તે હોશો સાચી પ્રગતિ પથમાં ભાવના ચિત્તમાં તે.

❑❑❑

મો. ૯૭૬૯૯૫૭૩૯૩

# જનતામાં જાગેલા આત્મસન્માનની પ્રેરક કહાણી : ચંપારણ સત્યાગ્રહ

સોનલ પરીખ

૨૦૧૭ના એપ્રિલ મહિનામાં ચંપારણ સત્યાગ્રહને ૧૦૦ વર્ષ પૂરાં થયાં. આ નિમિત્તે આ સત્યાગ્રહને દેશ અને દુનિયામાં જુદી જુદી રીતે યાદ કરવામાં આવ્યો. કોઈપણ મહત્ત્વની ઘટનાને સાચી રીતે સમજવાની કોશિશ એ જ તેને આપેલી ઉત્તમ સ્મરણાંજલિ ગણાય.

ચંપારણ સત્યાગ્રહ મહાત્મા ગાંધીએ ભારતની ભૂમિ પર કરેલો પ્રથમ સત્યાગ્રહ હતો. ચંપારણની પ્રજા અંગ્રેજોના આર્થિક શોષણનો જ ભોગ બની ન હતી, તેમના જીવનનું પ્રત્યેક અંગ અંગ્રેજોની પકડમાં હતું. ભયભીત પ્રજા નૈતિક હિંમત પણ ગુમાવીને અસહાયપણે જુલમ વેઠી રહી હતી. ભય તો કાર્યકર્તાઓમાં પણ વધતે ઓછે અંશે હતો. ગાંધીજીએ પ્રજાને, કાર્યકર્તાઓને અને દેશને આ સત્યાગ્રહ દ્વારા નિર્ભય થતાં શીખવ્યું. સાથે સૌને શત્રુમાં પણ વિવેક જગાડવાની આશા સેવતા કર્યા. સત્યાગ્રહ અન્યાયનિવારણની જ નહીં, આત્મશુદ્ધિની પણ લડાઈ છે તેની પ્રતીતિ આપી. ચંપારણ સત્યાગ્રહને લીધે ચંપારણના ખેડૂતો પરનો ત્રાસ તો દૂર થયો, સાથે સત્યાગ્રહ અને સ્વરાજની અનેક પાયાની બાબતોથી દેશ અવગત થયો. જાણે ભવિષ્યના સત્યાગ્રહોની ભૂમિકા તૈયાર થઈ.

આજીવન ગાંધી-વિનોબા પ્રવૃત્તિઓમાં સક્રિય અને મુંબઈ સર્વોદય મંડળના અધ્યક્ષ જયંત દિવાણનાં બે તાજાં પુસ્તકો 'કહાણી ચંપારણ સત્યાગ્રહાચી' અને 'ચંપારણ સત્યાગ્રહ કી કહાની' આ દિશામાં ઘણો પ્રકાશ પાડે છે. એમની શૈલી રસાળ અને દૃષ્ટિ સંશોધકની છે. સત્યાગ્રહી પુંડલિક કાતગડેએ પોતાના આત્મચરિત્રની શરૂઆતમાં ચંપારણ સત્યાગ્રહના પોતાના અનુભવ લખ્યા છે. તેઓ ત્યારે ૨૧ વર્ષના ઊગતા જુવાન હતા. એમના અનુભવોની એક સ્વતંત્ર પુસ્તિકા પ્રગટ થઈ છે. આ બંને પરથી મહાત્મા ગાંધીએ ભારતમાં કરેલા આ પ્રથમ સત્યાગ્રહની જે રસપ્રદ અને દિલધડક કહાણી જાણવા-સમજવા મળે છે તે પણ પોતાનામાં એક પ્રેરક અનુભવ છે. આ પુસ્તકોનો આધાર લઈને મેં પરિચય પુસ્તકા તૈયાર કરી છે જે આ વર્ષના એપ્રિલ મહિનામાં પ્રગટ થઈ. ચંપારણ સત્યાગ્રહ પરનાં જૂનાં પુસ્તકોમાં ડૉ. રાજેન્દ્રપ્રસાદ નું 'ચંપારણ મેં મહાત્મા ગાંધી', શંકરદયાલસિંહનું 'ગાંધી ઔર અહિંસક આંદોલન', દત્તા સાવલેનું 'ચંપારનાચે લઢા' કે કમલનયન શ્રીવાસ્તવ સંપાદિત 'રાજકુમાર શુક્લ - બિહારકા અખ્યાત ગાંધી' વગેરે મુખ્ય છે. 'સત્યના પ્રયોગો'માં પણ ચંપારણ સત્યાગ્રહ વિશે સરસ માહિતી મળે છે.

રાજકુમાર શુક્લના સતત આગ્રહથી ગાંધીજી ચંપારણ ગયા ત્યારે તેમણે જોયું કે સામ્રાજ્યવાદી શાસને લોકોનું જે આર્થિક, સામાજિક શોષણ કર્યું હતું તેના પરિણામે લોકો નૈતિક હિંમત ગુમાવી બેઠા હતા. ચારે તરફ ભય અને અજ્ઞાનનું સામ્રાજ્ય હતું. લોકોની અસહાયતા અને નીલવરોના અત્યાચારની સીમા રહી ન હતી. છૂટાછવાયા વિદ્રોહ થતા, પણ દરેક વિદ્રોહ પ્રજાને વધારે મુશ્કેલ સ્થિતિમાં મૂકતો.

પ્રજાની આ સ્થિતિનો હલ કાઢવા ગાંધીજીએ એક વિશેષ પદ્ધતિ અખત્યાર કરી. પહેલું તો એ સ્પષ્ટ કર્યું કે ચંપારણમાં આવવાનો તેમનો ઉદ્દેશ માનપૂર્વક શાંતિની સ્થાપના કરવાનો છે. ૧૯૧૭માં ગાંધીજી અંગ્રેજોના વિરોધી ન હતા પણ તેમની ન્યાયબુદ્ધિમાં વિશ્વાસ રાખનારા હતા, છતાં બ્રિટિશ નીલવરોએ ચંપારણમાં ગાંધીજીની ઉપસ્થિતિનો અર્થ અંગ્રેજોને દેશની બહાર કાઢવા એવો કાઢ્યો અને એ પ્રકારના આરોપ સતત મૂકતા રહ્યા.

ચંપારણમાં કામ કરતી વખતે ગાંધીજીનો એક નિર્ણય એ હતો કે કૉંગ્રેસનું નામ ન લેવું. એટલે કૉંગ્રેસના નામ વિના જ કૉંગ્રેસી સેવકો ચંપારણ આવ્યા. તેમનો બીજો નિર્ણય એ હતો કે બનાવને રાજનૈતિક રૂપ ન આપવા દેવું. તે માટે તેમણે પોતાના સાથીઓ પર કડક નિયંત્રણ રાખ્યું હતું. અખબારોને ખબર આપવા અંગે પણ તેમની એક શિસ્ત હતી. તેઓ પ્રજાનું દુઃખ દૂર કરવા આવ્યા હતા, આંદોલન કરવા નહીં. ગાંધીજીને જિલ્લો છોડી જવાની નૉટિસ મળી, પણ તેમણે તેનો ઈન્કાર કર્યો અને સજા ભોગવવાની તૈયારી બતાવી. આ સવિનય કાનૂનભંગ હતો. દેશ માટે આ નવી વાત હતી. તપાસ સમિતિમાં ગાંધીજી રહે તે માટે અંગ્રેજ અધિકારીઓએ ગાંધીજીની શરતો માની એ સત્યાગ્રહનું બળ હતું.

કાર્યકર્તાઓ મધ્યમ - ઉચ્ચ મધ્યમવર્ગના શિક્ષિતો હતા અને પ્રજા ગરીબ - અજ્ઞાની. સત્યાગ્રહને લીધે આ બંને એક થઈ ગયા. વંચિતો સાથે જોડાવાની પ્રક્રિયા શરૂ થઈ. કાર્યકર્તાઓ આવેદનો લખતા તેથી પ્રજાને લાગ્યું કે અમારાં દુઃખ સાંભળવાવાળું કોઈક છે અને કાર્યકર્તાઓને પ્રજાની તકલીફોની પ્રતીતિ થઈ. સ્વરાજનો અર્થ અંગ્રેજોને કાઢવા એટલો જ નથી, લોકોની સ્થિતિ સુધરે તે જ સાચું સ્વરાજ તેવી ગાંધીજીની દૃષ્ટિ સહુને સમજાઈ.

સત્યાગ્રહ અન્યાયનિવારણ સાથે આત્મશુદ્ધિની પ્રક્રિયા છે. એટલે બાહ્ય સ્તરે સાદું જીવન જીવવું અને ઊંચનીચના ભેદોમાંથી મુક્ત થવું એ ગાંધીજીએ સાથીઓને સમજાવ્યું. અને આંતરિક રીતે અજ્ઞાન અને ભય તજવા એ પ્રજાને શીખવ્યું. પ્રજાનું મનોબળ વધ્યું. આચાર્ય કૃપાલાણી લખે છે, 'ચંપારણ સત્યાગ્રહ શુદ્ધ રૂપે આર્થિક હતો, પણ ગાંધીજી માટે અર્થશાસ્ત્ર રાજનીતિ અને સમાજસુધારાથી અલગ ન હતું. ચંપારણ અને બિહારની જનતામાં જાગેલા આત્મસન્માનનું

રાજકીય મૂલ્ય પણ ઓછું ન હતું.'

૧૯૧૭માં ચંપારણમાં ગળીનો સત્યાગ્રહ થયો ત્યારે ગાંધીજી ૪૮ વર્ષના હતા. આ સત્યાગ્રહે તેમને બે અદ્‌ભુત સાથી મેળવી આપ્યા. એ બેમાંના રાજેન્દ્રબાબુ ત્યારે ૩૩ વર્ષના હતા. તેમનું નામ દેશના તખતા પર હજી અજાણ્યું હતું. કૃપલાણી ૨૯ વર્ષના હતા અને હજી 'આચાર્ય' બન્યા ન હતા.

સત્યાગ્રહ રચનાત્મક કાર્ય વિના અધૂરો હોય છે. કોઠીવાળાઓ ગયા તે પછી પ્રજાની ઉન્નતિ ચાલુ રહે તે માટે ગાંધીજીએ ત્યાં પાઠશાળાઓ રૂપી આશ્રમો શરૂ કર્યા. બાળકોને ભણાવવા નિમિત્તે લોકો વચ્ચે જઈને બેસવું અને તેમને ભય, અજ્ઞાન અને ગંદકીથી મુક્ત કરવા તે હેતુ હતો. પણ ગાંધીજી ચંપારણમાંથી નીકળ્યા બાદ દુર્ભાગ્યે આ કામ અટકી ગયું. ચંપારણમાં થોડાં વર્ષ સુધી કામ કરવાની, વધુ નિશાળો ખોલવાની ને વધારે ગામડામાં પ્રવેશ કરવાની ગાંધીજીની ઈચ્છા હતી. ક્ષેત્ર પણ તૈયાર હતું, પણ હજી તેઓ કમિટીનું કામ આટોપી રહ્યા હતા ત્યાં તેમને બે પત્રો મળ્યા. એક પત્ર ખેડાથી મોહનલાલ પંડ્યા અને શંકરલાલ પરીખનો હતો. ખેડામાં પાક નિષ્ફળ ગયો હોવાથી મહેસૂલમાફી બાબતે ગાંધીજી ત્યાંના લોકોને દોરે તેવો આગ્રહ તેમાં હતો. બીજો પત્ર અનસૂયાબહેન સારાભાઈનો હતો, જેમાં અમદાવાદ મિલમજૂરસંઘના પ્રશ્નોની વાત હતી. તેમને તેમના અધિકાર અપાવવા માટે માર્ગદર્શન આપવું એમ ગાંધીજીની ઈચ્છા હતી. ગાંધીજીના મનમાં હતું કે બંને કામની તપાસ કરી થોડા સમયમાં પોતે ચંપારણ પાછા પહોંચશે ને રચનાત્મક કામોની દેખરેખ રાખશે, પણ તેમ થયું નહીં. મહારાષ્ટ્ર, ગુજરાતના કાર્યકરો એમ તો છ-સાત મહિના રહ્યા, પણ સ્થાનિક કાર્યકરોના અભાવે અંતે પાઠશાળાઓ બંધ થઈ. ગાંધીજીની ઈચ્છા પ્રમાણે રચનાત્મક કાર્યોનો વ્યાપ વધ્યો નહીં. ગાંધીજી સાથે આવેલા ૧૨ જેટલા વકીલો પણ ચંપારણનું કામ પૂરું થયા પછી પોતાના કામે લાગી ગયા.

ચંપારણ સત્યાગ્રહે બે મોટાં કામ કર્યાં. એક તો ભારતની જનતાને વિશ્વાસ આપ્યો કે અમે ગરીબ છીએ, હથિયાર વિનાના છીએ છતાં નૈતિક તાકાતથી બ્રિટિશ શાસનના જુલમોનો સામનો કરી શકીએ છીએ. બીજું, ચંપારણ સત્યાગ્રહે લોકોને ભવિષ્યના મોટા સત્યાગ્રહો માટે તૈયાર કર્યા. આ સત્યાગ્રહ વિશે આજે જાણવાની જરૂર એ કે સત્ય અને તે માટેનો આગ્રહ એ દરેક પ્રકારના અન્યાયનો સામનો કરવાની સાચી અને શાશ્વત રીત છે.

———————

(૧) 'કહાની ચંપારણ સત્યાગ્રહાચી' જયંત દિવાણ. પ્રકાશક અક્ષર પ્રકાશન મુંબઈ. મૂલ્ય રૂા. ૧૭૫ (૨) 'ચંપારણ સત્યાગ્રહ કી કહાની' જયંત દિવાણ. પ્રકાશક સર્વ સેવા સંઘ, વારાણસી. મૂલ્ય રૂા. ૧૦૦. બંનેનું પ્રાપ્તિસ્થાન : મુંબઈ સર્વોદય મંડળ એન્ડ ગાંધી બુક સેન્ટર, ૨૯૯, તારદેવ રોડ, ભાજીગલીના નાકે, મુંબઈ ૪૦૦૦૦૭ ફોન : ૨૩૮૭ ૨૦૬૧ (૩) 'ચંપારણ સત્યાગ્રહ' પરિચય પુસ્તિકા - સોનલ પરીખ. પ્રકાશક પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમૉરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ ૪૦૦૦૦૨ ફોન : ૨૨૮૧ ૪૦૫૯, પ્રાપ્તિસ્થાન પરિચય ટ્રસ્ટ અને ગાંધી બુક સેન્ટર. મૂલ્ય રૂા. ૨૦

❑❑❑

સંપર્ક - મો : ૯૮૩૩૭૦૮૪૯૪

## પ્લાસ્ટિકની નાગચૂડમાંથી છૂટીએ

દર વર્ષે આપણે ૫૦૦ અબજ જેટલી પ્લાસ્ટિકની કોથળીઓ વાપરીએ છીએ. છેલ્લી સદીમાં જેટલું પ્લાસ્ટિક ઉત્પાદન થયું તેના કરતાં વધુ પ્લાસ્ટિક છેલ્લા એક દાયકામાં પેદા થયું છે. કુલ પ્લાસ્ટિક વપરાશનું અડધો અડધ એક વાર વાપરીને ફેંકી દેવાય છે. પ્રતિમિનિટ માનવજાત દસ લાખ પ્લાસ્ટિક બોટલ ખરીદે છે. માત્ર પાણીની પ્લાસ્ટિક બોટલો બનાવવા માટે ૧,૭૦,૦૦,૦૦૦ બેરલ ઓઈલ વપરાય છે. જૂન ૨૦૧૬ના વર્ષમાં વિશ્વમાં ૪૮૦ અબજ પીવાના પાણીની બોટલો વેચાઈ. આપણા કુલ કચરામાં ૧૦ ટકા ભાગ પ્લાસ્ટિકનો હોય છે. પ્રતિવર્ષ ૧,૩૦,૦૦,૦૦૦ ટન પ્લાસ્ટિક કચરો આપણા સમુદ્રોમાં જાય છે. આપણી પૃથ્વીને ફરતે ચાર કુંડામાં થાય એટલું પ્લાસ્ટિક દર વર્ષે ફેંકી દઈએ છીએ. સમુદ્રમાંના કુલ કચરાનો ૫૦ ટકા ભાગ એક વખત વાપરીને ફેંકી દેવાતા પ્લાસ્ટિકના કચરાનો છે. પેકિંગ માટે વપરાતું ૬૫ ટકા ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક સાવ નકામું હોય છે. પર્યાવરણમાં પ્લાસ્ટિક ૫૦૦ વર્ષ સુધી 'હાજર' રહે છે. નવું પ્લાસ્ટિક બનાવવા કરતાં પ્લાસ્ટિક રિસાઈકલ કરવામાં ૬૬ ટકા ઓછી ઊર્જા વપરાય છે. એક ટન પ્લાસ્ટિક સિરાઈકલ કરવાથી ૧૦૦૦ ગેલેનથી ૨૦૦૦ ગેલન પેટ્રોલની બચત થઈ શકે છે.

## આટલું તો કરીએ જ

ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક લેવાની ના પાડો. એક વખત વાપરીને ફેંકી દેવાં પડે તેવા પેકિંગ ન વાપરો. તમારી નગરપાલિકા પર પ્લાસ્ટિકનો કચરો છૂટો પાડવા માટે દબાણ કરાવો. પ્રવાસમાં જાઓ ત્યારે પોતાનો ગ્લાસ, કપ અને બોટલ સાથે લઈ જાઓ. જ્યાં વાપરવું જ પડે તો રિસાઈકલ કરી શકાય તેવું પ્લાસ્ટિક વાપરો. પ્લાસ્ટિકનો તમારા માટે વિકલ્પ શોધો.

(સૌજન્ય : ભૂમિપુત્ર ૧-૬-૨૦૧૮)

# દક્ષિણાપથની સાધના-યાત્રા

**પ્રા. પ્રતાપકુમાર ટોલિયા**

*(ગતાંકથી ચાલુ....)*

**અ**હીં આવી પ્રથમ ગુફાઓમાં વસેલા આ અવધૂત સંશોધકને પૂર્વ સાધકોના એ ધ્વનિ-પ્રતિધ્વનિઓ અને આંદોલનો પકડતાં પહેલાં બીજી પણ કસોટીઓમાંથી પસાર થવું પડેલું. દીર્ઘકાળ સુધી સાધકોના સાધનાસ્થાન રહ્યા પછી અહીંની કેટલીક ગિરિકંદરાઓ હિંસક પશુઓ, ભટકતા અશાંત પ્રેતાત્માઓ, દારૂડિયા ને ચોર-લુંટારાઓ, મેલી વિદ્યાના ઉપાસકો અને હિંસક તાંત્રિકોના અડ્ડા પણ બની ચૂકી હતી. એ બધાનો થોડો ઈતિહાસ છે. આ ભૂમિના શુદ્ધીકરણના ક્રમમાં બનેલા એમાંના એક-બે પ્રસંગોનો ઉલ્લેખ અહીં પ્રાસંગિક થશે.

### જ્યારે હિંસાને હારવું પડ્યું...!

આશ્રમની સ્થાપના પૂર્વે શ્રી ભદ્રમુનિ આ ગુફાઓમાં આવીને રહ્યા તે પછી તેમને જાણ થઈ કે અહીં કેટલાંક હિંસક તાંત્રિકો ભારે ક્રૂરપણે પશુબલિ કરી રહ્યાં છે. બીજી બાજુથી એ હિંસક લોકોને પણ અહીં ગુફાઓમાં આવીને વસેલા આ અજાણ અહિંસક અવધૂતથી ભય ઊભો થયો અને પોતાના કાર્યમાં એ વિક્ષેપ પાડશે માની એનું કાસળ કાઢવાનું નક્કી કર્યું.

ભદ્રમુનિજી તો એ બધા જ્યારે પશુબલિ કરી રહ્યાં હતા ત્યારે જ તેમને સમજાવવા અને પ્રેમથી વારવા તેમના ભણી જઈ રહ્યા. તેમને ટેકરી પરથી આવી રહેલા જોઈને એ તાંત્રિકો તેમને તત્ક્ષણે જ મારી નાંખવાના વિચારે તેમના તરફ આગળ ધસ્યા - બલિ માટેના એના એ હથિયારો લઈને તેમને સૌને આવતા મુનિજીએ જોયા, પણ લગીરે ભય રાખ્યા વિના અહિંસા અને પ્રેમની શક્તિ પર વિશ્વાસ રાખી આ આત્મસ્થ અવધૂત દૃઢ પગલે તેમની સામે આવી રહ્યાં... થોડી જ ક્ષણોની વાર હતી... શસ્ત્રબદ્ધ તાંત્રિકો તેમની સામે ધસ્યા... અહિંસક અવધૂતનો આદેશસૂચક હાથ ઊંચો થયો, અનિમિષ આંખો તેમની સામે મંડાઈ અને... અને... તેમાંથી અહિંસા અને પ્રેમના જે આંદોલનો નીકળ્યાં એણે પેલાં તાંત્રિકોને ત્યાં ને ત્યાં થંભાવી દીધા, તેમના હાથમાંથી શસ્ત્રો નીચે પડી ગયાં અને તેઓ ત્યાંથી નાસી છૂટ્યા... સદાને માટે! અહિંસા સામે હિંસા હારી, નિર્દોષ પશુઓને સદાને માટે એ સ્થાને અભયદાન મળ્યું. હિંસા સદાને માટે બંધ થઈ, નિર્દોષોના શોણિતથી ઠીક ઠીક કાળ સુધી ખરડાયા પછી એ પાવન ધરતી પુનઃ શુદ્ધ થઈ...

### હિંસાના સ્થાનોમાં અહિંસાની પ્રતિષ્ઠા...!

હિંસાની વિદારણા કરવાની સાથે સાથે એ અવધૂત તો અહિંસા અને પ્રેમથી પેલા હિંસક તાંત્રિકોને પણ પીગળાવવા, બદલવા ગયા હતા પરંતુ તે થંભ્યા નહીં...

તેમને આમ ભાગી ગયા જાણીને આ ઘટનામાં હિંસા પર સાચી શુદ્ધ અહિંસાનો વિજય જોવાને બદલે કોઈ 'ચમત્કાર' જોઈને પેલા મેલી વિદ્યાના ઉપાસકો, ચોર-લુંટારાઓ અને દારૂડિયાઓ પણ આ સ્થાનો છોડીને ચાલ્યાં ગયાં. આખરે આ 'લાતોના ભૂત વાતોથી શે માને?' ક્યાંક ચમત્કાર શોધ્યા વિના એમને જંપ નહીં, ત્યાં જ એ 'નમસ્કાર' કરે!

કોઈ કોઈ સાધકોને અવાવરુ ગુફાઓમાં અશાંત ભટકતા પ્રેતાત્માઓનો અનુભવ થતાં શ્રી ભદ્રમુનિજીએ એ ગુફાઓમાં જઈને એ આત્માઓને પણ શાંત કરીને તેમના અસ્તિત્વ અને આંદોલનોથી ગુફાઓને મુક્ત અને શુદ્ધ કરી.

હવે રહ્યાં હતા હિંસક પ્રાણીઓ, શ્રીમદ્ રાજચંદ્રજીના જ અનુભૂત અને 'અપૂર્વ અવસર'માં વર્ણિત એવા આ 'પરમ મિત્રો' પરિચય ભદ્રમુનિજી આ ધરતી પર આવ્યા એ અગાઉ અન્ય વનો-ગુફાઓમાં કરી ચૂક્યા હતા. શ્રીમદ્‌ની ભાવના સતત તેમની સમીપે હતી :

''એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો, અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો! અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?''

વીસેક વર્ષ અગાઉ અહીં સરકસમાંથી છૂટી ગયેલો કેશરી સિંહ ક્વચિત્ દેખાતો. ધોળે દિવસે વાઘના દર્શન થતા, જ્યારે ચિત્તાઓ તો કૂતરાની માફક ટોળે ટોળે ફરતા દેખાતા હતા! એમ અહીં હિંસક પ્રાણીઓ અવશ્ય હતા. જે નીરવ, નિર્જન ગુફામાં સાધના કરવાનો આ એકાકી અવધૂતને ઉલ્લાસ ઉદ્‌ભવી રહ્યો હતો તેમાં પણ એક ચિત્તાનો વાસ હતો, પણ તેમણે નિર્ભયપણે ચિત્તાને મિત્ર માની ત્યાં જ નિવાસ કર્યો અને '**अहिंसा प्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः**' એ પાતંજલ યોગસૂત્રના ન્યાયે અહિંસક યોગીની સમીપે આ હિંસક મિત્ર વેર ત્યાગ કરીને રહ્યો અને પછી અન્યત્ર ચાલ્યો ગયો. ત્યારથી માંડીને આશ્રમ સર્જાયો ત્યાં સુધી અને તે પછી આજ સુધી એ ગુફા જ વર્તમાન ગુફામંદિરની 'અંતર્ગુફા' તરીકે અવધૂત શ્રી ભદ્રમુનિનું એકાંત સાધનાસ્થાન રહેલ છે. એ જ ગુફામાં ૧૬ ફૂટનો 'મણિધર' નાગ રહેતો હતો. રાત્રે અનેક વ્યક્તિઓએ એને જોયો છે. જે છેલ્લાં થોડાં વર્ષથી અદશ્ય થયો સાંભળ્યો છે.

આમ તેમણે આ પ્રાચીન સાધનાભૂમિમાં અહિંસાની પુનઃપ્રતિષ્ઠા કરીને હિંસક મનુષ્યો, પશુઓ અને પ્રેતાત્માઓથી એને મુક્ત, શુદ્ધ અને નિર્ભય કરીને અનેક સાધકો સારુ સાધનાયોગ બનાવી. આજે ત્યાં જુદી જુદી ગુફાઓ અને એકાકી ઉપત્યકાવાસોમાં થોડા સાધકો નિર્ભયપણે એકાકી સાધના કરી રહ્યાં છે. ચાલો, તેમાંના થોડાકનો પરિચય કરીએ.

## મેં જોયા એ સાધકોને

અહીં વિભિન્ન પ્રાંતોના કેટલાક સાધકો કાયમી રહે છે અને હજારો પ્રતિવર્ષ યથાવકાશે લાભ લેવા આવજા કરે છે. પર્યટકો તો પ્રતિવર્ષ લાખોની સંખ્યામાં આશ્રમની મુલાકાત લેતા રહે છે. સ્થાયી સાધકો પૈકી ત્રણેક વ્યક્તિઓની મારા પર જે છાપ પડી તેનું સ્વલ્પ વર્ણન કરું છું.

ખેંગારબાપા :- એંશી વર્ષનું અડીખમ 'કોઠી' જેવું શરીર, ગોળ-મટોળ ને તગતગતા તોલાવાળો ભવ્ય ચહેરો, મોટી મોટી આંખો, વસ્ત્રોમાં અર્ધી બાંયના ખમીસ અને ચડ્ડી ધારણ કરેલા આ છે ખેંગારબાપા. ચાલતા હોય ત્યારે લાગે ડોલતો-ડોલતો સ્થિર મક્કમ પગલે ચાલી રહેલો જાણે કોઈ ચાવી દીધેલો 'યંત્રમાનવ' અને પદ્માસન લગાવીને ધ્યાનમાં બેઠા હોય ત્યારે પહાડનો કોઈ એકલ, અડગ, પાષાણખંડ!

મૂળ કચ્છના, વસેલા મદ્રાસમાં, ઝવેરાતનો ધંધો ધીકતો ચાલે. હીરાને પારખતાં પારખતાં 'માંહ્યલા હીરાને' - આતમરામને - પરખવાના કોડ જાગ્યા. ગુફાઓના સાદ સંભળાયા. સંસારપ્રવૃત્તિથી પરવારવાનો સમય તો ક્યારનોય થઈ ગયો હતો, સદ્ગુરૂની શોધમાં ભારત ભ્રમણ કરીને રૂા.૨૫ હજાર ખર્ચી ચૂક્યા બાદ કોઈ ધન્યપળે આ સૂઝી ગયું અને વધુ મોડું ન કરતા અહીં આવીને પદ્માસન લગાડીને બેઠા... એક એક કરતા સાત વર્ષ વીતી ગયાં, પણ તેઓ ખસ્યા નથી. દેહ અહીં જ પાડવા અને સમાધિમરણ પામવા ઈચ્છે છે.

ખેંગારબાપાએ સાધનામાં ઠીક ઠીક પ્રગતિ કરી છે તેમ તેમના લક્ષણો કહે છે. પરોપકારની ભાવનાથી ભરેલું તેમનું ભોળું દિલ છે. ખપ પૂરતી જ વાતો કરે. બાકી મૌન રહે. અન્યની વાતો ચાલતી હોય ત્યારે એ સાંભળવી હોય તો જ સાંભળે. ન સાંભળવી હોય તો સૌની વચ્ચે બેઠા બેઠા પણ સજગ આંતર-ધ્યાનમાં ડૂબી જાય ને તેમનો તાર માંહ્યલા આતમરામ સાથે જોડાઈ જાય! બહારના વ્યવહારોમાં જાણે સૌની સાથે સાક્ષી પૂરાવતા લાગે, પણ અંદરથી તો પોતાનામાં જ એકરૂપ થઈ ગયેલાં હોય. વધુ સમય પોતાની એકાંત ઉપત્યકામાં ગાળે છે - એકાકીપણે. 'નિજભાવમાં વહેતી વૃત્તિ'વાળી ઉચ્ચ સાધનાની પ્રતીતિરૂપે તેમને દિવ્ય વાજિંત્રોના અનાહત નાદ ને ઘંટારવ સતત સંભળાતા રહે છે. આશ્રમમાં ધ્યાન અને ભક્તિનો સામુદાયિક કાર્યક્રમ ચાલતો હોય ત્યારે પદ્માસન લગાવીને એક બાજુ સ્તંભની જેમ દ્રઢપણે બેઠેલાં અને નિજાનંદની મસ્તીમાં ડોલી રહેલા ખેંગારબાપાને નિહાળવા એ પણ એક અનુમોદના કરવા યોગ્ય લ્હાવો છે. ભારે આલ્હાદ દેનારું એ દશ્ય હોય છે. મને તો એમના દર્શને ખૂબ પ્રમુદિત કર્યો!!

હા, રાત્રિના અંધકારમાં ખેંગારબાપા જો એકલા મળે તો તેમનાથી અપરિચિત જોનારા ડરી જાય ખરા!!!

અજબ સાધક આત્મારામ :- બીજા સાધક છે 'આત્મારામ'. શરીરે હૃષ્ટપુષ્ટ અને રંગે શ્વેત-શ્યામ! ના, એ કોઈ માનવ નથી, શ્વાન છે. નિમકહલાલ છતાં આશા-ધારી ગણીને માણસ જેને પ્રાયે હડધૂત કરતો આવ્યો છે એવો એ કૂતરો છે! કોઈને થાય કે, શું કૂતરો પણ સાધક હોઈ શકે! તો કહેવું પડે કે, હા હોઈ શકે : આ કાળા-ધોળા, આંખોથી ઉદાસીન દેખાતા અને જગતથી બેપરવા જણાતા 'કૂતરા'ની ચેષ્ટાઓ જોઈને આ માનવું જ પડે. ભલે પછી તેના પૂર્વ-સંસ્કારોની વાત પૂર્વજન્મ વિશે સાશંક લોકો ન માને!... આખરે જાગેલા આત્માને દેહના ભેદ ક્યાં વચ્ચે આવે છે? અને સર્વત્ર અભેદ જોનાર, દેહ-પડળોને ભેદીને આત્માને જ જોનાર, ઉપલા ચામડાને ક્યાં જુએ છે? 'શ્વાને ચ, શ્વપાકે ચ' જેવા શબ્દો ટાંકીને 'ગીતા' જેવા ધર્મગ્રંથો, 'આત્મદર્શી સર્વભૂતોને આત્મવત્ નિહાળે છે' - એવો સંકેત કરે જ છે! પરંતુ 'આત્મા'ને જ નહીં અનુભવનારા - નહીં માનનારા ને પોતાની પોતે જ શંકા કરનારા, શ્રીમદ્‌ના 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ના શબ્દોમાં કહીએ તો -

'આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;<br>
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ.'

એ કથનાનુસાર પોતાના આત્માના અસ્તિત્વ વિષે પોતે જ શંકા સેવનારા શંકિત લોકો પૂર્વસંસ્કારની વાત વિષે શંકા કરે તેમાં આશ્ચર્ય થોડું જ છે? ... પરંતુ તેમનેય વિચાર કરતા કરી મૂકે એવો જાણવા જેવો આ 'આત્મારામ'નો પૂર્વ ઈતિહાસ અને વર્તમાન વ્યવહાર છે.

'રત્નકૂટ'ની સામે નદીપાર જ એક ગામમાં તેનો જન્મ થયેલો. જન્મ સમયે કોઈ ધર્માચાર્યે કહેલું કે આ યોગભ્રષ્ટ થયેલો પૂર્વનો યોગી છે અને અત્યારે શ્વાન-રૂપે જન્મતા પહેલાં તે ગતજન્મે 'રત્નકૂટ' પરની એક ગુફામાં સાધના કરતો હતો!

આ વાતની ખાત્રી કરવા કોઈ એ તાજા જન્મેના નાના કુરકુરિયાને થોડા વર્ષ અગાઉ રત્નકૂટ પરના આ આશ્રમના ગુફામંદિર પાસે એકલું મૂકી ગયું. ભદ્રમુનિના સાધના-સ્થાન-શી અંદરની અંતર્ગુફામાં જ તેણે પણ ગત જન્મે સાધના કરેલી એનું (હજુ તો નજીકના જ ભૂતકાળનું) સ્મરણ તાજું થતાં રડવાને બદલે એ તો ખૂબ ગેલમાં આવી ગયું ને નાચી ઊઠ્યું! લાખ કરો પણ ત્યાંથી ખસે જ નહીં!! આશ્રમમાં રહેલાં માતાજી તેને કરુણાવશ દૂધ પાવા લાગ્યાં, તો દૂધ પણ નાના બાળકને સુવરાવીને ચમચીથી પાવામાં આવે તેમ પાઈએ તો જ પીએ!!

પછી તો માતાજીએ તેને પુત્રવત્ પાળી લીધું. થોડું મોટું થયા પછી આહાર પણ તે એકલા માતાજીના હાથે જ લે અને તે પણ દિગંબર ક્ષુલ્લક અવધૂત શ્રી ભદ્રમુનિજીની જેમ દિવસરાતમાં એક જ વખત, બપોરે! એક ભક્ત યોગીનું જ જાણે લક્ષણ!! (તે પછી ક્યારેય કશું ખાય નહીં. આજે પણ તે તેમજ કરે છે.) આહાર લીધા પછી ગુફામંદિરમાં અંતર્ગુફા પાસે જ એ બેસી રહે.

તેને 'આત્મારામ'નું નામ શ્રી ભદ્રમુનિએ આપ્યું છે. એ નામે બોલાવતાં તે દોડ્યો આવે છે, પણ પછી બધાંની સાથે બહુ ભળતો નથી. સૌની વચ્ચે હોવા છતાં એ અસંગ જેવો રહે છે અને તેની અપલક, ઉદાસ આંખો ગુફાની બહારના સામેના પહાડોની પેલે પાર દૂર દિગન્તે મંડાયેલી રહે છે. એને જોતાં જ જોનારને પ્રશ્ન થાય કે એ કયા મહાધ્યાનમાં કઈ મસ્તીમાં લીન હશે?... ગુફામંદિરમાં જ્યારે સામુદાયિક ધ્યાન અને ભક્તિ વગેરે યોજાય છે ત્યારે આત્મારામ પણ ધ્યાનસ્થ થઈને ત્યાં બેસી જાય છે, કલાકો સુધી ત્યાંથી ઊઠતો નથી!

તેના આવાં બધાં લક્ષણો પરથી સૌને પ્રતીતિ થઈ ગઈ છે કે એ પૂર્વનો, અહીં જ યોગ સાધેલો એવો ભ્રષ્ટ યોગી જ છે અને આમ અહીં જ પોતાનું નિર્ધારિત આયુષ્ય પૂરું કરી રહેલ છે.

આત્મારામની એક વિચિત્ર આદત છે. આદત નહીં, કોઈ ઉકેલવા જેવી શ્રૃંખલાપૂર્ણ સમસ્યા છે, કોઈ સંવેદનાપૂર્ણ પૂર્વસંસ્કારજન્ય ચેષ્ટા છે કે (આશ્રમ સર્વ ધર્મના સાધકો માટે અભેદભાવે ખુલ્લો હોવા છતાં) આશ્રમમાં જ્યારે કોઈ જન્મે અજૈન વ્યક્તિ કે સાધક આવે છે ત્યારે તેને ઓળખીને અનેકની વચ્ચેથી પકડી લે છે અને તેના કપડાં પકડી રાખી ઊભો રહે છે! જો કે તે ન તો તેને કરડે છે, ન કશી ઈજા કરે છે. પરંતુ જ્યાં સુધી કોઈ આશ્રમવાસી ન આવે ત્યાં સુધી તેને તે ખસવા દેતો નથી! અનેકના સમૂહમાંથી જૈન-અજૈનને તે કેમ તારવી લે છે? એ સૌને મન રહસ્ય ને આશ્ચર્યનો વિષય બની રહે છે. આનું કારણ શોધતાં એમ જાણવા મળે છે કે પૂર્વ જન્મમાં તેની સાધનામાં અજૈનોએ કોઈ પ્રકારના વિક્ષેપો નાંખ્યા છે, અને તે અંગેના પ્રતિભાવના સંસ્કાર તેનામાં રહી ગયા છે તેથી આમ કરે છે. ગમે તેમ હો, તેની 'પરખીને તારવી લેવાની ચેષ્ટા' તેની સંસ્કારશક્તિની અને તેની 'નહીં કરડવા કે ઈજા નહીં પહોંચાડવાની અહિંસા વૃત્તિ ને જાગૃતિ' તેની યોગી-દશાની પ્રતીતિ કરાવે છે.

આખરે જાગેલો આત્મા પ્રારબ્ધયોગના ઉદયે ગમે તે દેહ ધરીને આયુષ્ય પૂરું કરી રહેલ હોય, તેના જાગૃતિસૂચક સંસ્કારો જતાં નથી. એ જ તેની અધૂરી સાધના પણ નિરર્થક નથી ગઈ તેનું સૂચક છે અને સાધનામાં દેહ કરતાં અંતરની સ્થિતિ મહત્ત્વપૂર્ણ હોઈને આ કૂતરા ભગવાનનું 'આત્મારામ' નામ અને આ ભૂમિ પર તેનું સાધક તરીકેનું હોવું સાર્થક કરે છે.

### દેવોના યે વંદનીય માતાજી

ત્રીજા સાધકની ભૂમિકા વળી ભિન્ન જ છે. ભારે ઊંચી છે. ભક્તિના અવસરે એનો પ્રત્યક્ષ પરિચય સૌ કોઈને થાય છે.

પૂર્ણિમાની રાત્રિ છે. દૂર દૂરથી આશ્રમે આવેલા યાત્રિકો અને સ્થાયી સાધકો-ભક્તો સૌનો ગુફામંદિરમા મેળો જામ્યો છે. સારુંયે ગુફામંદિર એક બાજુ માતાઓ અને બીજી બાજુ પુરુષોથી ખીચોખીચ ભરાઈ ગયું છે. બે બાજુએ ચોકીદાર-શા અડીખમ બેઠા છે ખેંગારબાપા અને આત્મારામ. સહજાનંદઘનજી-ભદ્રમુનિ અંતર્ગુફામાં છે, પરંતુ સમૂહમાં ભક્તિની મસ્તી જામતાં જ તેઓ પણ સૌની વચ્ચે આવીને સામેના ચૈત્યાલય અને શ્રીમદ્ રાજચંદ્રજીની પ્રતિમા પાસે બેસે છે ને દેહ-ભિન્નતા જન્માવતી - દેહભાન ભૂલાવતી - ભક્તિમાં ભળે છે.

મંદમંદ, ધીરા વાદ્યસ્વરો સાથે ધીમે ધીમે ભક્તિ જામતી જાય છે. બાર-એક વાગતા સુધીમાં એ પરાકાષ્ઠાએ પહોંચે છે... ગુફામંદિરમાંથી સારાયે સમૂહના એકી સ્વરે ઘોષ ઊઠે છેઃ 'સહજાત્મક સ્વરૂપ, પરમગુરુ'. 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન' કરાવનાર, આત્મા-પરમાત્માની એકતા સાધનારા આ ભક્તિઘોષના પ્રતિઘોષ આજુબાજુની કંદરાઓમાં ગુંજી ઊઠે છે અને ચોમેર રેલાયેલી ચાંદની ને છવાયેલી શાંતિની વચ્ચેની આ અદ્ભુત ગિરિસૃષ્ટિ દિવ્ય સૃષ્ટિમાં રૂપાંતર પામી રહે છે - સ્વર્ગથીયે સુંદર ને સમુન્નત! આખરે સ્વર્ગની એ ભોગભૂમિમાં આ યોગભૂમિ જેવો પરમ વિશુદ્ધ આનંદ દુર્લભ છે, અને એટલે, સ્વર્ગ દેવતાઓ અહીં નજર માંડે છે...

એમને આકર્ષક આ 'રત્નકૂટ'ના ગુફા મંદિરમાં એકત્ર મળેલાં સૌ સાધકો ભક્તિમાં દેહભાન ભૂલીને આત્મા-પરમાત્માની અખંડ એક્તારતા અનુભવતા લીન બની ગયાં છે. એ સૌમાં યે સાવ નિરાળા છે - પવિત્ર ઓજસથી દીપતા, પરાભક્તિની મસ્તીમાં ડોલતા, આધેડ ઉંમરના ભલા-ભોળા 'માતાજી'!! તેમની ભક્તિની અખંડ મસ્તી એવી તો જામે છે કે તેમનું સ્નિગ્ધ અંતર-ગાન સાંભળવા અને નિજાનંદનું ડોલન નિહાળવા પેલા સ્વર્ગના દેવગણો પણ આખરે સાક્ષાત્ નીચે ઊતરી આવે છે!!

ખૂબી તો એ છે કે માતાજીને તેની જાણ કે પરવા નથી! દૃષ્ટિથી ગોચર સૌને નહીં થવા છતાં પોતાની ઉપસ્થિતિની તો આ દેવતાઓ સૌને પ્રતીતિ કરાવે છે. માતાજીની ભક્તિથી આનંદ પામતા, ધન્ય થતા, તેને અનુમોદતા તેઓ તેમના પર ખોબા ભરીને સુગંધિત 'વાસક્ષેપ' નાખે છે! એ પીળા, અપાર્થિવ દ્રવ્યને ત્યાં ઉપસ્થિત સૌ કોઈ નરી આંખે નિહાળી શકે છે. પ્રગટપણે સ્પર્શીને સૂંઘી શકે છે..!! ના, આ કોઈ જાદુઈ, અસંભવ, અતિશયોક્તિપૂર્ણ યા પરીકથાની 'કલ્પના' નથી, આશ્ચર્યપ્રદ છતાંય પ્રતીતિ કરી શકાય તેવી 'નક્કર હકીકત' છે. 'ચમત્કાર' કહો તો 'શુદ્ધ ભક્તિની શક્તિનો ચમત્કાર' છે અને કોઈએ કહ્યું છે તેમ-

જગતમાં ચમત્કારોની અછત નથી,<br>અછત છે આંખની કે જે એ જોઈ શકે!

એવી 'આંખ', એવી 'દૃષ્ટિ' ન હોય અને ચૈતન્ય-સત્તાની ચમત્કૃતિ દૃષ્ટિગોચર ન થઈ શકે તો એમાં દોષ કોનો? પેલા સૂફી ફકીરે પણ આ જ કહ્યું છે -

'નૂર ઉસકા, જુહુર ઉસકા, અગર તુમ ન દેખો તો કુસૂર કિસકા?'

એવી 'દૃષ્ટિ' છે ભક્તિ, વિશુદ્ધ ભક્તિ, એના વડે ચૈતન્ય-

સત્તાની ચમત્કૃતિ જોઈ જ નહીં, 'અનુભવી' 'પામી'ને 'બની' પણ શકાય છે! ભક્તિ વડે આત્મા પોતાથી પરમાત્મા સુધીનું અંતર પલવારમાં પાર કરી શકે છે. આવી પરાભક્તિને માણવા દેવો કેમ ન ઊતરી આવે?

યાદ આવે છે ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરનું 'ગીતાંજલી'માંનું એક અદ્‌ભુત કાવ્ય, જેનો ભાવ છે - 'એક ગીત.. માત્ર એક જ ગીત એવું ગવાય અંતરથી કે નીચે ઊતરી આવે રાજાઓનો રાજા - એને સાંભળવા!'

આ જ વાત અહીં અનુભવાતી હતી - સ્પષ્ટ, સાક્ષાત્ રાજાઓના રાજા જેવા દેવોને પણ ઉપરથી નીચે ખેંચી લાવતી આ ભક્તિની આમાં પરાકાષ્ઠા હતી. માતાજીના આવી ભક્તિને - તેમના ભક્તિ સ્વરૂપને - 'વાસક્ષેપ' દ્વારા વેદી, અભિનંદી, અનુમોદીને દેવતાઓ વિદાય થાય છે.

માતાજીની આ ઉચ્ચ ભૂમિકાવાળી પરાભક્તિનો પરિચય પામીને અમે પણ એનો કિંચિત્ સંસ્પર્શ પામતા, ધન્ય થતા, તેમને પ્રણમી રહ્યા.

માતાજી ભદ્રમુનિજીના પૂર્વાશ્રમના - સંસારપક્ષના - કાકીબા, સાધના માટે, ગુફાઓને સાદ તેમને પણ સંભળાતાં, વર્ષો થયા અહીં આવીને તેઓ એક ગુફામાં સાધનારત રહે છે. સ્વામીશ્રીના સાદા-લૂખા આહારની સેવાનો લાભ પણ તેઓ જ લે છે અને વિશેષમાં આશ્રમમાં આવતાં બહેનો અને ભક્તો માટે છત્રછાયા-સમા બની રહે છે.

આ સિવાય પણ બીજા યુવાન અને વૃદ્ધ, નિકટના અને દૂરના જૈન-જૈનેતર-સર્વપ્રકારના-આશ્રમવાસીઓ અહીં રહે છે. સૌ એકબીજાથી ભિન્ન અને નિરનિરાળા, અંદરથી તેમજ બહારથી!

મેં જોયાં એ સૌ સાધકોને - સૃષ્ટિની વિવિધતા ને વિધિની વિચિત્રતાના, કર્મની વિશેષતા ને ધર્મધર્મની સાર્થકતાના પ્રતીક-શા, અને છતાં એક આત્મલક્ષ્યના ગંતવ્ય ભણી જઈ રહેલાં! તેમને જોઈને મારા સ્મૃતિ-પટે ઊપસી આવ્યું શ્રીમદ્‌નું વાક્ય -

'જાતિ વેશનો ભેદ નહીં, કહ્યો માર્ગ જો હોય!'

## એ અવધૂતની અંતર્ગુફામાં

ઉક્ત 'કહ્યો માર્ગ' બન્ને છેડાની આત્યંતિકતાથી મુક્ત એવો સ્વાત્મદર્શનનો સમન્વય, સંતુલન ને સંવાદપૂર્ણ સાધનાપથ છે : 'નિશ્ચય' અને 'વ્યવહાર', આચાર અને વિચાર, સાધન અને ચિંતન, ભક્તિ અને ધ્યાન, જ્ઞાન અને ક્રિયા - એ સૌને સાંધનારો. શ્રીમદ્‌ના જ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'માંના આ શબ્દો એ સ્પષ્ટ કરે છે :-

'નિશ્ચયવાણી સાંભળી સાધન તજવાં નો'ય
નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવાં સોય...'

નિશ્ચયને, આત્માવસ્થાને લક્ષ્યમાં રાખીને ભૂમિકાભેદે વિવિધ સાધનામાં જોડતા શ્રીમદ્‌ના આ સાધનાપથને જ શ્રી સહજાનંદઘન-ભદ્રમુનિજી આ આશ્રમમાં પ્રવર્તાવી પ્રશસ્ત કરી રહ્યાં છે.

તેઓ સ્વયં આ સંતુલનપૂર્ણ સાધનાને અનુસરે છે. વીતરાગ-પ્રણીત સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રની આ ત્રિવિધ રત્નમયી સાધના તેમણે શ્વેતાંબર જૈન મુનિમાંથી એકાંતવાસી અને દિગંબર ક્ષુલ્લક બન્યા પછીયે ચાલુ રાખી છે. જ્ઞાન અને ક્રિયા - બન્નેને તેમણે યથોચિત જાળવ્યા છે, સાધ્યા છે. ભક્તિનું પણ તેમાં સ્થાન છે. આ બધાથી આગળ તેમની ધ્યાનની ભૂમિકા છે. તે સતત, સહજ ને સમગ્રપણે સાધવા તેઓશ્રી સાધનારત છે. 'કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન...' આત્માવસ્થાનું આ સહજ સ્વરૂપ તેમનું ધ્રુવબિંદુ છે. તે સાધવામાં શ્રીમદ્‌નો આધાર તેમને સર્વાધિક ઉપકારક અને ઉપાદેય પ્રતીત થયો છે. એ મુજબ તેમના આત્મભાવની જાગૃતિપૂર્વકના દેહ-પ્રવર્તન, સાહજિક તપશ્ચર્યા અને સમગ્રસાધનાના નીતિનિયમાદિ બરાબર સહજભાવે ચાલુ રહે છે. એક દિગંબર ક્ષુલ્લકને કલ્પે એ રીતે તેઓશ્રી ચોવીસ કલાકમાં એક વખત જ ભોજન અને પાણી લે છે. ભોજનમાં સાકર, તેલ, મરચાં, મસાલા, નમક ઈત્યાદિ વગરનો ચોક્કસ અભિગ્રહપૂર્વકનો જ આહાર હોય છે. આ લીધાં પછી વચ્ચે ક્યારેય આહાર કે પાણી સુદ્ધાં લેતા નથી... અમુક સાધકોને માર્ગદર્શન આપવા કે સત્સંગ-સ્વાધ્યાય-ધ્યાન ભક્તિની સામુદાયિક સાધના અર્થે બહાર આવવા સિવાય લગભગ પોતાની અંતર્ગુફામાં જ તેઓશ્રી રહે છે. સાંજના સાત પછી તો એ ગુફાના દ્વાર બંધ થાય છે. તેઓ એકાંતમાં ઊતરી જાય છે ને કેવળ આ 'રત્નકૂટ' પરની સ્થૂળ અંતર્ગુફાના જ એકાંતમાં નહીં, રત્નમય આત્મસ્વરૂપની સૂક્ષ્મ અંતર્ગુફામાં ઊંડે ઊંડે તેમનો પ્રવેશ થાય છે...

મને તેમની બહિર્સાધના, બહિર્ગુફા અને બહિર્દર્શન પામવા - જોવાનો લાભ મળ્યો હતો, પરંતુ તેટલાથી મને સંતોષ ન હતો... મારે તેમની સ્થૂળ અંતર્ગુફા જોવાની પણ ઉત્સુકતા હતી અને સૂક્ષ્મ અંતર્સાધના જાણવા-સમજવાની પણ! સદ્‌ભાગી હતો કે, શરદપૂર્ણિમાની ચાંદની રાતે એ ગુફા મંદિરના સામુદાયિક ભક્તિ કાર્યક્રમમાં જિનપ્રતિમા અને શ્રીમદ્‌ની શ્વેત આરસ પ્રતિમા સન્મુખ મારી સિતારના તાર પણ રણઝણીને ગુંજી ઊઠ્યાં. અહીંના દિવ્ય વાતાવરણમાં કોઈ અજબ આનંદ માણતો હું સિતારની સાથે સાથે અંતરના પણ તાર છેડી રહ્યો હતો... મસ્તવિદેહી આનંદઘનજી અને પરમ કૃપાળુ સહજાત્મયોગી શ્રીમદ્ રાજચંદ્રજીના પદો એક પછી એક અંતરમાં ઊંડેથી ઘૂંટાઈ ઘૂંટાઈને પ્રગટવા લાગ્યા : ને 'અવધૂ! ક્યા માગુ, ગુન હીના?' અને 'અબ હમ અમર ભયે ન મરેંગે' ગાંઉ ન ગાઉ ત્યાં તો અવધૂત ભદ્રમુનિજી પોતાની અંતર્ગુફામાંથી બહાર આવ્યાં અને સામે આવી બેઠા : હું ઓર પ્રમુદિત થયો. *(ક્રમશઃ)*

❑❑❑

૧૨, કેમ્બ્રિજ રોડ, અલ્સૂર, બેંગલોર - ૫૬૦૦૦૮.
મો. ૮૦૬૫૯૫૩૪૪૦

# જ્ઞાન-સંવાદ

## ડૉ. અભય દોશી

**પ્રશ્ન પૂછનાર : મલય ગૌતમભાઈ બાવીશી**

**ઉત્તર આપનાર : વિદ્વાન પંડિત ડૉ. અભય દોશી**

**પ્રશ્ન ૧ :** શાશ્વતુ તીર્થમાં શત્રુંજય ના શ્રી સુર્ધમા ગણધરે રચેલ મહાકાલમાં ૧૦૮ નામો ઉપલબ્ધ છે. તેવી જ રીતે શ્રી ગિરનારના પણ ૧૦૮ નામો શાસ્ત્રોમા ઉપલબ્ધ છે. તેમા મુખ્યત્વે ચાર નામો મારા ધ્યાનમા છે. તેમ ઢંકગીરી, કંદબગિરિ, તાલધ્વજગિરિ, હસ્તગિરિ, શૌતગિરિ તેની વિગતો પ્રમાણે –

ઢંકગિરિ : ધોરાજી પાસે ઓસામ પહાડ તરીકે ઓળખાય છે.

કંદબગિરિ : જ્યા યાત્રાળુઓ જાય છે.

તાલધ્વજગિરિ : તળાજા તીર્થ

હસ્તગિરિ : જ્યા યાત્રાળુઓ જાય છે

શ્વૈતગિરિ : ગીરનાર મહાતીર્થ

બાકીના જે નામો છે તેનું કોઈ અસ્તિત્વ પૃથ્વી ઉપર ખરૂં કે નહી? અને ન હોય તો તે ગિરિ ના નામો કઈ રીતે પડ્યા. તે માટે પ્રકાશ પાડશોજી.

**ઉત્તર :** શાશ્વત તીર્થ શ્રી શત્રુંજયમાં ૧૦૮ નામો ઉપલબ્ધ થાય છે. એમાંના કેટલાક નામો શિખરવાચક છે, તો કેટલાક નામો તીર્થનો મહિમા દર્શાવનારા ગુણવાચક છે. આપ જણાવો છો કે ચાર નામ આપના ધ્યાનમાં છે, એમ કહી આપશ્રીએ પ્રશ્નમાં પાંચ નામોને નિર્દેશ કર્યો છે. વાસ્તવમાં ગિરિરાજ એક પર્વતમાળારૂપ ૧૦૮ શિખરો ધરાવતો હતો. આ શિખરોમાં વાસ્તવમાં અત્યારે પંડિત વીરવિજયજીની નવ્વાણુપ્રકારની પૂજાને આધારે પાંચ શિખરો જીવંત છે, એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

'ઢંક કદંબ કોડિનિવાસો, લોહિતને તાલધ્વજ સુર ગાવે.'

આમાં હસ્તગિરિ તેમ જ રૈવતગિરિનો ઉલ્લેખ નથી. કોડિનિવાસ (આદિનાથદાદાનું મૂળ શિખર) અને લોહિત (નવટૂંકનું શિખર) હોઈ શકે. કવિએ હસ્તગિરિનો ઉલ્લેખ નથી કર્યો, કદાચ વર્તમાન જીર્ણોદ્ધાર પૂર્વે પં. વીરવિજયજીના સમયમાં યાત્રા ખૂબ કઠિન હોવાથી ઉલ્લેખ ન થયો હોય.

ઢંક એટલે ઢાંકનો પર્વત સ્પષ્ટ છે. આ પર્વત પર આજે પણ જૈન ગુફાઓ આવેલી છે. ઓભમનું પહાડ એ આ ૧૦૮માનું અન્ય શિખર (કેટલુક અને લોહિતગીર) હોઈ શકે. એ પર્વત પણ પ્રાચીન સાધનાના પરમાણુઓથી યુક્ત છે. પરંતુ, હાલમાં ઓસમના પહાડને ઢંકગિરિ તરીકે ઓળખાવવાની વ્યવહાર ચાલ્યો એ યોગ્ય નથી. રાજકોટ જિલ્લાના ઉપલેટા પાસે આવેલ ઢાંક પહાડ પર આદિનાથ, શાંતિનાથ અને શ્રી શાંતિનાથની મૂર્તિઓ મળે છે. અહીં અંબિકાયક્ષીની મૂર્તિ મળે છે. હસમુખ સાંકળિયાએ ઈશુની ત્રીજી સદી બાદની આ મૂર્તિઓ હોવાનું નોંધ્યું છે. આમ પ્રાચીનકાળની ઢાંકનો પહાડ જૈન તીર્થ તરીકે પ્રસિદ્ધ છે.

(સંદર્ભ – આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા, વડોદરા સર્કલ. Aspect of Jaina Art of Architecture M.A. Dhaky, Gujarat state Committee for the celebration of 2500th Anniversary of Bhagvan Mahavira)

આ જ ઢાંક પરથી આવેલી ઢાંકી અટકવાળા મધુસુદનભાઈ જૈન ઈતિહાસના મોટા સંશોધક અને મંદિર સ્થાપત્યના જાણકાર હતા.

આ પાંચ શિખરો જીવંત છે, એમ કહેવાયું છે. બાકીના શિખરો કાળના પ્રભાવથી લુપ્ત થયા હોય કે નામાંતર સાથે અસ્તિત્વ ધરાવતા હોય. દા.ત. સિહોરમાં સિહોરીમાતાજીનું મંદિર પહાડી પર છે. શાસન સમ્રાટ આચાર્યદેવશ્રી નેમિસૂરીશ્વરજી મહારાજે ત્યાંની મુલાકાત લીધી, અને શીલાલેખ આદિ વાંચ્યો, તો જણાયું કે આ મરૂદેવીમાતાનું મદિર છે, અને શાસ્ત્રોના વર્ણવાયેલ 'મરૂદેવા' શિખર તે આ જ શિખર હોવું જોઈએ. સંઘને આ મંદિરનો વહીવટ સંભાળવા પ્રેરણા પણ કરી, પરંતુ દુર્ભાગ્યે એ પ્રેરણા સંભળાઈ નહિ. આજે સિહોરીમાતાજીનું મંદિર હિંદુ લોકો માટે આસ્થાનું કેન્દ્ર છે.

મૂળ સિહોરના અને પછીથી નેમિસૂરિ સમુદાયમાં દીક્ષિત થયેલા વર્તમાનગચ્છનાયક હેમચંદ્રસૂરિશ્વરજીના શિષ્ય મુનિ દર્શનવિજયજીની પણ પ્રબળ ભાવના હતી કે, સિહોરમાં મૂળ મરૂદેવી માતાનું જિનાલય હતું, તે પુનઃ એ જ પર્વત પાસે સ્થાપિત થાય. પરંતુ ત્યાં જગ્યા પ્રાપ્ત ન થતાં છેવટે સ્ટેશન પાસે ભવ્ય 'મરૂદેવા પ્રસાદ'નું નિર્માણ થયું અને તેની પ્રતિષ્ઠા પ.પૂ. આચાર્યદેવશ્રી મેરૂપ્રભસૂરિ આદિ મુનિમંડળની નિશ્રામાં થઈ હતી.

આજ સિહોરમાં 'સાતફેરી' નામે એક શિખર અસ્તિત્વ ધરાવે છે. જાણકારોનો મત છે કે આ 'સાતફેરી' તે 'શાંતિફેરી' નામનું શિખર છે. શાંતિનાથ ભગવાન શત્રુંજય પર ચાતુર્માસ રહ્યા, ત્યારે તેમના પ્રભાવથી હિંસક સિંહ પણ પ્રતિબોધ પામ્યો હતો. આ સિંહ આયુષ્ય પૂર્ણ કરી દેવ થયો. તેને શત્રુંજય સમીપ 'સિંહપુર' (વર્તમાન સિહોર) વસાવ્યું અને એક પહાડ પર શાંતિનાથ ભગવાનનું દેરાસર બનાવ્યું. એ દેરાસર કાળના પ્રભાવે નષ્ટ થયું, પણ તેના અવશેષો પુરાતત્ત્વખાતાના કબજામાં છે. આ જિનાલયની સ્મૃતિમાં ગિરિરાજ પર વાઘણપોળ સમાજે શાંતિનાથ ભગવાનનું દેરાસર સ્થપાયું છે, એમ માનવામાં આવે છે. (સંદર્ભ – જુઓ પાઠશાળા લે. પ.પૂ. આચાર્યદેવશ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.સા.) સિહોરમાં સુખનાથ-મહાદેવની એક નાની ટેકરી છે, જ્યાંથી શત્રુંજય ગિરિરાજના સ્પષ્ટ દર્શન થાય છે. માટે ઘણા ભાવિકો આ દેરીની નવ્વાણુયાત્રા આદિ કરે છે. જેમ 'મરુદેવી' શિખરનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે, તેમ અન્ય

બે શિખરો પણ શત્રુંજય ગિરિરાજ શિખરો હોવા જોઈએ. આ જ રીતે અન્ય શિખરો પણ સમીપવર્તી વિસ્તારોમાં હોવા જોઈએ.

લોહિતનો અર્થ 'રાતો' એવો થાય છે. શત્રુંજયનું કોઈ શિખર. લાલમાટીથી સુશોભિત હોય, અને તેનું નામ લોહિત હોય, આ એક સંભાવના 'કોડિનિવાસ' ક્રોડી દેવતાની નિવાસભૂમિ-અનેક જિનપ્રતિમાઓથી વિભૂષિત હોવાથી મુખ્ય શિખરનું નામ હોવાનો સંભવ છે. પ.પૂ. આચાર્યદેવશ્રી શીલચંદ્રસૂરીશ્વરજી મહારાજે 'કોડિનિવાસ'થી 'કોડિનાર' હોવાની શકયતા વ્યક્ત કરી છે. 'લોહિત તે જ 'રોહીશાળા' એવો મત પણ વ્યક્ત થયો છે.

શત્રુંજય ગિરિરાજ સાથે આ અને આવી અનેક રસિક કથાઓ સંકળાયેલી છે. આ અને આવી બીજી અનેક આપણા શત્રુંજય ગિરીરાજ સંકળાયેલી સંશોધનાત્મક વિગતો અને રસમય પ્રસંગોને સાંભળવા ડૉ. અભય દોશી અને ડૉ. સેજલ શાહના સંયુક્ત ઉપક્રમે 'શત્રુંજયગિરિ નવટૂંક કથા'ની સંકલ્પના રજૂ કરાઈ છે. પ્રકારની કથાના આયોજન માટે રસ ધરાવતા લોકો ૯૮૯૨૬૭૮૨૭૮ સંપર્ક કરી શકે.

**પ્રશ્ન ૨ :** શ્રી શત્રુંજય ની ગાથા નીચે મુકેલ છે તેમાં જણાવ્યા મુજબ તે પ્રતિમાજી અત્યારે ક્યા બિરાજમાન હોય તે વૃક્ષ કયુ તે જગ્યા અત્યારે છે કે નહી?

**શ્રી સિધ્ધાચલજી મહાતીર્થ (શત્રુંજય)**

શ્રી શત્રુંજય તીર્થનો મહિમા :-

અહીં પૂર્વે શ્રી ભરતચક્રવર્તીએ જે મૂર્તિ મણિમય સ્થાપન કરેલ તે ઉતરતે કાલ જાણી દેવોએ કોઈ ગુફામાં ભંડારી દીધી. કહેવાય છે કે ચિલ્લણ તલાવડી નજીક દધિકાલ વૃક્ષની બાજુમાં અલખ્ખા દેવડીની સમીપ તે દિવાધિષ્ઠિત ગુફા છે. એ પ્રતિમાને જે નમસ્કાર કરે છે. તે એકાવતારી થાય છે. અઠ્ઠમ તપથી સંતુષ્ટ થઈ એક વાર એ દિવ્ય પ્રતિમાના દર્શન કરાવ્યા હતા. હાલ તો વાકુંઠ ભરીએ ઉદ્ધાર કરાવેલ મંદિર છે તેમાં કર્માશાએ ભરાવેલ આરસના ભવ્ય પ્રતિમાજી છે.

'વિદ્યાપ્રાભૂત' નામના પૂર્વમાં આ તીર્થના ૨૧ નામ આપેલા છે. આ તીર્થના સોળ ઉદ્ધાર તથા અનેક રાજવીઓએ કાઢેલા સંઘના વર્ણન જે પૂર્વે ટૂંકમાં આપેલા છે તે સર્વે આ તીર્થના મહિમાને વધારનારા છે.

પૂ. ધર્મઘોષસૂરિજીએ 'પ્રાકૃત કલ્પ'માં રાજા સંપ્રતિ, વિક્રમ, સાતવાહન વગેરે નૃપતિને પણ આ તીર્થના ઉદ્ધારક બતાવ્યા છે. જો કે સંપ્રતિરાજાની ભરાવેલી ચમત્કારી અસંખ્ય પ્રતિમા આ તીર્થ પર વિદ્યમાન છે. તે સિવાય બાહુબલ તથા મરૂદેવા માતાનું મંદિર પણ વિદ્યમાન છે.

'આ તીર્થની સ્તવના મહાવિદેહક્ષેત્રમાં સમ્યગ્દષ્ટિ જીવો કરે છે' એમ શક્રેન્દ્રે શ્રી કાલસૂરિજીએ કહ્યું, વળી તે પણ કહ્યું કે 'ભવિષ્યમાં કલ્કિનો પુત્ર મેઘઘોષરાજ અત્રે મરૂદેવી મંદિર તથા શાંતિનાથ મંદિરનો ઉદ્ધાર કરાવશે.'

જ્યારે તીર્થનું પ્રમાણ અલ્પ રહેશે વર્તમાન વીર શાસનનો ઉચ્છેદ થશે. ત્યારે પણ આ ગિરિરાજનું ઋષભકુટ (મુખ્ય શિખર) તો ભવિષ્યમાં થનાર પદ્મનાથ પ્રભુના શાસન કાળ સુધી દેવાથી પુજાતું રહેશે.

**ઉત્તર :** શ્રી ભરત ચક્રવર્તીએ ભરાવેલી પ્રાચીન સુવર્ણની ૫૦૦ ધનુષ્યપ્રમાણ દેદીપ્યમાન રત્નપ્રતિમા ચિલણતળાવડી સમીપ એક દધિફળ (કોઠા)ના ઝાડની બાજુમાં ગુફામાં રહેલી છે, એવી જનશ્રુતિ છે. વારંવાર છ ગાઉની યાત્રા કરનારા ભાવિકો સાથે વાત થઈ, પરંતુ આજે વર્તમાનકાળમાં ચિલણતળાવડીની આજુબાજુમાં ગુફા દષ્ટિગોચર થતી નથી, તેમ જ કોઠાનું ઝાડ દષ્ટિગોચર થતું નથી.

પ્રાચીન ગ્રંથોમાં અને સ્તવનાદિમાં કહેવાયું છે કે, અઠ્ઠમ કરી એકાગ્રતાપૂર્વક દાદાનું ધ્યાન ધરનારને આ સુવર્ણગુફાધિષ્ઠિત પ્રાચીન પ્રતિમાના દર્શન થાય છે. અત્યારે તેનું સ્થાન નિશ્ચિત કરી શકાયું નથી.

**પ્રશ્ન ૩:** શ્રી શત્રુંજય ની નીચે મુકેલી ગાથામાં જણાવ્યા મુજબ રાયણવૃક્ષની મહત્તા દર્શાવવામાં આવી છે તે વૃક્ષમાં ''રસકુપિકા'' છે તે અત્યારના સમયમાં કેવુ ઉત્કૃષ્ટ પૂન્યાનુબંધી પૂન્ય કરીએ તો તે રસકુપીકા મળે તે પણે ઉપલબ્ધ થાય કે નહી?

**રાયણવૃક્ષની મહત્તા :-**

શ્રી ઋષભદેવની પાદુકા વડે આ શાશ્વત રાયણવૃક્ષ શોભે છે. ત્યાં પવિત્ર રાયણની નીચે શ્રી ઋષભપ્રભુ પૂર્વ-નવાણું પર્યંત સમોસર્યા હતા. તેથી તે વૃક્ષ તીર્થની જેમ વંદનીય છે. તેના દરેક પત્ર, ફળાદિક કાંઈ પણ પ્રમાદથી તોડવા નહિ, જ્યારે કોઈ સંઘપતિ ભક્તિ ભરપૂર ચિત્તે પ્રદક્ષિણા કરે ત્યારે તે વૃક્ષ દૂધની ધારા વર્ષાવે તો તેનો ઉત્તરકાળ બન્ને લોકમાં સુખકારી થાય છે. સોનું, રૂપું, મુક્તાફળની વંદનાપૂર્વક જો તેની પૂજા કરવામાં આવે તો તે સ્વપ્નમાં આવી સર્વ શુભાશુભ કહી આપે છે. શાકિની, ભૂત, વેતાલ, રાક્ષસાદિક, જેને વળગ્યા હોય તે આવી રાયણનું પૂજન કરે તો તે દોષથી મુક્ત થાય છે. રોગશોક દૂર થાય છે. સ્વતઃ નીચે પડેલા પત્ર લઈ સાચવી રાખવા. તે આ ભવમાં અશ્વર્ય અને અનુક્રમે સિદ્ધગતિ આપે છે.

આ રાયણવૃક્ષની પશ્ચિમ તરફ એક દુર્લભ રસકૂપિકા છે. એના રસ માત્રથી લોખંડ મટીને સુવર્ણ થાય છે. જેણે અઠ્ઠમનો તપ કર્યો હોય અને દેવપૂજા, નમસ્કાર આદિ કરનાર વિરલપુરુષ જ એ રાયણના પ્રસાદથી એ રસકૂપિકાનો રસ મેળવી શકે છે.

એ વૃક્ષની નીચે સુરાસુરેન્દ્રોએ સેવેલ શ્રી યુગાદીશ પ્રભુની પાદુકા છે જે મહાસિદ્ધિને આપનારી છે. આ રાયણવૃક્ષની નીચેની પગલાંની દેરી નીચે ડાબી બાજુ મોર, કુકડો, વાઘ, સિંહના ચિત્ર છે. તેના દષ્ટાંત આ પ્રમાણે છે -

મયૂરદેવ :- ભગવાન અજિતનાથ શત્રુંજય પર ધર્મ - દેશના આપતા હતા. તે યોજનગામિની દેશનામાં હિંસાનો નિષેધ એ વિષયે એક મયૂરે સાંભળ્યો. અને હિંસાના કટુવિપાક સાંભળી તેણે હિંસા

છોડી તે પ્રભુ પાસે આવ્યો. પ્રભુને પ્રભુને તેનો આશય જાણી તેને અણસણ કરાવ્યું. તે વૃદ્ધ મયૂર શુભધ્યાને મૃત્યુ પામી દેવલોકમાં ગયો. મયૂર દેવે પોતાની સ્મૃતિ અર્થે રાયણવૃક્ષ નીચે મયૂરની મૂર્તિ કોતરાવી. તે મયૂર દેવ એકાવતારી થઈ મોક્ષે જશે.

સર્પ અને મોર - આ બન્નેનું પરસ્પર વેર છતાં એ સિદ્ધગિરિના પવિત્ર વાતાવરણથી તેઓ જન્મજાત વેર પણ વિસરી ગયા. કહ્યું છે કે -

પરમેષ્ઠી સુખપદ તે પણ પામે, જે કૃત કર્મ કઠોર;
પુંડરીકગિરિ પર પ્રત્યક્ષ પેખ્યો, મણિધરને એક મોર;
સુહગુરુ સન્મુખ વિધિએ સ્મરતાં, સફળ જન્મ સંસાર;
સો ભવિયાં ભત્તે ચોક્ખે ચિત્તે, નિત જપીએ નવકાર.
- નવકાર છંદ ગાથા ૧૫

પૂર્વભવના વેરવાળા જીવો એક સર્પ થયો, બીજો મોર થયો. યોગાનુયોગ સિદ્ધગિરિ પર બન્ને ભેગા થઈ ગયા. પૂર્વભવના વેર યાદ આવ્યાં. ભીષણ યુદ્ધ કરવા લાગ્યા. તે સમયે મહાજ્ઞાની લબ્ધિધારી એક મુનિ ત્યાં આવ્યા. તેમને બન્નેને તેમની ભાષામાં અહિંસાનો ઉપદેશ આપ્યો. બન્નેને પૂર્વભવ કહ્યો. પોતાના વેરનો વિપાક જોઈ શાંત થયા. ગિરિરાજનું શરણ સ્વીકાર્યું. અણસણ કર્યું. ગુરુમહારાજે બન્નેને ધર્મ સંભળાવી અણસણ કરાવ્યું. પરસ્પર ખમાવતા, મૈત્રીભાવનાને ધારણ કરતાં તેઓ (એકાવતારી) દેવલોકમાં ગયા, તે જીવો રાયણવૃક્ષ તળે બોધ પામ્યા તેથી તેમની અહીં મૂર્તિ છે. એ રીતે જન્મજાત વરવાળા વાઘ અને સિંહ પણ અહીં પ્રતિબોધ પામ્યા હોવાથી તેમની પણ મૂર્તિ છે.

ચૈત્યવંદન :-
એહવિરિ ઉપર આદિદેવ પ્રભુ પ્રતિમા વંદો
રાયેણ હેઠે પાદુકા પ્રભુને આણું દો (૧)
અહતગિરિનો મહિમા અનંત દુણ કરે વખાણ
ચૈત્રી પુનમ દિને તેહ અધિકો જણિ (૨)
એહ તીરથ સવા સદા આણો ભક્તિ ઉદાર
શ્રી શેત્રુંજય સુખદાયકો દાન વિજય જયકારા (૩)

ઉત્તર : આપશ્રીએ મોકલાવેલ ફોટોકોપીમાં જ સ્પષ્ટ છે કે રાયણવૃક્ષમાં નહિ પણ રાયણવૃક્ષની પશ્ચિમે રસકુપિકા છે. વર્તમાનકાળમાં કોઈને આ રસકુપિકા પ્રાપ્ત થઈ હોય એવું જાણ્યું નથી. પરંતુ વર્તમાનકાલીન એક આચાર્યભગવંતના મસ્તક પર દૂધનો અભિષેક થયો હતો, તેવું જાણવા મળે છે. આ રસકૂપિતા લોખંડને સોનુ બનાવે છે. તેમ જ આપશ્રીની ફોટોકોપી જ સ્પષ્ટ જણાવે છે કે કેવું પુણ્ય કરનારને પ્રાપ્ત થાય? જેમણે અઠ્ઠમનો તપ કર્યો હોય અને દેવપૂજા, નમસ્કાર આદિ કરનાર વિરલપુરુષ જ એ રાયણના પ્રસાદથી એ રસકૂપિકાનો રસ મેળવી શકે છે. અહીં અઠ્ઠમનો તપ, દેવપૂજા-નમસ્કાર આદિ તો છે જ, પરંતુ તે ઉપરાંત વિરલપુરુષ શબ્દ દ્વારા ગુણવાન, અધિકારી અને જેને આ રસ આપવાથી સંઘની ઉન્નતિ થાય તેવા કોઈ મહાપુરુષને રાયણવૃક્ષના અધિષ્ઠાયકો રસ આપે. આ રસકૂપિકાની વાત ભૌતિક રીતે સાચી પણ હોય, તો ય આપણે તો તેનો પરમાર્થ પણ અવશ્ય ગ્રહણ કરવાનો છે. આ શત્રુંજય ગિરિરાજમાં આવેલ રાવણવૃક્ષ નીચે ૯૯પૂર્વવાર પ્રભુ પધાર્યા હોવાથી આ ભૂમિના પરમાણુઓમાં દિવ્ય સ્પંદનોનો રસ જાગૃત છે. ભૌતિક રસ જેમ લોખંડને સોનામાં ફેરવે, તેમ આ ભૂમિના પરમાણુઓમાં જાગૃત દિવ્ય સ્પંદનોથી સાધક પણ બાહ્યાત્મા (દેહાધ્યાસ) માંથી ક્રમેક્રમે અંતરાત્મા અને પરમાત્મા બની શકે છે.

(ખાસનોંધ : આ પ્રશ્નના ઉત્તરમાં સિહોર માટે અપાયેલ વિગત માટે પં. શ્રી ચંદ્રકીર્તિવિજયજી મહારાજનો વિશેષ આભાર)

❑❑❑

ડૉ. અભય દોશી
મો. ૯૮૯૨૬૭૮૨૭૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઓપેરા હાઉસની ઓફીસમાં Male/Female મેનેજરની પોસ્ટ માટે ગુજરાતી તથા અંગ્રેજીમાં પત્રવ્યવહાર કરી શકે, ટેલી ERP-9, M.S. Office ટ્રસ્ટના હિસાબો, ઈન્કમ ટેક્સ, ચેરીટી કમિશ્નરના વહીવટી કામની જાણકારી ધરાવનાર વ્યક્તિ અપેક્ષિત પગાર સાથે અરજી કરો.

email : shrimjys@gmail.com

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### જનરલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૧,૦૦,૦૦૦/- | સેવન્તીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ |

### પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા

| | |
|---|---|
| ૨૫,૦૦૦/- | ચંદ્રકુમાર ગણપતલાલ જવેરી (જુલાઈ - ૨૦૧૮) |

### કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

| | |
|---|---|
| ૨૫,૦૦૦/- | ઈન્ડસ્ટ્રીયલ મેટલ (હસ્તે : રમાબેન મહેતા) |

# સર્જન-સ્વાગત

સંધ્યા શાહ

**પુસ્તકનું નામ : અપૂર્વ અવસર**
**સ્વાધ્યાયકાર : શ્રી વસંતભાઈ ખોખાણી**
**પ્રકાશક : શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર ટ્રસ્ટ, આકાશવાણી પાસે, સીતારામ પંડિત માર્ગ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૭**
**પૃષ્ઠ : ૧૯૬ કિંમત રૂા. ૩૦/-**



અગમ્ય જ્ઞાનના અપૂર્વ ધારક શ્રીમદ્ રાજચંદ્રની અનુપમ આધ્યાત્મિક કાવ્યકૃતિ એટલે અપૂર્વ અવસર... નિજ સ્વરૂપને પામવા માટે બાહ્યાંતર નિર્ગ્રંથ થવાની ઝરણા વ્યક્ત કરતું આ કાવ્ય માત્ર ૨૧ ગાથાઓમાં સમસ્ત જૈનદર્શનને પ્રગટ કરે છે.

અધ્યાત્મ પુરુષની અખંડ વહેતી રહેલી ધારામાં સહજતાથી રચાયેલા આ ભાવવાહી કાવ્યને શ્રીમદ્ રાજચંદ્રના શતાબ્દી વર્ષે તત્વચિંતક, જિનદર્શનના અભ્યાસુ શ્રી વસંતભાઈ ખોખાણીએ સરળતાથી સમજાવવાનો આયામ કર્યો છે. પર્યુષણ પર્વે યોજાયેલી વ્યાખ્યાનમાળામાં કેવળ આ એક જ કાવ્યમાં નિરૂપિત અધ્યાત્મને સહજ કિંતુ પ્રભાવક શૈલીમાં રજૂ કરી વ્યાખ્યાનકારે પારાવાર વિનમ્રતાથી સહુને આ મુક્તિના પ્રદેશનો વિહાર કરાવ્યો છે. શ્રીમદ્ રાજચંદ્રની ૧૫૦ મી જન્મજયંતીના અવસરે ધ્વનિમુદ્રિત થયેલા આ વ્યાખ્યાનોને ભાવકોની અપાર જહેમતે શબ્દાંકિત કરી ટ્રસ્ટે મુમુક્ષુઓના કરકમળમાં મૂક્યા છે.

મધુર શબ્દાવલી, લય અને પ્રાસાદિકતાના સમન્વયથી સર્જાયેલું આ કાવ્ય પરમપદની પ્રાપ્તિનો માર્ગ દર્શાવે છે. શ્રીમદ્‌ના પરિપૂર્ણ વ્યક્તિત્વનો, હૈયાની આરતનો અને અપાર પુરુષાર્થનો પરિચય આપે છે. અધ્યાત્મનું આરોહણ દર્શાવતા પ્રત્યેક સોપાનમાં શ્રીમદ્‌નો ઝળહળતો વૈરાગ્ય ભાવકોના ભીતરને અજવાળે છે.

અધ્યાત્મપથના પ્રત્યેક સોપાનને સમજાવતા કૃપાળુદેવ કરે છે. સિધ્ધપદને પ્રાપ્ત કરવા નિર્ગ્રંથ થવું પડે. નિર્ગ્રંથનું ભાવચારિત્ર, દ્રવ્ય ચારિત્ર ને આત્મચારિત્ર કેવું હોવું જોઈએ, આત્માની અવસ્થા કેવી હોવી જોઈએ તેની સમજ આપે છે. જગતના જીવોને વિતરાગનો માર્ગ દર્શાવતા તેઓ કહે છે, ભલે દેહ એ જ મુક્તિનું કારણ હોય, દેહની માયાથી પણ મુક્ત થઈને આત્માનું કલ્યાણ કરવાનું છે. નિર્ગ્રંથ પદની પ્રાપ્તિના આ અવસરની ઉત્કંઠા વ્યક્ત કરતા શ્રીમદ્ રાજચંદ્રે મુક્તિનો માર્ગ કંડારી આપ્યો છે. શ્રીમદ્‌ની વાણી એ સર્વજ્ઞના - તીર્થંકરના બોધનું, એમની દેશનાનું અનુસંધાન બની રહી છે. અલખને જાગૃત કરે તેવી જીવંત સભર વાણીમાં આત્માનું સામર્થ્ય પ્રગટ થયું છે. મહાત્મા ગાંધી, મુનિશ્રી સંતલાલજી પૂજ્ય કાનજી સ્વામી , ઉમાસ્વાતિજીના વિવેચનોને જૈન ધર્મના મૂળ તત્વો સાથે સાંકળીને વ્યાખ્યાનકારે શ્રીમદ્‌ની વાણીની મહત્તા સમજાવી છે.

મુનિશ્રી સંતલાલજીએ કહ્યું છે, 'જેમ તાજમહાલ ઉત્કૃષ્ટ શિલ્પકૃતિનો નમૂનો છે એ રીતે અધ્યાત્મની અંદર મુક્તિના માર્ગનો ઉત્કૃષ્ટ નમૂનો એ અપૂર્વ અવસરનું પદ છે.' અધ્યાત્મના આરોહણ થકી સંપૂર્ણ અવસરની આશા પ્રગટ કરતાં આ ગહન કાવ્યનાં મર્મને વ્યાખ્યાનકારે ઉજાગર કર્યો છે. શ્રીમદ્‌ની શબ્દજ્યોતનું અજવાળું ભીતરના તિમિરને ઓગાળી શ્રધ્ધાનો દીપ પ્રગટાવે છે. શ્રીમદ્ રાજચંદ્ર ટ્રસ્ટનો પ્રશસ્ય આયામ છે.

•••

**પુસ્તકનું નામ : સોળ ધર્મભાવના**
**સ્વાધ્યાયકાર : વસંતભાઈ ખોખાણી**
**પ્રકાશક : શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, રાજકોટ**
**પ્રથમ આવૃત્તિ: ૨૦૧૭**
**પૃષ્ઠ : ૨૩૪ કિંમત : રૂા. ૪૫/-**



તીર્થંકરોએ મોક્ષમાર્ગને પામવા જે ભાવનાઓ ભાવી, પોતાના વૈરાગ્યને સુદ્રઢ કર્યો, ભવ-બંધનનો નાશ કર્યો તે બાર ભાવનાઓ તેમણે જગતના જીવોને આપી. સ્વના સ્વરૂપને પામવાની મોક્ષમાર્ગના સ્વરૂપને જાળવાની તથા સંસારના સંબંધો અને સંયોગોને સમજવાની આ બાર ભાવનાઓ ઉપરાંત તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામીએ મૈત્રી, પ્રમોદ કરુણા અને માધ્યસ્થ એવી ચાર ભાવનાઓને ધર્મધ્યાન સાથે સાંકળી છે.

અનિત્ય, અશરણ, સંસાર, લોકસ્વરૂપ, એકત્વ, અન્યત્વ, અંશુચિ, આશ્રવ, સંવર, નિર્જરા ધર્મદુર્લભ તથા બોધિદુર્લભ ભાવના, મૈત્રી પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ – આ ભાવનાઓને કૃપાળુદેવે વૈરાગ્યબોધિની કહી છે. મોહના ઘરમાં રહીને મોહથી જ મુક્તિ મેળવવા, શરીરની સોબત કરીને જ તેનો આત્યંતિક વિયોગ કરવા આ સોળ ભાવનાઓનું નિરંતર ચિંતન કરવાનું છે. અનાદિથી છૂટી ગયેલા સંબંધને જોડવા, વીસરાઈ ગયેલી તીર્થંકર પ્રભુની વાણીને કૃપાળુદેવે દઢતાથી સમજાવી છે. સંસારના અનંત ભવપરિભ્રમણમાં કેવળ પંચેન્દ્રિય સંજ્ઞા જીવ જ વિચારી શકે છે આ વિચારણા થકી જ વૈરાગ્યની આરાધના થઈ શકે, મોક્ષપદની પ્રાપ્તિ થઈ શકે.

વ્યાખ્યાનકારે જિનેશ્વર ભગવાનની વાણીના સ્વરૂણ સમી શાંત સુધારસની અનુભૂતિ કરાવતી, પરમાર્થ માર્ગનું પ્રવેશ દ્વાર દર્શાવતી સોળ ભાવનાઓ અને જૈન દર્શનના હાર્દ સમી, અધ્યાત્મની પરાકાષ્ઠા સમી ક્ષમાપનાની મહત્તા વિતરાગની વાણી અને શ્રીમદ્ રાજચંદ્રના વચનામૃતોને આધારે સમજાવી છે.

વિદેશમાં પર્યુષણ પર્વની આરાધના પ્રસંગે અપાયેલ તત્વચિંતક શ્રી વસંતભાઈના વ્યાખ્યાનોને અહીં શ્રીમદ્ રાજચંદ્ર ૧૫૦ મી જન્મજયંતિના ઉપલક્ષમાં સંકલિત કરી પ્રકાશિત કરવામાં આવ્યા છે.

♦♦♦

**પુસ્તકનું નામ : શ્રી આત્મસિધ્ધિ શાસ્ત્ર**
**પ્રવક્તા શ્રી વસંતભાઈ ખોખાણી**
**પ્રકાશક : શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર રાજકોટ**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૭**
**પૃષ્ઠ : ૩૫૨ કિંમત રૂા. ૮૦/-**

'પતિત્ જન પાવની, સુર સરિતા સમી અધમ ઉધ્ધારિણી આત્મસિધ્ધિ.....'

વિતરાગના શાસનની પ્રભાવના કરવા, જગતના જીવોનું કલ્યાણ કરવાની અદમ્ય ઈચ્છાએ વહેલી જ્ઞાનની ગંગા એટલે શ્રીમદ્ રાજચંદ્રની 'આત્મસિધ્ધિ' બિમારીના બિછાને પડેલા પરમસખા સોભાગભાઈએ કૃપાળુદેવને વિનંતી કરી છે. 'છ પદ'ના પત્રને કંઠસ્થ કરવાનું મુશ્કેલ હોવાથી પદ્યસ્વરૂપે આપ રચી આપો તો આત્માની ઓળખ થાય, સમકિત પ્રાપ્ત થાય...' કરૂણાનિધાન કૃપાળુદેવે નડિયાદમાં દોઢ કલાકમાં જ આત્મસિધ્ધિની ૧૪૪ ગાથાનું સર્જન કર્યુ...

જન્મમરણના ફેરામાં અટવાતા, ભવચક્રમાં દુઃખી થતા, પરમ સુખની – શાશ્વત સુખની ઝંખના કરતા જગતના જીવોને જિનેશ્વર પરમાત્માનો માર્ગ શ્રીમદ્ રાજચંદ્રે આ ગાથાઓમાં દર્શાવ્યો છે. ગુજરાતીમાં લખાયેલી આ ગાથાઓના એક એક વચનમાં ઊંડું રહસ્ય ગોપિત છે જ્ઞાની પુરુષની વાણીની લબ્ધિ સમું આ કાવ્ય પરમાત્માના બોધને, ઊંચામાં ઊંચા તત્વજ્ઞાનને સુગમ શૈલીમાં વ્યક્ત કરે છે. પરમ પુરુષની પરમકૃપાએ વરસેલા મંત્રસ્વરૂપ આ કાવ્યમાં ચૌદ પૂર્વનો સાર છે.

સદ્ગુરુએ શિષ્યને સમ્યક્દર્શન પ્રાપ્ત થાય, જેની પ્રાપ્તિના બળે એ મોહનો ક્ષય કરે અને નિર્વાણ પદને પામે એ માટે છ પદની સંવાદશૈલીમાં મોક્ષમાર્ગની પ્રરૂપણા કરી. શિષ્ય એ સ્વરૂપ સમજી સદ્ગુરુ પ્રત્યેનો અહોભાવ દર્શાવે અને ગુરૂ અને આત્મમાર્ગનો મર્મ દર્શાવે.. 'આત્મધિધ્ધિ' લક્ષની સ્પષ્ટતા કરે છે ને લક્ષનો માર્ગ પણ દર્શાવે છે. સાંપ્રદાયિક, દાર્શનિક એને વ્યાહવારિક ભેદથી પર રહીને કેવળ આત્માની મુક્તિ માટે, આત્માની ઓળખ માટે, આરાધના અને સિધ્ધિનો માર્ગ દર્શાવતી અને વ્યાહવારિક ભેદથી પર રહીને કેવળ આત્માની મુક્તિ માટે, આત્માની ઓળખ માટે, આરાધના અને સિધ્ધિનો માર્ગ દર્શાવતી આત્મસિધ્ધિ પર અનેક ભાષો લખાયા છે.

શ્રીમદ્‌ના વચનામૃતોના ઊંડા અભ્યાસી વસંતભાઈ ખોખાણીએ પરમપદના પંથ સમી, અગોપ્ય મોક્ષમાર્ગ આલેખતી આત્મસિધ્ધિની કાવ્યધારામાં પર્યુષણ પર્વમાં સહુ મુમુક્ષુઓને ભીંજવ્યા છે. કાવ્યના ગર્ભિત રહસ્યોને ઉજાગર કર્યા છે. જિનદર્શનના સિધ્ધાંતોને અનેક ઉદાહરણ થકી રસાળ શૈલીમાં સમજાવતું આ આત્મસિધ્ધિ શાસ્ત્ર વારંવાર વાંચવું ગમે તેવું છે. શ્રીમદ્ રાજચંદ્રની ૧૫૦મી જન્મજયંતીએ પ્રગટ થયેલા પુસ્તકોનું આ ત્રીજુ પુષ્પ છે.

♦♦♦

**પુસ્તકનું નામ : જૈન નરરત્ન ભામાશાહ**
**પ્રકાશક : શ્રી ૐકારસૂરિ આરાધના ભવન -સુરત**
**દ્વિતીય આવૃત્તિ : વિક્રમ સંવત ૨૦૭૩**
**પૃષ્ઠ : ૨૪૮ મૂલ્ય : ૫૦૦**

રાષ્ટ્રપ્રેમી, શૂરવીર, દિલેર દાતા ભામાશાહના ગૌરવ-શાળી વ્યક્તિત્વને




આલેખતી, ૯૦ વર્ષ પહેલા લખાયેલી ઐતિહાસિક નવલ-કથાનું આ પુનઃ પ્રકાશન છે.

અપૂર્વ ત્યાગ, શૌર્ય અને વતન-પરસ્તીની મહાન ભાવના થકી ઈતિહાસમાં સુવર્ણ અસરે અંકિત થયેલા પાત્રોનું સ્મરણ નવી પેઢીને માટે હંમેશા પ્રેરણાદાયી હોય છે. વતન મેવાડ પ્રત્યેની અપાર ભક્તિ અને રાણા પ્રતાપ પ્રત્યેની આજીવન વફાદારી ધરાવતા ભામાશાહ એ જૈન ઈતિહાસનું ઊજળું કિરદાર છે. જન્મભૂમિના ઉધ્ધારને માટે પ્રાણની પણ પરવા કર્યા વિના મોગલોની સામે લડનારા રાણા પ્રતાપના સદાય સંગાથી બની જીવનની હર કોઈ વિકટ પળે અડીખમ ઊભા રહેનારા જૈન ભામાશાહે પોતાની વીરતા, નીતિ અને બહાદુરીનો પરિચય આપ્યો છે.

મોગલોના પ્રચંડ આક્રમણને ખાળી શકવા અસમર્થ બનેલા રાણા પ્રતાપની સાથે ડુંગરાઓ અને કંદરાઓમાં છૂપાતા સર્વસ્વ હારી ચૂકેલા રાણા પ્રતાપને માતૃભૂમિને કાજે લડવા ઉત્સાહિત કરતા અને પ્રચંડ દોરી નિરાશાની પળોમાં મેવાડની ધરતીને કાજે પોતાનું સર્વસ્વ-સઘળું ધન રાણા પ્રતાપને ચરણે ધરી દેતા ભામાશાહનો જોટો જડવો મુશ્કેલ છે. ૨૫ હજાર સૈનિકોને ૧૨ વર્ષ ચાલે તેટલું ધન પળવારમાં અર્પણ કરી દેતા ભામાશાહની શૂરવીરતા અને આ અપૂર્વ ત્યાગ અવિસ્મરણીય છે. મેવાડના આ ઉદય-અસ્ત અને પુર્નજન્મની કથા રાણા પ્રતાપના સામર્થ્ય અને શૌર્યની સાથે હતાશા અને વિષાદની પળોની આ કથા, મિત્રપ્રેમ, રાષ્ટ્રપ્રેમ, દીર્ઘદષ્ટિ અને સમર્પણની આ કથા રોચક શૈલીએ લખાઈ છે. ૨૨

પ્રકરણોમાં આલેખાયેલી આ કથામાં મેવાડનો સંગ્રામ, રાણા પ્રતાપની વીરતા, અશ્વ ચેતકની વફાદારી, મંત્રીશ્વર ભામાશાની કર્મકુશળતા, અકબરના શાસનની નીતિ, મહારાણા પ્રતાપની હાર. પોતાની પ્રજા સ્વાધીન ન થાય ત્યાં સુધી સર્વ ભોગ વિલાસનો ત્યાગ કરનારા પ્રતાપ ને ભામાશાહ, જૈન મુનિ હીરવિજયસૂરીનો ઉપદેશ સમર્પિત બેગમા, ભગવાન એકલિંગજી તરફની પારાવાર આસ્થા અને યુધ્ધના મેદાનમાં રાણાનો ઘા પોતા પર ઝીલી લેનાર ભામાશાહ.... પ્રસંગો સરસ રીતે ગૂંથાયા છે.

જૈન ધર્મ વિશેની સહુની મોટી માન્યતા રહી છે કે અહિંસાને આ ધર્મમાં પ્રાધાન્ય હોવાથી આપણે રાષ્ટ્ર કે સમાજ માટે બહુ કાંઈ કરી શક્યા નથી. ઈતિહાસનું આ ઊજળું પ્રકરણ આલેખી લેખકે જૈનોની મહાનતા, તેમનો અપૂર્વ રાષ્ટ્રપ્રેમ અને ઔદાર્યનો પરિચય આપ્યો છે. ૯૦ વર્ષ પહેલા લખાયેલી કથામાં લેખકનું નામ ન હતુ. તેથી અહીં પણ મુકાયુ નથી. તેમ છતાં પુનઃ પ્રકાશિત કરવા માટે મુનિ શ્રી હ્રીંકારરત્ન વિજયજી મ. સાહેબે પ્રયત્ન કર્યા છે. પ્રત્યેક જૈનોને ગૌરવ વધે તેવી આ કથા ભામાશાહના યશોજ્વલ વ્યક્તિત્વને આલેખે છે એટલું ચોક્કસ.

(વાચક મિત્રો, આ પુસ્તક વિનામૂલ્યે મેળવવા ઑફિસ પર સંપર્ક કરો.)

❑❑❑

મો. ૯૩૨૪૬૮૦૮૦૯

## જુલાઈ અંક વિશેષ : કેલિડોસ્કોપીક નજરે : ગયા અંકની વાત

**ડૉ. ગુલાબ દેઢિયા**

છેંતાલીસ વર્ષ થવા આવ્યાં, 'પ્રબુદ્ધ જીવન' સાથેની ભાઈબંધીને. જુદા જુદા સામયિકો આપણા જીવનમાં આવે છે અને ખબર ન પડે તેમ ચૂપચાપ આપણું ઘડતર કરે છે. ગમતાં સામયિકોની રાહ જોવાનું મને ગમે છે.

પ્રબુદ્ધ જીવનના જુલાઈ ૨૦૧૮ના અંક વિશે મારે કંઈક કહેવાનું છે.

ઘણા સમયથી મુખપૃષ્ઠ પર મા શારદાના જુદા જુદા ચિત્રો આવે છે. હવે એમાં કંઈ બદલાવ આવે તો સારું. મુખપૃષ્ઠ પાસે થોભવાનું થતું નથી.

ત્રીજા કવર પેજ પર જૂના અંકોમાંથી ઉત્તમ સામગ્રી પસંદ કરવામાં આવે છે પણ એ ફોટો કૉપી વાંચવામાં મજા નથી આવતી. જૂના અંકોમાંથી ફરી ફરી વાંચવા જેવા લેખ પુનઃ પ્રકાશિત કરો તો સારું.

હવે અંતથી આરંભ કરીએ. છેલ્લુ પાનું તો યાદગાર છે. 'જો હોય મારો અંતિમ પત્ર તો...' આ શ્રેણી ખરેખર જ આનંદકુંભ જેવી છે. પ.પૂ. આચાર્ય શ્રી શીલચંદ્રસૂરિ મ.સા. નો પત્ર ફરી ફરી વાંચ્યો છે.

આ વખતે, ખ્યાતનામ સર્જક શ્રી રતિલાલભાઈ બોરીસાગરે દિલ ખોલીને વાત કરી છે. જે કાળજામાંથી આવે તે તો અજોડ જ હોય ને! પોતાના લેખન વિશે, પોતાની સિધ્ધિઓ કે હોદ્દા વિશે હરફ પણ ઉચ્ચાર્યા વગર દિલની વાતો કરી છે. હાસ્ય લેખક હોય તો આવા હોય જે વાચકને ક્યારેક આશ્ચર્યમાં ગરકાવ કરી દે. બધા જ વાચકોએ આ પત્ર વાંચ્યો જ હશે એમ માનીને ચાલું છે. બોરીસાગર સાહેબ તમારા વધુ લેખો માટે રાહ જોઈએ ને! અમને હરિકૃપા જોઈએ છે.

પૂ. આચાર્ય વાત્સલ્યદીપસૂરીશ્વરજી મ.સા. તો દર વખતની જેમ સરળ ભાષામાં ચરિત્ર ચિત્રણ કરી વાર્તાકાર તરીકેનો ઉત્તમ પ્રાસાદ આપે છે. ભાષાશૈલીનો સ્વાદ માણવા જેવો છે.

દક્ષાબહેન સંઘવીએ 'મા' નિબંધ લખીને ખંગ વાળી દીધો છે. સરળતા કેવી મોંઘી, મહામૂલી ચીજ છે તે આનું નામ! દક્ષાબહેન લખતા રહેજો.

ડૉ. ભદ્રાયુ વછરાજાની સાહેબની કલમના બંધાણી ન થઈએ તો જ નવાઈ! દરેક અંકમાં આપણા જ મનની વાત કરે છે, જે આપણને આટલી સારી રીતે કદાચ કહેતાં ન આવડે!

વિદુષી સુબોધીબહેન મસાલીઆના લખાણોમાં જે ભાર વગરની જ્ઞાનની વાતો હોય છે તે વાચકો માટે આશીર્વાદરૂપ હોય છે. આ વખતે 'વિપશ્યના' વિશેની વાત વિગતે કરી છે. ધર્મની વાતો આવા મર્મથી લખી શકાય એ ધન્યભાગ્ય કહેવાય.

'સમતા' માટે જે પંક્તિ મૂકી છે તેમાં લઘુ-ગુરુ આગળ પાછળ થઈ ગયા હોય એમ લાગે છે. સેજલબહેન, તમારા લેખમાં પણ શ્રાવકના ૧૪ નિયમોમાં કંઈક જુદું લાગે છે.

સેજલ બહેન તંત્રી હોવું એટલે શું, એ મને અનુભવથી ખબર છે. સામયિકનું ધ્યેય, વાચકોની કક્ષા અને રુચિ, સમયની મર્યાદા, લેખકોની વિશેષતાઓ વગેરે વગેરે ઘણું બધું હોય છે. તંત્રી બધાનો મેળ પાડે છે, સંયોજન કરે છે, ઉત્તમનો આગ્રહ રાખે છે, પ્રશંસા અને ટીકા મળે છે, ખમી ખાય છે.

તમે પ્રબુદ્ધ જીવનના ઊંચા ધ્યેય જાળવીને ઘણી બધી કસોટીઓમાંથી પાર ઊતર્યા છો. પ્રબુદ્ધ જીવનમાં નવી નવી શ્રેણિઓ લાવ્યા છો.

જૈન ધર્મ વિશેના લેખ વર્તમાનકાળને લક્ષમાં રાખીને આવે એ જરા જોજો.

સેજલબહેન, તમે ટૂંકમાં ઘણું કહી શકો છો, તે આ વખતના શ્રાવક વિશેના લેખમાં કહ્યું છે.

'જ્ઞાનસંવાદ'માં ડૉ. રતનબહેન દેવાલયો વિશે શાસ્ત્રસંમત

વાત કરી છે, પણ પ્રબુદ્ધ જીવનની પ્રગતિશીલ વિચારધારા પ્રમાણે એટલું તો ઉમેરવું જ જોઈએ કે, કોઈ પણ વસ્તુનો અતિરેક વ્યાજબી નથી. આજે જરૂર ન હોય ત્યાં, બીજા દેવાલયોમાં ઉમેરો કરવા અથવા પોતાના અહમ્‌ની સ્થાપના કરવા ઊભાં થતા મંદિરો યોગ્ય નથી.

'સમુદ્રાન્તિકે'ના સર્જક શ્રી ધ્રુવ ભટ્ટનો નાનકડો પણ સચોટ લેખ તમે મૂકી સ્વ. અમૃતલાલ વેગડને સારી રીતે અંજલિ આપી છે.

જૈન અને બૌદ્ધ ધર્મ વિશે તુલનાત્મક લેખ ખરેખર મનનીય છે. સંધ્યાબહેન શાહે સરળ સહજ ભાષામાં સારરૂપ વાતો કહી છે. આવા લેખ પ્રબુદ્ધ જીવનની ગરિમા છે.

'નવ્યન્યાય' વિશેનો હર્ષવદન ત્રિવેદી સાહેબનો લેખ વિષયને પૂરો ન્યાય આપે છે. માહિતીપ્રદ છે. આ વિષયના રસિકો અને વિદ્વાનોને ઉપયોગી થાય એવો છે.

કિશોરસિંહજી પાસે ભૂતાનનું લાલિત્ય તો માગીશું ને! વિગતસભર પ્રવાસ વર્ણન છે. સાહેબ તો શૈલીકાર છે, કેમ લોભ કરે છે?

અંગ્રેજી વાચકોને તમે ભૂલ્યા નથી એ ખાસ નોંધપાત્ર વાત છે. બન્ને લેખિકા બહેનોને અભિનંદન!

જે નથી લખતા પણ પોતાના ક્ષેત્રના મહારથી છે એવી વ્યક્તિઓની મુલાકાતો આવે તો નવું જાણવા મળે. તમારે ઘણા બધાની રુચિનો ખ્યાલ રાખવો પડે તે મારા ખ્યાલમાં છે.

દરેક અંક નવી ઉષ્મા લઈને આવે છે. 'પ્રબુદ્ધ'નો અર્થ જ 'જાગેલો' એવો છે. જીવનમાં મૂલ્યો ઉમેરવાનું પ્રબુદ્ધ જીવન કામ કરે છે.

બધા વાચકો પ્રતિસાદ કદાચ ન આપે પણ પ્રબુદ્ધ જીવનની પ્રતીક્ષા તો કરે જ છે. સરળતા, સહજતા અને રસિકતા મારી પસંદગીમાં આવે છે. જે પ્રબુદ્ધ જીવનમાં વધે એવું ઈચ્છું છું. 'આજ'ની વાતો વધુ લાવજો. આવજો.

❑❑❑

૧૮/૬૪, મનીષ કાવેરી, મનીષ નગર, ચાર બંગલા,
અંધેરી (પ.) મુંબઈ - ૫૩. મો. ૯૮૨૦૬૧૧૮૫૨

●●●

### ડૉ કલાબેન શાહ સંબંધી લેખની વિગતો અંગે સ્પષ્ટતા

આદરણીય ડૉ. કલાબેનના અવસાન બાદ તેમના વિશે વિગતસભર શ્રદ્ધાંજલિ લેખ મેળવવા માટે તંત્રી ડૉ. સેજલ શાહ અને લેખ લખવા માટે ડૉ. રેખા વોરા ધન્યવાદને પાત્ર છે. આ લેખમાં કેટલાક વિગતદોષો રહ્યા છે. તેમણે બે સાધ્વી અને એક સાધુ ભગવંતને કલાબેને પી.એચ.ડી. નું માર્ગદર્શન આપ્યું, બાકી ૨૬ શ્રાવિકા બેનો હતા, એવું જણાવ્યું છે. વાસ્તવમાં તેમણે જણાવેલા નામો ઉપરાંત ગોંડલ સંપ્રદાયના આરતીબાઈ, જશુબાઈ, બોટાદસંપ્રદાયના નીલાબાઈ તેમ જ શ્વે. મૂ.પૂ. નેમિસૂરિ સાધ્વીશ્રી ચૈત્યયશાશ્રીજીમ. શ્રાવક કિશોરભાઈ ઘડા આદિને પીએચ.ડી કરાવ્યું છે.

પુનઃ રેખાબેનને વિગતસભર અને પોતાના ગુરુના વ્યક્તિત્વને ઉજાગર કરતા લેખ માટે અભિનંદન.

તા.ક. લેખમાં ઉલ્લેખાયેલા નામ પૂ.સા.શ્રી વૃત્તિયશાશ્રીજી છે, પરંતુ વાસ્તવમાં વૃષ્ટિયશાશ્રીજી મ.સા. છે.

- ડૉ. અભય દોશી

●●●

દ્વારમ વિષયક લેખ લેવા બદલ આભાર.

મે ૨૦૧૮ વિશેષાંક મળ્યો તેનું સાહિત્યને સચોટ મંદિરો વિષેની માહિતીથી માહ્યલો આનંદીત થયો. ખૂબ પ્રયત્નોથી અંક શોભે છે.માનદ્ તંત્રી ડૉ. સેજલ શાહને સત્ સત્ અભિનંદન.

સવજી છાયા, દ્વારકા

---

*(Contd. from Page 122)*

*(tîrthankara)* along with that of the Yakshi *(yaksî) Cakrçúvarî* on *Bommalagumma* in Kurkyal village of Karimnagar district. The label 'Pampa', found on a memorial stone in this place, tempts local people to claim it as the *nisidhi* (memorial stone) of the poet Pampa.

Beddega had strong leanings towards Jainism. An inscription in Vemula-vada mentions that Beddega gave the Subha-dharma *(œubha dharma)* Jaina temple to his teacher, Soma-deva-suri *(sôma-dçva-sûri),* and supported the institution by the grant of the village of Venikalupulu *(vçnikatupulu).* This Soma-deva-suri belonged to the *Caula-sangha.* This shows that there was organized asceticism by this time in Andhra. Ari-kesari III also was a Jaina. In his Parbhani plates, Ari-kesari states that he had granted the village of Kuttam-vritti-venikatupulu for maintenance of Subha-dharma-Jinalaya, which was constructed by his father.

Many of the feudatories of the Rashtrakutas were Jainas. The Halaharavi inscription (A.D. 930) says that *Candiyabbe,* wife of Kannara, a feudatory of *Gôvinda* IV (A.D. 930-35), caused the basadi in Nandavora to be constructed and made an endowment in the form of land and money for the temple.

❑❑❑

76-C, Mangal Flat No. 15,
3rd Floor, Rafi Ahmed Kidwai Road,
Matunga, Mumbai-400019.
Mo : 96193 / 79589 / 98191 79589.
Email : kaminigogri@gmail.com

# JAINISM THROUGH AGES

Dr. Kamini Gogri

**(Contd.)**

## LESSON - 10

**In this article we will study the spread of Jainism in Kerala**

Jainism came to Kerala in the third century BC soon after Chandragupta Maurya (B.C. 321-297), accompanied by the Jain monk Bhadrabahu, travelled to Shravanabelagola near Mysore (in present day Karnataka). Their followers are believed to have journeyed further south, into present day Kerala and Tamil Nadu, in search of suitable places for meditation. By the start of the Christian era, Jainism was well established in Kerala. Ilango Adigal, author of the Tamil epic Silappatikaram, was among the notable royal patrons of the Jain religion in Kerala. He lived in Trikkanaa-Mathilakam which attained fame as a centre of Jain culture and learning.

Jainism started its decline in Kerala during the 8th century resurgence of the Saivite and Vaishnavite movements, and by the 16th century it had almost disappeared. Some Jain shrines from these times still remain, notably in Jainamedu, near Vadakkanthara, Palghat, and in Sultan Battery in Wynad. Many Jain temples were also demolished during Tipu Sultan's raid.

There were many Jain temples spread over Kerala in ancient times. Koodalmanikyam Temple in Irinjalakuda is believed to have been among them. The belief is that it was dedicated to Bharatheswara, a Digambar Jain monk (his statue can be seen in Shravanabelagola). Jainism declined in popularity in Kerala during the Saivite and Vaishnavite resurgence, and many Jain shrines, among them Koodalmanikkyam, became Hindu temples.[2] [3] [4] [5]

The temple at Kallil, in Perumbavoor, was believed to have been a Jain shrine to Parshvanatha,

Mahavira, and Padmavathi Devi. Now it is a Hindu shrine dedicated to Devi, but Jain pilgrims also pray there.[6] [7]

The temple architecture of Kerala owes much to the architecture of Jain temples.[8] Some famous Jain temples located in Kerala are:

- Anantnath Swami Temple (also known as the **Puliyarmala Jain Temple**) in Puliyarmala, outside Kalpetta in Wayanad district, Kerala.
- Sultan Bathery Jain Temple, Wayanad
- Jainimedu Jain temple
- Jain temple, Alleppey
- Kallil Temple in Perumbavoor, Ernakulam
- Kattil Madam Temple
- Dharmanath Jains Temple, Mattancherry, Kochi
- Chathurmukha Basati in Manjeshwar
- Parswanatha Basati, Manjeshwar
- Shri Vasupujya Swami Jain Temple, Srinivasa Mallan Road, Ernakulam
- Cochin Digambar Jain Mandir - Panampilly Nagar, Kochi 682036, Kerala.

## LESSON - 11

**In this article we will study the spread of Jainism in**

The Jaina tradition is that Mahavira *(mahâvîra)* himself had come to the north-eastern borders of Andhra Pradesh and preached the religion. There is a tradition (represented in *pariœistaparvan* of Hemachandra) that Samprati, the grandson of Asoka *(aœoka),* sent Jaina monks to Andhra in the capacity as his ambassadors, after instructing the people how to treat them. The *Hâthîgumphâ* inscription of Kharavela *(kharavçla),* written in Mauryan year 165 (2nd century B.C.), says that the idol of the Jina, which belonged to *Kalinga* taken by King Nanda of Magadha, was regained and brought back.

It also says that King Kharavela got constructed monasteries for the Jaina monks. These references show, that by the 3rd century B.C. there were organized Jaina movements in the *Kalinga*-side of Andhra Pradesh. After this, Jainism might have got a boost during the time of Simuka, the first of the Satavahanas *(úâtavâhana).* But Simuka is more like a puranic, not a historic, figure, so that we may not be definite about the facts regarding his Jaina leanings.

It is reported that early Satavahana coins were recovered from a Jaina cave in Kapparao-pet in Karimnagar district of Andhra Pradesh. Some scholars prefer to think that the presence of the coins in a Jaina institution, shows that the Satavahana kings, at least some of them, were helping Jaina monks. One of the Satavahanas, whose capital was

*Pratisthâna,* is said to have requested a Jaina pontiff to postpone his religious discourses so that he also might be able to attend. It is thus clear that by the time of the Satavahana rule, the Jainas established themselves at Paithan and spread from there.

Kundakunda acharya *(kunda-kunda âcârya)* (c. 1st century A.D.) is one of the greatest savants of South Indian Jainism. According to tradition, he belonged to the hill-tracts of Anantapur. According to another tradition, Simha-nandi, a Jaina monk, who lived in *Pçr-ûr* in Andhra Pradesh, helped two *Iksvâku* princes, *Dâdiga* and *Mâdhava,* to carve a kingdom of their own, which later came to be known as the Ganga *(ganga)* kingdom. The fact that the sages hail from Andhra region, show that Jainism was flourishing in that country during the early centuries of the Christian era.

Jainism had its hey-day during the reign of the Rashtrakutas *(râstrakûta)* (A.D. 700-1000). This assumption is supported by literary and epigraphical evidences. The Rashtrakutas had their capital in *Mâlkhçd* (Manyakheta; *mânyakhema);* they had jurisdiction over many parts of Andhra. During the Rashtrakuta period, art and literature flourished and Jaina contribution was considerable. *Amôgha varsa* or *Nrpatunga* (A.D. 814–78), himself, was a great scholar and promoted scholarship. He died asa Jaina.

The Ellora caves were sculptured during the Rashtrakuta period and there are five Jaina shrines in this complex. Rashtrakuta generals like Bankeya *(bankeya),* Srivijaya *(úrîvijaya),* Nara-simha etc., were Jainas by religious persuasion, and contributed much to the promotion of the religion. From an inscription in Hemavati *(hçmâvatî)* in Anantapur district, it is understood that Bankeya's son, Kundate, died observing samnyasana.

It was during the period of Indra III (A.D. 915-27) that Danavula-padu *(dânavula-pâu),* in Cuddappah, in Nizamabad district, rose into prominence. *Pôdana* of ancient times (modern *Bôdhan)* also was a Jaina centre. Even now, a large number of Jaina vestiges are found in this place. Abundant epigraphical records also were collected from here. In a chamber of bricks, an image of Parsvanatha *(pârúvanâtha)* was enshrined here. From one of the inscriptions, it is understood that Srivijaya, a Rashtrakuta general, died observing samnyasana. The inscriptions reveal that people from distant places used to come to Danavula-padu to obtain *samâdhi-marana.*

In the court of Krishna III (A.D. 939-66), there were Jaina scholars who hailed from various places of Andhra Pradesh. Ponna, the celebrated poet of his time, is supposed to have gone to Manyakheta, from *Pungan-ûr* in Guntur district. IndraIV, the last king of the Rashtrakuta dynasty, is said to have obtained death by samnyasana. His maternal uncle, who, along with the monarch had embraced Jainism, died in A.D. 975, seven years earlier than his nephew.

It may be presumed that the gospel *of ahimsâ,* in its extreme form, was not intended for laymen, but only for the monks and nuns, since the Rashtrakuta rulers and their generals had continuously indulged in sanguinary and belligerent exploits.

The Eastern Chalukyas *(câlukya;* A.D. 624-1461), feudatories of Rashtrakutas, ruled over their kingdom from Vengi *(vengi).* By persuasion, most of them were Hindus, but they were tolerant or even promoters of Jainism as well. *AyyaGa Mahâ-dçvî,* the queen founder of the Eastern Chalukya lineage and mother of *Kubja Visnu-vardhana* (A.D. 624-41), herself, got constructed a Jaina temple in Bezwada. The Jaina centre, *Râma-tîrtha,* in Vijaya-nagara of Andhra Pradesh, flourished during the time of Vishnu-vardhana IV (A.D. 772-818).

Amma II was the greatest benefactor of Jainism among the Chalukyas of Vengi. Though he seems to have been a Hindu by faith, ardent in the promotion of that religion, he was equally zealous in helping the growth of Jainism. His governor, *Kataka-râja Durga-râja,* gotconstructed the *Katakâbha-rana-Jinâlaya,* to which this official made the grant of a village. His *Kaluccam-burru* grant mentions the gift of a village to a Jaina temple. His *Masûlipattanam* plates record the grant of *Pedagadelavarru* to the Jaina establishments at Bezwada, at the request of his generals, *Bhîma* and *Nara-vâhana.*

The Chalukyas of Vemula-vada *(vçmula-vâda),* who were vassals of the Rashtrakutas, also promoted Jainism in their regions. Ari-kesari II *(ari-kçsari;* A.D. 930-55) was perhaps the most remarkable king of this lineage. He was the patron of Pampa, the first great poet of Kannada. Some details about this poet can be obtained from the Kurkyal *(kurkyâl)* inscription. It states that Pampa's brother got constructed the Tri-bhuvana-tilaka Jaina temple and erected the images of all the 24 Tirthankaras

*(Contd. on Page 120)*

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## દ્વારા આયોજીત

## ૮૪ મી પર્યુષણ વ્યાખ્યાનમાળા ૨૦૧૮

**આર્થિક સહયોગ**

**સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ, મુંબઈ**

ગુરૂવાર તા. ૬.૯.૨૦૧૮ થી

ગુરૂવાર તા. ૧૩.૯.૨૦૧૮

ભક્તિ સંગીત સવારે ૭.૪૦ થી ૮.૧૫

વ્યાખ્યાનમાળા : સવારે ૮.૩૦ થી ૯.૧૫

૯.૩૦ થી ૧૦.૧૫

### વ્યાખ્યાનમાળાના સમર્થ વિચારકો પોતાની ચિંતનાત્મક વાણીથી શ્રોતાઓને તરબતર કરશે :

- પ.પૂ. શ્રી મોરારી બાપુ
- શ્રી પરસોત્તમભાઈ રૂપાલા
- પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ
- શ્રી કુમાર ચેટરજી
- બ્રહ્મકુમારી પૂ. ગીતાબેનજી
- ડૉ. નરેશભાઈ વેદ
- શ્રી ભદ્રાયુ વછરાજાની
- ડૉ. રમજાન હસણિયા
- શ્રીમતી છાયાબહેન પી. શાહ
- શ્રી સુરેશ ગાલા
- શ્રી ભાગ્યેશ જહા
- શ્રીમતી ભારતીબેન મહેતા
- શ્રી મનસુખભાઈ સુવાગીયા
- શ્રી સ્વપ્નીલ કોઠારી

### વ્યાખ્યાનમાળા સ્થળ

**પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ મુંબઈ ૪૦૦૦૨૦**

તા. ૭-૯-૨૦૧૮ ના દિવસે પ.પૂ. શ્રી મોરારી બાપુના હસ્તે 'પ્રબુદ્ધ સંપદા' પુસ્તકનું વિમોચન થશે.
પ્રબુદ્ધ જીવનના તંત્રી શ્રી આદરણીય ધનવંતભાઈની દ્રષ્ટિએ તૈયાર થયેલા ત્રણ વિશેષાંક આગમ, કર્મવાદ અને અનેકાંતવિચારને પુસ્તકરૂપે પ્રકાશિત કરીએ છીએ.

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2016-18. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2018. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

ડૉ. રમણ સોની

આ પત્ર જો હોય મારા જીવનનો અંતિમ પત્ર, તો?

તો જીવનની આ પારની છેલ્લી રેખા પર ઊભો રહીને હું મારી અંતિમ અભિવ્યક્તિ કેવી રીતે કરું? - એ હું મને જ પૂછું છું આ ક્ષણે અને રોમાંચ અનુભવું છું.

હું લખું મારા સ્નેહીજનને કે, બસ, આ પ્રવાસ હવે પૂરો થાય છે. પણ કેટકેટલા આનંદદાયક પ્રવાસોનાં સ્મરણો પ્રસન્ન કરી રહ્યાં છે મારા મનને! પ્રકૃતિનું સૌંદર્ય ભરપૂર માણ્યું છે - ને હજુ તો એવાં કેટલાં સૌંદર્યધામો બાકી રહ્યાં છે - પણ પ્રકૃતિએ રોમાંચ અને હર્ષ બંને આપ્યાં છે. વળી આ કુદરત ઉપરાંત કેટકેટલી વ્યક્તિઓ પણ જીવનના આ પ્રવાસનાં સૌંદર્યધામ રૂપ બની રહી છે - મારાં સ્વજનો, મારાં શિક્ષકો, મારાં સાથીઓ, મારાં નિકટનાં મિત્રો; ને ક્યારેક કોઈ અલ્પપરિચિતો, એ બધાંમાંથી હું ઘણું પામ્યો છું - મારામાં જે નથી એની ઓળખ પણ એમણે જ મને આપી છે, અને મારામાં જે છે એની ઓળખ પણ એમની પાસેથી જ મળી છે મને. આપણે સૌ કેવાં તો પરસ્પર-પૂરક હોઈએ છીએ, માણસ તરીકે! એ સૌ માનવ-ચરિત્રોમાંથી જ એક અખંડ અને આનંદકર મનુષ્ય બની આવે છે. એને હું ચાહું છું.

હા, આ સુદીર્ઘ પ્રવાસમાં મુસીબતો, વિટંબણાઓ, વેદનાઓ, ઊંડાં દુખો, અસહ્ય મૂંઝારા, અસંતોષ - પણ આવ્યાં છે. વ્યક્તિગત જીવનમાં પણ આવ્યાં છે ને વ્યાપક જીવનમાં પણ. સંવેદનહીન માણસોની નિર્દયતાએ નિરાશા-વેદનાનો અનુભવ કરાવ્યો છે; અન્યાયો પામનાર અને વેઠનારની લાચારીએ અને કરુણતાએ મને ક્ષુબ્ધ કર્યો છે ને મને પીડા આપી છે. એક માણસ તરીકે, આવા સમયે, મને અસહાયતાનો અનુભવ કરાવ્યો છે. નિષ્ક્રિય હોવાની શરમ પણ મેં અનુભવી છે. જીવનનો આ પણ એક વાસ્તવિક ભાગ છે - સૌના લમણે લખાયેલો. પરંતુ, આવાં કાળાં-ભૂરાં વાદળોની ઉપર એક ચળકતી રૂપેરી રેખા હંમેશાં ખેંચાયેલી રહી છે- આશાસ્પદ, હકારાત્મક, વિધાયક અનુભવોની. એણે મનુષ્યજીવન સહ્ય અને ચાહવા યોગ્ય બનાવ્યું છે. જીવાતા જીવનનો એક સંગીતમય ધબકાર એમાં હું અનુભવું છું.

મારી અંતિમ ક્ષણ, ધારો કે, આ પછી તરતની હોય કે એ હજુ થોડાંક વર્ષો લંબાવાની હોય - એ બધી જ ક્ષણો તૃપ્તિથી છલકાઈ છે શબ્દોથી. રોજે રોજ મારા કાનમાં ઝિલાતા રહેતા જીવંત મનુષ્ય વ્યવહારોના શબ્દોથી તેમજ સાહિત્યના શબ્દોથી. કેટકેટલાં કાવ્ય-કલ્પનામય ને વિચારમય પુસ્તકોના વાચને મારી ક્ષણોને તૃપ્ત કરી છે, મને રસ આપ્યો છે. સાહિત્ય-કલાનું વિશ્વ જ એક એવું વિશ્વ છે જ્યાં શૃંગાર-હાસ્ય પણ 'રસ' છે ને કરૂણ પણ 'રસ' છે. મેં વાંચેલા શબ્દો તથા લેખક તરીકે મેં લખેલા શબ્દો મારી અખૂટ સંપત્તિ છે, મને એણે સાનંદ તૃપ્તિ આપી છે. હવે ભલે ને આ ક્ષણ પછીની ક્ષણ મારી અંતિમ ક્ષણ હો...

અને હા, સ્વાદ! પંડિતો કહી ગયા છે કે, સ્વાદના છ રસો ક્ષણિક છે, સાહિત્યના નવ રસો શાશ્વત છે. પણ હું કહીશ કે, ના, અમારી સમૃદ્ધિ તો એ છ અને આ નવ, એમ પંદરે પંદર રસોથી છલકાયેલી છે! મિષ્ટ, તિક્ત આદિ રસો પણ મનને તૃપ્ત કરે જ છે - એ સ્વીકારવાનું મને ગમે છે. પ્રકૃતિનું ને મનુષ્ય-જાતનું સૌંદર્ય, વાસ્તવિક અને સાહિત્યિક જગતના રસાનંદો - એ સર્વથી બધું વ્યાપેલું છે : પૂર્ણમદઃ પૂર્ણમિદં, પૂર્ણાત્ પૂર્ણમ્ ઉદિચ્યતે, પૂર્ણસ્ય પૂર્ણમાદાય, પૂર્ણમેવાવશિષ્યતે... આ પૂર્ણ એવું છે કે એમાં વધ-ઘટનાં મોજાં ફેર પાડી શકતાં નથી. આનંદના આ સમુદ્રમાં પહેલ ક્ષણ શું ને વળી અંતિમ ક્ષણ શું.

ભલે હોય મારો આ અંતિમ પત્ર

❑❑❑

૧૮ હેમદીપ સોસાયટી, દીવાળીપુરા,
જૂનો પાદરા માર્ગ,
વડોદરા - ૩૯૦ ૦૦૭.
ramansoni46@gmail.com
M: 9228215275

Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai -400004.

Printed & Published by : Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 Printed at Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. Editor : **Sejal M. Shah**
**Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai -400004.**